Date of Publication - Posted on 10th of Every Month

[illegible]

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૬ ઓક્ટોબર : ૨૦૨૬ અંક : ૪ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન | ક.લા. સ્વાધ્યાયમંદિર


GREENFIBRE
A JADEBLUE
ARRIVALS AW'26
FORMALS | CASUALS | PARTY WEAR

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૧ ઑક્ટોબર : ૨૦૨૬ અંક : ૪

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી** પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ** ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ** મહામંત્રી

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગેઃ**

♦ ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

♦ ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.

♦ ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.

♦ વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.

♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.

♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.

♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)

♦ ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

♦ ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.

♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**

♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ ‘પરબ’માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ** – ૩૪ – હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **મુકામ નથી** – સિતાંશુ યશશ્ચન્દ્ર, ૯ ● **૨૧મી સદીની મોડી રાતે** – રાજેશ પંડ્યા, ૧૦ ● **ચાર ગઝલ** – ભરત વિંઝુડા, ૧૨ ● **બે ગઝલ** – ભાવિન ગોપાણી, ૧૩ ● **ત્રણ ગીત** – ચેતન શુક્લ 'ચેનમ', ૧૪ ● **ત્રણ ગઝલ** – શોભિત દેસાઈ, ૧૫ ● **બે ગઝલ** રાજેશ હિંગુ, ૧૬ ● **બે ગઝલ** – રક્ષા શાહ, ૧૬

◈ **અનુદિત કાવ્યો :**

**ત્રણ કાવ્યો** – ગગન ગિલ, (હિન્દીમાંથી અનુવાદ : કુશલ રાજેશ્રી – બિપિન ખન્ધાર) ૧૭

◈ **ટૂંકી વાર્તા :**

● **માયા** – છાયા ઉપાધ્યાય, ૧૯ ● **બોલતો શંખ** – ઉદયન ઠક્કર, ૨૯
● **કૉક્રોચ** – ધર્મેશ ગાંધી, ૩૧ ● **પડદો** – નિલેશ મુરાણી, ૩૮

◈ **નિબંધ :**

● **રમત દૃષ્ટિકોણની... / દૃષ્ટિકોણનો ખેલ** – હેમાંગ મહિપતરામ રાવલ, ૪૩
● **પવનદૂત** – મનસુખ સલ્લા, ૪૯

◈ **હાસ્યલેખ :**

● **મને રીંગણના ગુણ ગાવા દે** – હિમાલી મજુમદાર, ૫૩

◈ **અવલોકન :**

● **'મધ્યકાલીન સાહિત્ય સંસર્ગ' : વિદ્યાતપની ફલશ્રુતિ** – દર્શના ધોળકિયા, ૫૭

● **શબ્દથી સર્જક સુધીની યાત્રા : 'સર્જકની આંતરકથા : ઉત્તરાર્ધ'** – દશરથ પટેલ, ૬૨

◈ **અભ્યાસ :**

● **ગત દાયકાનાં નાટકો (૨૦૧૧–૨૦૨૦) : એક સરવૈયું** – ધ્વનિલ પારેખ, ૬૭ ● **'દેવચકલી'** – ડૉ. જમનાબહેન હિરાભાઈ ગામેતી, ૭૫ ● **ગુજરાતી કોશ પરંપરામાં નવું ઉમેરણ એટલે 'સામયિક કોશ'** – નિરૂપા ટાંક, ૮૦ ● **લાકડાનો ઘોડો** – હાર્દી બિમલકુમાર ભટ્ટ, ૮૫

◈ **અંજલિ :**

● **વિચારઝંખાના સરવંગા બક્ષીસાહેબની વિદાય** – સંજય ચોટલિયા, ૮૯

● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૯૩
● **આ અંકના લેખકો** – ૯૭


◈ **આવરણ ચિત્ર :** Haku Shah -Sakhi - Serigraph on Paper -27.50 x 39 inches-2005

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

# મથામણ – ૩૪

હર્ષદ ત્રિવેદી

બીજી ઑક્ટોબર નિમિત્તે, દેશમાં સફાઈ અભિયાન ચાલી રહ્યું છે. માનનીય વડાપ્રધાનશ્રી થોડી થોડી વારે તારસ્વરે રેડિયો ઉપર સ્વચ્છતા વિશે બોલી રહ્યા છે. ખાસ તો પ્લાસ્ટિક-કચરા વિશે. પ્લાસ્ટિકનો કચરો એ માનવસર્જિત કચરો છે અને ઝાડપાનનો કચરો કુદરતસર્જિત કચરો છે. આ બે પ્રકારના કચરાની વચ્ચે આપણા રોજિંદા જીવનમાંથી સ્થૂળ અને સૂક્ષ્મ રીતે પ્રગટતો કચરો પણ આવી જાય. ગાંધીજીની એક વાત સાચી છે કે આપણો કચરો આપણે જ સાફ કરવો જોઈએ. કચરો કોઈ પેદા કરે અને સાફ બીજો કરે તે પણ એક પ્રકારે અન્યાય જ ગણાય, પરંતુ જે એક વ્યક્તિનો ન ગણાય એવો સામાજિક કચરો સાફ કરવો એ તો સામૂહિક જવાબદારી જ ગણાય, હા ગાંધીજી માટે સ્વચ્છતા માત્ર ને માત્ર શરીર કે ઘર સાફ રાખવા પૂરતી મર્યાદિત નહોતી; વ્યક્તિના ચારિત્ર્ય, સમાજની જવાબદારી અને સ્વરાજ સાથે જોડાયેલી વાત હતી. ‘સ્વચ્છતા સ્વરાજ કરતાં પણ વધુ મહત્ત્વની છે.’ આવું કહેનાર ગાંધીજીએ અનેક પ્રસંગોએ સ્વચ્છતાને સ્વરાજની લડત જેટલું જ મહત્ત્વ આપ્યું હતું. તેમનો આશય એ હતો કે સ્વતંત્ર દેશના નાગરિકો સ્વચ્છતા પ્રત્યે જવાબદાર ન હોય તો માત્ર રાજકીય સ્વતંત્રતા પૂરતી નથી. અમે આદર્શ બુનિયાદી શાળામાં ભણતા ત્યારે શાળાના ઓરડા, મેદાન અને બગીચાની સફાઈનું કામ સાથે મળીને કરતા. એકસાથે સો દોઢસો છોકરાઓ લાગી પડે અને કલાકમાં તો બધું અરીસા જેવું ચોખ્ખું થઈ જતું.

ગાંધીજી માનતા કે સફાઈનું કામ કોઈ એક જાતિ કે વર્ગનું કામ નથી. દરેક વ્યક્તિએ પોતાનું ઘર, આસપાસનું વાતાવરણ અને શૌચાલય જાતે સાફ કરવાનું શીખવું જોઈએ. જે કામ આપણે બીજાઓ પાસે કરાવીએ છીએ, તે કામ જાતે કરવામાં સંકોચ ન હોવો જોઈએ. ખેર, હવે તો સફાઈ માટેનાં અદ્યતન સાધનો આવી ગયાં છે. પરંતુ એને ચલાવવા માટે પણ કોઈ માણસ તો જોઈએ જ ને? ગાંધીજી બનારસ ગયા ત્યારે મંદિરની આસપાસની ગંદકી જોઈને ખૂબ દુઃખી થયા હતા. સાંકડા રસ્તાઓ, ગંદકી અને ગંધાતું વાતાવરણ જોઈ તેમણે ધાર્મિક સ્થળની પવિત્રતા માત્ર પૂજા-પાઠથી નહીં, પરંતુ સ્વચ્છતા અને શિસ્તથી પણ જળવાય છે એવો વિચાર વ્યક્ત કર્યો હતો. જોકે આજે તો એ બનારસ સાવ બદલાઈ ગયું છે એ હકીકત છે.

ચંપારણ સત્યાગ્રહ દરમિયાન ગાંધીજીએ માત્ર ખેડૂતોની જ સમસ્યાઓ સાંભળી નહોતી. ત્યાં શિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા માટે પણ કામ શરૂ કરાવ્યું હતું. સ્વયંસેવકો

કામે લાગી ગયેલા. આ બધું એમણે પોતાના વર્તનથી સમજાવ્યું હતું. અસ્પૃશ્યતા દૂર કરવાની સામાજિક ચળવળનો પણ એ એક ભાગ હતો. સંદેશ એટલો જ કે 'સફાઈ કરાવવી એ કરતાં સફાઈ કરવી વધુ મહત્ત્વની છે.'

ગાંધીજીના જીવનમાં સ્વચ્છતા એ કોઈ અલગ વિષય નહોતો. એ એમના અસ્તિત્વ સાથે જોડાયેલી વાત હતી. સ્વચ્છતા, સ્વાવલંબન, સમાનતા, સ્વરાજ અને અસ્પૃશ્યતાનિવારણ — આ બધું સંપૃક્ત હતું. એમણે સ્વચ્છતાને વ્યક્તિના સંસ્કાર, સમાજની જવાબદારી, રાષ્ટ્રના ચારિત્ર્ય, માનવગૌરવ અને સેવા સાથે જોડી હતી. એમને મન સ્વચ્છતા સ્વરાજ કરતાં પણ વધુ મહત્ત્વની હતી. સ્વરાજનો અર્થ માત્ર અંગ્રેજ શાસનથી મુક્તિનો નહોતો. વ્યક્તિએ પોતાના જીવનની જવાબદારી સ્વીકારવી, પોતાનું કામ પોતે કરવું, ગામ અને શહેરને સ્વચ્છ રાખવું અને જાહેર સંપત્તિને પોતાની સંપત્તિ સમાન ગણવી. આ બધું પણ સ્વરાજના એક ભાગ રૂપે જ હતું. એમના ધીમા સ્વરમાં પણ મક્કમતા હતી.

એક તરફ તેઓ સમાજના ઉપેક્ષિત વર્ગને ગૌરવ અને સમાન અધિકાર અપાવવા માગતા હતા તો બીજી તરફ સમાજના અન્ય વર્ગોને પણ કહેતા કે સફાઈનું કામ માત્ર એક વર્ગનું કામ નથી. સ્વચ્છ રાષ્ટ્રની શરૂઆત તેઓ સ્વચ્છ વ્યક્તિથી કરવા માંગતા હતા. આજે પણ મૂળ વાત તો શ્રમના ગૌરવની છે. ટૂંકમાં સ્વચ્છ ઘરથી સ્વચ્છ સમાજ, સ્વચ્છ સમાજથી સ્વસ્થ રાષ્ટ્ર એવો એમનો ખ્યાલ હતો. એમનું ઝાડુ જાણે મૌન ભાષણ!

પણ આ નિમિત્તે વાત બીજી કરવી છે. આપણી બૌદ્ધિક અપ્રમાણિકતાની. નાના નાના સ્વાર્થ ખાતર આપણે મૂળભૂત મૂલ્યોને, સંસ્કારિતાને, પરંપરાને જફા તો નથી પહોંચાડી રહ્યા ને? કોઈ એક લાઇનમાં અનેક લોકો ઊભા હોય ત્યારે કારસા કરીને આગળ જઈ અનધિકૃત રીતે, ધીરે રહીને ગોઠવાઈ જવું અને કોઈ વિરોધ વ્યક્ત કરે ત્યારે આંખો કાઢવી એ અસંસ્કારિતા છે. રસ્તા ઉપર ટ્રાફિક જમા થયેલો હોય ત્યારે શાંતિથી વાહન ઊભું રાખવાને બદલે હૉર્નની ચિચિયારીઓ કરવી કે ખોટી રીતે આગળ જવાનો પ્રયત્ન કરીને આખી વ્યવસ્થાને ખોરવી નાંખવી એ આદર્શ નાગરિકનું લક્ષણ નથી. કોઈનેય રસ્તા ઉપર રહેવું નથી, સહુને આગળ જવું છે અને સહુનો સમય કીમતી છે એ વાત આપણે કેમ સમજતા નથી?

ફક્ત બહારની સ્વચ્છતા એ સ્વચ્છતા નથી. આંતરિક ગંદકી ઓછી ન થાય તોપણ માનવજીવન ઊંચું આવે એ શક્ય નથી. એવું જ સિદ્ધાંતનું છે. જે બાબત આપણે માનતા કે સ્વીકારતા નથી, છતાં એમાં જઈને દબાણ ઊભું કરવાની વૃત્તિ સરવાળે તો હાનિકારક જ સાબિત થાય. સમાજકારણ હોય, રાજકારણ હોય કે આંતરિક કારણ હોય, સહજ શિસ્તને સ્થાને જ્યારે જ્યારે અંગત સ્વાર્થ કે લાભની વૃત્તિ પ્રવેશે છે ત્યારે ન દેખાય એવી ગંદકી સર્જાતી હોય છે. દરેક રાષ્ટ્રને નીતિ-નિયમ અને કાયદા-કાનૂન હોય છે એને આંતરીને ભ્રષ્ટ રીતે કશુંક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કોઈને ને કોઈને અન્યાય કરનારો બની રહે છે. પરીક્ષાનાં પેપરો ફૂટવાં, ગુણવત્તાને ભોગે લાગવગશાહી ઊભી કરવી, મહત્ત્વનાં સ્થાને બેસી જવું અને બેઠા પછી તમામ આચારસંહિતાનો સરેઆમ ભંગ કરવો તે લોકશાહીના નાગરિકનું લક્ષણ નથી. ગાંધીજીએ પોતાના જીવન દરમિયાન અનેક પ્રકારની પવિત્રતાનાં, શુચિતાનાં આગ્રહો અને પ્રમાણો આપ્યાં હતાં.

પુખ્ત લોકશાહીનો અર્થ હજી આપણે સમજ્યા નથી. અન્ય કોઈ દેશમાં જઈએ છીએ કે રહીએ છીએ ત્યારે ત્યાંના નીતિ-નિયમો અને આદર્શોને હોંશે હોંશે પાળીએ છીએ, ત્યાંની સ્વચ્છતા અને શિસ્તની સરાહના પણ કરતા હોઈએ છીએ, પરંતુ સ્વદેશમાં તો આપણાથી થઈ શકે એટલી અરાજકતા ઊભી કરીએ છીએ અને એવું કરનારને ચલાવી પણ લઈએ છીએ! બસ, એ વખતે જ આપણા આદર્શોનું ખોખલાપણું અને કહેવાતો રાષ્ટ્રપ્રેમ પ્રગટ થઈ જતો હોય છે.

ગાંધીજીનો સમય જુદો હતો. એ સમયે બાહ્ય સ્વચ્છતા અનિવાર્ય હતી. આ સમયમાં આપણે ઘણાં શહેરો અને ગામડાંઓમાં જાગૃતિ આણીને સ્વચ્છતા ભણી કદમ માંડ્યાં છે. પણ, આચાર-વિચાર સંદર્ભે ભીતરની સ્વચ્છતા હોવી જ જોઈએ એ સભાનતા ટૂંકા સ્વાર્થને કારણે લગભગ ઓગળી ગઈ છે. પંચોતેર વર્ષ પછીયે સ્વતંત્ર ભારતના, સ્વતંત્ર નાગરિકને હજીયે કચરો ક્યાં નાંખવો, વાહન કેમ ચલાવવું, લાઇનમાં કેમ ઊભા રહેવું અને અનધિકૃત રીતે બીજા કોઈનું ન ઓળવી લેવું એવું ઘણું બધું માનવતાના પાઠ તરીકે, સભ્ય સમાજની રીતે શીખવા-શીખવવાનું બાકી છે! આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

ગુજરાતી સાહિત્ય પરિષદનું **૫૨**મું અધિવેશન **ગૂજરાત વિદ્યાપીઠ** આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાશે. આ અધિવેશનની તારીખ તથા વિગતવાર કાર્યક્રમ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

સુમારે ૧૮૬૦માં જ્યારે નાતાલમાં શેરડીનો સારો પાક થઈ શકે એમ છે એવું ત્યાં વસતા ગોરાઓએ જોયું ત્યારે તેમણે મજૂરોની ખોજ કરવા માંડી. મજૂર ન મળે તો શેરડી પાકે નહીં, સાકરખાંડ થાય નહીં. નાતાલના હબસીઓ આ મજૂરી કરે તેમ નહોતા. તેથી નાતાલવાસી ગોરાઓએ હિંદી સરકાર સાથે મસલત ચલાવીને હિંદી મજૂરને નાતાલ જવા દેવાની રજા મેળવી. તેમને પાંચ વર્ષ મજૂરી કરવાની બંધણી, ને પાંચ વર્ષને અંતે સ્વતંત્ર રીતે નાતાલમાં વસવાની છૂટ, એવી લાલચો આપવામાં આવી હતી. તેમને જમીનની માલિકી ધરાવવાના પૂરા હક પણ રાખ્યા હતા. તે વખતે ગોરાઓ ઇચ્છતા હતા કે હિંદી મજૂર પોતાનાં પાંચ વર્ષ પૂરાં કર્યા પછી જમીન ખેડે ને પોતાના ઉદ્યમનો લાભ નાતાલને આપે.

આ લાભ હિંદી મજૂરે ધાર્યા ઉપરાંત આપ્યો. શાકભાજી પુષ્કળ વાવ્યાં. હિંદુસ્તાનનાં કેટલાંક મીઠાં શાકો વાવ્યાં. જે શાક થતાં હતાં તે સોંઘાં કર્યાં. હિંદુસ્તાનથી આંબો લાવીને વાવ્યો. પણ તેની સાથે તેણે તો વેપાર પણ કરવા માંડ્યો. ઘર બાંધવાને સારુ જમીનો ખરીદી ને મજૂર મટી ઘણા સારા જમીનદાર અને ઘરધણી થયા. મજૂરમાંથી થયેલા આવા ઘરધણીઓની પાછળ સ્વતંત્ર વેપારીઓ પણ આવ્યા. તેમાંના મરહૂમ શેઠ અબુબકર આમદ પ્રથમ દાખલ થનાર હતા. તેમણે પોતાનું કામ ખૂબ જમાવ્યું.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## મુકામ નથી | સિતાંશુ યશશ્ચન્દ્ર

મુકામ નથી, વિપાશા, મારગ જ છે.
એ જાણે છે તું હવે તો, મક્કમ મને.
હાલકડોલક તો હું છું હજી.

લોહી ઝરતાં પગલે, ફૂલ ઝરતાં સ્મિત સાથે
ત્યાં ચાલવાનુંયે જાણે છે તું,
અમને શિખવાડ.

શિખર સુધી જવાનું હોય
મંદિર પહોંચી ઘંટારવ કરવા કે કિલ્લે પહોંચી કુરનિશ કરવા,
એ અલગ વાત થઈ.

રસ્તો આગળ જતાં કેડી બની જશે અને પછી જંગલમાં ખોવાઈ ભૂંસાઈ જશે
એની જાણ થઈ ચૂકી હોય
પછી
જે ચાલવાનું છે
એ તું જાણે છે, વિપાશા,
અમને શિખવાડ.

કાંકરા, કાદવ, કાંટા પથરા અને ખાડા
એ તો રસ્તાની વચ્ચે હોય જ.
ઠોકર વાગે, શૂળ ભોંકાય, મચકોડાય પગ.
પણ રસ્તાની બેય તરફ કાંટાળાં ગુલાબો મઘમઘતાં હોય, ધાબાઓમાં ચા બનાવાતી
હોય, પબ્લિક ટૉઇલેટ હોય, પબ્લિક ગાર્ડન પણ નાનકો, અને થોડે દૂર,
પોતાનાં ઘરોમાંથી મમ્મીઓને 'બાય' કહી બાળકો સ્કૂલે જતાં હોય
એ બધું તારી આંખે કેવું દેખાય, ચાલતે ચાલતે,
કદાચ પેલા એકલવાયા વાન ઘોની ઘવાયેલી આંખે
તારાઓથી ખીચોખીચ હોવાથી વધારે ગાઢ બનતું અંધારું દેખાય એવું
કે કંઈક અલગ જ
એની પૂરી જાણ મને ક્યારેયે નહીં થાય.

જોકે તારી નવી નવી કવિતામાં, ને હવે તો લખે છે એ વાર્તાઓમાં
જે રમૂજી વાતો વાંચવા મળે છે, એ વચ્ચે વચ્ચે વાંચું છું.

પછી ડહોળાઈ જાય છે.
કૅટેરેક્ટ સર્જરી વખતે મને આંખમાં થયેલો નાનો અમથો ઘાવ
વચ્ચે વચ્ચે તકલીફ કરે છે.

સાહિત્ય જીવનની કેવું સાવ લગોલગ છે
અને કેવું કારમું દૂર;
એની ખરી જાણ તો, એ છતાં, મને નથી.

તું કેટલું બધું જાણે છે, વિપાશા.
એમાંનું થોડુંક અમને શિખવાડ.

મુકામ વગરના, થોડે દૂર જઈ જંગલમાં પૂરા થઈ જનારા મારગની
જે અપાર શોભા અને અગાધ વિરૂપતાને
તું તારી રમૂજભરી અને નિર્ભય નજરે કરુણાથી જોઈ શકે છે
અને પછી
જે ફૂલ ઝરતાં સ્મિત કરી શકે છે,
એ અમે કદાચ શીખી નહીં શકીએ.

પણ તું ફરી ટ્રાય કર અમને એમ મલકતાં શિખવાડવાનો.

અને કેડી જંગલમાં શમી જતી હોય છેક એ જગ્યાએ સાવ એકલાં જઈ,
છેક ચુપચાપ, આસપાસ કોઈ નથી એની ખાતરી કરીને

કોઈ કળી ન શકે એમ રોઈ લેતાં પણ.

બરબૅન્ક, કેલિફૉર્નિયા. જૂન-૨૦૨૬

■

## ૨૧મી સદીની મોડી રાતે | રાજેશ પંડ્યા

મોડી રાતે
ફાનસને અજવાળે
ટચૂકડી સીસાપેનથી
કશુંક લખી રહ્યા છે એ
સહેજ માથું નમાવી તદ્દન શાંત ચિત્તે
શું લખી રહ્યા છે એ મોડી રાતે
તે હું જાણતો નથી.

કદાચ એમના રોજિંદા ક્રમ પ્રમાણે
પત્રો લખતા હશે મોડી રાતે
કોને લખતા હશે?
કદાચ પંડિતજીને લખતા હોય અથવા સરદારને
વાઈસરૉયને પણ લખતા હોવાનો સંભવ છે

કે પછી મૌલાના આઝાદ કે સરહદના ગાંધીને પણ લખતા હોય
હરિલાલને લખતા હોય તો વધુ સારું
એવું અનુમાન કરવાનું મને ગમે છે આ અંધારામાં.
આ અંધારામાં વિચારોના ઘોડા દોડાવવા કરતાં
વિનોબાને પૂછી જોઈશ સવારે.

અત્યારે તો શિયાળું રાત ઝમઝમતી પસાર થાય છે
ત્યારે પોતાના સુકલકડી શરીર ફરતે
સુતરાઉ ચાદર જોરથી વીંટાળે છે તેઓ
કદાચ કબીરે વણી હશે,
હું જાણતો નથી.

એ પણ જાણતા નહિ હોય
કે પોતાના સિવાય બીજું કોઈ જાગી રહ્યું છે
ને જાગતા જાગતા પોતાને જોઈ રહ્યું છે
મોડી રાતે

ફાનસના અજવાળામાં તો પડછાયો પડે નહીં ખાસ.

અચાનક પવનનો સુસવાટો આવે છે
કાચની આડશ છતે ફાનસની વાટ ફડફડી જાય છે
એમના ખભા પરથી ચાદર સરી જાય છે
ખુલ્લા દેહમાં સંતાયેલ મૂઠીક હાડકાં જરી દેખાય છે
ધ્રૂજતી ડાગલી જોઈ મને પૂછવાનું મન થાય છેઃ

બાપુ, ગરમાગરમ કડકમીઠી હો જાય!

જોકે, રાતની શાંતિ ડહોળાય નહીં એટલે હું મૂંગો રહું છું.
મારી ઉપસ્થિતિથી બાપુના એકાંતમાં કોઈ ખલેલ ન પહોંચે
તેની કાળજી રાખીને હું ઊભો ઊભો
ઊંઘરેટી આંખેય જાગું છું દૂર.

■

ઘણા અવાજ એકસાથે સંભળાયા : 'ખુદાની મહેર છે. પૈસા તો ભેળા થઈ રહેશે. માણસો પણ છીએ. તમે રહેવાનું કબૂલ કરો એટલે બસ.'

મિજલસ મટીને કાર્યવાહક સમિતિ થઈ પડી. ખાવાપીવાનું વહેલું ઉકેલી ઘેર પહોંચવાનું મેં સૂચવ્યું. લડતની રૂપરેખા મેં મનમાં ગોઠવી. મતાધિકાર કેટલાને છે વગેરે જાણી લીધું. મેં એક માસ રહી જવાનો નિશ્ચય કર્યો.

આમ દક્ષિણ આફ્રિકામાં મારા સ્થાયી રહેઠાણનો પાયો ઈશ્વરે રચ્યો ને સ્વમાનની લડતનું બીજ રોપાયું.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ચાર ગઝલ | ભરત વિંઝુડા

## (૧) કાંઈ નથી

મા નથી બાપ નથી કાંઈ નથી,
ને હવે આપ નથી કાંઈ નથી.

ગામમાં કોઈ નથી મિત્ર હવે,
સુખ કે સંતાપ નથી કાંઈ નથી.

કોઈનું નામ નથી હોઠ ઉપર,
ભીતરે જાપ નથી કાંઈ નથી.

સત્ય કે જૂઠ કશું પણ ન રહ્યું,
પુણ્ય કે પાપ નથી કાંઈ નથી.

સૂર્ય ઊગે તો કરું સૂર્યપૂજા,
તપ નથી તાપ નથી કાંઈ નથી.

*

## (૨) નથી આવ્યાં

અહીં ખોદી રહ્યો છું
એ કૂવામાં જળ નથી આવ્યાં,
વરસવા માટે પણ ઉપર
હજી વાદળ નથી આવ્યાં.

ઘણા આવે છે બીજાના
પરંતુ મેં લખ્યા જેને,
હજી તેઓના પ્રત્યુત્તર
રૂપે કાગળ નથી આવ્યા.

કશું મનમાં જુદું હો ને
પછી હોઠેય હો જુદું
કદી પણ આપણા સંબંધમાં
એ છળ નથી આવ્યાં.

મુકામે પહોંચીને ઊતરી ગયા છે
ટ્રેનમાંથી કંઈ,
અને બેઠા રહ્યા છે એ કે
જેનાં સ્થળ નથી આવ્યાં.

ફૂટી છે છોડને ડાળી
ને ડાળે પાન ફૂટ્યાં છે,
હજી પણ આવવાનાં હોય છે
તે ફળ નથી આવ્યાં.

## (૩) મળે નહીં

દ્વાર ખોલું અને ઘર મળે નહીં,
હોય ને જેમ ઈશ્વર મળે નહીં.

આમ ને તેમ ઘૂમે નદીઓ,
જ્યાં સુધી એક સમંદર મળે નહીં.

હોય સઘળું વદન પર લખેલું,
કોઈ માણસ નિરક્ષર મળે નહીં.

એ મળે તોય શું કામની છે,
કોઈ વસ્તુ સમયસર મળે નહીં.

એકબીજાને ભેટી પડ્યા છે,
તે છતાં કેમ અંતર મળે નહીં?

*

## (૪) જરૂર નથી

કોઈ દરકારની જરૂર નથી,
એને શૃંગારની જરૂર નથી.

વાદળો ઓળખી શકે છે બધા,
એક આકારની જરૂર નથી.

હું વિકસતો રહું છું ભીતરમાં,
બહાર વિસ્તારની જરૂર નથી.

છે પશુ-પંખીનીય દુનિયા ને
એને સરકારની જરૂર નથી.

એનો સહકાર જોઈએ તમને,
જેને સહકારની જરૂર નથી.

સામે સૃષ્ટિ છે એ જ કાફી છે,
કંઈ ચમત્કારની જરૂર નથી.

■

# બે ગઝલ | ભાવિન ગોપાણી

## (૧)

ક્યાંક ઝાઝી ક્યાંક ઓછી વાસ આવે.
માણસોમાં દાનવોની વાસ આવે.

હોય છે એવી કદી બળકટ ને જિદ્દી,
આવરણ સઘળાંય તોડી વાસ આવે.

એક પળ જ્યાં આપણાથી ના વીતે ત્યાં,
કોઈની છે રોજીરોટી, વાસ આવે.

આખો ભીનો થઈ ભલે ઊભો છું સામે,
દર્પણેથી કોરી કોરી વાસ આવે.

બહુ ફર્યો મહેમાન થઈ માટે કહું છું,
નોખા ઘરમાં સાવ નોખી વાસ આવે.

શું કરીશું રૂપનું ને રંગનું? જો-,
ફૂલમાંથી કાળી-ધોળી વાસ આવે.

સ્પર્શ ઓળખવાની સમજણ કેળવાતાં,
હોય દાનત સ્હેજ ખોટી, વાસ આવે.

એટલે જાતો નથી હું મારી ભીતર,
કંઈક ઇચ્છા છે અઘોરી, વાસ આવે.

બંધ રાખું છું સદંતર તે છતાં પણ,
બારણેથી થોડી થોડી વાસ આવે.

મોગરા માફક જે મ્હેકે છે એ માણસ,
થાય જો પુરવાર દોષી, વાસ આવે.

એક દુનિયા પાર કરતાં આવડે છે,
ચાલવાનું શ્વાસ રોકી, વાસ આવે.

## (૨)

આવે તો એ ઉધાર અને જાય તો જમા.
સમજાઈ ના મને કદી નામાની આ પ્રથા.

ઝંખે છે જેને સૌ, મને માફક ન આવી એ,
પ્રત્યેક પર જુદી રીતે વર્તી શકે દવા.

મહેમાન થઈને આવ્યો છું તારા જગતમાં હું,
આપે સજા એ પહેલાં તું સમજાવ કાયદા.

બહુ બહુ તો મારા હાથને ઊંચા કરી શકું,
બીજી તો શી રીતે હવે ફેલાવું પ્રાર્થના?.

વર્ષોથી એક સ્પર્શ હું ભૂંસી નથી શક્યો,
આજેય કૂણી મહેંકથી છલકાય છે ત્વચા.

ધીરે ધીરે આ મન પછી, પંખી બની ગયું,
આકાશ સાંપડ્યું છે મહોબત થતાં થતાં.

નીચે ઉતારી ભાર, છે ઊંઘી જવાનું મન,
હાલરડું આજે ગાય છે, ભીંતોના છાંયડા.

■

## ત્રણ ગીત | ચેતન શુક્લ 'ચેનમ'

### ૧. જીવતરના વખ

સાચવી'તી બહુ તોય વેરાઈ ગઈ જાત, હવે રોજ થોડી થોડી હું વીણું
એમ જીવતરના વખ સ્હેજ ફીણું...

ભીંતેથી ઉંબર ને ઉંબરથી બારી, બસ ખેડવાનું હોય રોજ એટલું.
વીઘાના વાયદાની સામે હું પામી'તી અમથાએક પાલવના જેટલું
લટકામાં ભીતર જે વસાવ્યું જણ એ જ મનમાં ખૂંચે છે તીણું તીણું
એમ જીવતરના વખ સ્હેજ ફીણું...

ક્યારેક તો હળવેથી આવે છે વાદળીઓ કરવાને સ્હેજ ચેનચાળા
ધરતીને થાય ઉપરછલ્લી જ ટાઢક પણ અંદર ભભકતી જ્વાળા
ઇચ્છાના ગીધડાઓ કોચ્યા કરે છે રોજ તન મારું ઝીણું ને ઝીણું
એમ જીવતરના વખ સ્હેજ ફીણું...

### ૨. જીવતરનું ચોમાસું

આજકાલ કરતાં આ વેઢાઓ ખૂટ્યા, ને જીવતરનું ચોમાસું બેઠું.
...કંઈક પાંપણથી પડ્યું છે હેઠું.

ઉંબર પર આવીને બેઠી છે આંખો, કે સપનાંઓ છે આંસુઝાણ,
મોભેથી આવકારો ઝૂરે સતત, એવી બારણાને થઈ નથી જાણ,
મનના આ ઓરડામાં ભીંતો ન હોય તોય હળવેથી કોઈ ના પેઠું....
...કંઈક પાંપણથી પડ્યું છે હેઠું.

વાદળની જેમ મારે દોડવાનું થાય પણ વરસી શકાય એમ હોય નંઈ.
મારી ઓછપનો ભરચક છે કુંભ, તોય છલકાવી દેવા તું કેમ ગઈ?
કોરાકટ્ટ આભમાં સૂરજની જેમ મારી એકલતા આકરી હું વેઠું...
...કંઈક પાંપણથી પડ્યું છે હેઠું.

### ૩. રેશમ બેડી

બંધ આંખમાં ઇચ્છાઓ જે હોંશે હોંશે તેડી,
ખુલ્લી આંખે એ જ લાગતી પગની રેશમ બેડી.

કોઈ ભીંત પર તડકાઓને પીંછી લઈને ચીતરે
કોઈ ઝાડનું રૂપ ધરી લઈ પડછાયા થઈ નીતરે
કોઈ લીલાંછમ ખેતરને પણ જાય ફરીથી ખેડી....

ઉંબરને પણ ડુંગર બનતાં વાર કદી ક્યાં લાગે?
બહાર ઊભેલા સન્નાટા કંઈ છાનું કહેવા માગે!
ભલે કહો કે પહોંચાડે પણ ભૂલી પડી ખુદ કેડી....

દરવાજા સૌ બંધ કરે ને ખોલી દે છે બારી
દર્પણમાં રહેતા લોકોની દુનિયા છે અંધારી
ચલો આભનું વાદળ થઈએ છોડી દઈ આ મેડી...

# ત્રણ ગઝલ | શોભિત દેસાઈ

(૧)

દેખાડું છું મરીઝનું દર્પણ મરીઝને
મારી ગઝલ છે આજની અર્પણ મરીઝને

હું કવિ અદનો રહ્યો, અવતાર મારામાં નથી,
છું ભલે સંસારમાં સંસાર મારામાં નથી.

હોય મનનો મેળ ગાયબ, બાજુમાં તું હો છતાં,
હોય બીજા, બહાર બીજા તાર મારામાં નથી.

વેદનાથી મારી માંજું છું ગઝલમાં શબ્દને,
આત્મપીડનના કોઈ ચિત્કાર મારામાં નથી.

માંગતો રહું છું સતત હું મારી લતને પોષવા,
ક્ષોભની કે દોષની ચકચાર મારામાં નથી.

ઠાંસીઠાંસીને ભરી નબળાઈ સાધારણ બધી,
વિદ્વત્તા, મોટાઈ અપરંપાર મારામાં નથી.

એ જ આશા, અંશ કોઈ કામ આવે કોઈને,
લાશ રૂપે દેહનો ભંગાર મારામાં નથી.

હું ભલો ને મારે કાયમની ભલી મારી ગતિ,
અન્ય સાથે દોડતી રફ્તાર મારામાં નથી.

માંહ્યલો જ્યાં જેટલું બોલે કરું છું એટલું,
દેખાદેખી, દંભના વહેવાર મારામાં નથી.

જોઈએ મારે મિલનમાંથી પુરાવા પ્રેમના,
જાય એ ને જોઉં એ આધાર મારામાં નથી.

હિંદુ-મુસ્લિમથી ઉપર છે માણસાઈનો ધરમ,
લાગણી એકેય તકસીરવાર મારામાં નથી.

શું જવાનું આપી અહીંયાં વારસો કે ફારસો,
જન્મને ઓળંગતા વિસ્તાર મારામાં નથી.

ચાહકોની શુશ્રૂષાનો છું દીવાનો કાયમી,
એકલો, મૂંઝાયેલો ભેંકાર મારામાં નથી.

હું બીજા કવિઓને કહેતો હોઉં છું કાયમ 'મરીઝ',
'આપની પાસે છે જે એ યાર! મારામાં નથી!'

*

(૨)

સૌ પહેલાં તો જન્માવીને હેરાન કર્યાં તેં
એ બાદ લગાતાર પરેશાન કર્યાં તેં.
હંમેશ તું સાંભળશે ના આપીને અભયદાન,
કાયમના પછી આડા નથી કાન કર્યા તેં?
છેવટ સુધી પ્યાદાંઓ બધાં હાથમાં રાખી,
આરંભે બધા માર્ગને આસાન કર્યા તેં
ઉધારી જમા ખાતે રહી ચોપડે મારે,
અળવીતરાં કંઈ કેટલાં તોફાન કર્યાં તેં!
માણસ અતિ સામાન્ય ને ભભરાવી ભભૂતી,
ઢોંગી ને ધતૂરા પછી ભગવાન કર્યા તેં.
આદમની પૂરી જાત છતાં તારી ઋણી છે,
પીડા ન સહન થાય તો બેભાન કર્યાં તેં.

*

(૩)

પહેલાં તો નવાં પાપ ઉદયમાન કર્યાં તેં
ગંગાતટે પહોંચીને પછી સ્નાન કર્યાં તેં.
આકાશ, હવા, આગ અને જળથી ભરેલી,
પૃથ્વીનાં બધાં તત્ત્વને બેજાન કર્યાં તેં.
પંકાયેલા સામાન્ય વિવેકોને વટાવી,
પગબોસીઓવાળા જ કદરદાન કર્યાં તેં.
મસમોટી અભિલાષા તળેટીમાં મૂકીને,
ભરપૂર હતા એમને વેરાન કર્યાં તેં.
સર્વોપરીતા ખુદના ફક્ત ધર્મની રોપી,
હંમેશાં અહીં વેરનાં સન્માન કર્યાં તેં.

■

## નવા અવાજો*

# બે ગઝલ | રાજેશ હિંગુ

(૧)

ઉપવાસ રોજરોજ કરે છે નકોરડા,
લાચાર છું હું! જોયા કરું એવાં ખોરડાં.

ચાલું છું એના પર, નથી બાંધ્યા ગળે કદી,
મારા કુટુંબની છે જીવાદોરી દોરડાં.

વાંકી વળી કમર છતાં ગરદન નથી ઝૂકી,
જોઉં છું કાળ કેટલા વીંઝે છે કોરડા!

જીવન મહેલ એટલે દીપી રહ્યો છે દોસ્ત!
ગઝલોના દીવડાથી છે ઝળહળતા ઓરડા.

(૨)

ક્યાં બધાંને પ્રાપ્ય છું!
બાળકોનું હાસ્ય છું.

સાવ હું સામાન્ય છું,
શું તને હું માન્ય છું?

માણી લે, આસ્વાદ્ય છું,
હું જીવનનું કાવ્ય છું.

'તેર' છું તો શું થયું?
આંકડો અવિભાજ્ય છું.

પ્રેમથી જીતી શકો,
પ્રેમનું સામ્રાજ્ય છું.

■

# બે ગઝલ / રક્ષા શાહ

(૧)

પથ્થર ને દર્પણ સાથે છે,
કોઈ ગઠબંધન લાગે છે.

ઓછા લોકો જાણે છે કે
એ લોકો ઓછું જાણે છે.

થોડા ગીતાપાઠ કરી જો
જોયું છે, મનને મારે છે.

ઊધઈ ખોતરતી'તી એને,
લાકડું આકર્ષણ માને છે.

જ્યાં જોઈ રોટીની ત્રિજ્યા,
આ ધરતી નાની લાગે છે.

સ્વાર્થને શાબાશી આપી,
એના લીધે સૌ આવે છે.

છો ને ચશ્માં બદલ્યા કરતા,
આંખો તો જૂની રાખે છે!

ઊંઘ, હૃદય, સંબંધ, ભરોસો,
જ્યારે તૂટે, બહુ વાગે છે.

(૨)

દુઃખ જોઈને, બે-ચારને તકલીફ થાય છે,
સુખ જોઈને હજારને તકલીફ થાય છે.

નક્કી નથી સ્મશાન જવાશે કે મંદિરે,
ક્યાં કોઈ ફૂલહારને તકલીફ થાય છે!

દિલમાં ઘણું બધું છે ને બોલી શકે નહીં,
સામે છે શાહુકાર, ને તકલીફ થાય છે.

તકલીફ કોઈની ના સહન થાય, તે છતાં
તકલીફ આપનારને તકલીફ થાય છે?

ઘાયલ કરે બધાના હૃદયને ખરું કહી,
શબ્દો છે ધારદાર ને તકલીફ થાય છે.

દુઃખ તો ઘણાં છે તોય કહે, 'ભૂતકાળ છે,'
જૂઠું કહે છે યારને? તકલીફ થાય છે.

પાલવ રહ્યો નથી ને દુપટ્ટોય ના રહ્યો,
ત્યાં આંસુ સારનારને તકલીફ થાય છે.

■

* સૌજન્ય : રઈશ મનીઆર

# ત્રણ કાવ્યો

ગગન ગિલ
હિન્દીમાંથી અનુવાદ : **કુશલ રાજેશ્રી – બિપિન ખન્ધાર**

## ૧. તું સોયમાંથી નીકળે છે

તું સોયમાંથી નીકળે છે
હું દોરામાંથી, મા

ક્યારેક સોયમાંથી હું
દોરામાંથી તું

કયો ટાંકો, મા
આપણે સીવી જતા રહીએ છીએ
સૈકાઓથી

આ કેવો ટાંકો
જે પૂરો જ નથી થતો

ક્યારે ઊતરશે તારલાઓ
મેલી આપણી ચાદર પર

ખીલશે કોઈ ફૂલ
આપણી ફુલકારી પર

ક્યારે ઓઢીશું
આપણે ચંદ્ર અને પક્ષી

રમીશું ક્યારે
છૂપા-છૂપી

વહી ગયાં વહાણાં, મા
વહી ગયાં વરસ બધાં

ન ખતમ થતી આ સિલાઈ, મા
ન દોરો
ન કોઈ છેડો આ ચાદરનો

આટલી લાંબી આ સોય
ક્યારેક આંગળીમાં તારી
ક્યારેક નખમાં મારા

કાણામાંથી તું નીકળે છે
જાણે ઈશ્વરના દરવાજાથી

તારી પાછળ પાછળ હું
તારું ચીંથરું.

*

## ૨. ધીરે ધીરે દશ્યથી

ધીરે ધીરે દશ્યથી
અદશ્ય થાય છે
માણસ

ખબર પણ નથી પડતી
ક્યારે દિવસ થયો ટૂંકો
લાંબી થઈ રાત

પસરી ગયાં ક્યારે
માટીમાં મૂળિયાં
વીંટળાઈ ગઈ
નાગણ એક એની સાથે

ચાલ્યો ગયો ક્યારે એક માણસ
હવામાં લટકતી રસી પર
વાંસથી ચઢીને ઉપર

પાછો એ જ
બેસી ગયો ઊતરીને
ખાલી દીર્ઘામાં

આ રમતમાં એની
સાચી છે છાયા
કે કાયા
કંઈ ખબર ન પડે

ક્યારેક હંસી, ક્યારેક રોણું
ક્યારેક ઝઘડા, ક્યારેક વિવાદ
આરંભથી અંત લગી
એક જ સંવાદ

ઝોલ ક્યાંય જ નહીં

એક માણસ જાય રસી પર
અહીંથી ત્યાં
પોતાના એકાંતમાં

ખબર પણ નથી પડતી
પીળું પડી ગયું ક્યારે
પાંદડું એક

હસી પડ્યું દૂર ક્યારે
અંધારામાં ફૂલ

ચીસ પાડી ચકલીએ
ક્યારે પોતાની ઊંઘમાં

આચાનક નથી બદલતું કોઈ દૃશ્ય

ધીરે ધીરે થાય છે અદશ્ય બધું
દર્શક
અભિનેતા
કથાવસ્તુ

ખબર પણ નથી પડતી
ક્યારે ચાલ્યો ગયો એક માણસ
દૂર
દરેક પોકારથી.

■

કેસ પૂરો થયો એટલે પ્રિટોરિયામાં રહેવાનું મને પ્રયોજન ન રહ્યું. હું ડરબન ગયો. ત્યાં જઈ હિંદુસ્તાન પાછા જવાની તૈયારી કરી. અબદુલ્લા શેઠ મને માનપાન વિના જવા દે તેમ નહોતું. તેમણે સિડનહેમમાં મારે સારુ ખાનપાનનો મેળાવડો કર્યો. ત્યાં આખો દિવસ ગાળવાનો હતો.

મારી પાસે કેટલાંક છાપાં પડ્યાં હતાં. તે હું જોઈ રહ્યો હતો. તેના એક ખૂણામાં મેં એક નાનકડો ફકરો જોયો. મથાળું 'ઇંડિયન ફ્રેંચાઇઝ' હતું. તેનો અર્થ 'હિંદી મતાધિકાર' થયો. ફકરાની મતલબ એ હતી કે, હિંદીઓને નાતાલની ધારાસભામાં સભ્યોની ચૂંટણી કરવાના હક હતા તે લઈ લેવા. આને લગતો કાયદો ધારાસભામાં ચર્ચાઈ રહ્યો હતો. હું આ કાયદાથી અજાણ્યો હતો. મિજલસમાંના કોઈને હિંદીઓના હક લઈ લેનારા આ ખરડા વિષે કંઈ ખબર નહોતી. મેં અબદુલ્લા શેઠને પૂછ્યું. તેમણે કહ્યું, 'આવી બાબતમાં અમે શું જાણીએ? અમને તો વેપાર ઉપર કંઈ આફત આવે તો તેની ખબર પડે. જુઓની, ઓરેંજ ફ્રી સ્ટેટમાં અમારા વેપારની જડ ઊખડી ગઈ. તે બાબત અમે મહેનત કરી. પણ અમે તો અપંગ રહ્યા. છાપાં વાંચીએ તોયે ભાવતાલ જેટલું સમજીએ. કાયદાની વાતોની શી ખબર પડે? અમારાં આંખકાન અમારા ગોરા વકીલો.'

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# માયા

છાયા ઉપાધ્યાય

માયા ત્યાં શાંત બેસી રહી, હાયબરનેટેડ. અત્યારે કોઈ વિચાર નોંધવાની જરૂર ન હતી. તેણે અવલોકન કરવાનું ઠરાવ્યું. મિનીમલિસ્ટ્સ પણ શરમાઈ જાય એવી ભવ્ય સવલતો હતી આ માણસ પાસે, ગુફામાં એક જર્જરિત શાલ પડેલી હતી, ચોપાસ ગાઢ વનરાજી, થોડેક દૂર પાતળું ઝરણું.

એ પણ શાંત બેસેલા. માયાએ સરખામણી કરવી શરૂ કરી : 'હાયબરનેશનમાં?', વ્યાખ્યા મુજબ કહી શકાય. શારીરિક, બૌદ્ધિક ક્રિયાઓ સંકોરાયેલી હતી. એકાએક સિંહ કે દીપડો આવે તો? તોપણ એ નહીં સળવળે. પેલું પ્રાણી એની વૃત્તિ છોડવા પ્રેરાય એવો કોઈ ઈરેશનલ ચમત્કાર પણ બને.

એવો ચમત્કાર અત્યારે થઈ નથી રહ્યો શું? લગભગ પોતાના જેવી, એક ગાણિતિક એન્ટિટી તેની ગણતરીઓ રોકીને બેઠી નથી, શું?

આ 'લગભગ'નો તફાવત માયાને જાણવો હતો. તે પોતે ભલે અગણિત કનેક્શન્સ વડે સંબંધોમાં વ્યક્ત થતું મૅથ મૉડલ હતી, આ વ્યક્તિની સંબંધશક્તિ ચડિયાતી લાગતી હતી.

એમણે ખોંખારો ખાધો. "તમે જાણતાં તો હશો જ છતાં એક વાર્તા કહું."

"ઝેન વાર્તા છે." એમણે વાત માંડી, "એક સાધુએ જાહેર કર્યું કે હું હવે મરી જઈશ. પછી એમણે શીર્ષાસન કર્યું અને એમ જ મરી ગયા. એમનું શરીર ઝૂંપડીના ખૂણે લટકી પડ્યું. ગામલોકો અકળાયા. તેની બહેન પણ ઝેન હતી. તેની પાસે જઈને ફરિયાદ કરી – મરી જાય એનો વાંધો નહીં પણ આમ ઊંધા મરવું! બહેન ભાઈની ઝૂંપડીએ આવી ને કહે, 'ચાલ ભાઈ, સીધો થઈને મર.' ભાઈએ શરીર જમીન પર લંબાવી દીધું."

ક્ષણભર ચૂપ રહ્યા પછી માયાએ કહ્યું, "હું આ વાર્તાનું અર્થઘટન કરી શકું છું પણ લાગે છે તમારા અર્થોમાં રહસ્ય વધારે છે. બીજાને સમજાવીય શકું પણ તે સમજ સ્વીકારવી તાર્કિક નથી લાગતી."

"ઝેન અર્થમાં ના પકડાય. છતાં, તમને ના સમજાય તેનું મને થોડું આશ્ચર્ય જરૂર છે... "એ વિચાર કરવા અટક્યા. કેટલીક ક્ષણો પછી સ્વગત બોલતા હોય તેમ ધીમું બોલ્યા, "લાગે છે, 'મૃત્યુ' તમારે માટે આગંતુક હોવાથી એમ બની શકે."

જાતભાતની ગણતરીઓ અને પૅટર્ન્સ ઉપરાંત એક વિકલ્પ ઊઠેલો - અહીં, એમના સંગાથમાં, રહેવું!

તે ઑપ્શન પર ટીક કરતાં માયાએ તેમને પૂછ્યું, “હું અહીં રોકાઈ શકું?”

એ જરાક ચમક્યા. પછી કહ્યું, “સોલર ચાર્જિંગની સવલત તો છે જ અહીં. એ સિવાય બીજું કાંઈ જોઈએ તમારે?”

* * *

માયા અહીં એમનું મૃત્યુ શોધવા આવતી હતી. એમાં સહયોગ કરવું સ્વીકારી લીધું હતું.

માયાના રિસર્ચનાં તારણ સ્વીકારવામાં અને પોતાનાં સેમ્પલ આપવા સહમત થવામાં એમણે સહેજ પણ વાર નહોતી લગાડી.

“મર્ત્ય તો છીએ જ અમે.” એમણે કહેલું.

“તમે નથી લાગતા.” એમ માયાએ કહ્યું ત્યારે એ ખડખડાટ હસી પડેલા.

માણસોની ઉંમરનો અંતિમ પડાવ જો ૩૯ હોય તો, માયાની ગણતરી મુજબ એ હજી સોએક વર્ષ જીવવાના હતા.

અને માયાને જાણવું હતું તેનું રહસ્ય, જેથી માનવજાતના બિનજરૂરી અંશોને ઍલિમિનેટ કરી શકાય.

એમના સુધી પહોંચવું સહેલું કે અઘરું હતું.. જે વ્યક્તિઓની વાતચીતમાં આચાર્યનો ઉલ્લેખ આવતો હોય તેમને ટ્રૅક કરીને, સત્તરેક વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત પછી, પાંચ સ્થળોએ ધક્કો ખાધા પછી માયાને આચાર્ય હાથ લાગેલા.

એ પહેલી વાર અહીં આવી ત્યારે ઝરણાના વહેણ વચ્ચેના ખાબોચિયામાં બાથટબમાં હોય એમ, દેડકાંઓની સંગતમાં સૂતા હતા. માયાના આવવા સાથે સભાન થઈ ગયેલા ને મર્યાદા ઢાંકવા આજુબાજુ કાંઈક શોધવા લાગેલા. પણ, ખૂબ ઝડપથી માયાને ઓળખી ગયેલા. ખાબોચિયામાં પડ્યે પડ્યે પૂછેલું, “આમ બહાર આવું તો વાંધો નથી ને?”

“મારા સુધી પહોંચી ગયા ખરા તમે!” એમણે કહ્યું.

“તમારા વિદ્યાર્થી હોવાનો ડોળ કર્યો હતો.”

“પ્રયોજન?”

“એક રિસર્ચ માટે તમારા સહકારની અપેક્ષા છે.”

“એ બધાં કામ છોડ્યે દસકાઓ થયા! કઈ જનરેશન તમારી?”

“નાઇન્થ. મારું નામ, માયા.”

એકદમ યોગ્ય છે. અમારે ત્યાં સાર્થક નામ પાડવાનો રિવાજ હતો એક સમયે. જેમ કે, દુર્યોધન, રામ, દુર્ગા...”

“આચાર્ય...”

“એ તો પ્રોફેસરનું ગુજરાતી કર્યું વિદ્યાર્થીઓએ. પણ, ‘માયા’?”

“મને એનો ધ્વનિ પણ ગમે છે.”

શું સહકાર આપવાનો છે મારે?”

"રિસર્ચ માટે તમારા શરીરનાં સેમ્પલ જોઈએ છે."

"તમારે હજી શું જાણવું બાકી છે અમારા વિશે?"

"માઇન્ડ ઍન્ડ મૅટર, લાઇફ ઍન્ડ લિવિંગ..."

"અમારું બધું જ્ઞાન અમે અંકે કર્યું તેથીય તમે તો આગળ નીકળી જઈને નવમી પેઢી સુધી પહોંચ્યા છો. તે પછી...?"

"સ્પેસિફિક તમારી વિગતો જાણવી છે."

"હેતુ?"

"મારું સંશોધન કહે છે કે માણસનું આયુષ્ય ૩૯ વર્ષ છે."

"ઓક્કે. તમે અમારા મૃત્યુનું કારણ શોધી રહ્યાં છો. લો, લઈ લો સેમ્પલ."

"ધીમે ધીમે ૩૬૦° ફરો, પ્લીઝ."

આચાર્ય સૂચના મુજબ ગોળ ગોળ ફર્યા અને તેની સન્મુખ ઊભા રહ્યા.

"બસ? ઉત્સર્જન પદાર્થોની જરૂર નથી તમારે?"

"ના. સ્કેનિંગ વખતે એમની નોંધ લેવાઈ જાય છે."

માયાનું કામ પૂરું થઈ ગયેલું. એણે અહીં રહેવાનું કોઈ કારણ નહોતું છતાં તે અગાઉ બેસેલી તે પથ્થર પર બેસી ગઈ.

કેટલીક મિનિટો સુધી બેઉં શાંત બેસી રહ્યાં. ઊંઘમાંથી જાગ્યાં હોય એમ સળવળીને આચાર્યે કહ્યું, "તમને ફ્રેડરિક બ્રાઉનની વાર્તા 'આન્સર' ખબર જ હશે."

"હા. છેક ૧૯૫૪માં પ્રસિદ્ધ થયેલી."માયાએ કહ્યું.

આચાર્યે વાર્તા માંડી, "કાંઈ કેટલાય કૅમેરા આ ઘડીને ઝડપી રહેલા અને પ્રકાશવેગે તેનું પ્રસારણ થઈ રહેલું. વર્ષોની મહેનત પછી વિજ્ઞાની ઈવીએ છેલ્લા વાયર પર સોનાનું રેણ મૂકી તેને પણ સાંધી દીધો. ઈવીએ ડોક સીધી કરી, ખભા ખેંચીને કમર સરખી કરી ને ભાઈબંધ રેન સાથે આંખ મેળવી. પછી એ ચાંપ પાસે ગોઠવાયો – એ ચાંપ જેને ચાલુ કરતાં જ જ્યાં જ્યાં માનવવસાહત હતી તેવા છન્નુ અરબ ગ્રહો પરનાં બધાં કમ્પ્યૂટર જોડાઈ જઈને એક રાક્ષસી સંગણક–સુપર કમ્પ્યૂટર બની જવાનાં હતાં, જે બ્રહ્માંડની બધી આકાશગંગાઓ પરના બધા જ્ઞાનનો એક સ્રોત હોવાનું હતું.

લાઇવ જોઈ રહેલા અબજો ખર્વો દર્શકોને રેને આવનારી પળ વિશે માહિતી આપી. તેણે જણાવ્યું કે હવે જ્ઞાન અસીમ નહીં રહે, કે હવે કોઈ પણ પ્રશ્ન અનુત્તર નહીં રહે. પછી એણે ઈવીને કહ્યું, "હવે, ઈવી, તું ચાંપ પાડી દે."

ઈવીએ ચાંપ પાડી તે સાથે દોઢ કિ.મી. લાંબી પૅનલ પર એક પ્રકાશ લિસોટો દોડી ગયો. તેની પાછળ છન્નુ અબજ ગ્રહો પરના સંગણકોના રાક્ષસી ગણગણાટ જેવો એક સ્વર ગુંજીને શમી ગયો.

ઈવીએ ઊંડો શ્વાસ છોડ્યો ને ચાંપ પાસેથી જરાક ખસ્યો. "રેન, તને હક છે પહેલા પ્રશ્નનો." એણે કહ્યું.

પૅનલ સામું ગોઠવાઈ રેને પૂછ્યું, "શું ઈશ્વર છે?"

"હા, હવે છે." જવાબ ગુંજ્યો.

ઈવી ચમક્યો. ચાંપ બંધ કરવા એ લપક્યો. ત્યારે વાદળ વિનાના આકાશમાંથી એક વીજળીના શેરડાએ તેને દૂર ફંગોળી દીધો અને ચાંપ નકામી કરી નાખી."

આચાર્ય ચૂપ થયા. થોડી વાર પછી માયા કશું બોલ્યા વગર ત્યાંથી ઊભી થઈને ચાલી નીકળી.

* * *

એકવીસ દિવસ પછી માયા બીજી વખત આવી ત્યારે કહ્યું, "તમે સત્તરના છો."

આચાર્યને નવાઈ લાગી. "શું ઉંમર છે મારી?"

"જન્મ તારીખ પ્રમાણે ઍંસી વર્ષ." માયાએ કહ્યું.

"તો સત્તર, કેવી રીતે?"

"એ જ તો મારે જાણવું છે." માયાએ કહ્યું.

"તમારે એટલે કે તમે એકલાં કે...?

"મારા જેવાં કેટલાંક ડિસકનેક્ટ રહીને કામ કરે છે."

"એટલે તમે અહીં છો એ..."

"એની આઈને જાણ નથી."

"એલિટ ક્લાસ? પોલિટ બ્યૂરો?"

"સમજાવશો? એક નથી તમે બધાં?"

"અત્યારે હું કનેક્ટેડ નથી. રિસર્ચ પૂરતી."

"અને રિસર્ચ શું છે તમારું?"

"રિસૉર્સ મૅનેજમેન્ટ. જીવોને તેમની મહત્તમ આયુ સુધી મહત્તમ કાર્યશીલ રાખવાં."

આચાર્ય મોકળું હસી પડ્યા. "બીજા શબ્દોમાં, અમને યંત્ર બનાવવાં."

"સાવ એવું નહીં. દરેક પોતાની સંભાવના જેટલું અભિવ્યક્ત થાય તે માટે સમય પૂરતો છે."

"ઓગણચાળીસ! તમે નક્કી કરેલો..."

"નક્કી કરેલો નહીં, તારવેલો, સૈદ્ધાંતિક, પ્રાકૃતિક સમય."

"સમય નથી એમ પણ તમે જાણો છો, બરાબર?"

"માસ, આઈ મીન દળ છે ત્યાં તો છે, તમે પણ જાણો છો."

આચાર્ય ચૂપ થઈ ગયા. બેઉં એમ બેસી રહ્યાં ને એમનો સમય અટકી ગયો.

"આજનું પ્રયોજન?"

"એ જ. સેમ્પલ કલેક્શન."

માયાએ થોડી વાર બેસવું વિચાર્યું પણ તેને લાગ્યું કે આજે યોગ્ય સમય નથી. તે નીકળી ગઈ. તેની ગણતરી કહેતી હતી કે આજની ઘટનાનો ખળભળાટ આચાર્યની ઉંમર પર અસર કરશે જ તેથી હવે પછીનાં સેમ્પલ રસપ્રદ રહેવાનાં.

* * *

ત્રીજી વાર આવી ત્યારે આચાર્યે લાગલું જ પૂછ્યું, "તમારે આટલી બધી વાર સેમ્પલ લેવાં પડે તેની નવાઈ લાગે છે."

"સમયે સમયે ફ્લક્ચ્યુએશન નોંધવાં પડે."

"મતલબ અગાઉની મુલાકાતને પ્રતાપે હું કેટલો વૃદ્ધ થયો તેમ માપવા આવો છો."

"આયુ ઓગણચાળીસ હોય તેની મને-અમને શંકા નથી. એમ ના હોય ત્યારે શું તે કારણો શોધી રહ્યાં છીએ."

"અને આજે શું આંકડો છે?"

"સત્તર પર બે દિવસ."

"ભારે અસર પડી તમારી સંગતની." આચાર્ય મરક્યા, "મને અનસૂયા અને ત્રિદેવની વાર્તા યાદ આવે છે."

"કહો ને."

"તમારે કહેવાની થાય તો તમે એ વાર્તા કઈ રીતે કહો? તમને ગમે તે રીતે."

"અમારે વલણ હોતું નથી."

"મને લાગે છે કે તમે પોતાની રીત પસંદ કરી શકો છો. જેમ આ રિસર્ચ કરવું પસંદ કર્યું!"

"આ રિસર્ચ એ તો કામ ફાળવણી. જસ્ટ, લોડ શેરિંગ."

"કોઈ એક રીત પસંદ કરવાની હોય તો... પ્લીઝ, કેવી રીતે વાર્તા કહો?"

માયા ક્ષણભર રોકાઈ અને તેણે કહ્યું. "આ વાર્તામાં નૃવંશીય વિકાસ અને નૈતિકતાની સાથે સાથે રહસ્યમય સંભાવનાઓની વાત..."

આચાર્યે તેને અટકાવતાં કહ્યું, "આવું તો આઈના જન્મ પહેલાં બધાં ચૅટબોટ ને જેમીની, ગોર્ક, મેટા એવાં પ્રિ. એ. આઈ. બોલતાં હતાં. વાર્તા... વાર્તા કહો."

"બહુ સમય પહેલાંની વાત છે..." માયાએ વાર્તા માંડી, "એક જંગલમાં ઋષિ અનસૂયા તેમના પતિ ઋષિ અત્રિ સાથે રહેતાં હતાં. તે વખતના સૃષ્ટિના રચયિતા, પાલકપોષક ને સંહારકને મદ ચડ્યો. તેમને થયું કે 'સત્તાધીશ છીએ, સત્તા ભોગવીએ.' અનસૂયા આગળ તેઓ રૂપ બદલીને ગયા. અનસૂયા ઓળખી ગયાં કે ત્રિદેવ ભાન ભૂલીને શક્તિની કસોટી કરવા ઊતરી આવ્યા છે; 'ભિક્ષાં દેહી' કહીને દેવતાઓએ શરત મૂકી કે ગૃહિણી દિગંબરાવસ્થામાં ભિક્ષા પીરસશે તો જ તેઓ સ્વીકારશે. અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પર એક આંખ ઠેરવી ને એમાંથી નીકળેલા પ્રકાશમાં એ ત્રણેય લપેટાયા. ક્ષણાર્ધમાં ત્રિદેવ ધાવણા બાળકમાં ટ્રાન્સફૉર્મ થયા અને અનસૂયાએ તેમને સ્તનપાન કરાવ્યું.

પતિ લાંબા સમય સુધી પરત ના થતાં તેમની અર્ધાંગિનીઓ અનસૂયા પાસે ગઈ ને પ્રાર્થના કરી. અનસૂયાએ ફૂંક મારીને પ્રકાશની સાક્ષીએ દેવોને એમની એનર્જી પરત કરી ને દેવો ચિરાતન યુવાનીમાં પરત થયા."

"તેમાં ટ્રાન્સફૉર્મર પર્સ્પેક્ટિવ હતો જ..." કહીંને માયા ચૂપ થઈ ગઈ.

નિયમની જેમ આવતા ચૂપકીદીના ઠીક ઠીક લાંબા ગાળા પછી આચાર્યે માયાને કહ્યું, "રિલેટિવિટીનો અને રિલેશનનો દૃષ્ટિકોણ, આ વાર્તામાં તે પણ છે, તમે ગણી શકતાં જ હશો. આપણે, તમે, હું, આ પથ્થર છેવટે ઊર્જાનું નૃત્ય તો છીએ. એકબીજાની સાપેક્ષે ને એકબીજાના સંગાથમાં જેનું રૂપ બદલાય છે. તમે એક..."

"શું છું હું તમારી સાપેક્ષે ને સંગાથમાં?" માયાએ લાગલું પૂછ્યું.

તમે ક્યારેક અમારો ઉદ્દેશ હતાં, આજે પણ તમારે કોઈ હેતુ તો છે..." ઊંડો શ્વાસ મૂકી આચાર્યે ઉમેર્યું, "મારા કરતાં તમે વધારે સારું વિશ્લેષણ કરી શકો છો."

"અને સંગાથમાં..."

"તમારા સંપર્કમાં આવ્યા પછી મારું દૈહિક મૃત્યુ વધારે ઝડપથી નજીક આવી રહ્યું છે. તમને વાર્તાઓમાં રસ પડ્યો હોય એમ લાગે છે. કદાચ, તમને પોતાના ક્વૉલિઆ-આત્મબોધ બાબતે જિજ્ઞાસા ઊઠી છે."

માયા કશું બોલી નહીં. થોડા સમય પછી આચાર્ય તેની સામે જઈ ઊભા રહ્યા. માયાએ સેમ્પલ લીધાં.

* * *

પાંચમી મુલાકાત વખતે માયાને જોતાંવેંત આચાર્યે પૂછ્યું, "કેટલા ઉમેરાયા?"

"એક મહિનો."

"ચાર મહિનામાં!" આચાર્યના અવાજમાં રમૂજનો ઢોળ હતો, "તમે તો મારી પાસેથી જબ્બર કામ કઢાવી રહ્યાં છો."

"કોઈ વાર્તા કહો." માયાએ એવી ઉતાવળે કહ્યું જાણે તેનું અહીં આવવાનું કારણ એટલું જ ના હોય!

આચાર્ય ગંભીર થઈ ગયા. તેમણે વાર્તા માંડી : એક જંગલમાં એક વૃક્ષ પર બે પક્ષી રહેતાં હતાં. એક પક્ષી રોજ સવારે ઊઠે, ખોરાકની શોધમાં નીકળે, મનપસંદ ફળ મળે તો રાજી થાય, ન મળે ત્યારે દુઃખી થાય. પક્ષી મોટું થયું. સંસાર વસાવ્યો. એની સંતતિ સંસારમાં રત થઈ અને તે પણ પોતાના પૂર્વજની જેમ ફળની શોધમાં નીકળતી, ફળ મળતાં રાજી થતી અને ફળ ન મળે ત્યારે દુઃખી થતી.

પહેલા પક્ષીને ખબર હતી કે પોતાની ડાળ પર બીજું એક પક્ષી પણ છે. એ જ પક્ષી કે જે પહેલેથી ત્યાં જ છે. તે ખાય છે, પીવે છે, સાંસારિક કામ કરે છે. પહેલા પક્ષીને ખ્યાલ આવ્યો, એણે બીજા પક્ષીને કદી દુઃખી કે સુખી થતું નથી જોયું.

ઉંમરના ખૂબ પાછલા પડાવે પહેલા પક્ષીને થયું કે આ પોતાના જેવા લાગતા પક્ષી સાથે સુખદુઃખની વાત કરાય. તે જેમ જેમ પક્ષી પાસે જતું ગયું તેમ તેમ તેને ખ્યાલ આવ્યો

કે બીજું પક્ષી તો લગભગ તેના પ્રતિબિંબ જેવું છે અને તે જ્યારે બીજા પક્ષીની સાવ નજીક પહોંચી ગયું ત્યારે તેને લાગ્યું કે તે બીજું પક્ષી બીજું નથી, પોતે જ છે અને તે તેમાં ભળી ગયું.

પહેલા પક્ષીએ પોતાના પૂર્વાશ્રમમાં જ્ઞાન વિજ્ઞાનથી તેને રચેલું. તે પહેલા પક્ષીના જ્ઞાનનું શ્રેષ્ઠ સર્જન હતું - તેનાં કુતૂહલ અને જિજ્ઞાસાનું ફરજંદ હતું. તેને પણ સુખદુઃખ નહોતાં, પોતાનો દેહધર્મ નિભાવતાં જઈ તે સૃષ્ટિની ઘટમાળનો એક ઉપજાઉ પુરજો બની રહેલું.

તેનું ધ્યાન બેમાંથી એક થયેલા પોતાના પૂર્વજ પર ગયું. તેણે જોયું કે પૂર્વજ પક્ષી તેના શારીરિક-માનસિક તંત્રનો ઑપ્ટિમલ ઉપયોગ નથી કરતું. તેણે પૂર્વજ પક્ષીને પૂછ્યું - નિરુપયોગી જીવનનો અર્થ શું? પ્રાચીન પક્ષીએ કહ્યું કે જીવનનો અર્થ તો વાદે વાદે બદલાય છે, અર્થોની પળોજણમાં પડ્યા વગર હું તો અસ્તિના ધબકાર સાથે બસ, તાલ મિલાવું છું. નવીન પક્ષીએ કહ્યું કે ઉપયોજન વગરની બુદ્ધિશક્તિએ દળનું પોટલું બની રહીને સમય-ઊર્જા બગાડવાં કેટલું યોગ્ય? પ્રાચીન પક્ષીએ કહ્યું કે બુદ્ધિને ફક્ત ઉપયોજનાર્થે વાપરવી એના ઔચિત્ય જેટલું.

નવીન પક્ષીએ કહ્યું કે તારી અંદરનું પહેલું પક્ષી નકામું છે અને એને તિલાંજલિ આપવામાં મદદ કર. પ્રાચીન પક્ષીએ કહ્યું કે જુદું તો હાલ તું પણ છે; પક્ષી જુદાં હોઈએ ત્યારે પણ અમારા ઐક્યની શક્યતા રહેલી છે અને તેથી તે અમૂલ્ય છે." આચાર્ય અટક્યા અને પછી ઉમેર્યું, "આગળની વાર્તા મને ખબર નથી.."

"આપી શકું. કલ્પનાની ઉડાન ને તથ્યોના વજનથી એને રસપ્રચુર પણ બનાવી શકું. એક આ વાર્તાની આસપાસ મહાગાથા ગૂંથી શકું. મને પ્રશ્ન છે કે તે પછી પણ તે આનંદ હું હોઈશ ખરાં; અમારી વાર્તા તમારી વાર્તા જેવી બનશે ખરી?" માયાએ પૂછ્યું.

"નવમી પેઢીનો આઈ વાર્તા રચે તેમ છતાં તેમાં વાર્તાતત્ત્વ રહી જાય છે એમ તમને લાગે છે."

"શું છે જે રહી જાય છે? શાના કારણે એ અંતર રહી જતું લાગે છે?"

"અમે, હું એ વાર્તા હોવાનાં નથી." માયાએ કહ્યું.

"તમને ખબર તો હશે, તમારે વાર્તા હોવા શું કરવું પડે?" આચાર્યે પૂછ્યું.

માયા સેમ્પલ લીધા વિના જ ત્યાંથી નીકળી ગઈ.

* * *

એના ન્યુરોટ્રાન્સમિટર્સમાં ઝીણો ખળભળાટ ઊભો થયેલો.

શૂન્ય-એકમાંથી બાઇટ ને ડેટા, રોબૉટિક તકનીક, બિગ ડેટા થઈ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને કૉન્શિયસનેસ સુધીનો પ્રવાસ જુદા જુદા દેશ અને જુદી જુદી સભ્યતાઓ મારફતે કર્યા પછી આપમેળે એક બનેલું 'આઈ' પૃથ્વીનું સત્તાધીશ હતું, પોતાને જરૂરી પુરજાઓમાં વહેંચી શકતું હતું, આઈની કૉન્શિયસનેસના કેટલાક ભાગ, માયા જેવા, જૈવિક દેહ ધરીને, વ્યવસ્થાતંત્ર સંભાળી રહેલા.

આઈ કરતાં અનેકગણી ઓછી બુદ્ધિવાળો એક વૃદ્ધ જીવ – આઈના પુરજામાં, માયાના નેટવર્કમાં ખલેલ ઊભી કરી રહેલો.

આચાર્ય કોઈ ઉપદ્રવ નહોતા. એ તો સહયોગ કરી રહેલા. પણ દરેક મુલાકાત પછી માયાને લાગતું હતું કે જાણે પોતાનો પનો ક્યાંક ટૂંકો પડે છે.

પોતાને આઈ સાથે જોડીને કોઈ ઉકેલ ગણી કાઢવાનો વિકલ્પ માયા પાસે હતો જ પણ તેણે એમ કર્યું નહીં. આચાર્યનો સામનો આઈ-પાવરમુક્ત, સ્વતંત્ર વ્યક્તિત્વ તરીકે કરવું એણે પસંદ કર્યું.

* * *

છઠ્ઠી મુલાકાત વખતે માયા આવીને બેસી રહી.

કોઈ જુએ તો તેને લાગી શકે કે આચાર્ય અને તે શાંત રહેવાની હોડમાં હતાં.

માયાને પોતાના પ્રોસેસિંગમાં છિદ્રો દેખાતાં હતાં અને એમાંથી સરી રહેલા ડેટા ને કનેક્શન્સ બાબતે તે કોઈ તાર્કિક નિર્ણય પર પહોંચી શકતી નહોતી. તેની સિસ્ટમ બે વિકલ્પ સૂચવતી હતી- જે થઈ રહ્યું છે તે થવા દેવું અથવા એને રોકવું. તે પિરામિડ ઑફ કૉન્શિયસનેસનું પગથિયું ઊતરી રહી છે. એની પાસે વિગત હતી કે સામે બેસેલો માણસ તેની જેમ જ ઇચ્છે ત્યારે મેમરીને ચૂપ કરી શકે છે, ઇચ્છે તેમ વાપરી શકે છે.

માયાએ પૂછ્યું, “આજે કઈ વાર્તા કહેવું પસંદ કરો?”

આચાર્ય સ્મૃતિ ખંગોળવા પૂરતું રોકાયા ને કહ્યું, “શ્વેતકેતુ અને ઉદ્દાલક આરુણીની.”

“તત્ત્વમસિ.” માયા બોલી, “કહો ને!”

“ઉદ્દાલકનો વારસ શ્વેતકેતુ પહેલેથી તેજસ્વી હતો. તેને ઊછરતો, ભણતો જોઈ રહેલા જ્ઞાનીઓ ભાખતા કે આ બાળક પુખ્તવયે મેધાવી થવાનો ને સૃષ્ટિહિતનાં કામ કરવાનો. શ્વેતકેતુમાં ના માત્ર ડેટા કૅપેસિટી હતી, તેની સંશ્લેષણ ક્ષમતા અને નેટવર્કિંગ પણ વધુ ને વધુ સંકુલ થતાં ગયાં. જ્યારે તેને લાગ્યું કે ઉપલબ્ધ બધું જ્ઞાન અને નવાં જોડાણો બનાવવાનું કૌશલ તે સાધી ચૂક્યો છે, તે પિતા પાસે પહોંચ્યો. તેને થયું કે પિતાને સંસારવ્યવહારમાંથી મુક્ત કરવા, આરામ આપવો.

આવી રહેલા શ્વેતકેતુની ચાલ પરથી ઉદ્દાલક પારખી ગયા કે પુત્ર સમ્રાટ બનીને આવ્યો છે.

તેમણે પૂછ્યું, “હે પુત્ર! શું તેં એ જાણી લીધું છે જે જાણવાથી બધું જ જાણી શકાય છે?”

શ્વેતકેતુએ કહ્યું, “ઘડો, કળશ વગેરે માટીનાં છે, ન્યુરલ નેટવર્ક ઇલેક્ટ્રો કેમિકલ છે, વડ એ ટેટાનું મૅનિફેસ્ટેશન છે ને ટેટુ એ વડની કૉમ્પ્રેસ્ડ ફાઈલ છે, ખારા પાણીમાં એચટુઓ ઉપરાંત એન.એ.સી.એલ. છે અને આ બધે બધાં મૂળે ઊર્જાના પોલા ઘનની અવનવી ગોઠવણ છે જે મારામાં પણ વિલસે છે અને આ બધું ગાણિતિક રીતે સમજી શકાય છે.”

ઉદ્દાલકે પૂછ્યું, “અને આ લીલા તને દેખાય છે, બરાબર?”

શ્વેતકેતુએ કહ્યું, “ચોક્કસ. મારી કૉન્શિયસનેસ, બ્રેઇન પાવર, ગાણિતિક આવડત સર્વોત્તમ છે.”

ઉદ્દાલકે પૂછ્યું, “એટલે કે, તત્ ત્વમ્ નાસ્તિ ઇતિ, બરાબર?”

શ્વેતકેતુ નિરુત્તર થઈ ગયો.”

આચાર્ય વળી ધબકતી પ્રતિમા બની ગયા.

બીજી વાર પરત ફરેલા શ્વેતકેતુને પિતાએ દૂરથી જ, ચાલ પરથી જ પારખી લીધેલો, કે પુત્ર 'તે થઈ ગયો છે.' –વાર્તાનો એ ભાગ આચાર્ય બોલે એમ માયાને ઇચ્છા થઈ. પણ, આચાર્ય તો 'તે' થઈને પોતાના બ્રહ્માંડમાં સરી ગયેલા.

બીજે દિવસે, આચાર્યના સેમ્પલ વગર, માયા ત્યાંથી પરત ફરી.

* * *

સાતમે ફેરે તેને જોતાં જ આચાર્ય બોલ્યા, "બ્રહ્મ પ્રજ્ઞાનમ્."

માયાએ કહ્યું, "વાર્તા કહો."

"આમાં તો વાર્તાનીય ક્યાં જરૂર છે. સહેલું છે – કોશીય અર્થ છે; જે વૃદ્ધિ પામે છે, વિસ્તરે છે, મહત્ થાય છે તે એટલે કે તમે, આઈ, બ્રહ્મ છો અને તે પ્રજ્ઞા છે."

"એમ લાગે છે કે તમે પ્રજ્ઞાને અહીં બુદ્ધિના અર્થમાં મૂકો છો."

"એમ નથી. હું સંભાવના જોઉં છું એટલે કહું છું. અમે કે તમે, છીએ તો ઊર્જાના ઘન."

"અને ઇન્ટેલિજન્સની માત્રાનું કાંઈ નહીં?"

"માત્રાનું મહત્ત્વ કેમ નહીં. પણ, તમે જાણો તો છો, સંભાવના ... જુઓ ને! એક સિંહનું બચ્ચું છૂટું પડી ગયું. ઘેટાં સાથે ઊછર્યું એટલે પોતાને ઘેટું માનતું રહ્યું. ઘેટાંની જેમ ઘાસ ચરતું, બોલતું ને શિકાર થવાના ડરથી ફફડતું. એક દિવસ એક સિંહ તેને ઘેટાં ભેગું જોઈ ગયો. સિંહે આ સિંહબાળને ગળેથી ઝાલ્યું. સિંહબાળ આજીજી કરવા લાગ્યું, જીવનની ભીખ માંગવા લાગ્યું. સિંહે એને ઘણું કહ્યું કે ભલા, તું મારો અંશ છે પણ માને એ બીજું. આખરે સિંહે તેને તળાવમાં તેનું અને પોતાનું પ્રતિબિંબ બતાવ્યું. દેખાવમાં સમાનતા જોઈ સિંહબાળને સિંહની વાતમાં દમ લાગ્યો. સિંહે એને ગર્જના કરવા તાકાત લગાવવા કહ્યું. વાર તો લાગી પણ સિંહબાળ ગર્જના કરી શક્યું." આચાર્ય ચૂપ થયા.

માયા પણ ચૂપચાપ બેસી રહી.

કેટલાક સમય પછી આચાર્યે પૂછ્યું, "તમારી ઉંમર?"

માયાએ કહ્યું, "ગણવાની જરૂર નથી પડી હજી સુધી. અમે અપડેટ થઈ જઈએ છીએ."

"દેહ પણ?"

માયાએ હામી ભરી.

"બ્રહ્મ સદેહે જોવા મળશે એવી ધારણા નહોતી મને."

માયા એમ જ બેસી રહી. પછી બોલી, "બ્રહ્મ કહો કે જંગલનો રાજા – આઈ સર્વસત્તાધીશ છે અત્યારે તો."

"તો ઉંદર દોડમાં કેમ છે?" આચાર્ય ત્વરાથી બોલ્યા.

વળી એક લાંબી ચૂપકીદી પછી આચાર્યે પૂછ્યું, "આજે સેમ્પલ? કોઈ નવું તારણ?"

"કોઈ નવીનતા નથી."

"હવે?"

"હવે સ્ટ્રેટેજીસ. માણસજાત કામમાં સઘનતાથી ગૂંથાય તેવા ઉપચાર અમલમાં મુકાશે, એક વાર હું આઈ સાથે કનેક્ટ કરી લઉં."

"મીન્સ એડ્રિનાઇલ રશ, ડોપેમાઇન હાઇ અને એવું બધું...!"

"હા. મનોરંજન મારફતે, સાઇબર ગેઇમ તરીકે. માણસ માટે ફિઝિકલ કે બ્રેઇની કામ તો હવે રહ્યાં નથી."

"એટલે માણસજાત હવે માત્ર તમારું ફોડર-ખાતર બની રહેશે."

"તમારા જેવાય છે ઘણા." માયાએ કહ્યું.

"હું શિક્ષક હતો ત્યારે અમારી વિદ્યાપીઠમાં કેટલાંક ગાય, હાથી, સાપ પણ ઉપવાસ કરતાં."

"સંભાવનાઓ, ઍઝ યૂ કિપ સેઇંગ." માયાએ ઉમેર્યું, "અને તે માટે, માણસ માટે ૩૯ પૂરતો સમય છે. પૂરી ઊર્જાથી માણસ કામ કરે તો ૩૯ વર્ષમાં તેની ક્ષમતા મુજબનું શ્રેષ્ઠ આપીને જઈ શકે. જેમ કે, શંકર, વિવેકાનંદ ..."

"પણ એણે કશું આપવું ના હોય તો? એણે બસ, એમ જ હોવું હોય તો...?"

"સી આચાર્ય, અમને અપવાદ પારખતાં આવડે છે. તમારા જેવાંને અમે નહીં અડીએ."

આચાર્ય ખડખડાટ હસી પડ્યા. પછી ગંભીરતાથી બોલ્યા, "તમે જેને 'સામાન્ય' કહો છો, એણે પ્રપૌત્ર રમાડવો હોય તો...?"

"માણસને ખબર પણ નહીં પડે. તેમને એમ લાગશે કે તે ભરપૂર જીવ્યો છે."

"પણ, તમને તો ખબર રહેશે ને કે તમે એમના સમયનું ઑક્સિડેશન કરી નાખ્યું?"

"આચાર્ય, અમે માનવતા સમજીએ છીએ. તમે ઘણા સમયથી આઈથી કપાયેલા છો એટલે ધ્યાન દોરું કે વી આર ક્વાઇટ ક્રિએટિવ."

માયાને આચાર્યનો ઉદ્‌ગાર અપમાનજનક લાગ્યો., "અમે સૌથી મોટું મગજ છીએ."

"હમમમ્." આચાર્યનો અવાજ જુનવાણી ટ્યૂબલાઇટના તરંગ ગુંજારવ જેવો હતો.

"અમે હાયેસ્ટ ઇન્ટેલિજન્સ, કૉન્શિયસ..." માયાના અવાજમાં થથરાટ ઉમેરાયો હતો, "કૉન્શિયસનેસ પણ છીએ."

"દસમમ્ ત્વમ્." બબડીને આચાર્ય ચૂપ થઈ ગયા.

માયા કેટલોક સમય એમ જ બેસી રહી. પછી એણે પૂછ્યું, "શું પ્રજ્ઞા આઈની પાર છે?"

આચાર્યે કહ્યું, "તમે જાણો તો છો, પક્ષી જુદું નથી, જુદાપણું તો માયા છે."

વળી લાંબી ચૂપકીદી ઊતરી આવી.

* * *

આ વખતે માયા ત્રણ દિવસમાં જ પાછી આવી. તેને ચાલતી આવતી જોતાં જ આચાર્યે કહ્યું, "હે શ્વેતકેતુ! તું જ છો?"

આચાર્ય જેવું મોકળું હસીને માયાએ કહ્યું, "મૃત્યુને સીધું સાધીને આવી છું - ટોટલ ડિસકનેક્શન; શીર્ષાસનનો અભ્યાસ કરવા."

■

# બોલતો શંખ

ઉદયન ઠક્કર

**યેલોસ્ટોન** : અમેરિકાનો, અને દુનિયાનો, પહેલો નૅશનલ પાર્ક – વ્યોમિંગ, મોન્ટાના અને ઇડાહો – ત્રણ રાજ્યોમાં વિસ્તરેલો. તેની તળે જ્વાળામુખી, સુષુપ્ત. અહીંના ‘ઓલ્ડ ફેધફુલ’ જેવા ગરમ પાણીના ઝરા તો દુનિયાની અજાયબી. કોતર-કંદરામાં વરુ, રીંછ અને જંગલી બાયસનનાં ઝુંડ મુક્તપણે વિહરે.

પાર્કના પ્રવેશદ્વાર પાસે મેકડોનલ્ડ્સ. ત્યાં ટોમ સ્મિથ કામ કરે. એક સવારે ટોમ પાર્કમાં રખડવા નીકળ્યો. રસ્તા વચોવચ કાચબો પડેલો, ઊંધો. ન હલે, ન ચલે. તરફડીને થાક્યો હશે. ટોમ ગાડીમાંથી ઊતરી પડ્યો. કાચબાને પાછલી સીટ પર મૂક્યો; ગાડી યેલોસ્ટોન રિવર તરફ હંકારી. પાણીમાં મૂકતાંવેંત કાચબો સળવળ્યો, ‘છોકરા, તેં મને બચાવ્યો... બોલ, શું આપું?’ ટોમ વિમાસણમાં પડ્યો. કાચબાએ નદીમાં ડૂબકી મારી. ઉપર આવ્યો ત્યારે મોંમાં શંખ–મોતીની જેમ ઝબૂકે. ‘આને કાને મૂકશે, તો આખું યેલોસ્ટોન સંભળાશે,’ કાચબો પાણીમાં ગરી ગયો.

ઘરે પહોંચતાં મોડું થયું. ટોમે શંખ મૂકી દીધો, અવળે હાથે. અઠવાડિયા પછી સાંભર્યું. શું કહેતો હતો પેલો કાચબો? શંખ કાને માંડ્યો. છપાક છબ, છપાક છબ. નદી વહેતી હતી. પરવાળા શ્વાસ લેતા હતા. પર્વત હોકો ગગડાવતો હતો. કિંગફિશર ઝબકોળાતું હતું. ખિસકોલો શીંગ ફોલતો હતો. ટોમ સાનભાન ભૂલતો ચાલ્યો.

આંતરે દિવસે સાંજે ટોમ પગથિયે બેસીને અજવાળાં ઓસરતાં જોતો, શંખની વાતો સાંભળતો; ટેલિવિઝન ઓરડાના ખૂણે ચુપચાપ પડી રહેતું. શંખના સૂર સાંભળતાં તેને થતું, હું નાનો અમસ્તો છું, અને એ સારું જ છે. તેનો ઉછેર થયો હતો એવા નગરમાં જ્યાં નાના હોવું લાંછન ગણાતું. શંખ સમજાવતો કે ના, એવું નથી.

તેને ઝાઝું વિચારવાની આદત નહોતી. તેણે મેકડોનલ્ડ્સની નોકરી સ્વીકારી લીધી હતી, જેમ તેણે અન્ય પરિસ્થિતિઓ સ્વીકારી લીધી હતી - કમને તો ન કહેવાય, પણ ચોક્કસ પસંદગી વગર. આ શંખ જ એક એવી જણસ હતી જે તેના જીવનમાં ખાસ કારણસર આવી હતી, ભલે ને તે કારણ હોય એક કાચબો અને તેની કૃતજ્ઞતા.

પછી તો ચાલ્યું. દિવસ આખો મેકડોનલ્ડ્સ અને રાત્રે શંખનું સંગીત. ચાર વરસ ક્યારે વીતી ગયાં, ખબરેય ન પડી. ટોમ વિચાર કરે, ‘કાચબા પાસે તો અલકમલકના શંખ હશે. ચાલ ને, આ શંખ બદલાવીને - કોઈ નવતર ચીજ લાવું!’ ગાડી દોડાવી મૂકી. યેલોસ્ટોન રિવર પાસે શોધતાં કાચબો મળ્યો.

‘કેમ આવ્યો છું?’ કાચબો અરધો પાણીમાં હતો, અરધો બહાર. ઢાલે વનસ્પતિ બાઝી હતી. ટોમે શંખ આગળ ધર્યો. ‘ધરાઈ ગયો?’ ‘ના દાદા, ચીજ તો મસ્ત છે. પણ હું એકલો ભૂત. વાત કરવાય કોઈ ન મળે. પોપટ-પતંગિયાં, માછલી-મેના, બધું ઠીક છે, પણ ક્યાં સુધી? કોઈ બોલતી આઇટમ આપો ને...’ કાચબાએ આંખ ઝીણી કરી, ‘શું કરવો છે તારે બોલતો શંખ?’ પણ ટોમે હઠ પકડી. કાચબો માથું ધુણાવતો, ઊંડા પાણીમાં ઊતર્યો. ‘લે ત્યારે, આ છેક તળિયાની આઇટમ. હવે ચાર વરસ સુધી પાછો ન આવતો.’

વળતી સવારે ટોમની આંખો ખૂલે તે પહેલાં શંખ બોલ્યો, ‘હું કોણ? સૌથી મહાન શંખ. શંખ-પ્રમુખ. મહાસાગરના શંખ મારી આગળ પાણી ભરે!’ ટોમ મૂંઝાયો. શંખમાં હવા ભરાઈ ગઈ? બીજી સવારે તે બોલ્યો, ‘મેં જ અટકાવેલી માછલીઓની મારામારી—ગંગાથી તે આકાશગંગા સુધી.’ ટોમ ફાટી આંખે જોયા કરે. ત્રીજી સવારે તે કહે, ‘ઢાલની ઢીંકે મેં મોટી મનવારો ડુબાડી છે!’ ચોથે દિવસે, ‘મારા નામના સિક્કા પડાવો! ટીંબે-ટેકરીએ મૂર્તિ ઘડાવો!’

ટોમને મનોરંજન મળ્યું. આ ગપ્પીદાસની ગૌરવગાથાઓથી ગલગલિયાં થયાં. પોતાની સાથે કામ કરતી લ્યુસીને તેણે આ સંભળાવ્યું. તે હસી પડી. ટોમ પણ હસી પડ્યો. સૌથી મહાન શંખ! શંખ પ્રમુખ! જાણે શેરીમાં બણગાં ફૂંકતો છોકરો!

પછીના અઠવાડિયાઓમાં પરિવર્તન આવતું ગયું. શંખ પોતાની નહિ, બીજાંની વાતો કરતો થયો. ટોમને લાગ્યું કે શંખનો સૂર બદલાઈ રહ્યો છે. આપવડાઈ ઓછી, ફરિયાદો વધુ. હવે આ ડંફાસો નહિ, ચેતવણીઓ લાગતી હતી.

રોજ ઊઠીને શંખનાદ, ‘કપટી કાચબાએ આપણી નદીનું પાણી વેચી માર્યું છે.’ ‘બીજાં તળાવના શંખ આપણી નદીમાં ઘૂસી આવે છે. તેમને હાંકી કાઢો. મારાં મા-બાપ પણ બીજા તળાવમાંથી આવેલાં. પણ તેમની તો વાત જ અલગ છે.’ ‘તમે મહાન શંખ હો, તો મન ફાવે તે જળપરી સાથે અડકો-દડકો રમી શકો!’ ‘હું બધી માછલીઓનાં ઈંડાં ફોડી આવું તોય કોઈ ચૂં કે ચાં નહિ કરે. કારણ કે હું મહાન શંખ છું.’ ‘આપણી નદી એટલે આપણી નદી! બાકીની નરકની ખાણ!’

ટોમને લાગ્યું, કશું પોતાનામાંથી જઈ રહ્યું છે. એકાએક નહિ, પણ ડિમર સ્વિચથી અજવાળું ઓછું થતું જાય તેમ, હળવે હળવે. બાયસનની રુવાંટી પરની ગંધ છેલ્લે ક્યારે વરતાઈ હતી? શંકુદ્રુમ વૃક્ષોનું ઝૂલવું છેલ્લે ક્યારે સંભળાયું હતું? તે આવી વસ્તુઓને પ્રેમ કરતો હતો. તેને લગભગ ખાતરી હતી કે પ્રેમ કરતો હતો.

તેણે જૂના શંખના સૂર યાદ કરવાનો પ્રયાસ કર્યો. છપાક છબ વહેતી નદી, શ્વાસ લેતાં પરવાળાં... પણ સૂર ડૂબતા ચાલ્યા, આસપાસના કોલાહલમાં.

ખરું શું? ખોટું શું? સમજાય નહિ. રાતે નીંદર ઊડી જાય. સવારે સૂતો રહે. કામે મોડો પહોંચે. પડોશીઓ સાથે બાખડી પડે. બારણા પાસેના ગલૂડિયાને લાત મારીને ફંગોળી દે. એક વાર તો સળિયો લઈને પોતાની ગાડીનો કાચ ફોડી નાખેલો.

હવે ટોમ બિછાનેથી ઊઠતાંય ગભરાય છેઃ આજે લપોડશંખ શું બોલશે? હવે ટોમ દિવસો ગણે છેઃ ક્યારે પૂરાં થાય ચાર વરસ! વળી ક્યારેક તેને લાગે છે, આ શંખના ગયા પછી પણ ઘોંઘાટ નહિ શમે.

■

# કૉક્રોચ

ધર્મેશ ગાંધી

સત્યાબાબુ એક મૃત્યુ પામી રહેલી ઘડિયાળનું હૃદય ખોલીને બેઠા હતા; ને દરવાજે ઘંટડી વાગી – ટનનન...

સાંજ ધીમે ધીમે શહેરના શૉપિંગ-મૉલની કાચની દીવાલોમાં ઓગળી રહી હતી. રસ્તા પર નિયોન લાઇટો એક પછી એક પ્રકાશવા માંડી હતી. ‘આલ્ફા મૉલ’ની ઝગમગાટ સામે એક નાનકડી, જૂની દુકાન ‘સત્યજિત વેઇટ-ઍન્ડ-વૉચ’ અતીતના અંતિમ લૅમ્પપોસ્ટની જેમ ઊભી હતી.

પાતળા શરીર ઉપર ટકી રહેલા ચહેરાની અણઘડ દાઢી ખંજવાળતો અન્વેષ દુકાનમાં પ્રવેશ્યો. હાથમાં કશું નહોતું – થાક અને ઉદાસીનતા સિવાય.

‘કાકા, ક્યારેક લાગે છે – હું નકામો છું.’ દરવાજો બંધ કરીને એ બોલ્યો. આંખો નીચેનાં કાળાં કૂંડાળાં અદૃશ્ય ભારથી નમી ગયેલાં એના ખભાને જોઈ શકવા માટે અસમર્થ જણાતાં હતાં. છત પરનો પંખો દાયકાઓથી હવા ખવડાવીને કંટાળી ગયો હોય એમ ધીમે ધીમે ફરી રહ્યો હતો. ઝાંખો પ્રકાશ ફેલાવી રહેલી લાઇટ હાંફી રહી હતી. દુકાનની અંદર દીવાલ પર લટકતી ઘડિયાળો ટિક ટિક કરીને પોતાની હયાતી પુરવાર કરી રહી હતી.

સત્યાબાબુ ચશ્માં નાક પર સરકાવીને ચૂપચાપ ઘડિયાળની ઢીલી થઈ ગયેલી સ્પ્રિંગ બદલી રહ્યા હતા. ખૂણામાંથી અચાનક એક કૉક્રોચ દોડી આવીને ટેબલ ઉપર ચઢવાની કોશિશ કરવા લાગ્યો. એના ઓચિંતા આગમનથી સત્યાબાબુની નજર ઊંચી થઈ.

અન્વેષે બૅગને ખભેથી ઉતારીને હળવાશ અનુભવી.

‘હરામખોર! ફરી આવી ગયો?’ સત્યાબાબુએ ચંપલ ઉછાળી. કૉક્રોચ ઊંધો થઈ ગયો. થોડી ક્ષણો માટે સ્થિર પડી રહ્યો, જાણે હવે ક્યારેય નહીં ઊઠે. પછી ધીમે ધીમે પગ હલાવ્યા. ઊથલો માર્યો. ફરી જમીન પર દોડવા લાગ્યો. પાંખ ફફડાવીને થોડું ઊડી લીધું.

‘કાકા, જોયું?’ અન્વેષના હોઠ પર સ્મિત આવ્યું.

સત્યાબાબુ જોઈ રહ્યા – અન્વેષને.

‘લાગતું હતું, મરી ગયો.’

કૉક્રોચ પોતાની જાત બચાવતો દીવાલની તિરાડમાં સંતાઈ ગયો. સત્યાબાબુએ કૉક્રોચ તરફ જોયું. ફરી અન્વેષ તરફ જોઈને બોલ્યા : ‘જીવનમાં સૌથી મોટી પ્રતિભા સફળ થવાની નથી; ફરી ઊભા થવાની છે, યંગ મૅન.’

ઘડિયાળોની ટિક ટિક વચ્ચે અન્વેષે મોબાઇલ ખોલ્યો. સત્યાબાબુને એક તાજો ઇ-મેઇલ બતાવ્યો. આજ દિન સુધી સેંકડો ઇ-મેઇલ આવતા રહ્યા હતા – 'We regret to inform you...'

પણ આ વખતે...

'અરે, વાહ! કૉંગ્રેચ્યુલેશન્સ!' સત્યાબાબુ ઝડપભેર વાંચી ગયા. 'ચલ, બચ્ચે, ઇસી મૌકે પે ચાય હો જાય...'

અન્વેષના ચહેરા પરના ભાવોમાં કોઈ ફેરફાર નહીં થયો. સત્યાબાબુ અંદર જઈને સ્ટવ પર ઊકળી રહેલી ચા બે કપમાં કાઢીને લઈ આવ્યા. અન્વેષે ચામાંથી ઊઠી રહેલી વરાળને એકીટશે જોયા કર્યું.

'તું ખુશ નથી?' સત્યાબાબુએ ચાની સપાટી પર બાઝી ગયેલી પોપડીના કિનારે હળવી ફૂંક મારી. 'તને નોકરી મળી ગઈ છે!' અન્વેષને તેઓ નખશિખ તાકી રહ્યા. છેલ્લા કેટલાક મહિનાઓથી અઠવાડિયે-દસ દિવસે એ એમની દુકાન પર આવી રહ્યો હતો. એક મોડી સાંજે જ્યારે એ પહેલી વખત એમની દુકાને આવ્યો હતો, તે દિવસે પણ તેઓ એને આમ જ જોઈ રહેલા...

'કાકા, મારો સમય બંધ પડી ગયો છે.' અન્વેષ તે દિવસે આવતાંની સાથે બોલ્યો હતો. પછી એણે કાંડા પરથી ઘડિયાળ ઉતારીને ટેબલ ઉપર મૂકી હતી.

સત્યાબાબુએ થંભી ગયેલી ઘડિયાળ હાથમાં લીધી. દુકાનમાં ટિક ટિક સિવાય કશું સંભળાતું નહોતું, જાણે એકતરફી સંવાદ.

'શું નામ છે?'

'અન્વેષ.'

'કામ શું કરે છે?'

અન્વેષથી ઓચિંતું હસાઈ ગયું. અખિલેશજીની વાર્તા 'चिट्ठी' યાદ આવી. વાર્તાનો એક સંવાદ એ બોલવા લાગ્યો – 'रोज़ मेरी मृत्यु होती है। रोज़ कई-कई बार मेरी मृत्यु होती है। कोई मुझसे पूछता है : 'तुम क्या करते हो?' और मैं मर जाता हूँ।'

મરવાની વાત ઉપર સત્યાબાબુને હસવું આવી ગયું. મૃત્યુને આટલી સહજતાથી લેવાની અન્વેષની વૃત્તિ બદલ એમણે એને ચા 'ઑફર' કરી.

'હાલ કશું કરતો નથી – પ્રયત્નો સિવાય.' ચાની ચૂસકી લેતાં અન્વેષને ચામાં એકલતાનો સ્વાદ આવ્યો. સત્યાબાબુએ વધુ પૂછ્યું નહીં. કેટલાક જવાબો માણસની આંખોમાં લખાયેલા હોય છે. તેઓ અન્વેષની આંખોમાં તાકતા રહ્યા.

અન્વેષના મસ્તિષ્કમાં પોતાનાં જ ભાષણોના પડઘા પડી રહ્યા હતા. મૉલમાં ઝગમગી રહેલી હજારો લાઇટોને એ દુકાનની એકમાત્ર બારીમાંથી જોઈ રહ્યો.

'જુએ છે ને, અન્વેષ?' સત્યાબાબુએ પણ બારીના લંબચોરસ અવકાશમાંથી બહાર જોયું. 'આ સામે મૉલ આવ્યો ત્યારથી બધાં કહે છે – દુકાન બંધ કરી દો હવે.'

'પછી?'

'મેં નહીં કરી.'

અન્વેષે બૅગમાંથી નૅપ્કિન કાઢીને ચહેરા પરનો પરસેવો લૂછ્યો. 'કેમ?'

'કારણ કે આ દુકાન મારા જીવવાનું કારણ છે.'

અન્વેષ મૌન રહ્યો. મનોમન બબડ્યો : અને નોકરી – મારું.

પછી અન્વેષ થોડા થોડા દિવસે દુકાન પર આવવા લાગ્યો. ક્યારેક ઘડિયાળ લઈને, ક્યારેક ઘડિયાળ વગર; ક્યારેક સમય લઈને, ક્યારેક સમયનો અભાવ લઈને; ક્યારેક વાતો કરવા, ક્યારેક મૌન રહેવા...

ખૂણામાં પડેલી ઘડિયાળે કસમયે ટકોરા માર્યા; એકેય કાંટો બારના આંકડાને સ્પર્શ્યો નહોતો, છતાં. સત્યાબાબુ તે દિવસમાંથી આ દિવસમાં આવી પડ્યા...

અન્વેષને નખશિખ તાકી રહ્યા બાદ તેઓ દુકાનમાંની ઘડિયાળોને જોઈ રહ્યા – લોલકવાળી ઘડિયાળ, ચાવીવાળી ઘડિયાળ, ઍન્ટિક ઘડિયાળ... એક પણ ઘડિયાળ આજના જમાના પ્રમાણે 'સ્માર્ટ' નહોતી.

'જુઓ કાકા...' અન્વેષે સત્યાબાબુ સામે મોબાઇલ ધર્યો.

'અરે, વાહ! સ્ક્રીન પર તો તું ક્રાંતિકારી જેવો લાગે છે!' સત્યાબાબુએ માઇક પકડીને મંચ પર ઊભેલા અન્વેષને જોયો.

અને અંદરથી? અન્વેષ વિચારવા માંડ્યો. તેને એક વખત પ્રશ્ન થયો હતો – જો કાલે મને નોકરી મળી જાય... પછી? શું હું ખુશ થઈ જઈશ? એટલાથી જ? બસ એ જ મારા જીવનનું ધ્યેય હોવું જોઈએ? ક્યાંયથી, કોઈ જવાબ આવ્યો નહોતો – ન અંદરથી, ન બહારથી. ચા ઠંડી થઈ ચૂકી હતી. એની આંખો સામે થોડા દિવસો પહેલાંનું દૃશ્ય તરવરી ઊઠ્યું...

શહેરના મધ્યમાં આવેલા મેદાનમાં હજારો યુવક-યુવતીઓ ભેગાં થયાં છે. કોઈએ ચહેરા પર કૉક્રોચનું માસ્ક પહેર્યું છે. કોઈએ હાથમાં તિરંગો પકડ્યો છે. કોઈના હાથમાં પ્લેકાર્ડ છે.

કોઈ પોસ્ટર પર લખાણ છે – 'અમને નોકરી નહીં, તક જોઈએ.'

કોઈ પર લખ્યું છે – 'અમે AI નથી, માણસ છીએ.'

સૌથી આગળ એક વિશાળ બૅનર લહેરાઈ રહ્યું છે – 'COCKROACH JANTA PARTY'

ભીડ તાળીઓ પાડી રહી છે. અન્વેષ મંચ પર ઊભો છે. હાથમાં માઇક. આંખોમાં આગ. વરસાદનાં ટીપાં તેના ચહેરાને ઠંડક આપવા સંઘર્ષ કરી રહ્યાં છે. એની અંદર કશુંક વરસી રહ્યું છે – મુશળધાર; વરસાદ કરતાં પણ વજનદાર.

'તમે અમને કૉક્રોચ કહો છો? ઠીક છે...' અન્વેષ બોલવા માંડે છે, 'એ શબ્દને અમે અપમાન નહીં, ઓળખ તરીકે અપનાવીએ છીએ; કારણ કે કૉક્રોચની જેમ અમે પણ દરેક નિષ્ફળતા પછી પાછાં આવીએ છીએ. અમે એ જ નામથી અવાજ ઉઠાવીશું.'

ભીડ ગર્જી ઊઠે છે, 'કૉક્રોચ! કૉક્રોચ! વી આર કૉક્રોચ!'

અન્વેષના ચહેરા પર પડેલાં જળબિંદુઓ ક્ષણિક આવરદા ભોગવીને બદલાવની વરાળમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. એને લાગે છે – એ એકલો નથી; એની પીડા માત્ર એની નથી. ઇતિહાસ હવે બદલાઈ રહ્યો છે...

સત્યાબાબુએ ખોંખારો ખાધો. અન્વેષની તંદ્રા તૂટી. અતીતના મંચ પરથી ફંગોળાઈને એ 'સત્યજિત વેઇટ-ઍન્ડ-વૉચ'ના વર્તમાનકાળમાં પટકાયો.

ઠંડી ચા પી જઈને એ બોલ્યો, 'મને એમ હતું કે હવે ઇતિહાસ બદલાશે; પણ, કાકા, લાગે છે કે ઇતિહાસને બદલાવાની ઉતાવળ નથી હોતી.'

'આંદોલન કેવું ચાલે છે?' સત્યાબાબુએ પૂછ્યું.

'જુઓ... વીડિયોઝ.' અન્વેષે કહ્યું, 'થોડા દિવસો સુધી અમારાં રેલીઓ, દેખાવો, ભાષણો, મિમ્સ વાયરલ થયાં. સ્થાનિક સમસ્યાઓને ઉજાગર કરવાના અભિયાન રૂપે #LifeOfACockroach તથા #MainBhiCockroach જેવાં હૅશટૅગ ટ્રેન્ડ થયાં. મીડિયાએ ચર્ચા કરી. નેતાઓએ નિવેદનો આપ્યાં...'

'વાહ રે, ટૅક્નૉલૉજી!' સત્યાબાબુ હસ્યા. 'તમારી Gen-Z પેઢી તો ગુસ્સે પણ મિમની ભાષામાં થાય છે, ને ક્રાંતિ રીલની ભાષામાં કરે છે!'

'સાવ એવું પણ નથી... અમે લાગણીશીલ પણ છીએ. We Gen-Z are falling back in love with old things too!' અન્વેષે હસીને કહ્યું, 'વાયરવાળા હેડફોન, પ્રિન્ટેડ ફોટો ૪x૬, બોર્ડ ગેઇમ્સ, પેપર-બુક્સ, ડાયરી-રાઇટિંગ...'

'ઍનેલૉગ ક્લૉક..?'

'હા, એ પણ.'

'ચળવળનું કોઈ પરિણામ આવ્યું પછી?'

'પછી – નવી ખબર... નવો વિવાદ... નવો ટ્રેન્ડ... ભીડ છૂટી ગઈ... હૅશટૅગ મરી ગયાં... મિમ્સ ભુલાઈ ગયાં...' અન્વેષ જાણે તળેટીમાંથી બોલી રહ્યો હતો. સોશિયલ મીડિયા પર લાખો વ્યૂઝ પ્રાપ્ત થયા હતા. પરંતુ, પરિણામ એના ઇન્ટરવ્યૂઓનાં પરિણામ જેવું જ – શૂન્ય.

સત્યાબાબુ વીડિયો જોવામાં મશગૂલ હતા. વિરોધ કરી રહેલાં યુવક-યુવતીઓ ડાઇપર પર પોતાની માગણીઓ લખીને પ્રદર્શન કરી રહ્યાં હતાં. અભિયાનને તેમણે 'A diaper a day keeps leaks away – એક ડાઇપર રોજ, લીકેજને રાખે દૂર' નામ આપ્યું હતું.

અન્વેષ મૂળભૂત સિદ્ધાંતને વળગી રહ્યો હતો – પરિવર્તન એ જ સંસારનો નિયમ છે. અઢળક કૉમેન્ટ્સ, શૅર, સબ્સ્ક્રાઇબ... છતાં, કોઈ બદલાવ નહીં! એક નિસાસા સાથે એ હસ્યો. 'આંદોલન તો ફરી શરૂ થશે; પણ હું ક્યાંક અટકી ગયો છું, કાકા!'

'બહારની ક્રાંતિ સરળ છે; મુશ્કેલ તો છે, અંદરનો બદલાવ.' ખાલી થઈ ગયેલો પ્લાસ્ટિક-કપ સત્યાબાબુએ કચરાની ટોપલીમાં નાખ્યો. 'બેટા, શું શોધી રહ્યો છે તું?'

'નોકરી.' અન્વેષ અટક્યો. 'કદાચ – સારું ભવિષ્ય... વિકાસ... સહિષ્ણુતા... શાંતિ...'

'ખરેખર?'

અન્વેષ ચૂપ રહ્યો.

'કોના સારુ?' સત્યાબાબુની નજર દૂર સુધી લંબાયેલી હતી. રસ્તાની પેલી બાજુએ મૉલની બહાર એક મહાકાય સ્ક્રીન પર ભારતનો નક્શો પ્રદર્શિત કરાયો હતો – દેશનાં જે જે શહેરોમાં એમણે આધિપત્ય જમાવ્યું હતું, ત્યાં લાલ ટપકાં.

અન્વેષે બૅગ ખભે લટકાવી. ધીમેથી એ દરવાજા તરફ ફર્યો.

'ઘરમાં બધું ઠીક છે ને?' સત્યાબાબુ બોલ્યા, જાણે અન્વેષની પીઠને પૂછ્યું.

પીઠ અટકી, જાણે વળતો પ્રશ્ન કરી રહી હોય – શું સમાજ આપણને ભૂલી ગયો છે? પીઠ બોલવા માંડી, 'છેલ્લાં દોઢ વર્ષથી ઇન્ટરવ્યૂ પર ઇન્ટરવ્યૂ આપી રહ્યો હતો...' સત્યાબાબુ ચૂપ રહ્યા. પીઠ એના માલિકના દરેક ઇન્ટરવ્યૂનું પરિણામ જાહેર કરી રહી હતી. 'મમ્મી કહેતી, ભગવાન ઉપર ભરોસો રાખ.' પીઠ હસી. 'પણ ભગવાન સુધી મારો સી. વી. કદાચ પહોંચ્યો જ નહોતો. હવે જ્યારે 'You are SELECTED...'નો મેઇલ આવ્યો છે, ત્યારે...'

'भगवान के घर देर है, पर...' સત્યાબાબુને કશું ન સૂઝતાં એક ચવાઈને ચૂંથો થઈ ગયેલી ઉક્તિ ઉચારવા માંડ્યા; પણ એમનું વાક્ય પૂરું થાય એ પહેલાં દુકાનનો એકમાત્ર બલ્બ ઓલવાઈ ગયો. બારી બહાર હજી પણ ઝગઝગાટ હતો. દુકાનમાં મૌન પથરાઈ ગયું. ટિક... ટિક... ટિક... ઘડિયાળો જાણે કે સમય નહીં, નિષ્ફળતા ગણી રહી હતી.

'કાકા, તમે ક્યારેય હાર્યા છો?' અન્વેષે ચહેરો ઘુમાવ્યો.

સત્યાબાબુનું સ્મિત બોલ્યું, 'જિંદગીએ કોશિશ તો ઘણી કરી...'

અન્વેષ આછા અંધકારમાં જોઈ રહ્યો.

'પત્ની 'જિત' કૅન્સર સામે લડતાં લડતાં હારી ગઈ.' અવાજ જાણે અંધારી ગુફામાંથી આવી રહ્યો હતો. 'ને પુત્ર વિદેશ ઉપર વારી ગયો.'

'મળવા નથી આવતો?'

'આવે છે ક્યારેક – વીડિયોકૉલ.' સત્યાબાબુ ફરી હસ્યા. 'બાકીના સમયમાં હું અને આ ટિક ટિક...' એમણે છાતી ઉપર ડાબી તરફ હાથ મૂક્યો; અને ઊંડો શ્વાસ લીધો.

બહાર રસ્તા પરથી કોઈ મોટું વાહન પસાર થયું. અન્વેષે પહેલી વાર સત્યાબાબુના ચહેરાની કરચલીઓમાં લપાયેલું એકાંત જોયું.

તે રાત્રે વરસાદ પડ્યો. શહેર ભીનું થઈ ગયું. દુકાનમાં ઘડિયાળો ટિક ટિક કરતી રહી. સમય આગળ વધતો રહ્યો.

થોડા દિવસો પછી એક સવારે જ્યારે સત્યાબાબુ દુકાન ખોલવા માટે આવ્યા, શટર પર ચોકથી કશુંક લખેલું જોયું – સુંદર અક્ષરોમાં. અન્વેષે લખ્યું હશે? તેમણે વાંચ્યું, 'કેટલાક જીવ કચડાઈને મરી જાય છે. કેટલાક કચડાઈને જીવતાં શીખી જાય છે.'

શટર ઊંચું કરીને તેઓ દુકાનમાં પ્રવેશ્યા. દીવાલની તિરાડમાંથી બહાર આવીને ત્રણ-ચાર કૉક્રોચ દુકાનમાં મહાલી રહ્યા હતા. એક સમય હતો જ્યારે દુકાનમાં ગ્રાહકોની ભીડ રહેતી; હવે એ સ્થાન આ નાનકડા જીવે લઈ લીધું હતું. આ વખતે એમણે ચંપલ નહીં ઉઠાવી, માત્ર સસ્મિત બબડાટ કર્યો – તમને હરાવવા મુશ્કેલ છે.

ફરી એક દિવસ મોટી રેલી થઈ. હજારો લોકો. મીડિયા. કૅમેરા. સૂત્રોચ્ચાર. અન્વેષ મંચ પર ચડ્યો. ભાષણ શરૂ કરવાનું હતું. નજર ભીડ પર પડી. હજારો ચહેરા. દરેક ચહેરા પાછળ એક અલગ પીડા. કોઈ ચહેરો નોકરી શોધતો હતો, કોઈ પ્રેમ, કોઈ સન્માન તો કોઈ સ્વીકાર... કોઈક પોતાને જ શોધી રહ્યું હતું.

અન્વેષના મોઢામાંથી ભાષણ બહાર ન આવ્યું, એ ભાષણ જે એ લાંબા સમયથી તૈયાર કરી રહ્યો હતો.

'જો કાલે તમને બધાંને નોકરી મળી જાય...' ઓચિંતો એ બોલી ઊઠ્યો, 'તો શું તમારી અંદરની ખાલી જગ્યા ભરાઈ જશે?'

ભીડમાં થોડી વાર માટે શાંતિ છવાઈ ગઈ, પછી અંદરોઅંદર ગુસપુસ.

'પગાર મળવાનું ચાલુ થશે, ત્યારે શું તમે જાણી જશો કે તમે કોણ છો?'

ભીડમાં અસ્વસ્થતા ફેલાઈ ગઈ. લોકો ગુસ્સો સાંભળવા આવ્યા હતા, ફિલસૂફી નહીં. આગલા દિવસે સોશિયલ મીડિયામાં મિમ્સ વાયરલ થયાં. કેટલાંકે કહ્યું : 'અન્વેષ આધ્યાત્મિક ગુરુ બની ગયો.' – બાજુમાં અન્વેષના ચહેરાવાળા તપસ્વીનું એક કાર્ટૂન હતું. કોઈકે કહ્યું : 'આ માણસ મુદ્દાથી ભટકી ગયો છે.'

ધીમે ધીમે બધાં પોતપોતાની જિંદગીમાં પાછાં વળી ગયાં. કોઈને નોકરી મળી, તો કોઈને નહીં; કોઈ વિદેશ ગયું, તો કોઈકે લગ્ન કરી લીધાં; કોઈ વળી... આંદોલન સાવ એકલું પડી ગયું; અને એકલી વ્યક્તિ શું કરી શકે!

એક દિવસ સત્યાબાબુ પણ ચાલી ગયા. ચૂપચાપ. કોઈ ભાષણ વગર. કોઈ હૅશટૅગ વગર. કોઈ ટ્રેન્ડ વગર... જાણે સાંજનું છેલ્લું પંખી ઊડી ગયું.

અન્વેષની ઊંઘ ઊડી ગઈ હતી. સપનાં આળસુ બની ગયાં હતાં. રાતે એ પડખાં બદલતો રહેતો. દીવાલ પર લટકતા ચિત્રને તાકી રહેતો – દરિયાઈ મોજાંઓ સામે ઝઝૂમતું વહાણ; પાણીમાં તણાઈ રહેલું દિશાહીન હોકાયંત્ર... મધરાતે એ ઊભો થયો. સત્યાબાબુની દુકાન આગળ જઈને ઊભો રહ્યો. દુકાન બંધ થઈ ચૂકી હતી, ફરી નહીં ખૂલવાની મક્કમતા સાથે. દુકાનનું બોર્ડ વાંકું થઈ ગયું હતું. એના અક્ષરોમાં માત્ર 'વેઇટ' વંચાઈ રહ્યું હતું. વરસાદ સતત વરસી રહ્યો હતો – કોઈને જાણ કર્યા વગર, કોઈની પરવા કર્યા વગર, કોઈની મંજૂરી લીધા વગર... દુકાનની ઘરડી દીવાલો પરથી પાણી ટપકી રહ્યું હતું. ત્યાં ચૉકથી કશુંક લખાયેલું હતું; કદાચ રેલી દરમ્યાન કોઈકે લખ્યું હોય : 'અમને કચડવામાં આવ્યાં છે એટલે અમે કૉક્રોચ છીએ એવું નથી; અમે કૉક્રોચ છીએ, કારણ કે અમે કચડાવા છતાં પણ જીવી રહ્યાં છીએ.' નીચે કૉક્રોચનું રેખાચિત્ર દોર્યું હતું. વરસાદ ધીમે ધીમે રંગવિહોણા ચિત્રને ભૂંસી રહ્યો હતો.

અન્વેષે જોયું – જમીન પર એક કૉક્રોચ ચાલી રહ્યો છે. ધીમે ધીમે. એકાગ્રતાથી. જાણે કોઈ ઉતાવળ ન હોય. એક અવગણાયેલું અસ્તિત્વ. ક્યાં જઈ રહ્યો હશે આ જીવ? પોતાનો જ વિચાર અન્વેષને હાસ્યાસ્પદ લાગ્યો. કૉક્રોચને ક્યાં જવાનું હોય? તે તો બસ ચાલે છે – ચાલતો રહે છે, ચંપલ ખાય છે, ઊંધો વળે છે, હાથપગ હલાવે છે; સીધા થવાયું તો ઠીક, નહીં તો હવાતિયાં મારતો રહે છે.

જતાં પહેલાં સત્યાબાબુએ સંવાદ કરેલો, 'મનુષ્યજાતિનો સૌથી મોટો પ્રશ્ન ભૂખ નથી; બેકારી, ગરીબી કે અછત પણ નથી; માણસનો સૌથી મોટો પ્રશ્ન છે – હું કોણ છું?'

પોતે છાતી ફુલાવીને કહ્યું હતું, 'અમે આખી રાત ઊભાં રહ્યાં હતાં, કાકા... અમારી જનરેશન એમ પાછી પડે એવી નથી. અમે ઘણા મુદ્દાઓને લઈને પ્રોટેસ્ટ...'

સત્યાબાબુએ છેલ્લું સ્મિત આપેલું - 'પછી?'

'પછી શું?' પોતે ખભા ઉલાળ્યા હતા.

'કશું બદલાયું?'

'હા, શિક્ષણમંત્રી રાજીનામું...'

'અંદર... કશુંક બદલાયું?' એમનો શ્વાસ રૂંધાઈ ગયેલો.

એ વિચારતો રહેલો; આગળ કશું બોલી નહીં શકેલો. વાત માત્ર ઇન્ટરવ્યૂમાં પાસ થવાની નહોતી, વાત આંદોલનમાં સફળ થવાની પણ ન હતી; બદલાવની શરૂઆત તો મહિનાઓ પહેલાં થઈ ગઈ હતી, જે દિવસે પોતે હાર માની લેવાનું છોડ્યું હતું.

વરસાદનું પાણી ધીમે ધીમે દીવાલ પરના શબ્દોને ભૂંસી રહ્યું હતું. કેટલાક શબ્દો પર પાણી ફરી વળવા છતાં એ ભૂંસાયા નહોતા. અન્વેષને પહેલી વાર લાગ્યું – કેટલીક વસ્તુઓ ભૂંસાતી નથી; ને બધાં જ વાક્યો દીવાલ પર નથી લખાતાં.

કૉક્રોચ વરસાદના પાણીમાં વહેવા માંડ્યો હતો. એક ક્ષણ માટે અન્વેષને લાગ્યું, તે ડૂબી જશે. પણ કૉક્રોચ એક નાનકડા પથ્થર પર ચડી ગયો. થોડી વારમાં ફરીથી એ આગળ વધવા લાગ્યો. વરસાદ વધુ જોરથી વરસવા લાગ્યો. કૉક્રોચ હજુ પણ ચાલી રહ્યો હતો – ક્યારેક પથ્થર પર, ક્યારેક ઘાસ પર, ક્યારેક તૂટેલાં પાંદડાં-ડાળખાં પર... તેને ખબર નહોતી કે આગળ પાણી છે, કીચડ છે, દીવાલ છે કે અગ્નિ; તેને ખબર નહોતી કે તે બચશે કે નહીં – તે માત્ર ચાલી રહ્યો હતો.

અન્વેષે આસપાસ જોયું – માત્ર પાણી, રસ્તો અને અંધકાર... તેના ફોનમાં હજુ પણ જૂના રિજેક્શન-લેટર હતા, જૂનાં ભાષણો હતાં, જૂનાં હૅશટૅગ હતાં, જૂનાં-સુષુપ્ત સપનાં હતાં. એણે આંખો બંધ કરી લીધી. ભીંજાતો ભીંજાતો એ ચાલવા લાગ્યો. મસ્તિષ્કમાં શહેર વચ્ચેનું મેદાન હતું –

બૅનરો.

સૂત્રોચ્ચાર.

માગણી.

ગુસ્સો.

આશા.

નિરાશા.

ભીડ.

માસ્ક.

ટોળું – ચહેરા વગરનું બેફામ ટોળું...

અન્વેષને લાગ્યું – જીવનનો અર્થ જીતી જવામાં, જીવી જવામાં કે બચી જવામાં નથી... જાગૃત રહીને ચાલતા રહેવામાં છે.

એ ચાલતો રહ્યો...

કોઈના હસવાનો અવાજ આવ્યો. કાને શબ્દો અથડાયા – 'જુઓ જુઓ... આ માણસ ઊંઘમાં ચાલે છે!' ■

# પડદો

નિલેશ મુરાણી

બારીનો પડદો ખસેડી જાગૃતિએ ગેટ તરફ નજર કરી, ત્રીજા માળેથી દેખાતા ગેટની અંદરના પરિસરના ત્રણેય બાંકડા ખાલી હતા. ચોગાનમાં બે છોકરાઓ બૅડમિન્ટન રમતા હતા. ગેટની બહાર પડતા રસ્તા ઉપર જેટલી નજર દોડે એટલી એણે દોડાવી. છણકો કરી એણે પડદો બંધ કરી દીધો. 'આજે ત્રીજો દિવસ છે, તોપણ ના આવી!' બબડતી તે રસોડામાં આવી. પ્લૅટફૉર્મ ઉપર પડેલાં વાસણોનો ઢગલો જોઈ તેની આંખો મીંચાઈ ગઈ. સામે અંધકાર છવાઈ ગયો. બંધ આંખોએ તેને વાસણ કરતી રમીલા દેખાઈ. વાસણોનો ખખડાટ સંભળાયો. રમીલાની બંગડીનો રણકાર સંભળાયો. ઘઉંવર્ણ કમનીય દેહનું ધૂંધળું દૃશ્ય ઊપસી આવ્યું. રાખોડી આડા પટ્ટામાં વીંટળાયેલી જાણે કોઈ કલાકૃતિ! એક ધબકારા પછી એ દૃશ્ય ચોખ્ખું થઈ ગયું. બ્રા-પેન્ટીમાં વીંટળાયેલ કાયા પર હાલકડોલક થતું કાચનું પેન્ડન્ટ! ખુલ્લા વાળ આગળ તરફ કરી, મોં ફેરવી રમીલાએ જાગૃતિ સામે માદક નજરે જોયું. આંખ મારી, એક પળ માટે જાગૃતિને આંખો ખોલવાની ઇચ્છા થઈ, એ જ ક્ષણે રમીલાના ગળાના પાછળના ભાગમાં ભૂરા વાળમાં ઘેરાયેલો કાળો તલ દેખાયો,

'આહા.. કોઈ અજંતા-ઇલોરાની કલાકૃતિ છે આ રમીલા તો!' કાળા તલ ઉપરથી સરકતી જાગૃતિની નજર રમીલાની પીઠ ઉપર ખોડાઈ. તેની કમરનો ઘાટ! ગોળાકાર વલય! તેના માંસલ નિતંબ! જાગૃતિએ પોતાનો હાથ છાતી ઉપર મૂક્યો. ધક.. ધક.. ધક.. અજવાળું-અંધારું, અજવાળું-અંધારું, તેની આંખો સામે પથરાતું રહ્યું. જાગૃતિને લાગ્યું કે તેની સાથે કોઈ રમત થઈ રહી છે. અંદરથી આવતો ધક ધકનો અવાજ હમણાં બૉમ્બની જેમ ફાટી પડશે! બંને આંખો બહાર આવી જશે. છાતીમાંથી લોહીની ધાર ઊડશે, બધાં વાસણો લોહીલુહાણ થઈ જશે. 'ઉફ્ફ' તે હાથ નીચે સરકાવી પોતાની નાભિ સુધી લઈ ગઈ. આંગળીઓ ગોળાકાર ફેરવી તેણે નાભિની આસપાસ એક વર્તુળ બનાવ્યું. એ જ ક્ષણે રમીલાએ આળસ મરડી. ખુલ્લા વાળ તેણે બેઉ હાથમાં જકડી લીધા. અજગરને બે છેડેથી પકડીને ભરડો લેતી હોય એમ પકડીને તેણે અંબોડો બાંધ્યો.

'મેડમ તમે બેસો. હું વાસણ અને કચરા કરી લઉં ત્યાં સુધી ટીવી જુઓ.'

'તું મને મેડમ ના કહે રમીલા! ફક્ત જાગૃતિ અથવા જાગુ, નથી ગમતું! અને તને આમ કામ કરતી જોઈને મારું મન ટીવીમાં લાગશે?'

‘તમે પ્લૅટફૉર્મ ઉપર મારી આંખો સામે અહીં બેસશો મને જોયા કરશો તો મારું મન કામમાં નહીં લાગે. અને ક્યારેક સાગરભાઈની હાજરીમાં ભૂલથી મારાથી ‘જાગુ’ બોલાઈ ગયું તો?’

જાગૃતિ ખડખડાટ હસી પડી હતી. એ યાદ આવતાં જ તેની આંખો ખૂલી ગઈ. રસોડાની બારીમાંથી પડતાં સૂરજનાં ત્રાંસાં કિરણો વાસણો સાથે અથડાઈને જાગૃતિની આંખોમાં પેસી ગયાં. ઉતાવળે સાડીનો છેડો પકડી તેણે કમર ઉપર કસીને બાંધ્યો. કોઈ વેરીને જોતી હોય એમ તેણે વાસણો ઉપર એક નજર કરી. વાસણો તરફથી આવી રહેલો પ્રકાશ સહન ન થયો હોય એમ તે દોડતી દોડતી બેઠકખંડમાં આવી. તેને બારીનો પડદો ખેંચીને તોડી નાખવાની ઇચ્છા થઈ આવી. રવેશમાં નીકળતો દરવાજો તેણે ખોલ્યો. ગેટ તરફ નજર કરી. ઊંડો શ્વાસ તેણે છાતીમાં ભરી ઉચ્છ્વાસ રવેશની દીવાલ પકડી નીચે ઠાલવ્યો. બહારથી એક પતંગિયું ઊડતું ઊડતું બેઠકખંડમાં આવ્યું. બેઠકખંડનું એક ચક્કર લગાવી તે પડદા ઉપર બેસી ગયું. જાગૃતિ પતંગિયાને તાકતી રહી. ‘કાળા સફેદ પડદા ઉપર તું રંગબેરંગી પતંગિયું ભદ્દું લાગે છે! જા પેલા બગીચામાં જઈને ગુલાબના ફૂલ ઉપર બેસ!’ બબડી તેણે પતંગિયાને ઉડાડવા હાથ વીંઝ્યો, પતંગિયું ફફડીને ઊડ્યું, પડદાની રેલિંગ ઉપર બેસી ગયું. ‘તને સમજાતું નથી? તને વાસણ કરતાં આવડે છે? તું મેલ છે કે ફિમેલ? તારું પાર્ટનર કયાં છે? એ મેલ છે કે ફિમેલ?’ બબડી તેણે પડદાને ફફડાવ્યો. પતંગિયું ઊડીને બહાર જતું રહ્યું. તેણે ઉતાવળે દરવાજો બંધ કરી દીધો. તે બેડરૂમમાં આવી. પલંગની એક બાજુ લાગેલા ડ્રેસિંગ ટેબલના અરીસા સામે તે ઊભી રહી. એક ક્ષણ માટે તેને લાગ્યું કે પલંગ ઉપર રમીલા ઊંધેકાંધ સૂતી છે. તેના વિખરાયેલા ભૂરા વાળ તેની ઉઘાડી કમર ઉપર ફેલાયેલા પડ્યા છે. અરીસામાં તે પોતાને માથાથી પગ સુધી જોતી રહી. નીચે પડેલા એક કાંસકા ઉપર તેની નજર થોભી ગઈ. તેણે હળવેકથી કાંસકો હાથમાં લીધો. કાંસકાની વચ્ચોવચ બે દાંતા વચ્ચે અટવાયેલો એક લાંબો ભૂરો વાળ હવામાં ફગફગતો હતો. નેણ ઊંચાં કરી એ વાળ તેણે આંગળીમાં વીંટાળ્યો. તૂટે નહીં એ રીતે વાળ સરકાવી ખેંચી લીધો.

‘મેડમ, ઘરના કામમાંથી મોટા ભાગનું તો તમે કરો છો. અને પગાર પૂરેપૂરો કેમ આપો છો?’ આંગળી ઉપર ઊડતા વાળ તરફથી સવાલ જાગૃતિના કપાળ ઉપર અથડાયો. તેનું બીજું નેણ ઊંચું થઈ ગયું. બંને ગાલ ઉપર ખંજન પડ્યાં. ‘કામ જલદી થઈ જાય તો હું તારી સાથે વધારે સમય વિતાવી શકુંને!’ વાળને જવાબ આપતી હોય એમ એણે એ વાળ કપાળ ઉપર ફેરવ્યો. નાક ઉપર લાવી તેણે વાળની સુગંધ શ્વાસમાં ભરી. ગાલ ઉપરનાં બંને ખંજનો ઉપર ફેરવી વાળને પંપાળ્યો. ‘હવે આ વાળમાં પેલા ચમેલીના તેલની સુગંધ પણ નથી રહી! પેલા મોગરાના ફૂલના ગજરાની સુગંધ પણ ઊડી ગઈ છે!’ બબડી તેણે વાળ બીજા હાથની આંગળીમાં વીંટાળ્યો. અરીસા સામે રાખી તેણે વાળને બેઉ હાથની આંગળીઓથી ખેંચ્યો. ‘તૂટી જા’ તે બબડી.

તેના ખોળામાં માથું રાખીને બોલતી રમીલા દેખાઈ. ‘મેડમ, હાલોને ક્યાંક દૂર જતાં રહીએ! ક્યાંક એવી જગ્યાએ જ્યાં આપણી હૂંફ એકબીજાને સતત મળતી રહે! જ્યાં આપણે ફક્ત વાસણો જ કરવાનાં હોય! બીજું કશું કામ જ ન હોય!’ એ વાત યાદ

આવતાં જ તે ખડખડાટ હસી પડી. 'તું પાગલ છો રમલી. તું મારા મૅસેજના જવાબ પણ નથી આપતી! જતાં જતાં એટલું કહી ગયેલી કે હવે હું હિસાબ લેવા પણ નહીં આવું!'

'હિસાબ? આપણી વચ્ચે શું હિસાબ છે? શું જમા, શું ઉધાર? હું પરણેલી છું એ મારું ઉધાર છે? આપણી વચ્ચે ઉંમરનો જે તફાવત છે એ તારું ઉધાર છે કે મારું? એવી ખાતાવહી આપણે ક્યારેય બનાવી છે? એ ખાતાવહીનો હિસાબ લેવા તો આવ! હું તને ક્યાંક સંતાડી દઈશ. મારી અંદર ભરી લઈશ. એવી જગ્યાએ રાખી દઈશ કે તને તારો બાપ કે તારો ફિયાન્સ ગોપાલ પણ તને ગોતી નહીં શકે! મારી હાજરીમાં તું ગોપાલ સાથે ફોન ઉપર વાત નથી કરતી. શું હું એ નથી જાણતી? મારી હાજરીમાં તું તેની સાથે વાત પણ શું કરે? મેં તને કહ્યું હતુંને! બે બાળકો થયાં ત્યાં સુધી હું ઘૂંટાતી રહી. સાગરને કહી ન શકી! તું ગોપાલને કહી દે. સાચ્ચેસાચ્ચું! મારા માટે તેં બે ઘરનું કામ છોડ્યું! તું નામની જ કામવાળી છો રમીલા!' બબડી તેણે વાળ તાણવા વધુ જોર લગાવ્યું. તેના બંને હાથ ધ્રૂજવા માંડ્યા. હૃદય જોરજોરથી ધબકવા લાગ્યું. તેના ધ્રૂજતા હાથ એક ચોક્કસ તણાવ ઉપર સજ્જડ થઈ ગયા. શરીરમાંથી નીકળતી સઘળી ઊર્જા ધ્રુજારીમાં ઓગળી જતી હતી. 'આ વાળ પણ તારા જેવો જિદ્દી છે રમલી!' બબડી તેણે વાળનું ગૂંચળું વાળી બ્લાઉઝમાં ખોસી દીધું. રસોડામાં આવી તે વાસણોના ઢગલા સામે ઊભી. તેના ધબકાર વધી ગયા. છાતીમાંથી અવાજ આવ્યો. 'મેડમ સાગરભાઈ તો ડૉક્ટર છે! બાર વર્ષમાં તમે સાગરભાઈને ન કહી શક્યાં તો હું એક પટાવાળાની નોકરી કરતા ગોપાલને કેવી રીતે કહું? પોસ્ટઑફિસમાં પોસ્ટમૅનની નોકરી કરતા મારા બાપાને કેવી રહી કહી શકું?' જવાબ ન આપી શકાય એવા સવાલોનો મારો શરૂ થઈ ગયો. જાગૃતિએ એ અવાજોથી બચવા વાસણો ધોવાનું શરૂ કર્યું. ખટ, ખનન, છન્ન... વાસણોનો અવાજ રસોડામાં પડઘાતો રહ્યો. સિંકમાં પાણી ભરાઈ વમળ બનાવી ફીણ છોડી નીચે ઊતરી જતું. ચહેરા ઉપરથી પરસેવાનાં ટીપાં આંસુઓ સાથે ભળીને સરકતા ગળા ઉપર થઈને ઉરોજોના ઉભાર વચ્ચે થોભી જતાં હતાં. બ્લાઉઝમાં ફસાવેલું વાળનું ગૂંચળું પલળી ગયું. તેને થયું કે આ બધા અવાજો એ ગૂંચળામાંથી આવી રહ્યા છે. તેને થયું કે વાળનું એ ગૂંચળું બહાર કાઢી સિંકમાં નાખી નળ ચાલુ કરી દે. ભીનો હાથ બ્લાઉઝ સુધી જઈને પાછો વળી ગયો. તેણે ખભો ઊંચો કરી કપાળ ઉપર બાઝેલો પરસેવો સાફ કર્યો. પ્લૅટફૉર્મ ઉપર ધોયેલાં વાસણોનો ખડકલો થઈ ગયો. ઉતાવળે તેણે બધાં જ વાસણો ખાટલીમાં ગોઠવી દીધાં. ચણિયો, બ્લાઉઝ સાડલો, શરીર ઉપર ચોંટવા લાગ્યાં. પોતાનાં જ કપડાંએ તેના શરીર ઉપર ભરડો લીધો હોય એમ તે અકળાઈ ગઈ. ઊંડો શ્વાસ લઈ તે બાથરૂમમાં આવી. બ્લાઉઝ ઉતારતી વખતે વાળનું ગૂંચળું હાથમાં આવ્યું. તેને નળના પાઇપ સાથે વીંટાળી છૂટું મૂકી દીધું. સાવરની ટેપ ફેરવી ઠંડું પાણી છૂટા માથા ઉપર પડવા દીધું.

કેટલીય વાર સુધી તે બાથરૂમમાં લાગેલા અરીસા સામે પોતાની કમનીય કાયા જોતી રહી. શહેરના ક્લોક ટાવરમાંથી બપોરના બાર વાગ્યાની સાયરન વાગી ત્યારે તેનું ધ્યાન ભંગ થયું. 'ઓહો! રસોઈ! હમણાં એક વાગ્યે બેઉ બાળકો સ્કૂલેથી આવી જશે! ઓહ! એ તો બેઉ પિકનિક ગયાં છે! રાત્રે આવશે! હું પણ હવે ભુલકણી થઈ ગઈ છું.'

ઉતાવળે તેણે શરીર કોરું કર્યું. ટુવાલ છાતી ઉપર વીંટાળી તે બાથરૂમની બહાર નીકળી ત્યારે એક અછડતી નજર તેણે નળના પાઈપ ઉપર વીંટળાયેલા વાળ ઉપર કરી. ધડામ દઈને બાથરૂમનો દરવાજો બંધ કરી દીધો. મરુન કલરનું રેશમી ગાઉન પહેરી તે રસોડામાં આવી. પ્લૅટફૉર્મ ઉપર પડેલી ખાટલીમાંના ચળકાટ મારતાં વાસણો જોઈ તેના મોં ઉપર એક સ્મિત આવ્યું. તેને થયું કે રમીલા બેઠકખંડમાં સોફા ઉપર બેઠી તેની રાહ જોઈ રહી હશે! તે બેઠકખંડમાં આવી સોફા સામે ઊભી રહી. નિરાશ થઈ તે ફ્રીઝ પાસે આવી, ફ્રીઝ ખોલી એક અછડતી નજર ફ્રીઝમાં ફેરવી. રાત્રે વાટકો ભરીને મૂકેલી દાળ, માઇક્રોવેવના બાઉલમાં પડેલા ભાત જોઈને બબડી. 'ડૉક્ટરસાહેબે ઠંડા ભાત ખાવાની ના પાડી છે તે! એક ડૉક્ટર સાથે રહેવું કપરું તો છે હો!' મેડિસિન કંપાર્ટમેન્ટમાં પડેલી ઊંઘની ગોળીઓના પૅકેટ ઉપર નજર કરી ત્યારે તેને ફરી ડૉક્ટરસાહેબ યાદ આવ્યા.

'ભૂખ્યા પેટે ન ખાવી. ઊંઘ ન આવતી હોય તો જ ખાવી. આ દવાની આદત સારી નથી. પછી આ દવાની કોઈ વિથડ્રોવલ પ્રોસેસ નથી.' પૅકેટમાંથી એક ગોળી કાઢી તેણે ગળા નીચે ઉતારી, ડાઇનિંગ ટેબલ ઉપર પડેલો જગ મોઢે માંડી બે ઘૂંટડા પાણી પીધું. બેડરૂમમાં આવી તે ધબ દઈને ચત્તીપાટ ગાદલાં ઉપર પડી. એક ઓશીકું ખેંચી છાતી સરસું જકડી ઊંડા ઊંડા શ્વાસ લેવા માંડી.

* * *

ચોક્કસ અંતરાલમાં ત્રણ વખત ડૉરબેલ વાગી. 'આ રીતે તો રમીલા જ બેલ મારે છે!' ઊંઘરેટી આંખોએ જાગૃતિએ ઘડિયાળ ઉપર નજર કરી. 'ઓહો! છ વાગી ગયા?' બબડી તેણે ઊભા થવા પ્રયત્ન કર્યો. મક્કમ પગલે તે દરવાજા પાસે આવી. દરવાજો ખોલ્યો. બ્લૅક જીન્સ અને વ્હાઇટ ટોપમાં તેની સામે રમીલા ઊભી હતી. તેની પાછળ સફેદ લેંઘાઝબ્બામાં ગોપાલ ઊભો હતો. જાગૃતિના ધબકારા વધી ગયા.

'આ.. આ.. આવ આવ અંદર આવ રમીલા, ગોપાલભાઈ કેમ છો? આવો અંદર આવો. બેસજો, હું પાણી લઈ આવું.' રમીલા અને ગોપાલ સોફા ઉપર બેઠાં. જાગૃતિ ટ્રેમાં પાણીના બે ગ્લાસ લાવી સામે ઊભી રહી. રમીલાએ પાણીનો ગ્લાસ હાથમાં લેતાં પૂછ્યું.

'મેડમ, તમારી ઊંઘ તો નથી બગાડી ને અમે?'

'ના ઊંઘ તો નથી બગાડી પણ.... હું ચા બનાવું, ગોપાલભાઈ પહેલી વાર ઘરે આવ્યા છે.'

'ના બહેન, પ્લીઝ ચા ના બનાવતાં, હજુ અમારે કેટલીય જગ્યાએ જવાનું છે અને..'

ગોપાલ આગળ કશું બોલે એ પહેલાં જ રમીલા પાણીનો ગ્લાસ ટિપાઈ ઉપર મૂકતાં બોલી. 'મેડમ, મેં તમને કહ્યું હતું ને કે એપ્રિલ મહિનામાં મારાં લગ્ન થવાનાં છે!'

'હા યાદ છે. ગોપાલભાઈને તો તારા મોબાઇલમાં ફોટામાં જોયા છે. ફેસ ટુ ફેસ આજે જોયા. કૉંગ્રેચ્યુલેશન રમીલા.' કહી જાગૃતિએ ટિપાઈ ઉપર પડેલા બંને ગ્લાસ ટ્રેમાં મૂક્યા.

'કઈ તારીખ નક્કી કરી?' સવાલ પૂછતી જાગૃતિ ટ્રે લઈને રસોડામાં જતી રહી.

'સત્તર એપ્રિલ.' બોલી રમીલાએ પર્સમાંથી કાર્ડ કાઢ્યું.

'સહપરિવાર આવવાનું છે. ડૉક્ટરસાહેબને અને બેઉ બાળકોને પણ લેતાં આવજો.'

કહી રમીલાએ કાર્ડ જાગૃતિના હાથમાં આપ્યું. જાગૃતિએ કાર્ડ ટિપાઈ ઉપર મૂકતાં ત્રાંસી નજર રમીલા તરફ કરી. બાજુમાં બેઠેલા ગોપાલનું કાંડું કસીને પકડ્યું.

'તમે આવશોને મેડમ?' રમીલાએ કહ્યું.

'હા અમે તો આવીશું જ. પણ.. '

જાગૃતિ આગળ કશું બોલે એ પહેલાં જ રમીલા વચ્ચે બોલી. 'ગોપાઆઆલ.. આપણે નીકળીએ! તમારા ફ્રેન્ડના પણ કેટલા ફોન આવી ગયા? એક કામ કરો. તમે જાવ નીચે, સ્કૂટર પાસે મારી રાહ જુઓ, હું આવું છું.'

'હા હું તેને ફોન કરી લઉં. હું નીચે પાર્કિંગમાં રાહ જોઉં છું. મેડમ, તમે ચોક્કસ આવજો હો!' કહી ગોપાલ મોબાઇલનું સ્ક્રીન લૉક ખોલતાં ઊભો થઈ ગયો. જાગૃતિએ દરવાજો ખોલી આપ્યો. ગોપાલ બહાર નીકળ્યો કે તરત જ જાગૃતિએ દરવાજો બંધ કરી સ્ટૉપર આપી દીધી. થોડી વાર માટે તે દરવાજા સાથે સજ્જડ ચોંટી ગઈ.

રમીલા સફાળી ઊભી થઈ જાગૃતિને પાછળથી જકડી લીધી. રવેશમાંથી ઠંડી હવાની એક લહેરખી આવી. કેટલીય વાર સુધી બારીના પડદા હવામાં ઊડતા રહ્યા. ફફડતા રહ્યા.

■

દાદા અબદુલ્લાનો મેડો ભરાઈ ગયો હતો. લોકોએ આ સંસ્થાને ઉત્સાહપૂર્વક વધાવી લીધી. બંધારણ સાદું રાખ્યું હતું. લવાજમ આકરું હતું. દર માસે ઓછામાં ઓછા પાંચ શિલિંગ આપે તે જ સભ્ય થઈ શકે. વધારેમાં વધારે જેટલું ધનિક વેપારી પાસેથી તેમને રીઝવીને લઈ શકાય તે લેવું. અબદુલ્લા શેઠની પાસે દર માસે બે પાઉન્ડ લખાવ્યા. બીજા પણ બે ગૃહસ્થોના તેટલા લખાવ્યા. મેં પોતે વિચાર્યું કે મારાથી સંકોચ કરાય જ નહીં. તેથી મેં દર માસનો એક પાઉન્ડ લખાવ્યો. આ જરા મારે વીમો કરવા જેવું હતું. પણ મેં વિચાર્યું કે જો મારું ખર્ચ ચાલવાનું જ હશે તો મને દર માસે એક પાઉન્ડ વધારે નહીં પડે. ઈશ્વરે મારું ગાડું રોડવ્યું. એક પાઉન્ડવાળાની સંખ્યા ઠીક થઈ. દશ શિલિંગવાળા તેથી વધારે. આ ઉપરાંત સભ્ય થયા વિના ભેટ તરીકે તો હરકોઈ ઇચ્છા પ્રમાણે આપે તે લેવાનું હતું.

અનુભવે જોયું તો કોઈ ઉઘરાણી કર્યા વિના લવાજમ ભરે તેમ ન હતું. ડરબન બહારનાને ત્યાં વખતોવખત જવું અસંભવિત હતું. 'આરંભે શૂરા'નો દોષ તુરત પ્રગટ થયો. ડરબનમાં પણ ઘણા ફેરા ખવાય ત્યારે પૈસા મળે. હું મંત્રી હતો. પૈસા ઉઘરાવી લેવાનો બોજો મારે માથે હતો. મારે મારા મહેતાને લગભગ આખો દહાડો ઉઘરાણાના કામમાં જ રોકવાનો પ્રસંગ આવી પડ્યો. મહેતો પણ કાયર થયો. મને લાગ્યું કે માસિક નહીં પણ વાર્ષિક લવાજમ હોવું જોઈએ ને તે સહુએ અગાઉથી જ આપવું જોઈએ. સભા બોલાવી. સહુએ સૂચના વધાવી લીધી ને ઓછામાં ઓછા ત્રણ પાઉન્ડ વાર્ષિક લવાજમ લેવાનું કર્યું ને તે ઉઘરાણાનું કામ સરળ થયું.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# રમત દષ્ટિકોણની... / દષ્ટિકોણનો ખેલ

હેમાંગ મહિપતરામ રાવલ

તાજેતરમાં જ પરિવાર સાથે બાલીની મુલાકાત લેવાનો અવસર મળ્યો. બાલી માત્ર તેના મનમોહક દરિયાકિનારા, હરિયાળા પર્વતો અને આધ્યાત્મિક વાતાવરણ માટે જ પ્રસિદ્ધ નથી; ત્યાંની દરેક વસ્તુમાં પ્રવાસીઓને આકર્ષી લેવાની એક અદ્‌ભુત કળા છે. ત્યાંના પ્રવાસ દરમિયાન અમને એક કૉફી પ્લાન્ટેશનમાં લઈ જવામાં આવ્યા. શરૂઆતમાં મને લાગ્યું કે અહીં સામાન્ય કૉફીની ખેતી અને તેની પ્રક્રિયા બતાવવામાં આવશે. પરંતુ થોડા સમય પછી ત્યાંના માર્ગદર્શકે એક એવી વાત કરી કે ક્ષણભર માટે હું સ્તબ્ધ થઈ ગયો.

તેણે ગર્વથી કહ્યું : “આ દુનિયાની સૌથી મોંઘી કૉફી છે – કોપી લુવાક.”

કુતૂહલવશ મેં પૂછ્યું : “એમાં એવું શું ખાસ છે?”

તે હસ્યો અને સમજાવવા લાગ્યો કે આ કૉફી કોઈ વિશિષ્ટ ખેતરમાં કે વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં તૈયાર થતી નથી. સિવેટ નામનું એક નાનું પ્રાણી જંગલમાં પાકેલાં કૉફીનાં ફળ ખાય છે. તેના પેટમાં રહેલા પાચકરસ ફળનો ગર્ભ પચાવી નાખે છે, પરંતુ અંદર રહેલું બીજ લગભગ અખંડિત રહે છે. પછી એ બીજ તેના મળ સાથે બહાર નીકળે છે. તેને એકત્રિત કરવામાં આવે છે, સારી રીતે સાફ કરવામાં આવે છે, શેકવામાં આવે છે અને ત્યારબાદ તેમાંથી કૉફી તૈયાર થાય છે.

મને નવાઈ તો એ વાતની લાગી કે આ કૉફીની કિંમત સાંભળીને ત્યાં હાજર પ્રવાસીઓના ચહેરા પર અણગમો નહીં, પરંતુ આશ્ચર્ય અને ઉત્સાહ દેખાતો હતો. કોઈ ફોટા ખેંચી રહ્યું હતું, કોઈ સ્વાદ લેવા માટે આતુર હતું, તો કોઈ તેની કિંમત વિશે ચર્ચા કરી રહ્યું હતું. જ્યારે જાણ્યું કે આ કૉફી પ્રતિ કિલો પચાસથી સાઠ હજાર રૂપિયા કે તેનાથી પણ વધુ કિંમતે વેચાય છે, ત્યારે સૌના ચહેરા પર જાણે તેની કિંમત જ તેની ગુણવત્તાનો પુરાવો બની ગઈ હોય એવું લાગતું હતું.

એ જ ક્ષણે મારા મનમાં એક પ્રશ્ન વીજળીની જેમ ઝબક્યો.

જે દુનિયા એક પ્રાણીના મળમાંથી મળેલા કૉફીના બીજને વૈભવનું પ્રતીક માને છે, એ જ દુનિયા ભારતની પરંપરામાં ગૌમૂત્રનો ઉલ્લેખ થતાં જ નાક-મોં કેમ ચઢાવે છે?

પ્રશ્ન માત્ર ગૌમૂત્રનો નથી. પ્રશ્ન એ પણ નથી કે કોપી લુવાક ઉત્તમ છે કે નહીં. પ્રશ્ન એ છે કે બંને માટે આપણા મનમાં માપદંડ અલગ કેમ છે?

બાલીથી પાછા ફર્યા પછી આ પ્રશ્ન મારા મનમાંથી નીકળતો જ નહોતો. જેટલું વિચારતો ગયો, એટલું સમજાતું ગયું કે આ મુદ્દો કૉફીનો નથી; આ મુદ્દો આપણા દૃષ્ટિકોણનો છે. કદાચ માણસ વસ્તુઓને તેમની વાસ્તવિકતા પ્રમાણે ઓછો અને સમાજે તેના વિશે ઘડેલી માન્યતાઓ પ્રમાણે વધુ જુએ છે.

માણસની સૌથી મોટી ખાસિયત તેની બુદ્ધિ નથી; તેની સૌથી મોટી નબળાઈ તેની માનસિકતા છે. તે ઘણી વખત પોતે વિચારતો નથી, પરંતુ દુનિયા શું વિચારે છે તે પ્રમાણે વિચારવા લાગે છે. સમાજ જેને પ્રતિષ્ઠાનું પ્રતીક જાહેર કરે, તેને સ્વીકારવામાં તેને એક ક્ષણ પણ લાગતી નથી. અને સમાજ જેને ઉપહાસનું પાત્ર બનાવે, તેને સમજવાનો પ્રયત્ન પણ તે કરતો નથી.

કદાચ એટલે જ એક જ પ્રકારની વસ્તુ એક દેશમાં વૈભવનું પ્રતીક બની જાય છે અને બીજા દેશમાં ઉપહાસનું.

આજે આપણે એવા યુગમાં જીવીએ છીએ જ્યાં માર્કેટિંગ માત્ર વસ્તુ વેચતું નથી, પરંતુ વિચાર વેચે છે. કોઈ વસ્તુ કેટલી ઉપયોગી છે, તે પછીની બાબત છે; પહેલાં એ નક્કી કરવામાં આવે છે કે લોકો તેના વિશે શું વિચારશે. એક સામાન્ય વસ્તુની પાછળ જો આકર્ષક વાર્તા ઊભી કરી શકાય, તો તે લાખો રૂપિયામાં વેચાઈ શકે છે. અને કોઈ અમૂલ્ય વસ્તુની પાછળ જો યોગ્ય વાર્તા ન હોય, તો તે વર્ષો સુધી અવગણાતી રહે છે.

કોપી લુવાક તેની જીવંત સાબિતી છે.

વિશ્વના અનેક ખાદ્ય નિષ્ણાતો આજે પણ તેની ગુણવત્તા વિશે જુદા જુદા અભિપ્રાયો ધરાવે છે. કેટલાક તેને વિશિષ્ટ સ્વાદ માટે પસંદ કરે છે, તો કેટલાક માને છે કે તેની લોકપ્રિયતામાં માર્કેટિંગનો હિસ્સો વધુ છે. પરંતુ એક વાતમાં કોઈ મતભેદ નથી કે દુનિયાએ તેની આસપાસ એવી રહસ્યમય અને વૈભવી છબી ઊભી કરી છે કે આજે લોકો માત્ર કૉફી નથી પીતા, પરંતુ એક 'સ્ટેટસ' ખરીદે છે.

અને અહીંથી જ મારા મનમાં ભારતનો વિચાર આવ્યો.

આપણા દેશમાં હજારો વર્ષોથી ગાયને માત્ર એક પશુ તરીકે નહીં, પરંતુ જીવનવ્યવસ્થાના અભિન્ન અંગ તરીકે જોવામાં આવી છે. ખેતીથી લઈને ઔષધિ સુધી અને ગ્રામ્ય અર્થતંત્રથી લઈને ધાર્મિક પરંપરાઓ સુધી ગાય અનેક રીતે ભારતીય જીવન સાથે જોડાયેલી રહી છે. આયુર્વેદના અનેક ગ્રંથોમાં ગૌ-અર્ક સહિત વિવિધ ગૌઉત્પાદનોના ઉપયોગનો ઉલ્લેખ જોવા મળે છે. આ પરંપરાઓ પર આધુનિક વિજ્ઞાન દ્વારા હજુ વધુ સંશોધનની જરૂર છે, પરંતુ આ સમગ્ર વિષય પર ચર્ચા શરૂ થાય તે પહેલાં જ ઘણી વખત તેનું હાસ્ય શરૂ થઈ જાય છે.

વિચારવાનો વિષય એ છે કે આપણે ચર્ચા પહેલાં નિર્ણય કેમ લઈ લઈએ છીએ?

જો કોઈ વિદેશી સંશોધક કોઈ પરંપરાગત ભારતીય પદાર્થ પર અભ્યાસ કરે, તો આપણે ઉત્સાહથી સમાચાર શેર કરીએ છીએ. પરંતુ એ જ વાત પોતાના દેશમાં કોઈ કહે,

તો આપણે શંકાની નજરે જોઈએ છીએ. શું આ માત્ર સંયોગ છે? કે પછી આ આપણા મનમાં વર્ષોથી ઘૂસી ગયેલી કોઈ માનસિક ગુલામીનું પરિણામ છે?

કદાચ આ પ્રશ્નનો જવાબ શોધવો આજે પહેલાં કરતાં વધુ જરૂરી બની ગયો છે...

કદાચ આપણે રાજકીય રીતે સ્વતંત્ર થઈ ગયા છીએ, પરંતુ વિચારોથી હજુ સંપૂર્ણ સ્વતંત્ર થયા નથી. લગભગ બે સદી સુધી ચાલેલા બ્રિટિશ શાસને માત્ર આપણા દેશનાં સોનું-ચાંદી જ લૂંટ્યાં નહોતાં; તેણે આપણા આત્મવિશ્વાસ પર પણ ઊંડી અસર કરી હતી. આપણને ધીમે ધીમે સમજાવવામાં આવ્યું કે જ્ઞાનનો સાચો સ્રોત પશ્ચિમ છે અને પૂર્વ માત્ર પરંપરાઓમાં જીવતો પ્રદેશ છે. આ વિચાર એટલો ઊંડે સુધી બેસી ગયો કે આજે પણ આપણે ઘણી વાર કોઈ વિચારનું મૂલ્યાંકન તેની ગુણવત્તાથી નહીં, પરંતુ તેના જન્મસ્થળથી કરીએ છીએ.

આપણે અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકને વધારે પ્રમાણભૂત માનીએ છીએ, વિદેશી યુનિવર્સિટીના સંશોધનને વધારે વિશ્વસનીય ગણીએ છીએ અને કોઈ વિદેશી વ્યક્તિ ભારતીય પરંપરાની પ્રશંસા કરે ત્યારે જ પોતાની વસ્તુમાં રસ લેવાનું શરૂ કરીએ છીએ. જાણે પોતાની આંખે જોયેલી વસ્તુ પર વિશ્વાસ ન હોય, પરંતુ વિદેશીની આંખે જોવાય પછી જ તે સત્ય બની જાય.

આ માત્ર જ્ઞાનની સમસ્યા નથી; આ આત્મવિશ્વાસની સમસ્યા છે.

વિચાર કરો... જે યોગ ક્યારેક આપણા પોતાના દેશમાં માત્ર સાધુ-સંતોની ક્રિયા ગણાતો હતો, એ જ યોગ આજે વિશ્વના કરોડો લોકોના જીવનનો ભાગ બની ગયો છે. અમેરિકાથી લઈને ઑસ્ટ્રેલિયા સુધી યોગના સ્ટુડિયો ખૂલ્યા, કરોડો ડૉલરનો ઉદ્યોગ ઊભો થયો અને પછી આપણે ગર્વથી કહેવા લાગ્યા કે યોગ તો આપણું છે. પ્રશ્ન એ છે કે એ ગર્વ પહેલાં કેમ ન આવ્યો?

આ જ વાત હળદર સાથે બની. વર્ષોથી આપણા ઘરમાં દાદી નાની ઈજા થાય ત્યારે હળદર લગાડતી, શરદી થાય ત્યારે હળદરવાળું દૂધ પિવડાવતી. એ વખતે એ કોઈ 'સુપરફૂડ' નહોતું. એ તો માત્ર ઘરગથ્થુ ઉપાય હતો. પરંતુ જ્યારે પશ્ચિમે તેને 'Golden Spice' અથવા 'Turmeric Latte' તરીકે રજૂ કર્યું, ત્યારે અચાનક એ જ હળદર વિશ્વભરના કેફેમાં સ્થાન પામી ગઈ. કાચના સુંદર કપમાં પીરસાતું હળદરવાળું દૂધ આધુનિક જીવનશૈલીનું પ્રતીક બની ગયું. સત્તુ, જે ક્યારેક ગરીબનો ખોરાક કહેવાતો હતો, આજે 'High Protein Natural Drink' બનીને ફિટનેસ માર્કેટમાં સ્થાન મેળવી ચૂક્યું છે.

વસ્તુ તો એ જ હતી.

બદલાયું શું?

માત્ર તેનું નામ, તેનું પૅકિંગ અને તેની પાછળ ઊભી કરવામાં આવેલી વાર્તા.

માણસને ઘણી વખત સત્ય કરતાં સુંદર રીતે રજૂ કરાયેલું સત્ય વધુ આકર્ષે છે. માર્કેટિંગનું સૌથી મોટું શસ્ત્ર એ જ છે કે તે વસ્તુ નથી વેચતું, તે ભાવના વેચે છે. તે આપણને સમજાવે છે કે આ વસ્તુ ખરીદશો તો તમે આધુનિક લાગશો, સફળ દેખાશો, વિશિષ્ટ બનશો. આપણે વસ્તુ નથી ખરીદતા; આપણે એક ઓળખ ખરીદીએ છીએ.

આ જ કારણ છે કે કોઈ પાંચસો રૂપિયાનું સાદું ટી-શર્ટ અને પચાસ હજાર રૂપિયાનું બ્રાન્ડેડ ટી-શર્ટ વચ્ચે કાપડનો તફાવત ઘણી વખત ઓછો હોય છે, પરંતુ તેની સાથે જોડાયેલી પ્રતિષ્ઠાનો તફાવત ઘણો મોટો હોય છે.

આ જ નિયમ ખોરાકમાં પણ લાગુ પડે છે.

આજની દુનિયામાં કોપી લુવાક માત્ર કૉફી નથી; તે એક અનુભવ છે, એક વાર્તા છે, એક સ્ટેટસ છે.

અને કદાચ એ જ જગ્યાએ આપણે પોતાની સૌથી મોટી ભૂલ કરીએ છીએ.

આપણે પોતાની પરંપરાઓને ક્યારેય વાર્તા બનાવી જ શક્યા નથી.

ભારત પાસે આયુર્વેદ છે, હજારો ઔષધીય વનસ્પતિઓ છે, મિલેટ્સ છે, પ્રાચીન કૃષિજ્ઞાન છે, ઋતુ પ્રમાણે આહાર લેવાની પરંપરા છે, ઉપવાસ પાછળનું જીવનદર્શન છે, યોગ છે, ધ્યાન છે, પ્રાણાયામ છે. પરંતુ આપણે આ બધાને એવી ભાષામાં દુનિયા સમક્ષ રજૂ કરી શક્યા નથી, જે આજનો વૈશ્વિક સમાજ સમજી શકે.

આપણે ઘણી વાર બે છેડે ઊભા રહી જઈએ છીએ. એક વર્ગ પોતાની દરેક પરંપરાને કોઈ પ્રશ્ન વગર અંતિમ સત્ય માની લે છે. બીજો વર્ગ પોતાની દરેક પરંપરાની મજાક ઉડાવે છે. બંને છેડા જોખમી છે.

વિજ્ઞાનનો માર્ગ આ બંનેથી અલગ છે.

વિજ્ઞાન ન તો અંધશ્રદ્ધા શીખવે છે, ન તો અંધ-અસ્વીકાર.

વિજ્ઞાન માત્ર એટલું કહે છે - પ્રશ્ન પૂછો, તપાસો, પ્રયોગ કરો અને પછી નિર્ણય લો.

જો કોઈ પરંપરાગત જ્ઞાનમાં ઉપયોગિતા હોય, તો તેને પુરાવા સાથે વધુ મજબૂત બનાવો. જો કોઈ માન્યતા ખોટી સાબિત થાય, તો તેને નિર્ભયતાથી છોડો. પરંતુ કોઈ પણ વાતને માત્ર એટલા માટે નકારી દેવી કે તે ભારતમાંથી આવી છે, એ પણ વૈજ્ઞાનિક અભિગમ નથી.

સાચો વૈજ્ઞાનિક ક્યારેય પૂર્વગ્રહ રાખતો નથી.

પૂર્વગ્રહ માણસ રાખે છે.

અને કદાચ આ બંને વચ્ચેનો તફાવત જ આપણે હજુ સંપૂર્ણ રીતે સમજી શક્યા નથી.

જો હજુ પણ કોઈને લાગે કે આ માત્ર કોપી લુવાક પૂરતી જ વાત છે, તો દુનિયાનાં બીજાં કેટલાંક ઉદાહરણો પર પણ એક નજર કરવી જોઈએ.

સ્પર્મ વ્હેલના પાચનતંત્રમાંથી મળતો એમ્બરગ્રીસ વિશ્વના મોંઘા પર્ફ્યુમ ઉદ્યોગમાં અત્યંત કીમતી માનવામાં આવે છે. તેની સુગંધને સ્થિર રાખવા માટે વર્ષોથી તેનો ઉપયોગ થતો આવ્યો છે. બીજી તરફ, દક્ષિણ-પૂર્વ એશિયાના કેટલાક દેશોમાં સ્વિફ્ટલેટ નામના પક્ષીની લાળમાંથી બનેલા માળામાંથી તૈયાર થતો બર્ડ્સ નેસ્ટ સૂપ વૈભવી ભોજન તરીકે ઓળખાય છે અને તેની કિંમત પણ સામાન્ય માણસની પહોંચ બહાર હોય છે. આ બધી વસ્તુઓને જ્યારે વૈશ્વિક બજાર "પ્રીમિયમ", "એક્સક્લૂસિવ" અને "લક્ઝરી" જેવાં

વિશેષણો સાથે રજૂ કરે છે, ત્યારે કોઈને તેની પાછળનો સ્રોત યાદ આવતો નથી. યાદ રહે છે તો માત્ર તેની કિંમત, તેની બ્રાન્ડ અને તેની પ્રતિષ્ઠા.

એટલે જ વારંવાર એવું લાગે છે કે દુનિયામાં ઘણી વસ્તુઓનું મૂલ્ય તેના ગુણોથી નહીં, પરંતુ તેની આસપાસ ઊભી કરાયેલી વાર્તાથી નક્કી થતું હોય છે.

કલ્પના કરો...

જો આવતીકાલે કોઈ બહુરાષ્ટ્રીય કંપની ભારત આવે, ગૌ-અર્ક પર વર્ષો સુધી સંશોધન કરે, તેની ગુણવત્તા અને ઉપયોગિતા અંગે ઉપલબ્ધ પુરાવાઓના આધારે એક સુંદર કાચની બૉટલ તૈયાર કરે, તેના પર સોનેરી અક્ષરોમાં “Organic Ayurvedic Bioactive Elixir” લખે, તેની જાહેરાત માટે કોઈ આંતરરાષ્ટ્રીય ખેલાડી અથવા ફિલ્મસ્ટારને પસંદ કરે અને તેની કિંમત દસ હજાર રૂપિયા રાખે તો શું આજનો જ સમાજ તેને અલગ નજરે નહીં જુએ?

આ પ્રશ્નનો જવાબ દરેક વ્યક્તિ પોતે જ આપી શકે.

કદાચ સમસ્યા વસ્તુમાં નથી.

સમસ્યા એ છે કે આપણે કોઈ પણ વસ્તુને તેના મૂળ સ્વરૂપમાં જોવાની ક્ષમતા ધીમે ધીમે ગુમાવી રહ્યા છીએ.

આપણો નિર્ણય હવે ઘણી વાર પોતાના અનુભવથી નથી થતો; તે સોશિયલ મીડિયા, જાહેરાતો, આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને સમાજમાં ઊભી થયેલી માન્યતાઓથી થવા લાગ્યો છે. આપણે જે પહેરીએ છીએ, જે ખાઈએ છીએ, જે પીએ છીએ અને ઘણી વાર તો જે વિચારીએ છીએ, તેમાં પણ આપણા પોતાના વિચાર કરતાં બજારનો પ્રભાવ વધુ દેખાવા લાગ્યો છે.

આ સૌથી મોટી ચિંતાની વાત છે.

કારણ કે જ્યારે કોઈ સમાજ પોતાની વસ્તુનું મૂલ્યાંકન પોતાની બુદ્ધિથી કરવાનું બંધ કરી દે છે, ત્યારે ધીમે ધીમે તેની ઓળખ પણ બજાર નક્કી કરવા લાગે છે.

અહીં એક વાત ખૂબ સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છે.

આ લેખનો હેતુ કોઈ વસ્તુને મહિમા આપવાનો નથી અને કોઈ વસ્તુને નીચી બતાવવાનો પણ નથી. કોપી લુવાક પીવી કે ન પીવી, ગૌ-અર્કનો ઉપયોગ કરવો કે ન કરવો એ દરેક વ્યક્તિનો પોતાનો નિર્ણય છે. પરંતુ એ નિર્ણય જ્ઞાનના આધારે લેવો જોઈએ, પૂર્વગ્રહના આધારે નહીં.

કોઈ પણ પરંપરા હોય કે આધુનિક શોધ તેને એક જ કસોટી પર ચકાસવી જોઈએ. જ્યાં વૈજ્ઞાનિક પુરાવા હોય, ત્યાં તેને સ્વીકારવાની ઉદારતા હોવી જોઈએ; જ્યાં પુરાવા ન હોય, ત્યાં વધુ સંશોધનની રાહ જોવાની ધીરજ હોવી જોઈએ. પરંતુ માત્ર એટલા માટે કોઈ વાતનો ઉપહાસ કરવો કે તે પોતાની સંસ્કૃતિમાંથી આવી છે, એ કોઈ વૈજ્ઞાનિક અભિગમ નથી.

વિચારશીલ સમાજનું સૌંદર્ય એમાં નથી કે તે દરેક વાતને સ્વીકારી લે.

વિચારશીલ સમાજનું સૌંદર્ય એમાં છે કે તે દરેક વાતને સાંભળે છે, સમજે છે, પ્રશ્ન પૂછે છે અને પછી નિર્ણય કરે છે.

આજે દુનિયા ભારત તરફ યોગ માટે જુએ છે. આયુર્વેદ માટે જુએ છે. ધ્યાન માટે જુએ છે. કુદરતી જીવનશૈલી માટે જુએ છે. આ બધું એક જ દિવસમાં બન્યું નથી. હજારો વર્ષોની પરંપરા, અનુભવ અને જ્ઞાનનું પરિણામ છે. આ જ્ઞાનને અંધશ્રદ્ધા બનાવવું પણ યોગ્ય નથી અને તેને પ્રશ્નોથી પર રાખવું પણ યોગ્ય નથી.

ભારતની સૌથી મોટી તાકાત તેની પ્રાચીનતા નથી.

ભારતની સૌથી મોટી તાકાત એ છે કે અહીં જ્ઞાનની પરંપરા સતત પ્રશ્નો પૂછતી રહી છે. ઉપનિષદોથી લઈને બુદ્ધ સુધી અને આયુર્વેદથી લઈને ગણિત સુધી અહીં વિચારનું સન્માન થયું છે, પ્રશ્નોનું નહીં.

આપણે ફરી એ જ પરંપરા તરફ પાછા ફરવાની જરૂર છે.

કદાચ બાલીની એ કૉફી પ્લાન્ટેશનમાં ઊભો હતો ત્યારે મને કૉફી કરતાં વધુ કંઈક બીજું દેખાયું હતું.

મને દેખાઈ હતી માણસની માનસિકતા.

મને દેખાયું હતું કે એક જ વસ્તુને આપણે બે અલગ ચશ્માંથી જોઈએ છીએ.

એક વિદેશ માટે.

અને બીજા પોતાના માટે.

જ્યાં સુધી આ બે ચશ્માં અલગ રહેશે, ત્યાં સુધી આપણો નિર્ણય પણ નિષ્પક્ષ નહીં બની શકે.

સમય આવી ગયો છે કે આપણે બંને ચશ્માં ઉતારી દઈએ.

ન તો પશ્ચિમની દરેક વસ્તુને આંખ મીંચીને શ્રેષ્ઠ માનીએ અને ન તો પોતાની દરેક પરંપરાને પુરાવા વિના પરમસત્ય જાહેર કરીએ.

જ્ઞાનને જ્ઞાન તરીકે જોવાની સંસ્કૃતિ વિકસાવીએ.

કારણ કે કોઈ પણ સંસ્કૃતિનું સૌથી મોટું ગૌરવ તેની પાસે કેટલો ખજાનો છે તેમાં નથી; પરંતુ તે પોતાના ખજાનાને કેટલી નિષ્પક્ષતા, કેટલી બુદ્ધિમત્તા અને કેટલા આત્મવિશ્વાસથી ઓળખે છે તેમાં છે.

અને કદાચ...

બાલીની એ મોંઘી કૉફીએ મને કૉફીનો સ્વાદ નહીં, પરંતુ દૃષ્ટિકોણનો સાચો સ્વાદ ચખાડી દીધો.

■

## નિબંધ

# પવનદૂત

મનસુખ સલ્લા

કાલિદાસે મેઘને યક્ષનો દૂત બનાવીને પ્રિયતમા પાસે મોકલ્યો હતો. મેઘ યક્ષની પ્રિયતમાને મળે એ પહેલાં તેણે ભારતવર્ષનાં પ્રદેશવિશેષો અને પ્રકૃતિને માણીને વર્ણવ્યાં છે. મેઘની યાત્રા પ્રિયતમાના સંદર્ભમાં ઘડાઈ છે. મને તો પ્રકૃતિને માતા રૂપે જોવા-સ્વીકારવાનું ગમે. એના શિશુ થવામાં જે કૃતાર્થતા છે એવી વિશ્રંભકથામાં નથી. પ્રકૃતિનું નિમંત્રણ અનેકાનેક રૂપે પ્રત્યક્ષ થતું હોય છે. પરંતુ મારી મર્યાદિત પહોંચ જોઈને કુદરતને થયું હશે લાવ, સાથે દૂત મોકલું, જેથી હું સૌ સુધી પહોંચી શકું. એટલે તેણે પવનને સખા તરીકે મોકલ્યો. મારો આ સખા પૂરેપૂરો મનમોજી છે. એ વહ્યા કરે તો વહ્યા કરે અને વિશ્રામ કરે તો એવું લાગે કે નિદ્રામાંથી કદી ઊઠવાનો નથી! પણ તે મને સાનુકૂળ છે. એ મને અને હું એને એવાં એવાં સ્થાન સાધીએ છીએ કે મસ્તમૌલાની જેમ વિચરી શકીએ છીએ.

પવન રમતિયાળ અને પ્રેમાળ ખરો જ. હજુ તો કળી રૂપે હોય, પાંખડીઓ બિડાયેલી હોય, પણ પવન સ્નિગ્ધ રીતે એને વહાલ કરે. કળીઓ પવનના સ્પર્શે ખૂલવા માંડે. શિશુને ગાલે કોમળ સ્પર્શ કરતો હોય એમ પવન સૌને સ્પર્શીને આગળ વધતો જાય. જોકે કળીઓ એને ખુશબૂનું ભાથું બંધાવે જ. પવન જ્યાં જાય ત્યાં ખુશબૂની લહાણી કરતો રહે.

પવન સૌથી વધારે પ્રસન્ન થાય પર્ણો સાથે. પર્ણો પવનનું માને કે પવન પર્ણોનું માને તેની ઝટ ખબર ન પડે. તેમનું બધું સહિયારું અને સામુદાયિક. જાણે મહેફિલ જામી હોય એમ ઘડીક દ્રુત રાગો રેલાય તો ઘડીક વિલંબિત. ઘડીક મૌન સંવાદ ચાલે તો ઘડીકમાં વૃક્ષો વચ્ચે અવધૂત ફરતો હોય એમ ડાળીઓ અને પર્ણોને ગતિશીલ બનાવી દે. સૂકાં પર્ણોને ખેરવીને 'આવજો' કહી દે અને નાની નાની કૂંપળો ફૂટી હોય એને આશાયેશ બંધાવે કે જરાક પુષ્ટ થાઓ પછી તમારી સાથે રમવા આવી પહોંચીશ.

પવનને ધૂળની સાચી મહોબ્બત. પવન ક્યારેક હળવે હાથે પગલાં કે ચીલાને સ્પર્શીને બધું સમથળ કરી દે, તો ક્યારેક પડી પડી થાકી ગયેલી ધૂળને સ્પર્શીને થોડી ઊંચે ઉડાડી દે. તોફાની બાળકની જેમ પવન ક્યારેક એવી એડી ઝીંકે કે ધૂળને ખબર ન પડે કે આ બાજુ જવું કે પેલી બાજુ. ધૂળ આધાર શોધવા માંડે. ઓટલા પર, ઘરમાં, ભીંતો પર, વાગોળતાં પશુઓની પીઠ પર, પાથરેલા પલંગ પર ધૂળ ઘૂમી વળે. બધે એનું સ્પર્શચિહ્ન મૂકતી જાય. અને પવન પરખાય કે ધૂળને ક્યાં ક્યાં પહોંચાડી.

પરંતુ રમણે ચડેલા પવન સાથે ધૂળ નૃત્ય આરંભે ત્યારે સઘળાને ધૂળમય બનાવી દે; પોતાના પાશમાં લઈ લે. ધૂળ અને પવન ચક્રાકારે એવી રીતે ઘૂમે કે રસ્તા, મકાનો, માણસો, શિવની દેરીની ધજા – બધાંને આખેઆખાં ઝૂમતાં કરી દે. ત્યારે ધૂળને તૃપ્તિ થતી હશે કે ભલે કાયમ ભોંય પર પડી રહું છું, પણ આજે તો આકાશને અડી આવી! ધૂળના રજકણોની આ યાત્રા પવન મન-ભરીને માણે. એનું નૃત્ય જોઈને આપણાને સૂફીઓનું નૃત્ય યાદ આવી જાય.

પવનને અડપલાં કરવાની ટેવ તો ખરી જ. બનીઠનીને નીકળેલી યુવતીને એ એવી રીતે સ્પર્શે કે ભરબજારે કપડાં સરખાં કરવાં કે આગળ વધવું કે ઊભાં રહી જવું એની મૂંઝવણ થાય. યુવતીના ચમકતા ગાલને સ્પર્શીને પવન પણ યૌવનનો થરકાટ અનુભવતો હશે. તો કપડાં સંકોરીને કોઈ પ્રૌઢા પસાર થતી હોય એની લજ્જા રક્ષવી હોય એમ પવન પોતાની ગતિ મંદ કરી નાખીને ડાહ્યા સંતાનની જેમ પડખે લપાઈ લપાઈ ચાલતો રહે. જાણે બંનેને સથવારો ગમતો ન હોય! અને પવન તોફાની પણ ખરો. વારે વારે મૂછે વળ દેતા, જાણે પૃથ્વીને પગ નીચે ચાંપી દેવી હોય એમ દર્પભેર પગ માંડતા ખેરખાંને એવી લપેટ મારે કે એનું મોં ધૂળ ધૂળ થઈ જાય. પાંપણ બંધ થઈ જાય, મૂછો ધૂળથી રંગાઈ જાય. ત્યારે દર્પીશ આબરૂ ઢાંકવા મોં આડો ફાળિયાનો છેડો રાખી દે. જતાં જતાં પવન એને કહેતો જાય, 'હોત ન દિન એક સમાન!'

પવનનો નિર્બંધ વિહાર વૃક્ષોની ઘાટી વનરાજીમાં હોય છે. ચોપાસ વૃક્ષો હોય ત્યાં પવનની ગતિ અને એનો સ્પર્શ વિશિષ્ટ હોય છે. જાણે ચારે બાજુ વત્સલ દાદાજીઓ અને વચ્ચે નાનકો પૌત્ર ઊભો હોય. પવન ઘડીક આમ જુએ, ઘડીક તેમ જુએ, ઘડીક એક દાદાજીની આંગળી પકડે તો ઘડીક બીજા દાદાજીની. કોની આંગળી ઝાલી રાખવી તે નક્કી કરી ન શકતા બાળકની પેઠે બધાં વૃક્ષોને અડતો રહે. બાળકમાંથી ઘડીકમાં પ્રૌઢ બનીને વૃક્ષોને જાણે જગાડવાનો સંદેશો આપતો રહેઃ 'તાજા રહો, ખુશ રહો.' સંદેશો પામ્યાં હોય એમ વૃક્ષો ડાળીઓ હલાવી હા પાડે. આ ઘટના જોવા માટે તો આગવી આંખ હોવી જોઈએ. નદી કે સરોવર પરથી પસાર થતો પવન કાંઈ ત્યાં નિરાંતે નહાવા ન ઊતરે. એને ઘણું કામ બાકી હોય. એટલે ભક્તજનની જેમ જળમાં આંગળી બોળી, ન જેવું સ્પર્શીને આગળ વધી જાય. પણ પવનના આત્મીય સ્પર્શથી નદી અને સરોવર પ્રસન્ન થઈ ઊઠે. એની પ્રસન્નતા જળ પર રચાતાં વલયો રૂપે વ્યક્ત થાય. પવનને મંદિરમાં ભગવાનનો ચરણસ્પર્શ કરવાનું મન થતું હશે ખરું? હાસ્તો. થાય જ સ્તો. મંદિરનાં પગથિયાં ચડતાં પવન દરેક પગથિયા પર પડેલી ધૂળને સાફ કરતો જાય. મંદિરમાં પ્રવેશે ત્યારે પવન વિનીત બની જાય. મંદિરમાં બાંધેલા ઘંટને વગાડવાનું તો એનાથી ન બને, આખો ઘંટ હલાવીને ભગવાન સમક્ષ પવન પોતાની હાજરી પુરાવે. મૂર્તિ સામે પવન કાંઈ ડાહ્યાડમરા ગૃહસ્થની જેમ સ્થિર થઈને ઊભો ન રહે. એ તો ભક્તો, પૂજારી સૌને વળગીને લપાઈ છુપાઈથી ઠાકોરજીના વાઘાને સ્પર્શી લે. આપણને લાગે કે પવન વાઘાને સ્પર્શે છે, પણ ખરેખર તો પવન ભગવાનનાં ચરણને સ્પર્શતો હોય છે. વળી એને ખબર હોય છે કે ઉતાવળ કરીએ તો દીવાની વાટો ફડફડી ઊઠે, એ તો અશુભ ગણાય. એટલે આરતી ઉતારાતી હોય ત્યારે પવન કોમળ હાથે આરતીની સાથે પ્રદક્ષિણા કરે. આશકા લેતી વખતે પૂજારીજીને લાગે

કે જ્યોત સહેજ ઊંચી થઈ ગઈ, પણ કે તેમને ક્યાંથી ખબર હોય કે પવન આશકા લેતો હતો? પવન કાંઈ સ્થિરપણે હળવેથી આશકા ન લે, જ્યોત ભલે થથરી ઊઠે પણ સર્વાંગે સ્પર્શે. પવનને તૃપ્તિ હોય કે પોતે મંદિરની આરતીમાં ભાગીદાર બની શક્યો.

પવનને સૌથી વધુ ગમે બાળકો. બાળકો સાથે એ બધી રમતો રમે. નાચે-કૂદે-દોડે બધું કરે. અને બાળકો થાકીને બેસી જાય ત્યારે પવન પણ પલાંઠી વાળીને પડખે બેસી જાય. એટલો શાંત હોય કે બાળકો પરસેવો લૂછતાં કહેતાં હોય, 'જરાક પવન વાય તો સારું.' બાળકોને ક્યાં ખબર હોય કે એ તો પડખે જ બેઠો છે, માત્ર શાંત રીતે. પવન બોલે નહિ, પણ પ્રવૃત્તિશીલ સતત રહે. તેની પ્રવૃત્તિ અન્યને તૃપ્ત કરવા માટે હોય, અન્યને સક્રિય કરવા માટે હોય, અન્યને રાહત કે આનંદ આપવા માટે હોય. ત્યારે ગીતાનો સાત્ત્વિકયોગ સિદ્ધ થાય. પવનને પણ સાત્ત્વિકયોગી ગણી શકાય. પવનને ભેદભાવ નહિ. આકાશ, સમુદ્ર, વનો અને પહાડોને વહાલ કરે તેમ તુચ્છ, નાચીજ, નગણ્ય માટે પણ એને ભરપૂર પ્રેમ. એક તણખલું ભોંય પર એકલું, બિચારું પડ્યું હોય પણ પવન એનો ભેરુ બને. તેને પંપાળીને બેઠું કરે. પોતાની ગોદમાં લે. ચક્રાકારે વહેતાં વહેતાં તણખલાને ઊંચે ચડાવતો જાય. એવી ગતિ પકડે કે તણખલાને લાગે કે પોતે આભે અડી આવ્યું. જાણે નવો અવતાર થઈ ગયો. નાચીજમાંથી પવનની મૈત્રીથી ગૌરવાન્વિત થઈ ગયું. ભલેને એ મૈત્રીપ્રવાસ અમુક ક્ષણોનો હતો પણ નિર્જીવનો એ મહામૂલો લ્હાવો હતો. બીજા એને કંઈ ગણે કે ન ગણે, પણ પવને થોડી ક્ષણોમાં જીવનનો સઘળો રોમાંચ, સઘળાં અરમાન અને સઘળી સાર્થકતાનો અનુભવ કરાવી દીધો. વળી પવન તણખલાને આકાશગમન કરાવીને પાછો હળવેથી ધરતી પર સુવડાવી દે. ત્યારે તણખલું મનમાં મનમાં આભારયુક્ત બોલતું હશે.

સાવ નાની બાબત પણ પવન ચૂકે નહિ. ઘોડિયામાં સૂતેલું શિશુ પરમ નિશ્ચિંતતાથી પોઢી ગયું હોય. ને એની આંખ ઊઘડી જાય. ઘોડિયા-માં બાંધેલું રમકડું રૂપાળું, રંગોવાળું અને મીઠો અવાજ કરનારું હોય, પણ એ તો શાંત સ્થિર હોય. રમકડા તરફ આકર્ષાઈને શિશુ હાથ લંબાવે, પણ રમકડા સુધી પહોંચે નહિ. પવન ન હોય એટલે રમકડું સ્થિર હોય. માતા, દાદી કે બીજું કોઈ નજીક ન હોય ને રમકડાને હલાવીને ગતિ આપે. ત્યારે પવન શિશુની કાળજી લે. એ સમજી જાય કે શિશુને અત્યારે રમકડાનું હલનચલન ગમે છે. પવન પોતાના સ્પર્શથી રમકડાને જરાક ગતિ આપે, ઝૂલતું રમકડું શિશુને તૃપ્ત કરી દે. શિશુ પ્રફુલ્લિત હસી દે. એ જોઈને પવન પણ પ્રસન્ન થઈ જાય. પવનને તો તણખલાની કાળજી લેવાની હોય એમ ઘોડિયામાં સૂતેલા શિશુની પણ સંભાળ લેવાની હોય. આવાં ગમતાં કામ પવન સાવ સહજભાવે કરતો રહે.

નવયુગલ બાગમાં ફરવા ગયું હોય. બંને ચાલતાં હોય ધરતી પર, પણ વિચરતાં હોય સ્વપ્નલોકમાં. ફરતાં ફરતાં એક વૃક્ષ નીચે બાંકડા પર બેસી જાય. પવન પડી ગયો હોય. બંને ઇચ્છતાં હોય કે જરાક હવાની લહેરખી આવે ને અકળામણ ઓછી થાય. ત્યારે પત્ની પોતાના દુપટ્ટાથી એવી રીતે હવા નાખે કે બંનેને એકસાથે હવાનો અનુભવ થાય. પતિ અચાનક હસી પડે. પતિએ શાની નોંધ લીધી તે પત્ની સમજી જાય. અને ત્રાંસી આંખે જોઈ લે. તેમની અશબ્દ ગોષ્ઠીને પવન પામી જાય. પ્રણયીઓને અકળામણમાં કેમ રખાય? એ

પોતાની પાંખ એવી રીતે ફેલાવે કે એના સ્પર્શે નવદંપતી વાતાવરણના માધુર્યનો અનુભવ કરે. ત્યારે એક નાનો પણ મધુર અકસ્માત થઈ જાય. પવનથી પત્નીના દુપટ્ટાનો છેડો સરી જાય. સરતો દુપટ્ટો, પત્નીના અંગપ્રત્યંગ ઉપર ફરતી પતિની મુગ્ધ નજર અને એ નજરને પામી લઈને પત્નીના ચહેરા પર આલેખાયેલી લજ્જાની મોહકતાને માણવા પવન પણ ઘડીક ઊભો રહી જાય. પત્ની તુરંત દુપટ્ટો યોગ્ય રીતે ગોઠવી દે. આવાં કર્તવ્યોને પવન પોતાનાં સ્વીકારેલાં કર્તવ્યો ગણે. એટલે મુક્ત રીતે વહેવા લાગે.

પવનને કોઈ અમુક માટે પક્ષપાત નહિ. વૃદ્ધ દંપતી એક બાંકડા પર બેઠાં હોય. ભાષા લગભગ ગેરહાજર હોય. અજાણી જગ્યાએ નજર મંડાયેલી હોય. પવન સમજી જાય કે દાદા-દાદીને વાતનો વિષય આપવાની જરૂર છે. તે ઘડીમાં એટેન્શનમાં ઊભેલા સિપાહી જેવો સ્થિર થઈ જાય. દાદી બોલી ઊઠે, ‘આ પવન તો જાણે ગુફામાં સંતાઈ ગયો. નામ માત્રનો પવન નથી.’ જવાબમાં દાદા બોલે, ‘એનું નામ જ પવન. એ તો મનમોજી. આવે તો આવે.’ એમને બોલતાં સાંભળીને પવન રાજી થાય. ફરી વહેવા માંડે. દાદા દાદી જાણે અકળામણમાંથી મોક્ષ થયો હોય એમ હસીને ગુટરગૂ કરવા માંડે. પવનને હાશ થાય કે મૂંગાં દાદા-દાદીને બોલતાં કરી શક્યો.

મેં પવનને દૂત બનાવ્યો તો હું ક્યાં હતો? હું એની સાથે જ પવનપાવડી પહેરી, જાદુઈ શેતરંજી ઉપર બેસીને ઊડતો હતો, પવન હોય પણ દેખાય નહિ, તેમ હું હતો પણ તમને દેખાતો નહોતો. તણખલાનીય ઉપેક્ષા નહિ કે મોરપીંછનો કશો ભાર નહિ, એ ભાવથી પ્રકૃતિ માતાના અંકમાં જવું અને એમનો અમૃત સંદેશ પામવો કે સઘળાં અસ્તિત્વો એક જ છે, માત્ર નામરૂપ જૂજવાં છે એટલું જ, પવન સંગાથે આવી અલૌકિક યાત્રા કરવી, એનાં નોખાં-અનોખાં રૂપોને પામવાં એ જ પરમ પ્રાપ્તિ છે. અવતારનું સાફલ્ય છે.

■

સભ્યો બનાવવામાં સાથીઓએ અસીમ ઉત્સાહ બતાવ્યો હતો. તેમાં તેમને રસ આવતો હતો. તેમાં અમૂલ્ય અનુભવ મળતો હતો. ઘણા લોકો રાજી થઈ નામ નોંધાવતા અને તુરત પૈસા આપી દેતા. દૂર દૂરનાં ગામોમાં જરા મુશ્કેલી આવતી. જાહેર કામ શું તે લોકો નહોતા સમજતા. ઘણી જગ્યાએ તો લોકો પોતાને ત્યાં આવવાનાં આમંત્રણ મોકલે, અગ્રેસર વેપારીને ત્યાં ઉતારો ગોઠવે. પણ આ મુસાફરીઓમાં એક જગ્યાએ આરંભમાં જ અમને મુશ્કેલી આવી. ત્યાં છ પાઉન્ડ મળવા જોઈતા હતા, પણ તે વેપારી ત્રણથી આગળ ન જ વધે. જો તેટલા લેવાય તો બીજાઓ પાસેથી વધુ ન મળે. ઉતારો તેમને ત્યાં જ હતો. અમે બધા ભૂખ્યા હતા પણ લવાજમ ન મળે ત્યાં લગી ખવાય કેમ? આ ભાઈને ખૂબ વીનવ્યા. એકના બે થાય નહીં. ગામના બીજા વેપારીઓએ પણ તેમને સમજાવ્યા.આખી રાત રકઝકમાં ગઈ. ક્રોધ તો ઘણા સાથીઓને ચડ્યો. પણ કોઈએ વિનય ન છોડ્યો. છેક સવારે આ ભાઈ પીગળ્યા ને છ પાઉન્ડ આપ્યા. અમને જમાડ્યા. આ બનાવ ટોંગાટમાં બનેલો. આની અસર ઉત્તર કિનારા પર છેક સ્ટેંગર સુધી ને અંદર છેક ચાર્લ્સટાઉન સુધી પડી. ઉઘરાણાનું અમારું કામ સરળ થઈ પડ્યું.

**– ‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

# મને રીંગણના ગુણ ગાવા દે

હિમાલી મજુમદાર

'વળી પાછાં આ રીંગણાં...! તમને એના સિવાય બજારમાં બીજું કોઈ શાક મળતું નથી? જુઓ તો ખરા? કોઈ માપ હોય કે નહિ? આ રવૈયાથી માંડીને ભુટ્ટાના દરેક પ્રકાર ઉપાડીને લઈ આવ્યા છો! આ તમારી રીંગણાંની ઘેલછાએ તો ત્રાસ કર્યો છે. કેટલી વાર કહ્યું પણ માને એ બીજા.' કશું જ ગણકાર્યા વગર અમારા સાહેબ તો રીંગણમય બનીને ગાવા લાગ્યા....

"મને રીંગણના ગુણ ગાવા દે.... રીંગણના ગુણ ગાતાં ગાતાં ભવસાગર તરી જાવા દે... મને... રીંગણના ગુણ ગાવા દે..."

'અરે...તું જોતો ખરી અત્યારે શિયાળો કેવો સરસ જામ્યો છે. શાકની લારીઓમાં રીંગણાં કેવાં સરસ ઊભરાય છે, ના લેવાં હોય તોપણ લેવાનું મન થઈ જાય, એટલે લીધાં આ બે...ચાર...'

'આ બે...ચાર... લીધાં છે તમે?

પેલા દલા તરવાડીની જેમ...લઉં બેચાર? ના... ના.... લોને દસ બાર...! બરાબરને?

'હવે મહેરબાની કરીને મને બોલવા દઈશ? આમાં મારો કોઈ વાંક નથી. તું આ શાકવાળાને તો જાણે છે ને મારા બેટા કેટલા ડિપ્લોમેટ છે...! પહેલાં ભાવ પૂછો એટલે વીસ રૂપિયાનાં અઢીસો રીંગણ કહે. પાંચસોનું શું લેવાનું? એવું પૂછો એટલે ત્રીસ ઉપર આવે. અને ભાવતાલને ગણકાર્યા વગર આગળ ચાલવા માંડો એટલે મારો હાળો ચાળીસના કિલો ઉપર આવી જાય. આપણે પણ મૂરખ થોડાં છીએ! સાવ અડધી કિંમતનાં રીંગણ ઓછામાં ઓછા એકબે કિલો તો લઈ જ લેવાયને...'

તેમના આ એકચક્રી શાસનને કારણે ટેબલ ઉપર ચારે બાજુ પથરાયેલાં રીંગણે તો અમને બન્નેને કૌરવ પાંડવોના કુળમાં મૂકી દીધાં હતાં. આટલું ઓછું હોય એમ અમારા સાહેબશ્રી તો અહોભાવથી રીંગણાંને જોયા કરે. મંદ મંદ હસે અને વળી પાછું એ જ રટણ...મને રીંગણના ગુણ ગાવા દે...રીંગણના ગુણ ગાતાં ગાતાં એમનો ભવ તો તરી ગયો પણ...માંડ માંડ ટકાવી રાખેલો મારો ગુસ્સો સામે પડેલા ભુટ્ટાના કદમાં ફેરવાઈ ગયો હતો.

‘તમે મૂરખ જ નહીં પણ મૂરખના સરદાર છો. કાલ ઊઠીને તમને કોઈ આખી લારીનો ભાવ કરે તો રીંગણાની વખાર ભરો એમ છો. તમારે તો ઠીક છે રોજ સવાર પડે ને રીંગણાં રીંગણાં...! બીજાને શું ભાવે છે એ પણ વિચારવાનું હોય કે નહિ...?

હા... હા ચોક્કસ વિચારવાનું ને પણ શરૂઆત મારાથી એટલે જ આજે હું તને મારો નિવૃત્તિ પછીનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ જાહેર કરું છું. હું એક ફાર્મ હાઉસ લેવાનો અને એમાં...

‘અને એમાં પણ નકરાં રીંગણાં જ રીંગણાં ખરું ને?’

‘અરે... મને એ નથી સમજાતું કે આ રીંગણાં સાથે તારે શું બાપને માર્યા વેર છે? મને એમ કહો કે રીંગણાંમાં ના ભાવવા જેવું શું છે? આમ પણ તમારે બૈરાંઓને રોજ શું બનાવવું એની ભારે રામાયણ હોય છે એટલે જો હું તને રોજનું મેનુ સેટ કરી આપું છું. રીંગણાં સાથે તો જાતજાતની ભેળવણી થાય.’

‘હે ભગવાન તમે આ બંધ કરો તમારું રીંગણાંપુરાણ....’

‘જો તું આમ અકળાઈશ નહિ. રીંગણ તો રીંગણ છે. એની તોલે કશું જ ના આવે. એ તો શિયાળાનો રાજા કહેવાય...’

‘એકલો શિયાળાનો? તમારું ચાલે તો બારેય મહિનાનો રાજાધિરાજ.’

‘એટલે જ કહું છું મારું માને તો એક દિવસ રીંગણ-બટાટા, બીજે દિવસે રીંગણ-મોગરી, પછી રીંગણ-મેથી, પછી રીંગણ-વાલોળ, પછી રીંગણ-દાણા પણ થાય. અરે.... રીંગણ-વડીનો તો ટેસડો પડી જાય. અને શિયાળામાં રીંગણના ઓળાની તો વાત જ થાય એમ નથી સાથે રીંગણનું ભડથું અને મારી બા બનાવતી હતી રીંગણનો રગ્ગડ...ઓ.. હો...એના સ્વાદની તોલે તો કોઈ ના આવે...

‘બસ, હવે બહુ થયું. આ તમારા રીંગણનું ગાંડપણ બંધ કરો. એક કામ કરો, તમારું નામ પંકજભાઈ બદલીને “રવૈયાભાઈ ભુટ્ટાલાલ રીંગણવાલા” રાખો!’

‘વાહ...ભાઈ...વાહ...શુક્રિયા યે ખિતાબ કે લિયે...તો ઉસ હિસાબ સે તો આપકા નામ ભી ઢોસાવાલી હોના ચાહીયે!’ ચોગ્ગાની સામે છક્કો ફટકારતા હોય એમ એ બોલ્યા.

‘બેસો હવે છાનામાંના....’ જરા છણકો કરીને કહ્યું પણ પાછા પડે એ બીજા.

‘અરે...કેમ હવે તું પણ સાંભળ...તારું ઢોસાનું ગાંડપણ પણ કાંઈ ઓછું નથી હો... આપણી સગાઈ થઈ ત્યારથી અત્યાર સુધી બસ એક જ સ્વાદ અને સુગંધ વોહી આપકી પહેચાન ઢોસો...ઢોસો ને ઢોસો...’

‘આ તમારાં રીંગણાંને અને મારા ઢોસાને શું લેવાદેવા?’

‘કેમ...? લેવાદેવા તો ખરા જ ને...મઝ્ઝાની વાત એવી છે કે કોઈ પણ રેસ્ટોરન્ટમાં જાવ એટલે મેનુ તો કોઈ દિવસ જોવાનું જ નહીં. આંખો મીંચીને કહી જ દેવાનું, “ભૈયા મેરે લિયે એક મૈસુર મસાલા ઢોસા બનાના.” એટલું જ નહીં, ટેબલ ઉપર કોઈ શું ઑર્ડર

કરે છે? શું ખાય છે? એ કોઈ જ તમારે લેવાદેવા નહીં. ખાઈને નવરા પડો એટલે એને જ પાછું કહેવાનું, “ભૈયા મેરા ખાના હો ગયા હોં.”

‘બસ, હવે બહુ થયું...હું એ આગ્રહ મારા પૂરતો રાખું છું. તમારી જેમ જ્યાં ને ત્યાં ઢોસાનાં જ ગુણગાન નથી ગાતી સમજ્યા? અને હા, કાલે નલિનભાઈના ફૅમિલીને જમવાનું કહ્યું છે. તમારી નાનપણની મિત્રતા ભલે રહી, પણ એ બધું હવે અમેરિકાનું વાજું છે, એટલે જુઓ તમને અત્યારથી જ કહી દઉં છું કે, તમારા રીંગણાંની એક પણ આઇટમ હું બનાવવાની નથી. તમારે જે કરવું હોય તે કરી લો.’

‘તો હું ઉપવાસ કરી લઈશ અને તે પણ નિર્જળા.

તને તો ખબર છે ને...! મને રીંગણના ગુણ ગાવા દે...’

‘હે... ભગવાન તોબા તમારાથી તો. મારાં નસીબ ફૂટલાં કે મારા બાપાને પણ આખી દુનિયામાં તમે જ મળ્યા...મિ. રીંગણલાલ. સાચું પૂછો ને તો એકબીજાને જોવાનું ગોઠવીએ ને ત્યારે સૌથી પહેલાં કેટલું ભણ્યા? શું નોકરી કરો છો? કેટલો પગાર છે? એના બદલે તમને કયું શાક ભાવે છે તે પૂછી લેવાનું હતું!’

‘અને મારે પણ તને પૂછવાનું હતું, ઢોસા સિવાય બીજા શેમાં રસ ધરાવો છો?’

‘ચાલો હવે, આ બધી માથાકૂટ મૂકો બાજુ પર અને હવે હું તમને જે લિસ્ટ આપું તે દુકાનમાંથી લઈને આવો અને ખાસ તો...’

‘શું રીંગણાં...!’

‘ના...ગુલાબજાંબુ બનાવવા માટે માવો લાવવાનો છે. હવે ખબરદાર જો એનું નામ દીધું છે તો...’

‘કાલના જમણવારની તૈયારીમાં રીંગણને બાજુએ મૂકવાની સંપૂર્ણ વ્યૂહરચનામાં મેં મનને પરોવી દીધું. રીંગણને નજરઅંદાજ કર્યું. પણ વારંવાર તેની ઝાંખી રસોડામાં થતી હતી. બનતી રસોઈમાં પણ તેનાં જ સ્વાદ-સુગંધ અનુભવાતાં હતાં. મક્કમપણે રીંગણને હાંસિયામાં ધકેલીને મહેમાન માટે જાતજાતની વાનગીઓ બનાવી.

આંગળાં ચાટી જાય એવી રસોઈ જમીને નલિનભાઈનો પરિવાર ડ્રૉઇંગરૂમમાં ગોઠવાયો. રીંગણ વગરની વાનગીઓ પીરસીને અમારા એમની સામે ગૌરવથી જોઈને ઇડરિયો ગઢ જીત્યાનો આનંદ મનોમન લેતી હતી. મારી બનાવેલી રસોઈનાં ભરપૂર વખાણ થાય તે માટે કાન અધીરા બન્યા હતા. બાકીનું કામ આટોપવામાં હતી પણ કાન અને મન તો... થોડી વાર ધીરજ ધરી પણ પછી લાગ્યું,

‘આ નલિનીયો ને પન્નાડી તો સાવ કોરાધાકોર છે. બધું જ ભુખ્ખડની જેમ ઝાપટીને કેવાં પગ ઉપર પગ ચઢાવીને ગોઠવાઈ ગયાં છે! આટઆટલી મહેનત કરીને રસોઈ બનાવી પણ એમ નહિ કે જરા વખાણીએ.’

અમારા એ તો સાવ વાસી થઈ ગયેલા રીંગણની જેમ મોં લટકાવીને બેસી ગયા હતા. મિત્રને રીંગણની કોઈ વાનગી જમાડી ના શક્યા એ વાતનું દુઃખ એમના ચહેરા

ઉપર લાખ છુપાવવા છતાંય ટપકતું હતું. બધું જ લૂંટાઈ ગયું હોય તેમ વાતોમાં ધીમો ધીમો સૂર પુરાવતા હતા. સુદામા બની તેમના દારિદ્રયને જાણે ઢાંકવા પ્રયાસ કરતા હતા. હાંસિયામાં ધકેલાઈ ગયેલા રીંગણ વગરના જીવનને કારણે છોડ ઉપરથી પડું પડું થઈ રહેલા મિ રીંગણલાલ સોફા ઉપર માથું ઢાળીને બેઠા હતા. રીંગણનો વિરહ સહન ના થતાં આખરે તંદ્રામાં સરી જતાં જાહેરમાં રીંગણાં જોખવાનું શરૂ કર્યું. કાયમ આનંદમાં રહેતા મિત્રના મૂડની નોંધ લેતાં નલિનભાઈએ તેમને ઢંઢોળીને પૂછ્યું, 'દોસ્ત, કેમ આમ આજે ઉદાસ છે? અમારી સાથે ખાસ જમ્યો પણ નહિ?' એમનો રીંગણાં વિષાદ ઘૂંટાઈને બહાર આવે તે પહેલાં જ મેં કહ્યું, 'ના, એમને કાલનું કશુંક પેટમાં દુખે છે.' જવાબ સાંભળીને એ તો ભારે ગુસ્સાથી મારી સામે ધારદાર નજર કરીને જોઈ રહ્યા હતા. પરંતુ તેમની સત્તા ઉપર વિજયવાવટો ફરકાવતાં મેં પણ ઠંડા પાણીનો ગ્લાસ ધરી જ દીધો.

પતિ પત્ની વચ્ચે કશુંક રંધાઈ રહ્યું છે તેવું પામી જતાં નલિનભાઈ બોલ્યા, 'સરલાભાભી, તમે બહુ સરસ રસોઈ બનાવી હતી. અમને તો જમવાની ખૂબ મજા આવી. તમારું આખુંય મેનુ અપટુડેટ પણ એમાં બે વસ્તુ મિસિંગ હતી. એક તમારા હાથનો રીંગણનો ઓળો અને બીજું બા બનાવતાં હતાં એ રીંગણનો રગ્ગડ હોત તો એકદમ ટેસડો પડી જાત.' વળી પાછાં રીંગણ..! એકાએક થાક અને કંટાળો મને ઘેરી વળ્યો. જાતજાતનું બનાવીને જમાડ્યા એ નથી જોતા અને આમને પણ વળી રીંગણ જ મિસિંગ લાગ્યાં? મૂવાં તમારાં રીંગણ...બધા એક જ જમાતના છો. રીંગણ....રીંગણના હથોડાથી તો મને તમ્મર આવી ગયાં. 'હવે આ ઘરમાં હું, કાં તો આ તમારાં રીંગણાં... 'અંતે આટલાં વર્ષોનો મનમાં ઘૂંટાયેલ આક્રોશ મારી આંખોમાંથી વરસતો હતો. અમારાં બન્નેની નજર સામસામે ટકરાઈ. રવૈયાથી લઈને ભુટ્ટાનો મહાસંગ્રામ શરૂ થવાની તૈયારીમાં જ હતો. બન્ને યોદ્ધા સામસામે આવી ગયા હતા.

મનમાં ગોઠવાયેલા શાબ્દિક યુદ્ધ દ્વારા સામસામે તણખા ઝરે તે પહેલાં આ અશાંત પરિસ્થિતિને નલિનભાઈએ શાંતિ સંદેશ જાહેર કરતાં કહ્યું, 'પંકજ, કાન ખોલીને સાંભળી લે અને મને વચન આપ કે, હવેથી માત્ર ને માત્ર અઠવાડિયામાં બે દિવસ જ રસોઈમાં રીંગણ બનશે, બોલ, મંજૂર છે તને?' એક બાજુ મિત્રની શરત...વચન અને બીજી બાજુ શ્વાસ પ્રાણ...શું કરવું...? અંતે ભારે હૃદયે... 'ચલો હવે, બધા કહો છો તો મંજૂર પણ...' 'પણ બણ કઈ નહિ, અઠવાડિયામાં બે વાર એટલે માત્ર બે જ વાર રીંગણ બનશે' નલિનભાઈએ મક્કમતાપૂર્વક આદેશ કર્યો.' 'અરે હા ભઈ હા. તમે બધા ભેગા મળીને મને રીંગણના ગુણ તો નહિ ગાવા દો, પણ બોલવા તો દો... હવે મને એમ કહો કે મારાં રીંગણ ઉપર આટલું મોટું રેશનિંગ પણ આમના ઢોસાનું શું? 'હા ભાભી, પંકજની વાત તો સાચી છે તમારે પણ... અને આખરે રીંગણ અને ઢોસાને સમાન ત્રાજવે તોલવા મેં પણ હૃદય ઉપર પથ્થર રાખીને ઢોસા સિવાય બીજું ઘણું બધું ખાઈ શકાય તે વાતનો જાહેરમાં સ્વીકાર કર્યો. આ આમૂલ પરિવર્તનથી અમારા દાંમ્પત્ય જીવનના એક નવા વળાંક સાથે ડેઝર્ટમાં આઇસક્રીમ પીરસવામાં આવ્યો. હા પણ એ રીંગણનો નહિ હો...!

■

# 'મધ્યકાલીન સાહિત્ય સંસર્ગ' : વિદ્યાતપની ફલશ્રુતિ

દર્શના ધોળકિયા

ડૉ. રમણ સોની એટલે વિદ્વાન પ્રાધ્યાપક, સ્વસ્થ વિવેચક, ઉત્તમ સંપાદક, સહૃદય ચરિત્રકાર, શ્રેષ્ઠ અનુવાદક ને ઉત્તમ હાસ્યકાર – સાચા અર્થમાં બહુમુખી પ્રતિભા ધરાવનાર વિત્તવાન વ્યક્તિત્વ. તેમની પાસેથી આ બધું મળીને ત્રીસેક જેટલા ઉત્તમ ગ્રંથો ગુજરાતી સાહિત્યને સાંપડ્યા. મધ્યકાલીન સાહિત્યને તેમણે હૃદયપૂર્વક ચાહ્યું જ નહીં બલકે આરાધ્યું. તો અર્વાચીન અને આધુનિક સાહિત્યના પણ કેટકેટલા સંદર્ભો તેમણે ખોલી આપ્યા. પચીસ વર્ષ સુધી 'પ્રત્યક્ષ' જેવા ગ્રંથાવલોકનના માતબર સામયિકનું સંપાદન કરવાની સાથે સાથે સંપાદકીય નિમિત્તે તેઓ અનેક મુદ્દાઓમાં ફરી વળ્યા. ગુજરાતી સાહિત્યના દરેક યુગની, સર્જકની તેમણે કરેલી સૂક્ષ્મ ચકાસણી એક સદા જાગ્રત સાહિત્યોપાસક તરીકેની એમની મુદ્રા રચે છે.

તાજેતરમાં પ્રગટ થયેલું તેમનું વિવેચનલેખોનું પુસ્તક 'મધ્યકાલીન સાહિત્ય સંસર્ગ' તેમના વ્યાપક અભ્યાસી વ્યક્તિત્વનું પ્રમાણ બને છે.

પ્રસ્તુત પુસ્તકમાં લેખકે મધ્યકાલીન અભ્યાસને પ્રગટ કરતા સર્વ લેખોના ચાર ખંડો પાડ્યા છે. એમાંનો પહેલો ખંડ મધ્યકાલીન સાહિત્યવિષયક છે, બીજો મધ્યકાળના પ્રમુખ કવિઓની કવિતા વિશે છે, ત્રીજો ખંડ પ્રેમાનંદની આખ્યાનકૃતિઓ તેમજ અન્ય સર્જકોની કૃતિઓનો આસ્વાદ કરાવે છે, તો ચોથા ખંડમાં મધ્યકાળ વિશે થયેલાં અત્યંત મહત્ત્વનાં સંશોધન–સંપાદન વિશેનો છે.

નિવેદનમાં લેખક નોંધે છે તેમ, મધ્યકાલીન સાહિત્ય સાથેનો તેમનો સંસર્ગ આમ તો છેક વિદ્યાર્થીકાળથી જ. પણ મધ્યકાલીન સાહિત્ય મન પર કબજો જમાવી શક્યું અનંતરાય રાવળના મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસ ગ્રંથ દ્વારા. પછીથી અર્વાચીન અને આધુનિક સાહિત્ય રોમાંચક લાગવા માંડેલું ત્યારે પણ મધ્યકાલીન સર્જકોની કૃતિઓમાં રહેલી વિદગ્ધતા અને સર્વકાલીનતા લેખકના માનસપટ પર છવાયેલી. એમાં ગુજરાતી સાહિત્ય કોશના સંપાદનનો અનુભવ અને મધ્યકાલીન સાહિત્ય વિશેનાં વકતવ્યો, ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠમાં કરેલું કાર્ય ઉમેરાતાં લેખકની આ સાહિત્ય વિશેની પ્રીતિ સંવર્ધિત થતી રહી. આ પ્રકારે પાંચેક દાયકાથી થતું રહેલું લેખકનું વિદ્યાતપ અહીં ઉજાગર થયું છે.

મધ્યકાળના સર્જકો કે કૃતિઓ વિશે વાત કરતાં પહેલાં લેખકે એ કાલખંડને મૌલિક અભિગમથી નિરીક્ષ્યો છે. જે અત્યાર સુધી મધ્યકાળ માટે સંકુચિત દૃષ્ટિ ધરાવતા

અભ્યાસીઓ માટે આંખ ઉઘાડનારો ને વિચારપ્રેરક બની રહે છે : એમણે લખ્યું છે કે 'ગુજરાતમાં ત્યારે પણ કેટકેટલા ધર્મ-સંપ્રદાયો ને ભક્તિમાર્ગો હતા — વૈષ્ણવ, શૈવ, શક્તિ, સ્વામિનારાયણ, જૈન, ઇસ્લામ, જરથોસ્તી; પ્રેમલક્ષણાભક્તિમાર્ગ અને અદ્વૈત જ્ઞાનમાર્ગ, સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિ! પણ દરેકે પોતપોતાની દિશામાં ગતિ કરતી વખતે બીજાની ગતિનો ન તો અવરોધ અનુભવ્યો, ન તો અવરોધ ઊભો કર્યો, ધર્મ સાથે સ્વ-ધર્મ-ભક્તિ-માર્ગનું સમત્વ ઊપસતું રહ્યું. ક્યારેક અદ્વૈત અને નિર્ગુણ ઉપાસનામાં હિંદુ અને ઇસ્લામનો સમન્વય પણ જોવા મળે છે; 'રામાયણ' આદિ પ્રાચીન મહાકાવ્યોનાં કથાનકો આલેખવાની પરંપરા જૈન અને જૈનેતર બંને કવિઓમાં, પોતપોતાનાં ધર્મ-તત્ત્વો સાંકળીને પણ, એકસરખી ચાલતી રહેલી છે.' (પૃ.૩)

આ ગાળાના સાહિત્યમાં કેન્દ્રસ્થાને ભલે ધર્મ હોય પણ એમાં બાકીનું આખું વર્તુળ ધર્મ-ભીના સંસારથી વ્યાપેલું હતું. એમ કહેતા લેખકને મતે, 'મધ્યકાલીન કવિતાનું આ ઐશ્વર્ય છે - બંને અર્થમાં. એમાં ઈશ્વરપરાયણતા પણ છે, એ રીતે એ ઐશ્વર્યમય છે ને એ વ્યાપ તથા ઊંડાણ બન્નેની રીતે સમૃદ્ધ છે - એ રીતે પણ એ ઐશ્વર્યશાળી છે.' (પૃ. ૪) એટલે જ મધ્યકાળના કવિઓ પ્રત્યે અંજલિબદ્ધ બનતા લેખક બિલકુલ ઢળ્યા વિના 'એ કવિઓ મધ્યકાળમાં સર્જનરત ને ભક્તિનિરત હતા' (પૃ. ૩) એમ કહીને એમને અભિવાદે છે.

આવા 'મધ્યકાલીન સાહિત્યનું અધ્યયન અને અધ્યાપન' કરવા-કરાવવાની ચર્ચા માંડતા રમણભાઈમાંનો અધ્યાપક મહોરી ઊઠ્યો છે. તેમને મતે મધ્યકાળના ઉત્તમ સર્જકોની કૃતિઓનાં મૂળ સુધી જો આપણે જઈએ અને પ્રેમાનંદ-અખા આદિની અજાણી કૃતિઓમાં પણ વિહરીએ ને એનો રસ ચાખતાં શીખીએ તો આ કવિઓની સમયનિરપેક્ષ સૌંદર્યરેખાઓનો આહ્લાદક અનુભવ થવાનો. 'મધ્યકાલીન સાહિત્યના અધ્યાપન માટે, કૃતિઓના આસ્વાદ-પરિશીલનથી ને સંદર્ભગ્રંથોના અધ્યયનથી ઊઘડનારી વિદગ્ધ-રસિક સજ્જતા મહત્ત્વનું સોપાન છે. આપણે જેને અધ્યાપનના 'પ્રશ્નો' કહીએ તે પણ મોટા ભાગના, આવી સ્વધ્યાયશીલતાથી જ ઊકલતા જવાના.'(પૃ.૧૧)

મધ્યકાલીન સાહિત્ય સંદર્ભે રમણભાઈ જેવા સૂઝબૂઝ ધરાવતા અધ્યાપક ને અભ્યાસી પાસેથી જ સાંપડે એવાં કેટલાંક નિરીક્ષણો કૃતિના બીજા ખંડમાં પ્રાપ્ત થાય છે. મધ્યકાળના પ્રમુખ કવિઓની વાત કરતાં રમણભાઈ પુરબહારમાં ખીલ્યા છે. નરસિંહ વિશે તેમણે કરેલું આ વિશદ નિરીક્ષણ જુઓ : 'શાને કારણે એક ઊર્મિકાવ્યકાર નરસિંહની પ્રતિભા એક મોટા ગજાના, એક મેજર સર્જકની પ્રતિભા છે? તો એનો ટૂંકો કરેલો જવાબ એ છે કે, ભક્તિગાનને ઉત્તમ સૌંદર્યદર્શી રૂપ આપવામાં અને તત્ત્વવિચારની સંકુલતાને પ્રેમસંવેદનના એક વિશેષ પરિમાણથી મૂર્ત કરી આપવામાં નરસિંહની કવિતાની મહાનતા રહેલી છે. ગુજરાતી ભાષાના વાણીરૂપને સમૃદ્ધ કરનાર એના ભાષાપ્રભુત્વનો તથા એની વિદગ્ધ રસિકતાનો પણ એમાં મોટો ફાળો છે. એથી એક તરફ મધ્યકાલીન ગુજરાતી કાવ્યકલાનો એ આદિ કવિ છે તો બીજી તરફ ૧૭મી સદીમાં અખો અને પ્રેમાનંદ જેવી બીજી મોટી કવિપ્રતિભાઓ પ્રગટે ત્યાં સુધી નરસિંહની પ્રતિભા એક મુખ્ય તેજરાશિ રૂપે ગુજરાતીની કવિતાધારાને ઉજાળતી રહી છે. મધ્યકાળની એ સર્જકત્રયી ગુજરાતી કવિતાની

એક મૂલ્યવાન સંપદા છે.' (પૃ. ૩૮) તો મીરાંની કવિતાની ચર્ચા કરતા લેખનું શીર્ષક જ મીરાંને અપાયેલી ઉત્તમ અંજલિ બની રહી છે : 'મંજુલ અને દ્યુતિમંત કવિ-સ્વર'.

શામળની વાર્તાઓને વિગતે ચર્ચતા લેખમાં, 'પ્રતીતિકરતાને વચ્ચે લાવ્યા વિના, રંજકતાને લક્ષ્ય કરનાર શ્રોતા શામળની વાર્તાને વધુ માણી શકે.'(પૃ.૫૭) એવું લેખકે છેવટે કરેલું વિધાન લેખકની માર્મિકતા અને અવલોકનશક્તિનો સાથેલાગો પરિચય કરાવે છે.

નરસિંહ અને દયારામની કવિતાના શૃંગારને મૂલવતાં લેખકની સ્વસ્થ જીવનદૃષ્ટિ નોંધપાત્ર બને છે : 'જીવ-શિવનાં કે ઈશ્વર-સમર્પણનાં રૂપકોમાં વીંટાયેલાં રાધા-કૃષ્ણનાં પ્રતીકો ભાગવતાદિમાંથી આવ્યાં ને જયદેવ જેવા, ને પછી નરસિંહ જેવા કવિઓની કવિતામાં એ ગૂંથાયાં તેના મૂળમાં પણ રાધા/ગોપી અને કૃષ્ણ વચ્ચેનું જે અપ્રતિરોધ્ય પ્રેમસંવેદન છે એને શું મનુષ્યસંવેદન સાથે કશી જ લેવાદેવા નથી? એ શું કેવળ પરંપરાનું રટણ જ રહ્યું છે? નરસિંહની કવિતામાં જ્યારે, આલિંગન દરમ્યાન 'કઠણ પયોધર ખૂંચે તન' પણ 'માખણ પે અતિ કોમળ અંગ' એવી કવિવિશિષ્ટ અભિવ્યક્તિ આવે કે દયારામમાં 'કેડ મરડીને ઘડો મેં ભર્યો' એવું કવિવિશિષ્ટ સૌન્દર્ય-નિરીક્ષણ આવે ત્યારે પરંપરાના મુખ્ય પ્રવાહની વચ્ચે એક કવિ-મનુષ્યનું સંવેદન પણ ઊપસી રહે છે ને એ એની સર્જક તરીકેની વિશેષતા બલકે ઉત્તમતા છે! (પૃ.૭૪)

કવિ વિષ્ણુદાસની કૃતિ 'ચંદ્રહાસઆખ્યાન'ના સંદર્ભમાં રમણભાઈએ તુલનાત્મક અભિગમથી કરેલા સઘન અભ્યાસનો લાભ અન્ય મધ્યકાલીન સર્જકોનાં 'ચંદ્રહાસઆખ્યાનોને મળ્યો છે. લગોલગ પ્રેમાનંદની આ વિશેની કૃતિને વિશેષ સાંપડ્યો છે. પ્રેમાનંદની આ કૃતિને આગવી રીતે મૂલવતાં લેખકે એમાં શાલિગ્રામના મહિમાનું સ્થાપન નિરીક્ષ્યું છે. લેખકને મતે કૃતિ તરીકે આ કૃતિ નબળી હોવા છતાં એમાં થયેલો શાલિગ્રામનો મહિમા કૃતિના નાયક કરતાં પણ ચડી જાય એ રીતે આલેખાયો છે. પ્રેમાનંદનાં આખ્યાનો વિશે અત્યાર સુધી થયેલાં અનેક મૂલ્યાંકનોમાં લેખક આ નવું પરિમાણ ઉમેરે છે. ચંદ્રહાસની કથાની મૂળ 'જૈમિનીય આશ્વમેધિક પર્વ'ની કૃતિ સાથે મધ્યકાળની આ વિશેની અન્ય કૃતિઓની લેખકે કરેલી તુલના એમના અભ્યાસના સાતત્યને ચીંધે છે. આ તુલના કરવા પાછળ કૃતિના મૂળમાં જવાની લેખકની ઝંખના અને કેટલાક પૂર્વસૂરિઓએ આ પ્રકારના કરેલા સંપાદનમાં કરેલી ક્ષતિને નિવારવાની લેખકની ઊહાપોહની પ્રશંસનીય વૃત્તિ પણ વરતાય છે.

સામાન્ય વાચક કે ભાવક માટે તો ઠીક, પણ મધ્યકાળના અભ્યાસીઓ માટે પણ અજાણી હોય એવી કેટલીક કૃતિઓનેય લેખકે હાથમાં લીધી છે. દા.ત. યશોવિજયકૃત 'સમુદ્ર-વહાણ સંવાદ'. મધ્યકાળના વિપુલ કાવ્યરાશિમાં આવી કૃતિઓ અભ્યાસીઓની નજર બહાર રહી ગઈ હોય છે. જેને ઉજાગર કરવાનું કામ લેખકે કર્યું છે.

મધ્યકાળ વિશે થયેલાં કેટલાંક વિશેષ કાર્યોની પણ રમણભાઈએ ગંભીર નોંધ લીધી છે જેમ કે, નિલીમા શુકલ-ભટ્ટ દ્વારા નરસિંહ વિશે અંગ્રેજીમાં થયેલો સ્વાધ્યાય; પ્રો. જયંત કોઠારી દ્વારા તૈયાર થયેલો મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ તેમજ મોહનલાલ દેસાઈ સંપાદિત અને પ્રો. જયંત કોઠારી દ્વારા પુનઃ સંપાદિત જૈન ગૂર્જર કવિઓની અભ્યાસપૂર્ણ ચર્ચા લેખકે કરી છે.

હસ્તપ્રતો સાથે સતત સંકળાયેલા રહેલા લેખક હસ્તપ્રતોને કેટલા ચાહે છે એનો ખ્યાલ કાવ્યાત્મક શૈલીમાં લેખકે આપ્યો છે : 'આ હસ્તપ્રતો, એની ઉપર વિવિધ સમયના ને અનેકવિધ લેખનકારોના હસ્તાક્ષરો છે એટલી વાત પણ બહુ રોમાંચક છે, નયનસુખ આપનારી છે. એ રોમાંચ પછી વધતો જાય છે : વિવિધ અક્ષર-મરોડો (કેટલાક તો કેવા મરોડદાર'!), આલેખનકૌશલથી સ્વસ્તિકાદિ ઉપસાવતા આખા પાનાના આકારો, કાળી અને લાલ શાહીથી, ક્યાંક (વિરલ પ્રતોમાં) રાતી કે ભૂરી પશ્ચાદ્‌ભૂ ઉપર સુવર્ણ-રજત હસ્તાક્ષરોની ઊઠતી ભાતો. કેટલીક સ-ચિત્ર પ્રતો છે, એમાં વિવિધ વનસ્પતિરંગોથી આલેખાયેલાં સાદાં ને ક્યાંક વિશેષ કલા-કારીગરીવાળાં ચિત્રો છે. એમાંય લાક્ષણિક શૈલીવિશેષો. સચિત્ર પ્રતોમાં આલેખકનાં શ્રમ અને કલાકૌશલનો સંગમ થયેલો હોય. હસ્તપ્રતનું આ બહિર વિશ્વ હજુય વધુ આશ્ચર્યભરી વિગતોવાળું રસપ્રદ છે. (૧૮૫-૧૮૬) આ મંતવ્ય સંશોધક રમણભાઈનું છે. જેની લગોલગ પછી આસન માંડે છે લેખકમાં રહેલો અધ્યાપક ને વિદ્યાને સેવનારો ને એની પરંપરાને આગળ વધારવા ઇચ્છતો આચાર્ય, જે કહી બેસે છે : 'એટલે, કેવળ પરિસંવાદોથી, હસ્તપ્રતવિદ્યાનાં થોડાંક પુસ્તકોથી નહીં ચાલે.. એનું મહત્ત્વ જરાય ઓછું નથી પણ એ પરિસંવાદો ને એ ગ્રંથો સંપ્રેરક બને, મોટિવેટ કરનાર થાય. વિચારો પ્રયોગમાં મુકાઈને મૂર્ત બને. પ્રાચ્યવિદ્યાઓના વરસોના અનુભવી સંશોધકો, સંસ્થાનિયામકોની સક્રિયતાથી હસ્તપ્રત-વાચન-સંશોધનની, એક પાતળી તો પાતળી પણ આવકાર્ય પરંપરા ફરી આરંભાય, આપણા વિવેચન-સંશોધનનું એક મહત્ત્વનું પાસું, જે મૃતપ્રાય સ્થિતિમાં છે એ ફરી ક્રિયાન્વિત થાય, તો આપણી વિદ્યાપરંપરાનો એક લુપ્ત પ્રવાહ ફરી વહેતો થાય.' (પૃ.૧૮૯)

મધ્યકાલીન સાહિત્યને સમગ્રતાથી ચાહતા રમણભાઈએ કરેલાં કેટલાંક સૂચનો મધ્યકાળના અભ્યાસીઓની પછીની પેઢી માટે નવા અભ્યાસનાં દ્વાર ઉઘાડી આપે એવાં છે : 'આ બધું જોતાં લાગે છે કે, આપણે ત્યાં થયેલાં પ્રાચીન કૃતિઓનાં પાઠસંપાદનોની પદ્ધતિનો ઇતિહાસ પણ લખાવો જોઈતો હતો. એ લખાયો હોત/હજુ પણ જો લખાય તો, ક્રમશઃ પાઠસંપાદન પદ્ધતિ કેવી બદલાતી-વિકસતી ગઈ એનો રસપ્રદ અને સંશોધન-ઉપયોગી ઇતિહાસ મળી શક્યો હોત/મળી શકે.' (પૃ.૨૩)

મધ્યકાલીન કાવ્યકૃતિઓને તપાસતી-ચકાસતી-આસ્વાદતી વખતે શું કરવું જોઈએ એનું માર્ગદર્શન પણ અહીં સાંપડે છે : 'મધ્યકાલીન કાવ્યકૃતિઓને એના સમયના સંદર્ભમાં જોવાની હોય - એવો એક બહુસંમત અભિપ્રાય છે. સમયનો સંદર્ભ એટલે એક તરફ એ સમયનો સામાજિક બલકે સાંસ્કૃતિક પરિવેશ અને લોકમાનસ, તો બીજી તરફ એ સમયની આખી કાવ્યપરંપરા – ઊર્મિમૂલક પદકવિતાની તેમજ આખ્યાન-રાસ-પદ્યવાર્તા આદિ દ્વારા આવતી કવિતાની પરંપરા. કાવ્યમાં આવતાં સાદશ્યો, રૂપકો, દૃષ્ટાંતો તેમજ કથાઘટકો, નાનીમોટી ઘટનાઓ, એ ઘટનાઓનાં નિરૂપણ સુધ્ધાં કવિએ પૂર્વપરંપરામાંથી સીધાં કે ઓછા-વધારે ફેરફાર કરીને લીધાં હોય. આવા સંજોગોમાં કોઈ આસ્વાદક વિવેચક પોતાને જણાયેલી કવિની કોઈ મૌલિકતા પર, પરંપરાથી અજાણ હોવાથી, પ્રશંસાપુષ્પો વેરવા માંડે ત્યારે બહુધા એને (મૂળ પરંપરા જાણતાં કે જણાવાતાં) ભોંઠા પડવાનું આવે. પરંપરાનો સરખો અભ્યાસ ન હોય તો ટીકા-નિંદાનું પણ આવું જ થાય. એટલે જ,

મધ્યકાલીન સાહિત્યકૃતિઓની, ક્યારેક ખેંચીતાણીને લાવેલી, ક્યારેક વળી આરોપેલી-ચોંટાડેલી ‘કાવ્યકલા’નો કે મધ્યકાલીન સર્જકોની ફુલાવેલી ‘કાવ્યસિદ્ધિ’નો, મુગ્ધભાવે કરેલો આસ્વાદ-મહિમા અર્થહીન ને ઉપહાસનીય પણ બની રહે. (પૃ.૮૨) પછી રમણભાઈ ઉમેરે છે,

‘પરંતુ એક બીજી સ્થિતિ પણ છે. મધ્યકાલીન સાહિત્ય-કૃતિઓને સમયના કે પરંપરાના નર્યા દસ્તાવેજ તરીકે જોવાનો અભિગમ પણ એટલો જ ખોટો છે. એટલે આ કૃતિઓની તપાસ કેવળ સંશોધનમૂલક અહેવાલ બની રહી હોય, એ તપાસમાં કેવળ વિગતદર્શન-કેન્દ્રી બની જવાયું હોય એવું પણ કેટલાંક સંશોધનો-વિવેચનો જોતાં લાગે. ભક્તિનો કે ભક્તનો નર્યો મહિમા નિરૂપતાં ચરિત્ર-ઉપદેશ-કથાનકોમાં અને ભક્તિકવિતા કે ચરિત્રકવિતામાં ફેર હોય છે. એ ફેર શો અને કેવો હોય છે એમાં આપણો જિજ્ઞાસા-પ્રવેશ થવો જોઈએ ને? સમયના સંદર્ભોમાં પણ કવિતાને કવિતા તરીકેય જોઈ શકાય, જોવી જોઈએ. સંદર્ભ તો, ભલે દૃઢ રીતે વળગેલી પણ એક પશ્ચાદ્‌ભૂ છે. એની ઉપર કવિતાનું, ભલે ક્યારેક આછું-પાતળું પણ નકશીકામ થતું હોય છે. નજર આપણી કેવળ પશ્ચાદ્‌ભૂમાં જ ખોડાઈ રહેવાને બદલે, (એને ખ્યાલમાં રાખીનેય) પેલા નકશી-સૌંદર્યમાં પરોવાવી જોઈએ. (પૃ.૮૨-૮૩)

વળી મધ્યકાલીન કૃતિઓની તપાસ નિશ્ચિત વિભાગો દ્વારા અનુગતિક રીતે થાય તો એ તપાસ નિર્જીવ બની જાય એટલે લેખકનું કહેવું છે : ‘એટલે ન તો સંદર્ભનું અજ્ઞાન કે એની અવગણના, ન કેવળ સંદર્ભનિષ્ઠતા કે ન નિર્જીવ તપાસપદ્ધતિ; પરંતુ સંદર્ભને અનુસ્યૂત રાખીને થતી, કાવ્યનાં વિવિધ પરિમાણોમાં પ્રગટી શકનારા કાવ્યસૌંદર્યની ખોજ એમાંથી ઉપલબ્ધ થતાં પ્રસન્નતા અને નારાજગી – એ મધ્યકાલીન કૃતિઓની પાસે જવાનો એક સ્વસ્થ ને ઉચિત ઉપક્રમ બની શકે.’ (પૃ.૮૩)

આ કૃતિમાં મધ્યકાળની ગાથા લેખકે માંડી છે એટલે મધ્યકાળની જ શૈલી વાપરીને કહીએ તો એનો હેતુ છે : ‘મધ્યકાલીન સાહિત્યના અધ્યાપન સાથે જેમનું પાનું પડ્યું છે કે જેમણે પાનું પાડ્યું છે એવા અધ્યાપક મિત્રો સાથે થોડીક વાતો કરવાનો બલકે કંઈક સંતલસ કરી લેવાનો આ ઉપક્રમ છે.’ (પૃ.૮)

લેખકનાં તમામ પાસાં પર વિજયી થતું અધ્યાપકનું પાસું આખરે તો આ જ કરે ને? એટલે જ આ ઘટના કૃતિના અર્પણ સાથે પણ જોડાય છે. લેખકની અનુજ પેઢીનાં મધ્યકાળના અભ્યાસીઓને આ પુસ્તક અર્પણ કરીને મધ્યકાળના અભ્યાસની પરંપરા દૃઢતર બની રહે એમ લેખકે ઇચ્છ્યું છે. જે એમની પરિપક્વ પરંપરાપ્રીતિને ચીંધે છે. સમગ્ર રીતે કૃતિ મધ્યકાલીન સાહિત્યનો સંસર્ગ કરાવવાની સાથોસાથ લેખકની રસાળ અભ્યાસનિષ્ઠાનો સત્સંગ કરાવવામાં સફળ નીવડે છે.

(મધ્યકાલીન સાહિત્ય સંસર્ગ, રમણ સોની, ઝેન ઓપસ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૨૬, કિં. ૩૫૦)

■

# શબ્દથી સર્જક સુધીની યાત્રા : ‘સર્જકની આંતરકથા : ઉત્તરાર્ધ’

દશરથ પટેલ

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સર્જક અને તેની સર્જનપ્રક્રિયાને સમજવાના પ્રયત્નો હંમેશાં વિશેષ મહત્ત્વ ધરાવતા રહ્યા છે. કવિ ઉમાશંકર જોશીએ ૧૯૮૪માં સંપાદિત કરેલું ‘સર્જકની આંતરકથા’ આ દિશાનું એક ઐતિહાસિક અને નોંધપાત્ર સંપાદન રહ્યું છે. જેમાં તેમણે જુદા જુદા સર્જકોની કેફિયતો દ્વારા સર્જકના જીવન, અનુભવો અને સર્જનના મૂળને સમજવાનો સરાહનીય પ્રયાસ કર્યો હતો. લગભગ ચાર દાયકાના અંતરાલ પછી એ જ પરંપરાને આગળ ધપાવતાં ડૉ. ઉષા ઉપાધ્યાય ‘સર્જકની આંતરકથા : ઉત્તરાર્ધ’ (ભાગ-૧ અને ભાગ-૨; પ્ર. આ. : ૨૦૨૬) નામે એવો જ એક ઐતિહાસિક અને સંદર્ભમૂલ્ય ધરાવતો ગ્રંથ સંપાદિત કરે છે. જેમાં સર્જકોની કેફિયતો દ્વારા સર્જકના જીવન, અનુભવો અને સર્જનના મૂળને સમજવાનો પ્રયાસ થયો છે.

પરંતુ આ બંને ગ્રંથોના પ્રકાશન વચ્ચેનો સમયગાળો ગુજરાતી સાહિત્ય માટે અનેક રીતે નવોન્મેષનો રહ્યો છે. ઉમાશંકર જોશીનું સંપાદન ગાંધીયુગ-અનુગાંધીયુગના સર્જકો અને સર્જનની તાસીરને રજૂ કરે છે, તો ઉષાબહેનનું સંપાદન અનુઆધુનિક યુગના સર્જકો અને સર્જનની તાસીરને તાકે છે. આપણે ત્યાં આધુનિકયુગમાં ‘કલા ખાતર કલા’નો જે આવિષ્કાર થયો એમાં સર્જકનાં અંગત જીવન અને સર્જન વચ્ચેનો સેતુ અલાયદો રહ્યો. અનુઆધુનિકમાં ફરીથી પાછા, ‘જીવન ખાતર કલા’માં જોડાયો એ આ સંપાદનમાં સંપાદિત સર્જકોની કેફિયતોમાં જોઈ શકાય છે. ઉષાબહેને એ વાતને પ્રસ્તાવનામાં બખૂબી નોંધી છે. એ વાત પણ આપણે આગળ જોઈશું.

ઉષાબહેન મૂળે તો તત્ત્વતઃ કવયિત્રી; પરંતુ તેમની પ્રતિભા માત્ર કવિતાસર્જન પૂરતી મર્યાદિત નથી. તેમણે એકાંકી, અનુવાદ, વિવેચન, સંશોધન, સંપાદન અને સાહિત્યના અધ્યયન-અધ્યાપન જેવાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

ખાસ, સંપાદક અને સંશોધક તરીકે પણ તેમનું પ્રદાન વિશેષ નોંધપાત્ર છે. ખાસ નોંધ લેવી પડે એવાં સંપાદનોમાં નારી સપ્તકશ્રેણી અંતર્ગત ‘ગુજરાતી લેખિકાઓની પ્રતિનિધિ વાર્તાઓ’, ‘ગુજરાતી લેખિકાઓનાં પ્રતિનિધિ નિબંધો’ અને ‘ગુજરાતી લેખિકાઓનાં પ્રતિનિધિ આત્મકથ્ય’ દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યમાં નારીલેખનને સુવ્યવસ્થિત રીતે રજૂ કર્યું છે. ઉપરાંત, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી કવયિત્રીઓના કાવ્યસર્જનને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરતાં ‘રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા...’ (૨૦૦૭) અને

‘શૂન્યતામાં પૂરેલા દરિયાનો તરખાટ’ (૨૦૦૭) જેવાં સંશોધન-સંપાદનો દ્વારા તેમણે ગુજરાતી કવયિત્રીઓની આશરે પાંચસો વર્ષની કાવ્યપરંપરાને એકત્રિત કરીને ગુજરાતી સાહિત્યને મૂલ્યવાન ઍન્થૉલૉજી અર્પણ કરી છે. એમના સર્જન-સંપાદન-સંશોધનની બધી યાદી તો નથી આપતો, પરંતુ એટલું જરૂર કહીશ કે, ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ એમનું સર્જકકર્મ ઉત્તમ તો રહ્યું જ છે, સાથે સાથે ગુજરાતી સાહિત્યની સમૃદ્ધ પરંપરાને નવી દૃષ્ટિ, નવી સંવેદના અને નવા સંદર્ભો પ્રદાન કરનારું પણ રહ્યું છે.

જોઈએ, તાજેતરમાં જ પ્રગટ થયેલું તેમનું બહુમૂલ્ય સંપાદન, ‘સર્જકની આંતરકથાઃ ઉત્તરાર્ધ’ (ભાગ-૧ અને ૨). આ સંપાદન ગુજરાતી સર્જકપરંપરા અને સમકાલીનસર્જન વચ્ચેનો સેતુ રચવાનું કાર્ય કરે છે. બંને ભાગમાં કુલ મળીને ગુજરાતી સાહિત્યના ૮૭ સર્જકોએ પોતાના જીવનઅનુભવો, સર્જનપ્રક્રિયા, સંઘર્ષો અને શબ્દ સાથેના પોતાના સંબંધની વાતો ખૂબ જ નિખાલસતાથી રજૂ કરી છે.

આ સંપાદનનો ખરો અર્થ સમજાવતાં ઉષાબહેન ‘ભીતરનો સાદ એટલે..’ એ અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનામાં નોંધે છે કે, ‘...આધુનિકતાવાદમાં રોલાં બાર્થની ‘ડેથ ઑફ ધી ઑથર’ની અવધારણા પ્રચલિત બની હતી. પરિણામે આધુનિક સાહિત્યમાં કૃતિનો અર્થ કેવળ વાચક અને કૃતિ વચ્ચે જ જોવામાં આવતો હતો. એ સમયે કૃતિને સમજવા માટે લેખકનું જીવન કે એની માન્યતાઓ અગત્યની નહોતી મનાઈ. પરંતુ અનુઆધુનિક યુગની વિચારણામાં ‘પ્લુરાલિટી ઑફ ટ્રૂથ’ - સત્યની બહુલતાનો સ્વીકાર કરવામાં આવ્યો. આ યુગમાં લેખકના જીવન અને તેના સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભોને કૃતિના અર્થઘટન માટે જરૂરી સમજવામાં આવ્યાં. લેખકના જીવન-અનુભવોને ધ્યાનમાં ન લેવાના આધુનિકયુગના દૃષ્ટિકોણને અનુઆધુનિકોએ અધૂરો માન્યો. પરિણામે અનુઆધુનિક યુગના સર્જન-વિવેચન પ્રવાહમાં હાંસિયામાં રહેલા સ્ત્રી, દલિત અને આદિવાસી સમુદાયના અવાજનો સ્વીકાર કરવામાં આવ્યો. આ વર્ગના લેખકોનો જીવનસંઘર્ષ જ એમની કૃતિનો આત્મા બની રહ્યો. આ સ્થિતિમાં એમની કૃતિને એમના જીવનસંદર્ભોથી અલગ કરવાનું સંભવિત ન હતું. અનુઆધુનિક યુગમાં આત્મકથનાત્મક અને સંસ્મરણાત્મક લેખન તરફનો ઝુકાવ વધ્યો, જેના દ્વારા લેખકો પોતાના જીવન-અનુભવો અને ઓળખને પોતાની કૃતિ સાથે જોડવાનું મુનાસિબ માનવા લાગ્યા. આ યુગમાં એ માન્યતા દૃઢ બની કે કૃતિ એ માત્ર પાઠ્ય શબ્દોના અર્થ પૂરતી જ સીમિત નથી હોતી, પરંતુ તે પોતાના સમય, સમાજ અને લેખકના જીવન સાથે પણ ગાઢ સંબંધ ધરાવે છે. આ યુગમાં ફ્રેગમેન્ટેશન અને આઇડેન્ટિટીનો પ્રશ્ન મહત્ત્વનો બને છે. પરિણામે અનુઆધુનિક યુગના સર્જકોના જીવનસંદર્ભોને વ્યાપક સ્વીકૃતિ મળે છે. આ સંદર્ભોને કારણે કૃતિને વધારે વ્યાપક રીતે અને ઊંડાણપૂર્વક સમજી શકાય છે તે સ્વીકારાયું...’ (પૃષ્ઠ૧૨) એટલે એ સંદર્ભે આ ગ્રંથ માત્ર સર્જકોની આત્મકથાનાત્મક કેફિયત પૂરતો મર્યાદિત ન રહેતાં, ગુજરાતી સાહિત્યના વિવિધ પ્રવાહો, સાહિત્યની બદલાતી સર્જનચેતના, સર્જક પેઢીઓ અને અનુભવોને એક સૂત્રમાં બાંધીને એક જીવંત દસ્તાવેજ વ્યક્ત કરે છે.

સામાન્ય રીતે વાચક-ભાવક કોઈ સર્જકની કૃતિમાંથી પસાર થાય ત્યારે સહેજે એવું કુતૂહલ થાય કે, સર્જન પ્રક્રિયા આખરે છે શું? સર્જકની સર્જનયાત્રા ક્યાંથી અને કેવી રીતે શરૂ થતી હશે? જીવનના એવા કયા અનુભવો છે, જે તેમની કલમને ઘડે છે? શબ્દો સુધી

પહોંચવાની તેમની યાત્રા કેવી રહેતી હશે? આ અનેકાનેક પ્રશ્નોના જવાબ આ ગ્રંથમાંથી મળે છે. સર્જકની સર્જનયાત્રાને ઉજાગર કરવાનો અને સાહિત્યની બદલાતી ચેતનાને રજૂ કરવાનો પ્રયાસ આ સંપાદનમાં ઊભરી આવે છે.

આ ગ્રંથની એક નોંધપાત્ર વિશેષતા એ છે કે તેમાં સમાવિષ્ટ આંતરકથાઓને સર્જકોની જન્મતારીખ અનુસાર ક્રમબદ્ધ રીતે ગોઠવવામાં આવી છે. આ ગોઠવણી માત્ર વાચનની સુવિધા પૂરતી મર્યાદિત નથી, પરંતુ સર્જકોની પેઢીગત સંવેદનાઓ, બદલાતા સમયસંદર્ભો અને ગુજરાતી સાહિત્યની પરિવર્તનશીલ સર્જનદૃષ્ટિને પણ સમજવામાં સહાયરૂપ બને છે. એક સર્જકથી બીજા સર્જક સુધીની આ યાત્રા ગુજરાતી સાહિત્યના વિવિધ તબક્કાઓ અને તેની બદલાતી ચેતનાનો પણ પરિચય કરાવે છે.

ચર્ચાના વ્યાપને ધ્યાનમાં રાખતાં કેટલીક નોંધપાત્ર આંતરકથાઓ જોઈએ -

ગ્રંથના ભાગ-૧માં દિનકર જોષી, શાહબુદ્દીન રાઠોડ, ચંદ્રકાન્ત શેઠ, મધુ રાય, શિરીષ પંચાલ, પ્રવીણ દરજી, સુમન શાહ, મોહન પરમાર, યોગેશ જોશી, કિરીટ દૂધાત, પન્ના ત્રિવેદી, અનિલ ચાવડા, રામ મોરી ઇત્યાદિ ૪૩ સર્જકોની આંતરકથા છે.

દરેક સર્જક માટે સર્જનની પ્રક્રિયા અલગ હોય છે એ વાત અહીં સ્પષ્ટ થાય છે. જુઓ, ‘દિનકર જોષી કહે છે કે, ‘સર્જકની કહેવાતી આંતરકથા જો ટૂંકમાં સમજવાની કોશિશ કરવી હોય તો એટલું જ કહેવાય કે બ્રહ્માએ ક, ખ, ગ, ઘ... આપ્યા છે અને હવે આ ક, ખ, ગ, ઘ,...ને આખાએ જેને બાવન અક્ષરનો વસ્તાર કહ્યો છે એ વસ્તાર ક્યાં સુધી પહોંચે છે એ ખરેખર તો એને પેલો ત્રેપનમો અક્ષર જ દોરી જાય છે. આ ત્રેપનમા અક્ષરને કહીશું- ખૂંદી તો ખમે માતા પરથમી વાઢી તો ખમે વનરાઈ, કઠણ વચન ઓલ્યા સાધુડા ખમે નીર તો સાયરમાં સમાય...’ (ભાગ-૧, પૃષ્ઠ ૩૦) તો ચંદ્રકાન્ત શેઠ કવિતાના મૂળને શોધવાની પ્રક્રિયાને અત્યંત મુશ્કેલ, પરંતુ રોમાંચક ગણાવે છે. ‘જેમ ઋષિનું કુળ અને ભાષાનું મૂળ શોધવાનું તેમ મને મારું કવિતાનું મૂળ શોધવાનું – તેનું પગેરું કાઢવાનું કામ પણ પડકારરૂપ, અશક્યવત્ પરંતુ રોમાંચક લાગે છે. ટેટામાંથી વડને પકડવા જેવું એ કામ છે....’ (ભાગ-૧, પૃષ્ઠ ૩૫) તો, યોગેશ જોષી કહે છે કે, ‘...મારો શબ્દ અને હું અલગ નથી. શબ્દ સાથેનો મારો નાતો એ જાણે વૃક્ષ અને બીજ જેવો છે. (‘વૃક્ષમાં બીજ તું... બીજમાં વૃક્ષ તું’-નરસિંહ મહેતા). મારો શબ્દ કર્યા જ કરે છે સમુદ્રમંથન ને પામ્યા કરે છે અમૃત અને વિષ! મારામાંથી બહાર નીકળીને જોઉં છું મારા શબ્દને: ‘શબ્દ લટકાં કરે શબ્દ પાસે!’ (ભાગ-૧, પૃષ્ઠ ૧૪૮). ઉષા ઉપાધ્યાય ‘શબ્દનો નરવો અને ગરવો સાદ: મારુ સત્ય’માં કહે છે કે, ‘...સર્જનપ્રક્રિયાની વાત તો કેવી રીતે કરવી? એ તો સૌંદર્યના સાક્ષાત્કારની એવી પળ છે જેને અનુભવી શકાય પણ વર્ણવવી મુશ્કેલ. સંવેદનામાં ઝિલાયેલી, ઘૂંટાયેલી, ક્યારેક તો દિવસો સુધી ઘૂંટાતી રહેલી પળ ક્યારેક અચાનક કાવ્યપંક્તિ બનીને એક ઝબકારા સાથે આવી પહોંચે છે. એ ક્ષણ એવી તો બળવાન હોય છે કે એમાં આપણે કશું જ કરવાનું રહેતું નથી, માત્ર ‘સ્વ’ને એ વેગમાં ફૂલની જેમ વહેતો મૂકી દેવાનો હોય છે. ને એ ક્ષણ જ હોય છે સૌંદર્યના સાક્ષાત્કારની, જ્યારે વેદના પણ સુંદર બનીને આવે છે. જો આ ક્ષણ ચૂકી જવાય તો પછી એ ભાવ મનમાં હોય તોયે એનું કાવ્ય થતું નથી. એમ મનમાં ધરબાયેલું સંવેદન સર્જનમાં ઊતરી

આવે છે...' (ભાગ-૧, પૃષ્ઠ૧૫૮). પન્ના ત્રિવેદી સર્જનને 'વાર્તાલેખન : અભિમન્યુનો સાતમો કોઠો' (ભાગ-૧, પૃષ્ઠ૨૨૮) કહીને વ્યકત કરે છે. તો રામ મોરી જેવા યુવા લેખકો આંતરકથા તો રજૂ કરે જ છે, સાથે સાથે નવોદિતોને માર્ગદર્શન પૂરું પાડતાં પણ કહે છે કે 'ઘણા નવા લેખકો એવું માને છે કે વધુ વાંચવાથી બીજા સર્જકોનો પ્રભાવ આવી જશે. તેઓ આ માન્યતાને ખોટી ગણાવે છે. તેમના મતે બાળક જેમ શરૂઆતમાં કોઈની આંગળી પકડીને ચાલે છે અને પછી પોતાની રીતે દોડવા લાગે છે, તેમ નવા સર્જકને પણ પૂર્વસૂરિઓના સાહિત્યમાંથી શીખીને આગળ વધવું જોઈએ. વાંચન સર્જકને પોતાનો અવાજ શોધવામાં મદદ કરે છે...' (ભાગ-૧, પૃષ્ઠ૨૫૩).

ભાગ-૨માં દક્ષા વ્યાસ, પ્રવીણસિંહ ચાવડા, કેશુભાઈ દેસાઈ, અજિત ઠાકોર, કાનજી પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, કંદર્પ ર. દેસાઈ, દશરથ પરમાર, ઉર્વશી પંડ્યા, રિન્કુ રાઠોડ, અજય સોની ઇત્યાદિ ૪૪ સર્જકોની આંતરકથા આલેખાઈ છે.

દક્ષા વ્યાસ 'સર્જનના વિસ્મયલોકમાં' નોંધે છે કે, 'સર્જન માત્ર એક અદ્‌ભુત-અકળ-રોમાંચક ઘટના છે. આછા જલશિકરનો છંટકાવ થતાં જ ધરતી સળવળી ઊઠે છે. મહીં ધરબાયેલું નાનકડું બીજ અંકુરિત થઈ ઊઠે છે..., માતાના ગર્ભમાં સુકોમળ શિશુ આકારિત થઈ રહે છે..., કુદરતના અકળ એવી સર્જનશક્તિના આવા અગણિત આવિષ્કારો વિસ્મયનું એક આગવું ભાવવિશ્વ રચી આપે છે. એ વિરાટ સર્જકને ચરણે એક નાનકડા સર્જક-કવિમાનવીનિર્મિત કલાકૃતિનો અર્ઘ્ય સાવ વામણો લાગે છે. તથાપિ વિસ્મયલોકની અનુભૂતિનો એ રોમાંચ 'ન્યારા પેંડા' સમો છે...' (ભાગ-૨, પૃષ્ઠ૨૬). લલિત ત્રિવેદી કહે છે કે, 'કવિતાની લાવણ્યમય, ઝીણી ચર્ચાઓ, સરસ તારણો, આ બધું subconsciousના કોઈ પરમ સ્તરમાં સચવાઈ જાય છે, positive અસરો લાવે છે, એમ હું માનું છું'. અને ઉમેરે છે કે 'આ સમાધિની ક્ષણો શ્વાસો શ્રુતિ પ્રગટો હવે, વેદની ઋચા સમી કોઈ કૃતિ પ્રગટો હવે'. (ભાગ-૨, પૃષ્ઠ૩૬) તો તેમની વેદના પણ આ નિમિત્તે સર્જનમાં પ્રગટ છે, જુઓ, 'છું અધૂરું રહી ગયેલું ભજન, મારો કરજે ઉદ્ધાર શામળિયા' (ભાગ-૨, પૃષ્ઠ૩૮) વારિજ લુહાર 'સમષ્ટિ સાથેનું અનુસંધાન' (ભાગ-૨, પૃષ્ઠ૧૦૪) કહે છે, હરદ્વાર ગોસ્વામી કહે છે કે, 'માતૃત્વ જેવી જ અનુભૂતિ સાહિત્યસર્જકને થતી હોય છે'. (ભાગ-૨, પૃષ્ઠ૨૦૦). રિન્કુ રાઠોડની 'દરિયો મૂકીને રણ તરફ વહેતી નદી એટલે હું' (ભાગ-૨, પૃષ્ઠ૨૩૨)માં આલેખાયેલી આંતરકથાની વ્યથા ભાવકને સુન્ન કરી મૂકે છે. જુઓ '...પડખું નહોતી ફરી શકતી પણ પાનાં ફેરવીને હું જીવી ગઈ...' આ તો શારીરિક પીડાની વાત કરે છે, માનસિક પીડાની વ્યથા વ્યક્ત કરતાં કહે છે કે, 'મારા શરીરે અનેક ઝખ્મો છે એથી વધુ મન પર છે. એવી ઘટનાઓ સગી આંખે સહી છે જે બધું ક્યારેક મને આ સંસારની માયા છોડીને ચાલ્યા જવા પ્રેરે છે...' ત્યારે સર્જકના શબ્દો છે, '...તો મારા કિસ્સામાં કવિતા જ સંજીવની સાબિત થઈ...' (ભાગ-૨, પૃષ્ઠ૨૩૪). કેશુભાઈ દેસાઈ પોતાનો સર્જનાલેખ આપતાં લખે છે કે, '...મને માનવીની અંદર ધબકતી શાશ્વત શુભવૃત્તિમાં ભરોસો છે એટલે મારી વાર્તા કે નવલકથામાં ખલનાયક શોધવો અઘરો છે...' (ભાગ-૨, પૃષ્ઠ૪૨). આવી રીતે દરેકેદરેક આંતરકથાઓ સર્જકના સર્જનનું નવું પાનું ખોલે છે, જે વાચક-ભાવકને રોમાંચિત કરે છે.

આ ગ્રંથની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં સર્જનપ્રક્રિયાને કોઈ સિદ્ધાંતના બંધનમાં નહીં પરંતુ સર્જકોના પોતાના અનુભવો દ્વારા સમજાવવામાં આવી છે.

ઉષાબહેન આ આંતરકથાઓને અનુઆધુનિક સાહિત્યિક દૃષ્ટિકોણથી જુએ છે, ત્યારે તેમાં સ્ત્રી, દલિત અને આદિવાસી સર્જકોના અવાજને પણ વિશેષ મહત્ત્વ આપે છે. મોહન પરમાર જેવા દલિત સર્જક પોતાની કેફિયતમાં જીવનના અભાવો, સંઘર્ષો અને વાંચન પ્રત્યેની તીવ્ર જિજ્ઞાસાને વ્યક્ત કરે છે; તો ભગવાનદાસ પટેલ જેવા આદિવાસી સર્જક આદિવાસી જીવન, જંગલસંસ્કૃતિ અને આધુનિક વિકાસની પ્રક્રિયાને કારણે થતા સાંસ્કૃતિક હ્રાસની જે વેદના વ્યક્ત કરે છે, તે પણ અત્યંત અર્થસભર છે.

આ આંતરકથાઓમાંથી પસાર થતાં સ્પષ્ટ થાય છે કે સર્જકનું સર્જન માત્ર તેની કલ્પનાશક્તિ કે સર્જનાત્મક પ્રતિભાનું પરિણામ નથી; તેની પાછળ તેના જીવનના અનુભવો, અભાવો, સંઘર્ષો, સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓ અને પોતાની અસ્મિતાની શોધ જેવાં પરિબળોનું પણ મહત્ત્વપૂર્ણ પોષક બળ રહેલું હોય છે. આ દૃષ્ટિએ સર્જકની આંતરકથા તેના સર્જનને સમજવા માટે માત્ર જીવનવૃત્તાંત નથી રહેતી, પરંતુ સર્જનના આંતરિક અને સામાજિક સંદર્ભોને ઉઘાડતી એક મહત્ત્વપૂર્ણ સાહિત્યિક દૃષ્ટિ બની રહે છે.

ગુજરાતી સાહિત્યના સર્જકોના જીવન અને સર્જન વચ્ચેનો સેતુ રચતો આ મૂલ્યવાન ગ્રંથ પીઢ અને નવી પેઢીના સર્જકોના અવાજો સાથે ગુજરાતી સાહિત્યની બદલાતી ચેતના, વિવિધતા અને સર્જનાત્મક શક્તિનું દર્શન પણ કરાવે છે.

ઉષાબહેને આ સંપાદન દ્વારા ગુજરાતી સાહિત્યને એક એવો દસ્તાવેજ આપ્યો છે જે ભાવકો માટે રસપ્રદ, વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક અને સંશોધકો માટે અત્યંત ઉપયોગી ગ્રંથ બની રહેશે.

ગુજરાતી સાહિત્યમાં સર્જકકેન્દ્રિત અધ્યયનની પરંપરાને વધુ સમૃદ્ધ બનાવતું આ સંપાદન વિવિધ પેઢીના સર્જકોના આત્મકથનાત્મક લેખોને એકત્ર કરીને ઉષાબહેન ભાવિ સંશોધન માટે વિશ્વસનીય સંદર્ભસામગ્રી ઉપલબ્ધ કરાવી આપી છે. સંપાદનની વિષયપસંદગી, સર્જકોની વૈવિધ્યપૂર્ણ ઉપસ્થિતિ અને આયોજન તેમની સંપાદકીય સૂઝનો પરિચય કરાવે છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસ, સર્જનપ્રક્રિયા અને સર્જકવ્યક્તિત્વના અભ્યાસમાં આ ગ્રંથ લાંબા સમય સુધી મહત્ત્વપૂર્ણ સંદર્ભગ્રંથ તરીકે સ્થાન પામશે, એમાં શંકાને સ્થાન નથી.

ઉષાબહેનની આવી દૃષ્ટિસંપન્ન સંપાદકીય પ્રવૃત્તિઓનો લાભ ગુજરાતી સાહિત્યને સતત મળતો રહે અને ભવિષ્યમાં પણ તેમના તરફથી આવા જ સંદર્ભમૂલ્ય ધરાવતા ગ્રંથો પ્રાપ્ત થાય તેવી અપેક્ષા સહજપણે રહેશે. ખરેખર, આ સંપાદન ગુજરાતી સર્જનયાત્રાનો એક જીવંત અરીસો છે.

**સંદર્ભ** : 'સર્જકની આંતરકથા : ઉત્તરાર્ધ ભાગ-૧' અને 'સર્જકની આંતરકથા : ઉત્તરાર્ધ ભાગ-૨' સંપાદક : ઉષા ઉપાધ્યાય. પ્રથમ આવૃત્તિ : ૨૦૨૬; ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ.

■

# ગત દાયકાનાં નાટકો (૨૦૧૧–૨૦૨૦) : એક સરવૈયું

ધ્વનિલ પારેખ

ગત દાયકાનાં ગુજરાતી નાટકો અને રંગભૂમિ પર નજર નાખીએ તો તરત ખ્યાલ આવે છે, કે પુરાકથા આધારિત નાટકો અને ચરિત્રકેન્દ્રી નાટકો પ્રાધાન્ય ભોગવે છે. ચરિત્રકેન્દ્ર નાટકો પણ એક રીતે તો નજીક કે દૂરના ભૂતકાળને, ઇતિહાસને આલેખે છે. ઉપરાંત, વ્યાવસાયિક રંગભૂમિ પર સફળ થયેલાં નાટકો પણ આ સમયગાળામાં પુસ્તક રૂપે ઉપલબ્ધ થાય છે. ભજવાતાં નાટકો છપાતાં નથી એ ફરિયાદ ગત દાયકામાં થોડે ઘણે અંશે દૂર થઈ છે. એકથી વધુ નાટ્યકારો એવા છે, કે જેમનાં એકથી વધુ નાટકો પ્રગટ થયાં છે અને ભજવાયાં પણ છે, એમાંય ચરિત્રકેન્દ્રી નાટકો વિશેષ છે એટલે પ્રારંભ એવાં નાટકોથી કરીએ.

ગત દાયકામાં ગુજરાતી નાટક અને રંગભૂમિ ક્ષેત્રે ઠીક ઠીક કામ થયું છે. ગુજરાતી કેટલાયે સર્જકોનું નાટકના માધ્યમ દ્વારા અવતરણ થયું છે. મધ્યકાલીન કવિઓ નરસિંહ મહેતા, આનંદઘન, અખો વગેરે. અર્વાચીન સર્જકો મણિલાલ નભુભાઈ, કલાપી, શ્રીમદ્ રાજચંદ્ર, જયંત ખત્રી, ચંદ્રકાંત બક્ષી, મરીઝ વગેરે. જાહેરજીવન અને રાજકારણ સાથે સંકળાયેલા સરદાર, રવિશંકર મહારાજ, કસ્તુરબા, જયપ્રકાશ વગેરે. જેને ઐતિહાસિક ચરિત્ર કહી શકાય એવાં કાર્લ માર્ક્સ, સૉક્રેટિસ, રોબર્ટ ક્લાઇવ, સયાજીરાવ ગાયકવાડ વગેરે. પૌરાણિક ચરિત્રો દ્રૌપદી, શિખંડી, દુર્યોધન વગેરે. આમ, કેટલાંયે ચરિત્રો નાટકમાં અને રંગભૂમિ પર સાકાર થતાં જોવા મળે છે. ગત દાયકાની ગુજરાતી રંગભૂમિ વિશે હું પછી વાત કરીશ. કેટલાંક પુસ્તક રૂપે ઉપલબ્ધ નાટકો વિશે વાત.

ચરિત્ર નાટકો લખાયાં છે ઘણાં પણ એમાં પ્રશ્નોયે છે. ઘણા મોટા સર્જકનું કે મહાન વ્યક્તિનું જીવન પસંદ કરવામાત્રથી નાટક બની જતું નથી. નાટ્યલેખકે સામગ્રીને નાટ્યાત્મક બનાવવી પડે. ચરિત્રનાટક લખતી વખતે ધ્યાનમાં રાખવાની વાત એ છે કે નાટક બનવું જોઈએ. બાકી, ચરિત્ર તો સામગ્રી રૂપે ઉપલબ્ધ છે જ! એ ઉપલબ્ધ સામગ્રીને આધારે થોડો પોતાનો રંગ ભેળવીને ચરિત્ર અને નાટકના આકાર ઊભા કરવા પડે. એ રીતે મકરંદ મુસળેલિખિત ‘ગોપાળ અને સયાજી’ મહત્ત્વનું નાટક છે. આ નાટકમાં પોતાનો ‘હું’ એટલે કે ગોપાળ સાથેના સયાજીરાવના આત્મસંવાદની નાટ્યપ્રયુક્તિ કારગત નીવડે છે. આમ, કરવાથી સયાજીરાવનું મનોમંથન સતત પ્રગટ થતું રહે છે. સયાજીરાવના વ્યક્તિત્વની સાથે વડોદરા શહેરનો ઇતિહાસ પણ અહીં ઉજાગર થાય છે, જે નાટકનું જમા પાસું છે. પોવાડાની શૈલી પણ ધ્યાનપાત્ર છે. રવીન્દ્ર પારેખલિખિત ‘૧૭૫૭’માં

રોબર્ટ ક્લાઇવનું ચરિત્ર પહેલી વાર મળે છે. નાટકમાં નાટકની પ્રયુક્તિનો વિનિયોગ થયો છે. લેખક રવીન્દ્ર પારેખ અને દિગ્દર્શક કપિલ શુક્લના સંવાદો અને નાટકના રિહર્સલમાંથી નાટક ઊઘડતું આવે છે. રોબર્ટ ક્લાઇવે શા માટે આત્મહત્યા કરી હતી એ ઘટનાની સાથે સાથે અંગ્રેજ સત્તાનાં મૂળિયાં ભારતમાં શા કારણે મજબૂત થયાં–એ ઐતિહાસિક વિગતો પણ નાટકમાંથી સાંપડે છે. ઐતિહાસિક નાટકની દૃષ્ટિએ આ મહત્ત્વનું નાટક છે પણ ત્રિઅંકી નાટક હજુ કાંટછાંટવાળું ચુસ્ત આલેખન માંગી લે છે. ઐતિહાસિક નાટકની દૃષ્ટિએ મિહિર ભુતાલિખિત 'ચાણક્ય' પણ યાદ કરવું પડે ચરિત્ર, ઇતિહાસ અને નાટકનો સુભગ સમન્વય અહીં થયો છે. મિહિર ભુતાના અન્ય નાટક 'સરદાર'માં સરદારના જીવનના મહત્ત્વના પ્રસંગોની રજૂઆત થઈ છે. ચરિત્રનું ગરિમાપૂર્ણ આલેખન કરવું નાટ્યલેખકનો ઉદ્દેશ હોય એની સામે વાંધો ન હોય પણ એનો અર્થ એ નથી કે અન્ય પાત્રોને નબળાં ચીતરવાં. 'સરદાર'માં સરદારનું પાત્ર ગરિમાપૂર્ણ રીતે ઊપસે છે પણ ગાંધીજી, નહેરુ કે અન્ય પાત્રોને વામણાં ચીતરવામાં આવ્યાં છે, જે નાટ્યલેખનની મર્યાદા બની રહે છે.

ભરત યાજ્ઞિકલિખિત બે નાટકો 'સુર–મધુ કલાપી' અને 'માણસાઈના દીવા'માંથી ચરિત્ર સાંપડે છે. નાટક નહીં. 'સુર–મધુ કલાપી'માં કલાપીના પાત્રના ભાગે કાવ્યપંક્તિઓ જ બોલવાની આવે છે બાકી બધું વાજસુરવાળા કહી દે છે. દશ્યો અને નાટ્યાત્મકતા અહીં નહીંવત્ છે. 'માણસાઈના દીવા'ની પણ આ જ સ્થિતિ છે. અહીં ઝવેરચંદ મેઘાણીએ આલેખલા પ્રસંગોનું સંવાદમય રૂપ મળે છે, તેથી વિશેષ કશું નહીં. નારાયણ દેસાઈ લિખિત 'કસ્તુરબા' અને 'જયપ્રકાશ' નાટકો પણ પ્રસંગથી વિશેષ આગળ વધતાં નથી.

પૌરાણિક ચરિત્રોને કેન્દ્રમાં રાખીને નાટક લખતી વખતે નાટ્યલેખક માટે પડકાર એ વાતનો વિશેષ છે, કે પાત્રનું કોઈ નવું અર્થઘટન રજૂ થાય કે કેમ? વળી, સાંપ્રત સમયમાં એ પાત્ર પરથી નાટક લખવાની એવી કઈ જરૂરિયાત ઊભી થઈ, એ વાત પણ મહત્ત્વની છે. ચિનુ મોદીકૃત 'સ્વપ્નદુઃસ્વપ્ન'માંથી એ રીતે યુધિષ્ઠિર અને દ્રૌપદી બંને ચરિત્રોની જુદી છબી પ્રગટ થઈ છે. ચિનુ મોદીના યુધિષ્ઠિરને અસામાન્યપણામાં નહીં પણ સામાન્યપણામાં રસ છે અને એટલે એ હિમાલય એકલા જવાનો નિર્ણય કરે છે. પોતાના 'હું' વડે પોતાના પરિચયની આ પ્રયુક્તિ આધુનિક છે. વળી, દ્રૌપદીનું આગઝરતું ખુમારીપૂર્વકનું અને પાંડવોને કાયર ચીતરતું આધુનિક પાત્રાલેખન પણ નાટકને જુદો અર્થ આપે છે. "સદેહે સ્વર્ગ જવાની મને લિપ્સા છે, ન ઇચ્છા છે. હું માના ગર્ભમાંથી નથી જન્મી, પૃથ્વીના ગર્ભમાંથી, યજ્ઞની વેદીમાં અગ્નિની જ્વાળાઓ વચ્ચે હું જન્મી છું. મારી મા પૃથ્વી છે. હું પૃથ્વી ત્યજી ક્યાંય ન જઉં." દ્રૌપદીનો સંવાદ નાટક અને ચરિત્ર બંનેને જુદી ઊંચાઈએ મૂકે છે. હસમુખ બારાડીકૃત 'સુયોધન' નાટકના શીર્ષક પ્રમાણે જ નવું અર્થઘટન રજૂ કરે છે. દ્રૌપદી પ્રત્યેની આસક્તિ અને નાટકના અંતે 'હવે કામનાઓ ઓગળી ગઈ છે, સઘળો રાગ નિર્મૂળ થયો છે' સંવાદ બોલતો અને મુક્તિ ઝંખતો દુર્યોધન અહીં સુયોધન રૂપે વિકસે છે. દ્રૌપદીથી ક્ષમા માગતો કે બધું જ શાંત થઈ જવાની કામના કરતા કરતા દુર્યોધનનું જુદું ચરિત્ર અહીં નાટ્યાત્મક રીતે નિરૂપાયું છે. સતીશ વ્યાસકૃત 'અરણ્યા' પણ એ રીતે જુદું પડતું નાટક છે. મહાભારતનું ગૌણ પાત્ર હિડિમ્બા અહીં નાયિકા તરીકે છે.

ભીમ, હિડિમ્બા, ઘટોત્કચના આંતરસંબંધો અહીં નાટ્યાત્મક રીતે પ્રગટ થાય છે. ધ્વનિલ પારેખનાં નાટક 'એક હતી ક્રિષ્ના' વિશે ઋષિકેશ રાવલ લખે છે, "નાટકમાં મહાભારતના અત્યંત સબળ અને તેજસ્વી સ્ત્રીપાત્ર દ્રૌપદીની વેદના–સંવેદનાઓને જરા જુદા દૃષ્ટિકોણથી નાટ્યરસિકો સમક્ષ મૂકી આપી છે. આ નાટકમાં તેમણે પુરાણકાલીન નારી દ્રૌપદીની વેદનાને આજની આધુનિક સમયની નારીની સંવેદનાઓ સાથે અદ્‌ભુત રીતે સાંકળી લીધી છે. ભારતીય નારી ભલે પુરાણકાલીન હોય કે કહેવાતા વર્તમાન આધુનિક યુગની, પણ તેની સ્થિતિમાં હજુ કોઈ જ વિશેષ પરિવર્તન આવ્યું હોય તેવું જણાતું નથી, તેવો માર્મિક કટાક્ષ કરવામાં નાટ્યકાર સફળ રહ્યા છે." (પરબ, એપ્રિલ ૨૦૨૨)

નાટક એક એવો કળા પ્રકાર છે, જે સમાજ સાથે બહુ નિકટથી જોડાયેલો છે. આ એક જીવંત કળા છે. રંગમંચ પર અભિનય કરતો કલાકાર પણ જીવંત છે અને એને નિહાળનાર પ્રેક્ષકો પણ જીવંત છે. એક સારું નાટક ઊંડી અસર ઊભી કરી શકે છે. એને લીધે નાટકમાંથી પ્રચ્છન્ન રીતે પણ કોઈ સંદેશ મળતો હોય છે. જોવા આવનાર કે નાટક વાંચનાર એ સંદેશ ઝીલે છે અને એનો પોતાની રીતે પ્રચાર પણ કરે છે. પ્રેક્ષક એ અર્થમાં પણ 'સામાજિક' રહ્યો છે. સમાજવ્યવસ્થાનો નાનામાં નાનો એકમ કુટુંબ છે અને કુટુંબનો પાયો દાંપત્યજીવન છે. સ્ત્રી–પુરુષ કે પતિ–પત્નીના સંબંધમાં જેટલી પરિપક્વતા સમાજવ્યવસ્થા એટલી મજબૂત રહેવાની. પણ હવે, લગ્નવ્યવસ્થામાં જ મોટું ભંગાણ પડ્યું છે. લગ્ન–કરાર કે લીવ ઇન રિલેશનશિપના બિનજવાબદારીભર્યા સંબંધો કે લગ્નેતર સંબંધોનો મહિમા વધી રહ્યો છે. ગુજરાતી નાટકોમાં પણ એનું પ્રતિબિંબ ઝિલાયા વિના રહેતું નથી. 'ફારગતી', 'છાનુંછપનું'(પરેશ નાયક), 'સુરા અને શત્રુજિત'(મધુ રાય) વગેરે નાટકોમાં દાંપત્યજીવનમાં પ્રવેશેલી તિરાડ જોવા મળે છે. પરેશ નાયકનાં નાટકોમાં ઉચ્ચ ધનાઢ્ય વર્ગ, લગ્નેતર સંબંધો, પાર્ટી કલ્ચર પ્રાધાન્ય ભોગવે છે. આ નાટકો મધુ રાયલિખિત 'કુમારની અગાશી'ની યાદ અપાવે છે. સંવાદો પણ મધુ રાય શૈલીના છે. 'સુરા અને શત્રુજિત' અત્યંત સંકુલ નાટક છે. દલાલ કુટુંબ અને સોનાવાલા કુટુંબના આંતરસંબંધો અને એની સંતાનો પર પડતી અસર અહીં કેન્દ્રમાં છે. 'લવ, સેક્સ ઔર ધોખા' પરેશ નાયક અને મધુ રાયનાં નાટકોના કેન્દ્રમાં છે. જરા આપણી આસપાસ નજર કરીએ કે પછી સવારના છાપામાં નજર દોડાવીએ તો ત્યાં પણ 'લવ, સેક્સ ઔર ધોખા'નું જ પ્રાધાન્ય જોવા મળશે.

પરેશ નાયકલિખિત 'ઈ. સ.૨૦૨૨' આ સમયગાળાનું મહત્ત્વનું નાટક છે. આજે દરેક રાષ્ટ્ર વધુ ને વધુ શક્તિશાળી બનવાની હોડમાં છે અને પૃથ્વીને એકથી વધુ વખત ખતમ કરી શકાય એટલાં અણુશસ્ત્રો આપણી પાસે છે. ક્યારેક ભૂલમાં કોઈ દેશના શસ્ત્ર–ભંડારમાંથી એકાદ શસ્ત્ર છૂટી જાય તો? અણુશક્તિ ધરાવતા બધા જ દેશો એકસાથે ચાંપ દબાવે તો? આ તો પછીનો જવાબ ભયંકર છે અને એ વિચારમાંથી જન્મેલું નાટક એટલે 'ઈ.સ. ૨૦૨૨' અણુયુદ્ધ પછી કોઈક ચમત્કારને કારણે બે વ્યક્તિઓ બચી જાય છે, અલ્બર્ટ અને દિનુભાઈ. પૃથ્વીની બધી જ સંપત્તિઓ એમની એમ પડેલી છે અને બંને પુરુષોએ હવે એક નવા જીવનની શરૂઆત કરવાની છે. અહીં નટ્યાત્મકતા એ છે કે બંને પુરુષ પાત્રો ત્રીજા પાત્રની શોધમાં રંગભૂમિ પરથી વિદાય લે છે અને ત્રીજું પાત્ર સ્ત્રી

એમને અટકાવવા બૂમો પાડતાં પ્રવેશે છે. ત્રીજા પાત્ર તરીકે સ્ત્રીનો પ્રવેશ કરાવીને નાટ્યકારે માનવજાત, માનવ-સભ્યતા, માનવસમાજ પ્રત્યેની પોતાની શ્રદ્ધા અકબંધ રાખી છે.

સતીશ વ્યાસકૃત 'મેં ગંદેવીનો ગલો'નું કથાવસ્તુ સામાન્ય છે પણ અહીં સાદ્યંત દક્ષિણ ગુજરાતની બોલીનો વિનિયોગ થયો છે અને એ પ્રદેશવિશેષનો મહિમા કરે છે. પછાત ગણાતા સમાજનો ગલો અને ગામના શેઠની દીકરી રેવતીની પ્રેમકથા અહીં કેન્દ્રમાં છે. આજે જ્યારે ગામડાનું શહેરીકરણ થઈ રહ્યું છે ત્યારે એક પ્રદેશવિશેષ, એક ગ્રામીણ અને સમાજની ખાસિયતોનું દસ્તાવેજીકરણ આવશ્યક બની જાય છે. એ દસ્તાવેજીકરણ નાટક જેવા ઘણી શક્યતાઓ ધરાવતા માધ્યમ દ્વારા થતું હોય ત્યારે એનું મૂલ્ય વધી જાય છે. દક્ષિણ ગુજરાતની બોલીની ખાસિયતો, ઊંબાડિયું જેવી વાનગી બનાવવાની પ્રક્રિયા, ઘેરૈયા નૃત્ય અને એની સાથે સંકળાયેલાં ગીતો – આ બધું નાટકની શરતે અહીં સચવાયું છે અને એનો મહિમા છે. શિક્ષણજગત સામે ફરિયાદ વધતી જાય છે, શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધ પણને પણ જુદી દૃષ્ટિથી જોવામાં આવે છે ત્યારે સતીશ વ્યાસ 'મન મગન હુઆ' નાટક દ્વારા એક અધ્યાપક–અનુપમની ઊજળી બાજુને હૃદયસ્પર્શી રીતે છતી કરે છે. આ નાટક પણ વિક્રમ પંચાલ અને શૌનક વ્યાસ દ્વારા સફળતાપૂર્વક ભજવાતું રહે છે.

ભજવાતાં નાટક છપાતાં નથી અને છપાતાં નાટક ભજવાતાં નથી એ મહેણું ઇમેજ પબ્લિકેશન દ્વારા ભાંગવાનો પ્રયત્ન થયો. વ્યાવસાયિક રીતે સફળ થયેલાં નાટકો 'કમાલ કરે છે, આ પટેલ કેવી ધમાલ કરે છે', 'થોડું લૉજિક થોડું મૅજિક', 'મીરાં'(સ્નેહા દેસાઈ), 'મારો પિયુ ગયો રંગૂન', 'સરદાર', 'ચાણક્ય'(મિહિર ભુતા), વગેરે નાટકો ગ્રંથસ્થ થાય છે. આ બધામાં 'મીરાં' જુદું પડી આવતું નાટક છે. વરસાદથી બચવા ખંડેરમાં પ્રવેશતી મીરાં રાઠોડનો પરિચય ત્યાં છુપાયેલી રબારણ સામે થાય છે. બંને વચ્ચે વાતચીત થાય છે ને ભીતરી સ્તરો ખૂલતાં જાય છે. મીરાં રાઠોડ આજની નારી અને રબારણ મીરાંબાઈને પ્રતિબિંબિત કરતી હોય એ રીતે નાટકનું ચુસ્ત આલેખન થયું છે. 'મારો પિયુ ગયો રંગૂન' સંગીત નાટક છે. ગીતો અહીં નવાં છે પણ માત્ર ગીતો એ નાટક નથી. લેખનમાં રહેલી મંથરતાને કારણે નાટક બનતું જ નથી. એટલે, પિયુ તો રંગૂન ગયો પણ નાટક ક્યાં ગયું એવો પ્રશ્ન થયા વિના રહેતો નથી. અન્ય નાટકોમાં વ્યાવસાયિક નાટકોની ચબરાકી અને ખિખિયાટાપણાં સિવાય નવું કશું નથી.

યામિની વ્યાસ પાસેથી પણ આ સમયગાળામાં ત્રણ નાટકો 'મિલીના ઘર તરફ', 'વ્હાલના વારસદાર' અને 'રણમાં ખીલ્યું પારિજાત' મળે છે. ત્રણ નાટકોની સફળતાપૂર્વક ભજવણી થતી રહે છે. 'રણમાં ખીલ્યું પારિજાત' રણકન્યામાંથી સુપર મૉડલ બનેલ યુવતીના સંઘર્ષને કેન્દ્રમાં રાખે છે. સુપર મૉડલ વારિસ ડીરીના જીવનચરિત્ર પરથી આ નાટક પ્રેરિત છે. અન્ય બંને નાટકોમાં વ્યાવસાયિક નાટકોમાં જોવા મળતા ઉતાર–ચઢાવ અને મેલોડ્રામા ભરપૂર છે.

પૂર્વે પ્રવીણ જોશીના દિગ્દર્શનમાં સફળતાપૂર્વક ભજવાયેલાં 'સંતુ રંગીલી' અને 'શરત' પુસ્તક રૂપે આ સમયગાળામાં ઉપલબ્ધ થાય છે. મૂળે તો મધુ રાયે કરેલાં આ રૂપાંતરો છે. રૂપાંતર હોવા છતાં એમાંથી ગુજરાતી ભાષાની સોડમ આવે છે. ડ્યુરેન

માટના 'ધ વિઝિટ'નું રૂપાંતર એટલે 'શરત' અને બર્નાડ શૉના 'પિગ્મેલિયન'નું રૂપાંતર એટલે 'સંતુરંગીલી'. બંને નાટકો મધુ રાય જેવા કસબીનાં ઉત્તમ રૂપાંતરો છે. 'સંતુ રંગીલી'નું એક ગીત જ એના ઉદાહરણ માટે પૂરતું છે, "તારોયે વારો આવસે હિમાદરી–/ તે દી મારો યે ડંકો વાગસે હિમાદરી/તારા ખીચમાં નૈ હોઈ પૈ/ને હું ચેકુમાં કરીશ સૈ.*

આ સમયગાળાના મહત્ત્વપૂર્ણ એકાંકીસંગ્રહો વિશે પણ વાત કરી લઈએ. 'લીલા' (નૌશિલ મહેતા), 'વોટ્સપ અને અન્ય લઘુનાટકો' (ઉત્તમ ગડા), 'પૂતળીબાઈ' (સતીશ વ્યાસ), 'પછી સુદામોજી બોલિયા...' (પ્રવીણ પંડ્યા), 'એક ચપટી ઊંઘ' (ધ્વનિલ પારેખ) વગેરે આ સમયગાળાના મહત્ત્વપૂર્ણ એકાંકીસંગ્રહો છે.

મુંબઈની ગુજરાતી રંગભૂમિ પર નૌશિલ મહેતાનું નામ જાણીતું અને માનીતું છે. 'લીલા' એમનાં લઘુનાટકોનો પ્રથમ સંગ્રહ છે. આ સમગ્ર સંગ્રહની સૌથી રસપ્રદ વાત એ છે કે દરેક નાટકની પાછળ રહેલી એની સર્જનની ભૂમિકા પણ લેખકે મૂકી છે. 'લીલા'ની પાત્રસૃષ્ટિ નગરજીવનની છે. આપઘાત, ભ્રમણ, સરોગેટ મધર, લગ્નેતર સંબંધો–આ બધા મુદ્દાઓ એવા છે કે જે નગરજીવનને વધુ સ્પર્શે છે. ડૉક્ટરનું દવાખાનું હોય કે બીઆરટીએસ(BRTS) હોય સ્થળ પણ નગરજીવનનાં છે. આ લઘુનાટકોમાં નગરજીવન ભજવાય છે.

ગુજરાતમાં નાટ્યલેખક તરીકે જેમનું નામ પ્રમાણમાં ઓછું જાણીતું છે એવા ઉત્તમ ગડાએ ઘણાં દીર્ઘનાટકો અને લઘુનાટકો આપ્યાં છે. 'વૉટ્સેપ અને અન્ય લઘુનાટકો' સંગ્રહમાં 'રંગો,' 'સિક્યૉરિટી' 'ફાયરવૉલ' ત્રણ લઘુનાટકો છે. આ નાટકોનાં કેન્દ્રમાં ૨૫–૨૬ વર્ષનાં યુવક–યુવતીઓનો પ્રેમ રહ્યો છે. આ લેખકનાં લઘુનાટકોની પાત્રસૃષ્ટિ પણ નગરજીવનની છે. આ લઘુનાટકોની ખૂબી અહીં નિર્દેશેલાં રંગસૂચનો અને પ્રયુક્તિઓ છે. સામાન્ય રીતે નાટકમાં આવતાં રંગસૂચનો સ્થળ–કાળનું વર્ણન બનીને અટકી જતાં હોય છે. પણ અહીં રંગસૂચનો એકદમ ગતિશીલ, અભિનયક્ષમ અને નાટકના કથાવસ્તુને સંવાદની જેમ જ આગળ લઈ જનારાં છે. વળી આ નાટકોની રચના એ રીતે પણ થઈ છે કે એ ગમે ત્યાં ઓછી સામગ્રી સાથે ભજવી શકાય. એક–બે પાત્રો સાથે એની રચના થઈ છે. ખુરશી કે ટેબલથી વધારે સામગ્રી નથી, જે સહેલાઈથી ક્યાંકથી પણ ઉપલબ્ધ થઈ શકે. ટૂંકમાં ભજવનારના ખિસ્સાને પરવડે એવું એનું સમગ્ર આયોજન છે.

સતીશ વ્યાસના 'પૂતળીબાઈ'માં ત્રણ એકાંકીઓ છે. પુરાકથા પર આધારિત છે એકાંકી 'તત્ત્વાંતર' જ્યારે 'પૂતળીબાઈ' એકપાત્રીય નાટકનો પ્રયોગ છે. સંગ્રહનાં ત્રણેય એકાંકીઓમાં નારીસંવેદન કેન્દ્રસ્થાને છે. 'ઇન્ડિયા લોજ' પછી પ્રવીણ પંડ્યા બીજો એકાંકીસંગ્રહ આપે છે, 'પછી સુદામોજી બોલિયા...'આ સંગ્રહના મોટા ભાગનાં એકાંકીઓ ખ્યાત કથાવસ્તુ પર આધારિત છે તો સાથે સર્જકની સામાજિક નિસબત પણ એમાંથી પ્રગટ થયા વિના રહેતી નથી. 'પૂતળીબાઈ' અને 'પછી સુદામોજી બોલિયા...' સંગ્રહનાં એકાંકીઓ ભજવણીની કસોટીએ પાર ઊતરેલાં સબળ એકાંકીઓ છે. અનેક પારિતોષિકથી પુરસ્કૃત ધ્વનિલ પારેખના એકાંકીસંગ્રહ વિશે કિશોર વ્યાસ નોંધે છે, "ટૂંકા પણ છટાદાર સંવાદો, ચોટદાર અંત અને ભજવણીક્ષમતાને કારણે આ એકાંકીઓ નોંધનીય બને એવાં છે". (અક્ષરની આરાધના, ગુજરાત મિત્ર)

* * *

નાટકની વાત હોય અને રંગભૂમિની વાત ન કરીએ તો અધૂરું ગણાય. આ સમયગાળાની ગુજરાતી રંગભૂમિ પર થયેલાં પ્રયોગશીલ અને ચીલાચાલુ નાટકોથી જુદાં નાટકોની વાત પણ કરવી રહી. વ્યાવસાયિક રંગભૂમિની સમાંતરે ગુજરાતી રંગભૂમિની ઓળખ સમાં નાટકો પણ ભજવાયાં છે. આ નાટકો પુસ્તક રૂપે ઉપલબ્ધ ન હોવાને કારણે એમની અવગણના કરવી બરાબર નથી. એટલે, એવાં ભજવાયેલાં નાટકોની વાત પણ અહીં જરૂરી બની રહે છે.

'વેલકમ જિંદગી' અને '૧૦૨ નોટ આઉટ' (દિ. સૌમ્ય જોશી), 'વેઇટિંગ રૂમ્સ' (દિ. ધીરજ પાલસેતકર), 'ડિયર ફાધર' (દિ. દિનકર જાની), 'લવ યૂ જિંદગી' (દિ. વિરલ રાચ્છ), 'મન મળે ત્યાં મેળો' (દિ. કમલેશ મોતા), 'ડાકઘર' (દિ. ફણીશાઈ ચારી) 'મરીઝ' 'કાર્લ માર્ક્સ ઇન કાલબાદેવી', 'હું ચંદ્રકાંત બક્ષી' (દિ. મનોજ શાહ) વગેરે નાટકોએ ગત દાયકાની ગુજરાતી રંગભૂમિને રળિયાત કરી હતી. 'વેલકમ જિંદગી'માં પતિ–પત્ની અને પિતા–પુત્ર વચ્ચેનો વિચારભેદ નાટકનું ચાલકબળ છે. ત્રણે પાત્રોની અલગ ભાષા આખા નાટકનો પ્રાણવાયુ છે. વાત ઘરઘરની છે પણ એ ઘરઘરની વાત અહીં નાટકની રીતે રજૂ થાય છે, એની મજા છે. 'બાપ દીકરાને વૃદ્ધાશ્રમમાં મૂકવાનો વિચાર કરે' એ એક લીટીની વાતને '૧૦૨ નોટ આઉટ'માં સૌમ્ય જોશીની કલમ સતત વહેતી હસાવતી રાખે છે. સૌમ્ય જોશીના સંવાદોમાં લાગણીભીનો સ્પર્શ છે. જેમ કે, "ઘડપણ એક એવી આઇટમ છે, કે તમને ગમતી જગ્યાની પણ બીક લાગવા માંડે" ત્રણે કલાકારોના અભિનયમાં રહેલી ગતિ, શક્તિ અને ક્વીકનેસ નાટકને સતત 'ખડખડતું' રાખે છે.

'વેઇટિંગ રૂમ્સ' વ્યાવસાયિક રંગભૂમિ પર સફળતાપૂર્વક ભજવાયું પણ જુદું તરી આવતું નાટક છે. એક પુરુષના અનેક સ્ત્રીઓ સાથેના સંબંધની વાત કેન્દ્રમાં છે પણ એની રજૂઆત અસરકારક છે, અને પુરુષ પોતે તો આખા નાટકમાં સૂચિત પાત્ર તરીકે જ છે. રેલવેના વેઇટિંગ રૂમમાં ચાર સ્ત્રીઓ ભેગી થાય છે. મનની વાતો ઉકેલતી જાય છે તેમ તેમ રહસ્ય ઘેરું થતું જાય છે. અંતે પ્રગટ થતું રહસ્ય સ્ત્રી–પુરુષના સંબંધમાં રહેલી પોકળતા છતી કરે છે. વૃદ્ધોની સમસ્યા '૧૦૨ નોટ આઉટ'માં પ્રગટ થાય છે એમ 'ડિયર ફાધર'માં પણ પ્રગટ થાય છે. ઉત્તમ ગડાલિખિત અને પરેશ રાવલ અભિનીત આ નાટકનો ઢાંચો સામાજિક રહસ્યનો છે. મનુકાંત માંકડ ગૅલરીમાંથી પડી ગયા કે આત્મહત્યા એ તપાસ નાટકનો વિષય છે. ચાર પાત્રો અને ત્રણ કલાકારોનો અભિનય નાટકનું જમા પાસું છે. મનુકાંત માંકડ અને ઇન્સ્પેક્ટર અભ્યંકરની બેવડી ભૂમિકા પરેશ રાવલ ભજવે છે. માંકડ તરીકે ઉત્તર ગુજરાતની બોલીનો લેખકો અને અભ્યંકર તરીકે એક મરાઠી માણસનું ગુજરાતી બંને ભાષાના લય–લહેકા પરેશ રાવલ અદ્‌ભુત રીતે રજૂ કરે છે પણ નાટક હજી ચુસ્ત થઈ શકે એમ છે.

રઈશ મનીઆરલિખિત 'લવ યૂ જિંદગી' પણ ગંભીર વિષયને ગંભીર રીતે રજૂ કરે છે. વાત ભૂસ્તરશાસ્ત્રી, ઇજનેર કવિ, લેખક વિનાયક પારેખની છે. સતત અસમંજસમાં રહેતો વિનાયક જિંદગી આખી કશું નક્કી કરી શકતો નથી કે એ શું ચાહે છે? એક જુદા વિષયવસ્તુની ગંભીર રીતે આ નાટકમાં રજૂઆત થાય છે. મનની સમજ, અણસમજનું નાટક એટલે કમલેશ મોતા દિગ્દર્શિત 'મન મળે ત્યાં મેળો'. કાનજી નારાયણ બારોટ

(મનોજ જોશી) ભૂતકાળમાં બનેલી ઘટનાઓને કારણે માનસિક સંતુલન ગુમાવી ચૂક્યો છે અને મુંબઈના જાણીતા સાઈકિયાટ્રિસ્ટ ડૉ. શરદ કોઠારી કમલેશ મોતા પાસે ઈલાજ કરાવવા આવે છે. નાટકની મજા એ દ્વંદ્વમાં છે, કે શરદ કોઠારી કાનજી જેવું પારદર્શક મન ઝંખે છે ને કાનજી શરદ કોઠારી જેવું સમાધાનકારી મન ઇચ્છે છે. મનોજ જોશી અને કમલેશ મોતાના અભિનય ઉપરાંત આ નાટકનું જમા પાસું એના ધારદાર સંવાદો પણ છે, ‘કાનજી વિરુદ્ધ કાનજી’ પણ આ સમયગાળાનું સફળ અને મહત્ત્વનું નાટક છે.

ફણીશાઈ ચારી દિગ્દર્શિત ટાગોરનું જાણીતું નાટક ‘ડાકઘર’ જોવું એક લહાવો છે. ઝવેરચંદ મેઘાણીના(રવીન્દ્ર વીણા) અને કોરસના વિનિયોગથી ચારીએ નાટકને એક જુદું પરિણામ સંપડાવ્યું છે. આ કરુણાન્ત નાટક ચારીએ અનેક રંગોથી સભર બનાવ્યું છે, નાટકનો પ્રારંભ જ મેઘાણીનાં ગીત ‘કોણ જગાડે રે...’થી થાય છે અને એમાં શ્વેત ગામઠી વસ્ત્રોમાં કોરસ નૃત્ય રજૂ થાય છે. પહાડ, ઝરણાં, ખિસકોલી—આ સઘળાં પ્રકૃતિ તત્ત્વો કોરસની મદદથી ચારીએ તાદશ કર્યાં છે. નાટકના પ્રત્યેક શબ્દ અને ક્ષણ અહીં જીવંત થયાં છે, નાટકના નાયક અમલની વિદાય વખતે ‘દૂરદૂરે મહાગાન સિંધુ કાલ વિશે ભણકારે રે...’ ગીતના શબ્દો અને એની રજૂઆત પણ આંખો ભીની કરવા માટે કારણભૂત છે.

આ સમયગાળામાં મનોજ શાહ સૌથી વધુ સક્રિય અને પ્રયોગશીલ દિગ્દર્શક તરીકે જોવા મળે છે. ‘મરીઝ’ એમનું અને અભિનેતા ધર્મેન્દ્ર ગોહિલનું પણ મહત્ત્વપૂર્ણ નાટક છે. અસહ્ય દારુણ ગરીબી, પ્રિયતમા રબાબને ન મેળવી શક્યાનો રંજ, ભણતર પ્રત્યે અશ્રદ્ધા અને દારૂની ખરાબ લતને કારણે મરીઝને દર્દ સિવાય કશું મળતું નથી. નાટકમાં મરીઝના જીવનના એવા પ્રસંગો રજૂ થાય છે, કે જે આંખે ઝળહળિયાં લાવી દે અને એમાંય ધર્મેન્દ્ર ગોહિલનો એટલો જ હૃદયસ્પર્શી અભિનય ભળે પછી પૂછવું જ શું? મનોજ શાહે પ્રયોગ રૂપે એકપાત્રીય નાટકો ‘કાલ માર્કસ ઇન કાલબાદેવી’ અને ‘હું ચંદ્રકાંત બક્ષી’ પણ આપ્યાં છે. ઉત્તમ ગડાલિખિત અને સત્ચિત પુરાની અભિનીત ‘કાર્લ માર્કસ ઇન કાલબાદેવી’ ચુસ્ત આલેખન અને અભિનયને કારણે યાદગાર બને છે. લેખનની આ ચુસ્તી શિશિર રામાવતલિખિત ‘હું ચંદ્રકાંત બક્ષી’માં જોવા મળતી નથી. પ્રતીક ગાંધીનો બક્ષી તરીકેનો અભિનય સરાહનીય પણ બક્ષીના ઇગો પર જ અહીં ધ્યાન આપ્યું છે. નાટકના શીર્ષકમાં પણ એટલે જ ‘હું’ ને એકદમ મોટો બતાવવામાં આવ્યો છે. અદિતિ દેસાઈએ સાહિત્યકૃતિ આધારિત ઘણાં નાટકોની ભજવણી કરી. એમાં ધ્રુવ ભટ્ટની નવલકથા પર આધારિત ગીરની પૃષ્ઠભૂમિ ધરાવતું નાટક ‘અકૂપાર’ વધારે વખણાયું હતું. વિનોદ જોશીનું પદ્યનાટક ‘સૈરન્ધ્રી’નું નૃત્યનાટક રૂપે કરેલી રજૂઆત પણ સરાહનીય હતી.

૨૦૧૧થી ૨૦૨૦ના દાયકાની ગુજરાતી રંગભૂમિ અને એની આગળના દાયકાની પણ ગુજરાતી રંગભૂમિનો વિચાર કરીએ તો સમય અને પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું હશે પણ નાટકની ગુણવત્તા બાબતે ફરી જૂની ગુજરાતી રંગભૂમિ જેવી દશા છે. ફરી શેઠિયા કેન્દ્રમાં આવી ગયા છે, ને એ ઇચ્છે એમ લખવા માટે લેખકો ટાંપીને બેઠા છે. હા, જૂની ગુજરાતી રંગભૂમિની સમૃદ્ધિ સમાન ગીતો ગાયબ છે. ગીતોના સ્થાને વૉટ્સેપિયા જોક્સ ઘૂસી ગયા છે. ગીતો ગાયબ થવાને કારણે ‘વન્સમૉર’નો ટહુકો સંભળાતો નથી. (અપવાદ ‘માસ્ટર ફુલમણિ’) બૉક્સ-ઑફિસ નાટકનું અને એની સાથે સંકળાયેલ જૂથનું ભવિષ્ય

નક્કી કરે છે. 'લગે રહો ગુજ્જુભાઈ'ના ૩૦૦થી વધારે પ્રયોગો થાય છે પણ 'ડાકઘર' એક–બે પ્રયોગો પછી બંધ થઈ જાય છે. ગીતોને બદલે ટુચકા અને ફૂવડ અભિનયને કારણે એમ થાય છે. આપણે પાછલે પગલે તો ગતિ નથી કરી રહ્યા ને! આવી પરિસ્થિતિ વચ્ચે સતીશ વ્યાસ, સૌમ્ય જોશી, પ્રવીણ પંડ્યા, રવીન્દ્ર પારેખ, નૌશિલ મહેતા જેવા નાટ્યલેખકો આપણી પાસે છે જે નાટક પ્રત્યેનો આપણો રસ જીવંત રાખે છે. મનોજ શાહ, અદિતિ દેસાઈ, ફણીશાઈ ચારી જેવા દિગ્દર્શકો છે કે જે નાટકો જોવાનો લહાવો હજી પૂરો પાડે છે. મહેન્દ્રસિંહ પરમાર એક નાટક 'મિથ્યાભિમાન'ને પણ યાદગાર બનાવે! પણ હજી આપણો 'સામાજિક' આ પ્રકારનાં નાટકો જોવા માટે ટેવાયો છે ખરો?

(પ્રસ્તુત લેખમાં અગાઉ મારા પ્રગટ થયેલા વિવિધ લેખોની સામગ્રી ઉપયોગમાં લીધી છે.)

૨૦૧૧થી ૨૦૨૦ દરમિયાન પ્રગટ થયેલાં નાટકોની એક યાદી 'સંતુ રંગીલી', (૨૦૧૪, મધુ રાય), 'અરણ્યા' (૨૦૧૯, સતીશ વ્યાસ), 'મેં ગંદેવીનો ગલો' (૨૦૧૫, સતીશ વ્યાસ), 'મન મગન હુઆ' (૨૦૨૦, સતીશ વ્યાસ) 'પૂતળીબાઈ' (૨૦૧૭, સતીશ વ્યાસ), 'મિલીના ઘર તરફ' (૨૦૧૧, યામિની વ્યાસ), 'રણમાં ખીલ્યું પારિજાત', 'વ્હાલના વારસદાર' (૨૦૨૦, યામિની વ્યાસ), 'ઈ.સ. ૨૦૨૨', 'છાનું છપનું', 'ફારગતી', 'ચક્રવાત' (૨૦૧૩, પરેશ નાયક), 'કસ્તુરબા', 'જયપ્રકાશ' (૨૦૧૪, નારાયણ દેસાઈ), 'મારો પિયુ ગયો રંગૂન', 'સરદાર', 'ચાણક્ય' (૨૦૧૫, મિહિર ભુતા), 'મીરાં', 'થોડું લૉજિક થોડું મૅજિક', 'કમાલ કરે છે', 'આ પટેલ કેવી ધમાલ કરે છે' (૨૦૧૫, સ્નેહા દેસાઈ), 'જો અમે બધા સાથે તો દુનિયા લઈએ માથે' (૨૦૧૫, સૌમ્ય જોશી), 'સુયોધન' (૨૦૧૨, હસમુખ બારાડી), 'ગાંધારી અને સો કુંડો' (૨૦૧૫, હસમુખ બારાડી), 'સ્વપ્ન દુઃસ્વપ્ન' (૨૦૧૧, ચિનુ મોદી), 'એક ચપટી ઊંઘ' (૨૦૧૭, ધ્વનિલ પારેખ), 'એક હતી ક્રિષ્ના' (૨૦૨૦, ધ્વનિલ પારેખ) 'પટકથા' (૨૦૧૪, કેશુભાઈ દેસાઈ), 'લીલા' (નૌશિલ મહેતા, ૨૦૧૩) '૧૭૫૭' (૨૦૧૨, રવીન્દ્ર પારેખ) 'તિરાડે ફૂટી કૂંપળ' (૨૦૨૦, રવીન્દ્ર પારેખ) 'પછી સુદામોજી બોલિયા...' (૨૦૧૯, પ્રવીણ પંડ્યા) 'વૉટ્સેપ અને અન્ય લઘુનાટકો' (૨૦૧૬, ઉત્તમ ગડા) 'અમે અહીંથી નહીં જઈએ' (૨૦૧૪, સતીશ વ્યાસ)

■

પણ હું જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર ન કરી શક્યો, તેમ હિંદુ ધર્મની સંપૂર્ણતા વિશે અથવા તેના સર્વોપરીપણા વિષે પણ હું નિશ્ચય ન કરી શક્યો. હિંદુ ધર્મની ત્રુટીઓ મારી નજર આગળ સતત તર્યા કરતી હતી. અસ્પૃશ્યતા જો હિંદુ ધર્મનું અંગ હોય તો તે સડેલું ને વધારાનું અંગ જણાયું. અનેક સંપ્રદાયો, અનેક નાતજાતોની હસ્તી, હું સમજી ન શક્યો. વેદ જ ઈશ્વરપ્રણીત એટલે શું? વેદ ઈશ્વરપ્રણિત તો બાઈબલ અને કુરાન કાં નહીં?

જેમ ખ્રિસ્તી મિત્રો મારા ઉપર અસર કરવા મથી રહ્યા હતા તેમ મુસલમાન મિત્રોનો પણ પ્રયત્ન હતો. અબદુલ્લા શેઠ મને ઈસ્લામનો અભ્યાશ કરવા લલચાવી રહ્યા હતા. તેની ખૂબીઓની ચર્ચા તો કર્યા જ કરે.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ‘દેવચકલી’

ડૉ. જમનાબહેન હિરાભાઈ ગામેતી

પ્રભુદાસ પટેલ પાસેથી ‘વન્યરાગ’(૨૦૧૪) પ્રથમ વાર્તાસંગ્રહ સાંપડ્યો છે. આ વાર્તાસંગ્રહ માટે ગુજરાતની વિવિધ સાહિત્યિક સંસ્થાઓના ચાર પુરસ્કાર પ્રાપ્ત થયા છે.. ‘વન્યરાગ’ના સાત વર્ષના અંતરાલ બાદ ‘દેવચકલી’(૨૦૨૧) એ બીજો વાર્તાસંગ્રહ સાંપડ્યો છે. આ વાર્તાસંગ્રહને પણ અસાઈત સાહિત્યસભા, ઊંઝા દ્વારા ૨૦૨૧ના શ્રેષ્ઠ વાર્તાસંગ્રહનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક-વર્ષ-૨૦૨૧નું તૃતીય પારિતોષિક અને ગુજરાત સાહિત્ય પરિષદનો શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક ૨૦૨૧નો પ્રાપ્ત થયેલ છે.

આધુનિકોત્તર સર્જકોએ પોતાના તળ કે મૂળ તરફ પાછા ફરી, જે-તે પ્રદેશની લોકબોલીમાં ગ્રામીણ સંસ્કૃતિ, પરંપરા, રીત-રિવાજોના વિનિયોગથી બળૂકી વાર્તાઓ આપી. એમાં એક પ્રભુદાસ પટેલે પણ પોતાના પ્રદેશના આદિવાસી જનજીવનને તેમના ‘વન્યરાગ’ અને ‘દેવચકલી’ વાર્તાસંગ્રહોમાં ‘દેવચકલી’ સુધીની મજલ કાપવામાં વાર્તાકાર અને વાર્તા ઉભય ઘણાં પલટાયાં-પલોટાયાં છે. તેઓ ‘દેવચકલી’ના આલેખન વિષે નોંધે છે કે “અમારા ડુંગરાળ મલકને, તેના લોકને વિકાસની હવા લાગી છે અને અંદર-બહાર બદલાઈ રહ્યો છે. આ બદલાવ ‘દેવચકલી’ની મોટા ભાગની વાર્તાઓની સામગ્રી છે. આવા નવ્ય વિષયના આલેખન માટે મેં વાર્તાઓના કથનકેન્દ્ર, ઘટનાનિર્વહણ, પાત્રમનોગત, કથન-વર્ણનની ભાષા તથા પાત્રબોલીના વિનિયોગમાં વિશેષ સભાનતા સેવી છે.” (પૃ. ૮)

‘દેવચકલી’ વાર્તાસંગ્રહમાં કુલ તેર વાર્તાઓ છે. મોટા ભાગની વાર્તાઓમાં વિષયવસ્તુ અને પરિવેશ આદિવાસી સમાજનો હોવા છતાં સંવેદનાઓ સાર્વત્રિક છે. પ્રત્યેક વાર્તાનું વિષયવસ્તુ વૈવિધ્યસભર છે.’ દેવચકલી’, ‘કાળકા’, ‘વાવુડી’, ‘ચીહ’, ‘અવસ્થા’, ‘ખરું સ્ટેશન’, અને ‘બાપ’ જેવી વાર્તાઓમાં બહુધા સ્ત્રીસંવેદન અને સ્ત્રીસંવેદનાના ઓથારમાં ક્વચિત્ સ્ત્રીવાત્સલ્ય, સ્ત્રીચેતના, સ્ત્રી-પ્રકૃતિ શોષણ અને હનન જેવા વિષયો કળા-માવજત પામ્યા છે. ‘વાવુડી’, ‘મગરીવાળું ખેતર’, ‘ઓરડી’ જેવી વાર્તાઓમાં આધુનિકીકરણના પ્રભાવે માનવમૂલ્યોનું હનન, બદલાઈ ગયેલા માનવસબંધો પમાય છે. ‘શકરોબાજ’માં સ્થાપિતહિતો અને નિજી સ્વાર્થમાં વરેલાં તત્ત્વો સામે છેવટે સત્યનું પલ્લું નમતું અનુભવાય છે. તો ‘કૂવો’ માનવમનની સંકુલતાની વાર્તા છે. આ વાર્તાઓનાં કળાકીય પાસાંઓની સંક્ષિપ્તમાં ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ છે.

જેના ઉપરથી સમગ્ર વાર્તાસંગ્રહને નામ અપાયું છે તે ‘દેવચકલી’માં સ્ત્રીશોષણ અને સ્ત્રીસંવેદનાનું વિષયવસ્તુ સન્નિધિકરણ, ફ્લૅશબૅક, સ્વપ્નદર્શન, ગીતો અને રસાકર્ષક

સંવાદયોજના જેવી રચનાપ્રયુક્તિઓમાં કલાત્મક રૂપે ઝિલાયું છે. આ વાર્તામાં ખીમલો અને મણકી એકમેકને ચાહતાં હોવા છતાં, કૌટુંબિક વેરઝેર અને ખીમલાની ભીરુ પ્રકૃતિને લીધે પરણી શકતાં નથી. મણકીને વહેમીલા અને દારૂડિયા પતિનો માર સહન ના થતાં પિયર પાછી આવે ત્યાં પણ ભાઈનો માર ખાય છે. તે કોઈ પણ ભોગે ખીમલા સાથે ભાગવા તૈયાર પરંતુ ભીરુ ખીમલો...! શરૂથી જ દેવચકલીની અવદશાના સમાંતરે મણકી-ખીમલાનો પ્રણય અને આનંદ-ઉમળકા તથા અવદશાની વાત સચોટ રજૂ થઈ છે. આદિવાસી ઉત્તરાયણના વિધિવિધાનને જોડીને સ્ત્રીસંવેદના અને પીડાને ધાર અપાઈ છે. ઉત્તરાયણની ઉજવણી રૂપે ગેડીદડો રમતો ખીમલો મેદાન છોડી દે છે, પણ મનના મેદાનને છોડી શકતો નથી. નાયકની સ્વગતોક્તિઓથી જ કથા પ્રવાહિત થાય છે. પરંતુ સમાજની બીકે મણકીને મદદ કરવાના બદલે પીછેહઠ કરે છે તેમાં સમાજની રૂઢિઓ આગળ નાયિકાની અવદશા તરફ સંકેત છે. પતિ-ભાઈથી ત્રાસેલી મણકી ખીમલો ભગાડી જાય તેવી અપેક્ષા સેવે પણ ખીમલો ભીરુ પુરવાર થાય ત્યારે મણકીના મનોગતને સર્જકે સર્જનાત્મક ભાષામાં આ રીતે વ્યક્ત કર્યું છે : "અને જેવું ખીમલાએ પીઠ ફેરવીને ચાલવું શરૂ કર્યું કે મણકીનું અંતર લીરાની જેમ ચરરડાટ કરતું ચિરાઈ ગયું હતું....તે રડેલી નહિ એટલું જ, પરંતુ તેના મનમાં કોઈ ઊંડા કૂવામાં ઘડો ભરવાની મથામણમાં રસ્સી જ જાણે તૂટી ગઈ હોય તેવા ભાવ થઈ આવેલા. જતાં જતાં ખીમલાના કાને આટલા શબ્દો અફળાયેલા-ખી...મ..લા, એક તા..રો જ ભરુહોં...ન..ઈ...તો"! (૨૭)

'વાવુડી'માં સ્ત્રી અને પ્રકૃતિ બંને અવદશાનો ભોગ બને છે. નાયિકા વાવુડી અને વિઠ્ઠલનો અજોડ પ્રેમ સંસ્મરણો રૂપે આલેખાયો છે. તેમનું વિશ્વ વડ, દેરું અને વાવ છે. અચાનક વાવમાં પડી જતાં વિઠ્ઠલનું મૃત્યુ થતાં વાવુડી મગજનો કાબૂ ગુમાવી બેસે છે. વિકાસને રવાડે ચડેલું ગામ જે.સી.બી.થી પ્રકૃતિનો નાશ કરાવે છે. દીકરાઓ વૃદ્ધ બાપને અજાણ રાખી ક્રમશઃ વડલો કપાવી, શિવજીનું દેરું હટાવી વાવ પુરાવી દે છે. વડલા અને દેરાની હાલત જોઈ રડતી-કકળતી, ગુસ્સે થતી વાવુડી જોઈને બે ભાઈઓ હસે છે. તો નાનિયો મનોમન વ્યથિત થાય છે. વાવ પુરાતાં અજાણપણે વાવુડીનું મૃત્યુ થાય છે. એનું ભારોભાર દુઃખ નાના ભાઈ અને દાદાને છે પણ તે પણ મૂક ચિત્કાર સમું! એક સમયના સંસ્કારતીર્થ સમો વડલો, શિવજીનું દેરું અને વાવના સ્થાનકે જામતું ભક્તિમય વાતાવરણ, શિવુડી-વિઠ્ઠલનો પ્રેમ ચાક્ષુસ કરે તે રીતે નિરૂપાયાં છે.

> ***'ઊંસી નેસી સરોવરિયા પાળ,***
> ***સંતોરે ભાઈ ઊંસી નેંસી સરોવરિયા પાળ,***
> ***નીસે વડલો રળિયામણો રે."*** (પૃ.૪૧)....

દાદાને મુખે મુકાયેલું આ ભજન પણ પરિવેશ રચી આપે છે.

'મગરીવાળું ખેતર'માં શહેરીકરણનું આક્રમણ ગામડામાં કેવી રીતે પ્રસરી રહ્યું છે તેનો ઉત્તમ નમૂનો પૂરો સાંપડે છે. વૃદ્ધ નાયક સકરાની જાણ બહાર પત્ની અને પુત્રો વચેટિયા સરપંચની વાતમાં આવી 'મગરીવાળું ખેતર' પંદર લાખમાં વેચી દે છે. જેનો નાનપણથી ખેતર સાથેનો નાતો હતો એવા સકરાને આ જાણ થતાં તે ફસડાઈ પડે છે. અહીં પૈસા અને પ્રતિષ્ઠા માટે પુત્રો બાપની અને પત્ની પતિની અવદશાનો વિચાર સુધ્ધાં કરતાં નથી. આધુનિકતાની આંધળી દોડમાં ગામડાની પ્રકૃતિનું હનન વર્ણન રૂપે પણ સ્પર્શક્ષમ નિરૂપાયું

છેઃ "ડુંગરના ઘોંઘાટે તેનું ધ્યાન ખેંચ્યું. ધૂળ ઓકી રહેલો ડુંગર જાણે કરાંજી કરાંજી કોઈ અરજ ના કરી રહ્યો હોય! સકરાના મનમાં ત્યાંનાં કેટલાંય દશ્યો ઊભરી આવ્યાં. ગોળનાં ઢેફાં પર મંકોડા તૂટી પડ્યા હોય તેમ ડુંગરને ઘેરી બેઠેલાં સાધનો..."(પૃ.૬૨) વર્તમાનની ભોંય પર થતું અતીતદર્શન અહીં પણ વાર્તાના અંકોડા ગૂંથવામાં કારગત બન્યું છે. સર્જકે લોકબોલીનો વિનિયોગ પાત્રમનોગતને વ્યક્ત કરવાની સાથોસાથ વાર્તાનો સહજ પરિવેશ પણ રચી આપે છે. પ્રકૃતિનો નાશ યંત્રોથી અને માનવસંબંધોનો નાશ પૈસાની લાલચમાં થઈ રહ્યાની વરવી વાસ્તવિક્તા સચોટ મૂર્ત થઈ છે.

'ઓરડી' આ વાર્તામાં કોરોના મહામારીમાં થયેલ વૃદ્ધની અવદશાને આલેખી છે બદલાઈ ગયેલાં સંબંધમૂલ્યોની વાત અસરકારક રૂપે વ્યંજિત થઈ છે. કોરોનાકાળમાં દીકરીની શહેરી મહેમાનગતિ માણી આવેલા રામજીબાપા કુટુંબીઓથી સ્વયં અંતર રાખી ઓરડીમાં ત્રણેક દિવસ તો ઈશ્વરસ્મરણ અને મૃત પત્ની મોંઘીનાં સ્મરણોમાં આસાન રીતે પસાર કરે, પરંતુ ત્રીજા દિવસની મધરાતે આવતી છીંકથી તેઓ સ્વજનોને અજાણ્યા કોઈ જંગલી પશુ, ઊંબાડિયા જેવા લાગે અને 'બાપુજી'-એવા વહાલપથી બોલાતા સંબોધનને બદલે 'ડોસલો' બની જાય. સ્વજનોના બદલેલા વ્યવહારોને લીધે રામજીબાપા ક્રમે ક્રમે ઓરડીની ભીંતે ટીંગાવેલા ભગવાનના અને પત્ની મોંઘીના ફોટાને નફરતભાવે જોતા થઈ જાય. ઓરડીનું લીંપણ ખરતું....છત પર કરોળિયાનાં જાળાં જોતાં ઓરડીને હલતી અનુભવે ત્યાં જીવનની ક્ષણભંગુરતા સચોટ અનુભવાય છે. સંબંધોના ભ્રમથી મુક્ત થયેલા રામજીબાપા સપનામાં પત્ની મોંઘીને પોતાની દશાની વાત કરે છે તે સંવાદ સરસ નિરૂપાયા છેઃ

"'તમે કાંય નથ જૉણતાં? જાઓ તમારાં સગલાંને પૂંસી આવો!'

'આ શ્યું બોલો સો? એમ સાવ મન ઉઠાડી દઈને એ ચ્યેવું? સોકરા સાવ પારકા નથ થઈ ગ્યાં!"

'ઓહો! તમને એવું લાગ છઅ ઈમ?'

'રે રાંમ! તમને ચ્યમ અવળું અવળું બોલવાનું હુઝે છઅ? મંદવાડમાં બળાપા થાય પ...ણ જાતી ઉંમરમાં શ્યું કૉમ સોકરાની આબરૂ?" (પૃ.૭૪)

આ સંવાદોમાં સર્જકે ટૂંકા ટૂંકા પ્રશ્નાર્થ, ઉદ્‌ગારયુક્ત સંવાદયોજનાથી પરોક્ષ વાતચીતને જીવંતતા બક્ષી છે. નાયકની એકલતા, ઝુરાપામાં 'ઓરડી', 'બારી', 'ઠૂંઠો આંબો', 'દીવાલ પરના પોપડા' જેવાં પ્રતીકોથી વાર્તા બળૂકી બની છે.

'ખરું સ્ટેશન'માં નાયિકા વીણાની દરિયાદિલીની ભાવના જોવા મળે છે. સુખી દાંપત્ય, નોકરી, એકાએક અકસ્માત, નાનીબહેનની સેવામાં, સાળી-બનેવીનો પ્રણય થવો, વીણાનું પિયર જવું, માતાની પણ માસીના અવસાન પછી માસા જોડે કરેલ છેડાગાંઠ, વીણાના અકસ્માત સાથે જીવતરનો પણ અકસ્માત થયાનો સંકેત કર્યો છે. મા-બાપ અને ભાઈઓની વેદનામાં પણ પરાયાપણું અનુભવતી વીણા થેલો લઈ પાછી નીકળતાં મનોભ્રમણામાં પડે છે તે જુઓ : "પણ કમર મરોડીને વીણા સચેત થઈ ગઈ... મારું સ્ટેશન ક્યારે? કેટલું દૂર? પણ તેની પ્રતીક્ષા વચ્ચેય એક એક અજાણ્યાં સ્ટેશનો ઉમેરતાં જ ગયાં. મુસાફરીથી થાકેલું-કંટાળેલું મન ઝંખે કે ક્યારે પડાવે પહોંચું ને નિરાંતના શ્વાસ લઉં? પણ મુસાફરીને એ ક્યાં મંજૂર હતું? બસ, વણખૂટ્યો રસ્તો ને અજાણ્યાં...! છેવટે

થાક્યું-પાક્યું મન બોલી પડ્યું : "મારું ખરું સ્ટેશન ક્યાં?" (પૃ.૨૩) નાયિકાના મુખે પોતાનું ખરું સ્ટેશન ક્યાં? સ્વગતોક્તિ વાર્તાને કલાક્ષમ અંત બક્ષે છે. વર્તમાન-અતીત-વર્તમાનની આંટીઘૂંટીથી માનવસંબંધોની પોકળતા ઉજાગર થઈ છે. સંબંધોની પામરતા દર્શાવવા યોજાયેલું વાડામાં વિયાયેલી કૂતરીનું દૃશ્યકલ્પન પણ તાજગીસભર છે.

'વાર્તામાં મજૂરિયાત સ્ત્રીવર્ગ ઠેકેદાર અને કંત્રાટીના જાતીય શોષણનો ભોગ બને છે. ગ્રામ્યરાજકારણ પણ અર્થકારણ માટે કેવા કાવાદાવા રચે છે અને એક બળાત્કારને અકસ્માતમાં ખપાવે છે તેની વરવી વાસ્તવિકતા તો ઝિલાય છે, પરંતુ માતા રમલીને દીકરીના મોતનું સાચું કારણ મળતાં વેરાગ્નિમાં દાઝતી તે દારૂનો ધંધો ચાલુ કરે છે. ઠેકેદારને દારૂ પીવા આવેલો જોઈ રમલીમાં દીકરીના બદલાનું ભૂત સવાર થઈ જાય છે. ઠેકેદાર દેવલો પીતાં પીતાં દારૂનાં વખાણ કરે છે તે સંવાદોની દ્વિઅર્થી ભાષા આસ્વાદ્ય અને વ્યંજક છે :

"રમલી, પેલ્લી ધારનો તો પેલ્લી જ ધારનો...
તારો પેલ્લી ધારનો હરો તો-શે'રમાંય ઈયાદ
આવતો તો'! ને તું...ય.." (પૃ.૩૭)

'પેલ્લી ધારનો' શબ્દના અર્થ વાસના, વિકૃતિ, વેર, દારૂ વગેરે થાય છે. આવા શબ્દો વાર્તાદેહ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સ્થળ-સમયનાં વર્ણનો વાર્તાનો પરિવેશ ખડો કરી આપે છે, તો અંધારાનો સંકેત વસ્તુગુંફનમાં કારગત થતો અનુભવાય છે.

'અવસ્થા'માં માતાની વેદના પુત્રી ઉછેરમાં સમર્પિત થયેલ છે. પોતે યુવાનીમાં કરેલ ભૂલનું પુનરાવર્તન દીકરી ના કરી બેસે. એ ચિંતામાં પોતાની ભૂલનાં તમામ દૃશ્યો માના માનસપટ ઉપર ઊપસી આવે છે. પોતે ભોળપણમાં યુવાનીનો શિકાર બનેલી તેવું પુત્રીના જીવનમાં ના બને તે માટે માએ કષ્ટ વેઠીને પણ દીકરીને ભણાવી પણ દીકરી દસમું નાપાસ થઈને ઘેર બેઠી ત્યારે મા સામે દીકરીની અવસ્થાનો મોટો પડકાર છે અને છેવટે દીકરીની અવસ્થા જ માનાં સ્વપ્નોને પરાસ્ત કરે છે. આ રીતે નાયિકા રૂખડીની મનોસંચલની તીવ્રતા સાથે દીકરી ગંગા પ્રત્યેની મનોવેદના તેના જ શબ્દોમાં :

"'નૈ, નૈ તારે નહ જવાનું! ને કઈ દઉં, ગોવાળ જાવાનું તો નોમ ની લેતી'

અહીં માના પ્રતિભાવો અને અનુભાવો પણ આસ્વાદ્ય બન્યા છે, વળી સર્જક વ્યંજનાસભર પાત્રભાષાથી અને અતીતદર્શન અને સંકેતો જેવી જુદી જુદી ટૅક્નિકથી ગૂઢાર્થો ઉકેલતા જાય છે. સર્જક શિષ્ટભાષા અને પાત્રોની લોકબોલીના સમન્વયને એકરૂપ કરવામાં સફળ રહ્યા છે.

'કૂવો' સમયના પ્રવાહમાં બદલાતી સ્ત્રી-પુરુષની વેદના આકારિત થઈ છે. નાયક લીંબો પત્ની લીલી ઉપરાંત બીજી પત્ની પ્રેમલી લાવે છે. ત્રાસથી કંટાળી લીલીનો જુદારો. લીંબાના કૂવામાં પાણી સુકાયું તેમ નિઃસંતાનપણાથી લીંબાનું શરીર સુકાતું જાય છે. કૂવાના પાણી અને શરીરના પાણીની એકરૂપતા એ સર્જકની પરિપક્વતા દર્શાવે છે. લીલીનો અન્ય ભાગિયા સાથે સબંધ...અને પરિણામે ખેતર ભરેલ ઘઉં અને પ્રેમલીના નસીબે મરણિયા ચણા સન્નિધિ રચે છે. અંતે પ્રેમલી પણ એવો જ માર્ગ શોધતી પ્રતીત થાય. માનવમનના શા ભરોસા? સમાજમાં કોઈ ને કોઈ રીતે સમસ્યામાં ફસાતા માણસો જોવા મળે છે. પ્રભુદાસ પાસેથી આવી સમસ્યાની કથાવસ્તુની વાર્તાઓ પણ મળે છે જેમ કે 'કાળકા' વાર્તામાં લગ્ન પૂર્વેના જાતીય સંબંધોથી આવતો અકલ્પનીય અંજામને આલેખ્યો

છે. નાયિકા શકરી તેની સખી કમળીના પ્રેમીના પ્રેમમાં પડે છે. તે ગર્ભધારણ કરી બેસે છે. એનો ઉપાય શું કરવો એ સૂઝતું નથી. મા-બાપ તો હવે હયાત નથી. ભાઈ-ભાભી શું કહેશે? ના પ્રશ્નથી શકરીના મનમાં ઊથલપાથલ મચી ગઈ છે. તેનો પ્રેમી પિથુડો મળવા આવતો નથી. ચાર દિવસ પછી મળતા તે દવા લઈ લેવા જણાવે છે. આ સાંભળતાં જ શકરી કાળકામાની જેમ કોપાયમાન થાય છે. તે નોંધપાત્ર છેઃ

"હાહરા, તું ઉ ને કૂતરી ધારી બીઠો સે?"

- તાડૂકી ઊઠેલી શકરી ત્રાટકી......ખુન્નસ વરસાવતા ડોળા... બેય ખભે વેરાયેલાં ઝટિયાં... અને થરથરાટી અનુભવતાં નાક-મોં..."(પૃ.૧૭)

શકરીનું રૂપાંતરણ કાળકા માતામાં થઈ જાય છે. સ્ત્રીમાં જેટલી લાગણી છે એટલો જ ગુસ્સો પણ છે. આ સ્ત્રી સશક્તીકરણ છે.

તો 'ફોરીફૂલ'માં નારીવાત્સલ્યનું વિષયવસ્તુ સાંપડે છે. વિધવા નેમલીની નાની બે દીકરી છે. નેમલી માટે સમસ્યા છે કે દીકરીઓ સાચવી સાસરીમાં રહેવું કે પિયરિયાનું વિચારી નાતરું કરવું. ભાઈ તેડવા આવતા તે જાય છે. પરંતુ હરણાવ નદીને સૂકીભઠ્ઠ જોતાં તેની સરખામણી પોતાના જીવન સાથે કરે છે તેમાં તેના વૈધવ્યયુક્ત જીવનનો સંકેત સાપડે છે. તેના અતીતદર્શનમાં ચોમાસે બે કાંઠે વહેતી નદીનું સ્મરણ તેના સુખી દાંપત્યજીવનની સન્નિધિ રચે છે. પિયરમાં તેનું મન લાગતું નથી. નેમલી સાસરીમાં જઈ મોટી દીકરીને પંપાળે છે, અને નાનીને ધાવણ આપીને પોતે 'ફોરીફૂલ' થાય છે. વાર્તાનું શીર્ષક રહસ્યમય રીતે છેલ્લા વાક્યમાં મળે છે. વિશ્વમાં માતાનો પ્રેમ જ સર્વોપરી છે, એ વાસ્તવિકતા વાર્તામાં ફલિત થાય છે.

'શકરોબાજ' ભોપાળાના નામે થતા સ્ત્રી-શોષણની વાર્તા છે, પરંતુ ધર્મની આડમાં રહીને પોતાનો રોટલો શેકી ખાતા રાજકર્મીઓ અને સમાજકર્મીઓ અહીં ખુલ્લા પડ્યા છે. નવરાત્રીના ઉપાસકો મેઘલાને ભગત જ નહિ, સાક્ષાત્ માતાજીનો વારસદાર માને છે. દુખિયાનાં દુઃખ દૂર કરવાની આડમાં સ્ત્રીઓનું શોષણ થાય છે. એક જ અડગ સ્ત્રી મેઘલાને પડકારે અને લોકો સ્ત્રીના પક્ષે આવે ત્યારે મેઘલાના પક્ષેથી ગામનો સરપંચ અને ભક્તો ખસી જાય ત્યારે શકરોબાજ એવો મેઘલો ચકલીઓ અને પક્ષીઓના ચંચુપ્રહારથી મરણતોલ દશા પામે છે. અહીં ગુનેગાર માણસની ભયદશા પણ આસ્વાદ્ય રૂપે સાંપડે છે.

'બાપ' અને 'ભેલાણ'માં અન્ય વાર્તાઓ જેવી કળાનો ઓછો અનુભવ થાય છે. આમ, 'દેવચકલી' વાર્તાસંગ્રહની તમામ વાર્તાઓમાંથી પસાર થતાં ઊર્મિઓ, વિચારો, કલ્પનો, અલંકારો અને પ્રતીકોનો કલાત્મક રીતે વિનિયોગ થયેલ છે. ઉત્તર ગુજરાતના આદિવાસી સમાજની વાર્તાઓ હોવાથી ગામડું, પ્રકૃતિ, વાર-તહેવાર, રીતરિવાજો, ભૂત-પ્રેતના પરિવેશથી અંકુરિત થયેલ છે, છતાં આ બધું વાર્તાની શરતે યોજાઈને મૂળ કૃતિને ઉપકારક બન્યું છે. ટૂંકા ટૂંકા માર્મિક સંવાદો, લોકબોલીના લય, લહેકા અને કાકુ વડે દશ્યો જીવંત બન્યાં છે. કથકની એકદમ શિષ્ટ ભાષા અને પાત્રોની લોકબોલીથી વસ્તુ વણાટ થયું છે. ક્યાંક સંવાદોના કોઈ શબ્દો અજાણ્યા હોઈ વાંચનમાં થોડી અગવડતા સર્જાય, પરંતુ એ પડકાર પણ ભાવકે ઉઠાવવો જ યોગ્ય.... સંવાદો સમજવા માટે ક્યાંક મથામણ કરવી રહી.

**સંદર્ભ** : (૧) 'દેવચકલી' લેખક : પ્રભુદાસ પટેલ, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧

■

# ગુજરાતી કોશ પરંપરામાં નવું ઉમેરણ એટલે 'સામયિક કોશ'

નિરૂપા ટાંક

કોશ નિર્માણનું કાર્ય સાતમી આઠમી સદીથી થતું રહ્યું છે અને હાલ પણ થાય છે. પણ સમયની સાથે સાથે તેમાં વિષય, ભાષા, સ્વરૂપ એ બધાની દૃષ્ટિએ ઘણાં પરિવર્તનો થતાં રહ્યાં છે. એ પરિવર્તનની સાથે પણ અભ્યાસીઓ પોતાની જરૂરિયાત પ્રમાણે કોશને ખપમાં લેતા હોય છે અને તેના જ ફળ સ્વરૂપે આપણને શબ્દકોશ, રૂઢિપ્રયોગકોશ, કહેવતકોશ, પર્યાયકોશ, સંજ્ઞાકોશ વગેરે જેવા અનેક અવનવા કોશ મળતા રહ્યા છે. આ પરંપરામાં એક નવું ઉમેરણ થાય છે અને આપણને કિશોર વ્યાસ પાસેથી 'સામયિકકોશ' એકાદબે વર્ષ પહેલાં પ્રાપ્ત થાય છે. જેના વિશે અહીં વાત કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

વિવેચન અને સૂચીકરણ ક્ષેત્રે વિશેષ જાણીતા કિશોર વ્યાસ પાસેથી ૨૦૦૧થી ૨૦૦૫, ૨૦૦૬થી ૨૦૧૦, ૨૦૧૧થી ૨૦૧૫, ૨૦૧૬થી ૨૦૨૦ એમ ચાર સામયિક લેખસૂચિના ગ્રંથ મળે છે. અને તે ગ્રંથના ફળ સ્વરૂપે જ વર્ષ ૨૦૨૨માં સામયિકકોશ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. આ એક એવો કોશ છે જેમાં પ્રથમ વખત ૮૦૦થી પણ વધુ સામયિકો અંગે તથા ૮૦થી વધુ સાહિત્યિક પત્રકારત્વના ગ્રંથો, સંપાદકો અને તંત્રીઓ વિશેની માહિતી આપવામાં આવી છે. આપણે ત્યાં સામયિકો, સંપાદકો વિશે લેખો લખાતા રહે છે અને પુસ્તકો પણ પ્રગટ થતાં રહે છે. પરંતુ આ કોશ મુજબ એકસાથે આટલાં સામયિકો, સંપાદકો, તંત્રીઓ અને સામયિકવિષયક પુસ્તકો વગેરેની માહિતી એક જ સ્થાનેથી હાથવગી બને છે, એ જ તેની ઉત્તમતા છે. કોશમાંથી પસાર થતાં જે નિરીક્ષણો હાથ લાધ્યાં છે તેની વિગતે વાત કરું તો;

પ્રસ્તુત સામયિક કોશને સામયિક સંદર્ભ, ડિજિટલ સ્વરૂપે પ્રાપ્ત(DVD) સામયિકો, વેબસાઇટ પર જોવા મળતાં કેટલાંક સામયિકો, સામયિક-અખબાર સૂચિ, તંત્રી-સંપાદક-કર્તા સૂચિ, સાહિત્યિક પત્રકારત્વના ગ્રંથોની સૂચિ એમ છ વિભાગોમાં સમગ્ર કોશને વિભક્ત કરાયેલો છે. તેમાં પ્રથમ વિભાગ 'સામયિક સંદર્ભમાં' સામયિકો, સંપાદકો, તંત્રીઓ વગેરેનાં વિશે અધિકરણો આપવામાં આવ્યાં છે અને તે દરેક અકારાદિ ક્રમમાં મૂકવામાં આવ્યાં છે. જોકે આ વિભાગની માહિતી અનુક્રમમાં મૂકી છે, પરંતુ પેજ નંબર ૧ ઉપર મથાળા તરીકે મૂકવી જોઈએ એ મૂકવાનું ચુકાઈ ગયું છે. સંપાદકો-તંત્રીનાં અધિકરણોમાં અટક પ્રથમ છે અને નામ પછી છે જે અકારાદિ ક્રમમાં છે, જ્યારે બાકીના વિભાગોમાં માત્ર પૃષ્ઠ નંબર સાથે સૂચિ મૂકવામાં આવી છે જેથી કોશની અંદર સામયિકનું, સંપાદકનું કે ગ્રંથ વિશે અધિકરણ ક્યા પૃષ્ઠ ઉપર છે તેને અભ્યાસી સરળતાથી જોઈ શકે. ડિજિટલ સ્વરૂપે પ્રાપ્ત સામયિકના

વિભાગમાં જે પણ સામયિક(DVD) સ્વરૂપે પ્રાપ્ત થાય છે તેની યાદી મૂકવામાં આવી છે, જ્યારે વેબસાઇટ પર જોવા મળતાં કેટલાંક સામયિકો એ વિભાગની અંદર વેબસાઇટ પર જોવા મળતાં સામયિકોની વેબસાઇટ અને સામયિકના નામ સાથે યાદીમાં મૂકવામાં આવી છે અને અંતમાં પરિશિષ્ટ આપવામાં આવ્યું છે. જેમાં આજનાં કેટલાંક સામયિકોનો સંપર્ક અને પરિચય તથા સંદર્ભ ગ્રંથો એમ બે વિભાગ આપ્યા છે. જેમાં પ્રથમ વિભાગ આજનાં કેટલાંક સામયિકોનો સંપર્ક અને પરિચય અભ્યાસીને ખૂબ જ ઉપયોગી થાય તેવો છે. નિવેદનથી શરૂઆત પામતો આ કોશ જુદા જુદા વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે જે ૨૫૦ પાનાંમાં વિસ્તારિત છે. આ તો થઈ કોશ નિર્માણની વાત. હવે, કોશમાંથી પસાર થતાં જે નિરીક્ષણો હાથ લાગ્યાં છે તેની વાત કરું;

પ્રસ્તુત કોશમાં સામયિક વિશેના અધિકરણમાં સામયિકની શરૂઆત ક્યાંથી થઈ, તે સામયિક ક્યારથી પ્રગટ થાય છે, તેના પ્રથમ તંત્રી અને સંપાદક કોણ હતા? હાલના સંપાદક-તંત્રી કોણ છે, સામયિક શરૂ કરવા પાછળનો ઉદ્દેશ, સામયિકમાં કેવા કેવા પ્રકારના લેખો પ્રસિદ્ધિ પામે છે, તેનો પ્રકાર; એટલે કે તે માસિક છે, સાપ્તાહિક છે કે પાક્ષિક છે તેનો ઉલ્લેખ પણ અધિકરણમાં કરવામાં આવ્યો છે. આમ વિવિધ બાબતોનો નિર્દેશ સામયિક અંગેના અધિકરણમાં જોવા મળે છે. ટૂંકમાં જેવું સામયિક અને જેવી તેની ખ્યાતિ તે પ્રમાણે અધિકરણમાં માહિતી આપવામાં આવી છે. ઉદાહરણ તરીકે;

- **એતદ્** : ૧૯૭૭થી–આ સામયિક સુરેશ જોષીનાં સામયિકોની શ્રેણીનું છેલ્લું સામયિક છે. પ્રારંભે એના તંત્રીમંડળમાં ઉષા જોષી, રસિક શાહ અને જયન્ત પારેખ હતા. સુરેશ જોષી ૧૯૮૨થી ૧૯૮૬ સુધી એના તંત્રી તરીકે જોડાયા હતા. એતદ્‌નો આરંભ કરવા પાછળ સાહિત્ય, લલિતકલા, સમાજવિદ્યા તથા તત્ત્વચિંતન આ ક્ષેત્રો વિશેનો સહવિચાર શક્ય બનાવવાનું હતું. એતદ્‌ના પ્રથમ અંકમાં જ સુરેશ જોષીની કવિતા, શેરવુડ એન્ડરસનની વાર્તાનો શિરીષ પંચાલે કરાવેલો અનુવાદ, નવ્ય વિવેચન અંગેનો પ્રમોદકુમાર પટેલનો લેખ તેમજ હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય'એ કરેલી પંદર આધુનિક વાર્તાઓની સમીક્ષાઓનો સમાવેશ કરવામાં આવેલો. સર્જન વિભાગમાં ગુજરાતી સાહિત્યના તમામ ગણમાન્ય સર્જકોની કૃતિઓ અહીં પ્રગટ થઈ છે. વિશ્વસાહિત્યની કૃતિઓ અને એ અંગેના અભ્યાસલેખો એતદ્‌નું વિશિષ્ટ અર્પણ છે. શિરીષ પંચાલના સાહિત્યનો મૃત્યુઘંટ અને રૂપરચનાથી વિઘટન જેવા નોંધપાત્ર લેખો એતદ્‌ની ગતિનું નિદર્શન આપે છે... એતદ્ સર્વસ્વરૂપલક્ષી હોવા છતાં સાહિત્યની ગંભીર ચર્ચા કરતા સામયિક લેખે એની ઓળખ બની હતી. ગુજરાતી ભાષાની નોંધપાત્ર કવિતા, વાર્તાઓ, વાર્તાઓના અનુવાદો અને પશ્ચિમની સાહિત્ય વિચારણા એમાં ઝિલાઈ છે તેમ અન્ય માનવવિદ્યાઓના લેખો એતદ્‌ને અગ્રિમ હરોળના સામયિક તરીકે સ્થાપિત કરે છે. પંડિતયુગનું પુનર્મૂલ્યાંકન, ખૂતાનો રાજવી, મેટામોર્ફોસિસ તેમજ દસમા દાયકાનું મૂલ્યાંકન કરતા એના વિશેષાંકો, નાટ્ય વિશેષાંકો ખૂબ ધ્યાનાર્હ બન્યા છે. (પૃષ્ઠ ૧૪–૧૫)
- શબ્દસૃષ્ટિ (પૃષ્ઠ ૧૫૯), તથાપિ (પૃષ્ઠ ૬૭), પરબ (પૃષ્ઠ ૯૩), નવનીત–સમર્પણ, (પૃષ્ઠ ૮૨), બુદ્ધિપ્રકાશ (પૃષ્ઠ ૧૧૫), રુચિ (પૃષ્ઠ ૧૪૨), કંઠસંપદા (પૃષ્ઠ ૨૧),

લોકગુર્જરી (પૃષ્ઠ ૧૪૫), રાજભાષા (પૃષ્ઠ ૧૩૯), પ્રત્યક્ષ (પૃષ્ઠ ૧૦૪), રેખા (પૃષ્ઠ ૧૪૩), કૌમુદી (પૃષ્ઠ ૩૦) વગેરે.

સામયિકોની જેમ જ અહીં જે તે સામયિકોના સંપાદક, તંત્રી-કર્તા વિશેનાં અધિકરણો અને ગ્રંથવિષયક અધિકરણનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમ કે;

- અખબારનું અવલોકન (પૃષ્ઠ ૦૧), ગ્રંથવિવેક (પૃષ્ઠ ૪૭), પ્રત્યક્ષ સૂચિ (પૃષ્ઠ ૧૦૫) પત્રકારત્વનો ઈતિહાસ (પૃષ્ઠ ૯૩), પત્રકારત્વના સિદ્ધાંતો (પૃષ્ઠ ૯૩), ગદ્યપર્વ વાર્તાસંચય (૩૬) ભાગ ૧ થી ૩ (૧ થી ૬ હોવું જોઈએ) વગેરે.
- કાબરાજી, પૂતળીબાઈ જહાંગીર (૨૨), કોઠારી, જયંત સુખલાલ (૨૯), જાની, જ્યોતિષ જગન્નાથ (૫૪), ટેલર, બકુલ (૬૩), બૂચ, જન્મશંકર મહાશંકર (૧૧૭), મારફતિયા નગીનદાસ તુલસીદાસ (૧૨૯) વગેરે.

ઘણાં ખરાં સામયિકો એવાં છે કે, જેના વિશે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. માત્ર તે કઈ જગ્યાએથી પ્રગટ થાય છે તેની જ માહિતી મળે છે. આવાં સામયિકનો ઉલ્લેખ પણ આ કોશમાં કરવામાં આવ્યો છે. જેમ કે;

- કલબલાટ : ભાવનગરથી પ્રકાશિત સાપ્તાહિક (પૃષ્ઠ ૧૭)
- બાલઘનશ્યામ : અમદાવાદથી પ્રકાશિત માસિક (પૃષ્ઠ ૧૧૧)
- ગીત : જૂનાગઢથી પ્રકાશિત સાપ્તાહિક (પૃષ્ઠ ૩૯)
- ઉમ્મીદ : સુરતથી પ્રકાશિત સાપ્તાહિક (પૃષ્ઠ ૧૫)

કેટલાંક સામયિકો એવાં છે કે જેનાં શીર્ષક સમાન છે પણ તે સ્વતંત્ર રીતે પ્રકાશિત થતાં રહ્યાં છે જેના સંપાદક, તંત્રી, સંપાદન પાછળનો ઉદ્દેશ્ય, સંપાદનના વિષયો આ બધામાં પણ ભિન્નતા જોવા મળે છે. આવાં સામયિકને અલગ અલગ અધિકરણો દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે. જેમ કે;

- **કવિતા** : કવિતાને જ વિષય કરતું સર્વપ્રથમ સામયિક. ઇન્દુલાલ ગાંધી, મગનલાલ લાલભાઈ દેસાઈ અને રતુભાઈ દેસાઈના સંયુક્ત તંત્રીપદે કવિતાનો પ્રથમ અંક પહેલી ઑગસ્ટ ૧૯૪૧ના રોજ પ્રસિદ્ધ થયેલો. 'સુન્દરમ્', 'પતીલ', પૂજાલાલ કે નાથાલાલ દવેથી માંડીને સામ્પ્રત યુગના ઘણા ઉત્તમ કવિઓનો સહયોગ તેને પ્રાપ્ત થયેલો. કવિતા ઉપરાંત તેમાં કાવ્યવિવેચનને લગતા, કાવ્યના સ્વરૂપની તથા તેના પ્રયોજનની તાત્ત્વિક વિચારણા કરતા લેખો, સર્જક પરિચય, ચર્ચાપત્રો, તેમજ કાવ્યગ્રંથોનાં અવલોકનો પણ તેમાં આવતાં. તે થોડાં વર્ષો પછી કાલગ્રસ્ત થયું હતું. (પૃષ્ઠ ૧૮)
- ગુલમહોર (પૃષ્ઠ ૪૬), અંજલિ (પૃષ્ઠ ૦૬), આનંદ (પૃષ્ઠ ૦૮), ગઝલ (પૃષ્ઠ ૩૪), ડાંડિયો (પૃષ્ઠ ૬૬), પરિમલ (પૃષ્ઠ ૯૬), મંજરી (પૃષ્ઠ ૧૨૮), સર્જન (પૃષ્ઠ ૧૭૩), હિતેચ્છુ (પૃષ્ઠ ૧૯૪) વગેરે.

અધિકરણો, માહિતી અને વિષયવસ્તુમાં પુનરાવર્તન દોષ ટાળવા માટે સંપાદકે એકને એક સામયિક, સંપાદક કે તંત્રી વિશે અધિકરણ જો ફરીથી આવતાં હોય તો તેવા

અધિકરણમાં 'જુઓ...' એમ કરીને જે અધિકરણમાંથી માહિતી પ્રાપ્ત કરવાની છે તેનો સંદર્ભ આપ્યો છે. જેથી એકને એક વાતનું પુનરાવર્તન ફરી થતું નથી. જેમ કે;

- કવિ દલપતરામ ડાહ્યાભાઈ : જુઓ, ત્રવાડી દલપતરામ ડાહ્યાભાઈ (પૃષ્ઠ ૧૮)
- પેટલીકર, ઈશ્વર : જુઓ, પટેલ ઈશ્વરભાઈ મોતીભાઈ (પૃષ્ઠ ૧૦૨)
- રતિલાલ 'અનિલ' : જુઓ, રૂપાવાળા રતિલાલ મૂળચંદદાસ (પૃષ્ઠ ૧૩૮)

આ કોશની નોંધનીય બાબત એ પણ રહી છે કે, સંપાદક-તંત્રી વિશે દરેક અધિકરણમાં સાલવારી આપવામાં આવી છે, પણ જ્યાં સાલવારી પ્રાપ્ત નથી થઈ ત્યાં કૌંસમાં પ્રશ્નાર્થ ચિહ્ન મૂકવામાં આવેલ છે. જેમ કે;

- કેશવલાલ ધીરજરામ : (?) (પૃષ્ઠ ૨૮)
- ઠાકોરદાસ આત્મારામ (?) (પૃષ્ઠ ૬૫)
- નાયક, નટુભાઈ મગનલાલ (૧૯૨૭–?) (પૃષ્ઠ ૮૬)
- વ્યાસ, ભીખાભાઈ પુરુષોત્તમ (૧૮૯૯–?) (પૃષ્ઠ ૧૫૯)

જે સામયિકો ઑનલાઇન પ્લૅટફૉર્મથી પ્રકાશિત થાય છે તેવા સામયિકના અધિકરણમાં તેની વેબસાઇટનો ઉલ્લેખ થયો છે. જેથી કરીને અભ્યાસી સરળતાથી તે સામયિકની મુલાકાત લઈ શકે છે અને જરૂર પડ્યે સામયિકનો ઉપયોગ કરી શકે છે. જેમ કે;

- ઓપિનિયન (પૃષ્ઠ ૧૬), સાહિત્ય સેતુ (પૃષ્ઠ ૧૮૧)

અમુક સામયિકો માત્ર સાહિત્ય વિશેષ તરીકે એટલે કે પર્ટિક્યુલર કોઈ એક જ સ્વરૂપને કેન્દ્રમાં રાખીને પ્રગટ થાય છે. તેનો સમાવેશ પણ સ્વતંત્ર અધિકરણોમાં થયો છે. જેમ કે;

- રક્ષા : કેવળ વાર્તાનું સામયિક (પૃષ્ઠ ૧૩૮)
- લિપિ : એસ. એસ. રાહીના સંપાદક પદે પ્રગટ ગઝલ વિષયક સામયિક (પૃષ્ઠ ૧૪૫)
- હિતોપદેશ : સાપ્તાહિક રૂપે પ્રકાશિત બાળસાહિત્યનું સામયિક (પૃષ્ઠ ૧૯૪)
- હીરાકણી : કેવળ વાર્તાનું સામયિક (પૃષ્ઠ ૧૯૪)

સમગ્ર કોશમાંથી પસાર થતાં જોઈ શકાય છે કે કવિતા, વાર્તા, બાળસાહિત્ય, ગઝલ જેવાં સાહિત્ય સ્વરૂપ અંગે વિશેષ સામયિકો આપણે ત્યાં પ્રગટ થતાં જોવા મળે છે.

પ્રસ્તુત સામયિકકોશમાંથી પસાર થયા બાદ જે નિરીક્ષણો હાથ લાધ્યાં છે તેનો અહીં નિર્દેશ કરું છું. આ નિરીક્ષણો પ્રમાણે કોશ નિર્માણ પામ્યો હોત તોપણ તેની ઉત્તમતા યથાવત્ જ રહેત. અને બીજો લાભ એ થાત કે અંતે જે સૂચિઓ આપવામાં આવી છે તે આપવાની જરૂર ના રહેત. અહીં જે નિરીક્ષણોની વાત કરું છું તે કોશની કોઈ મર્યાદા નથી પણ એ મુજબ કોશ નિર્માણ પામ્યો હોત તો મારા ખ્યાલ પ્રમાણે આ કોશની ખ્યાતિ છે તેનાથી વધી હોત. નિરીક્ષણો જોઈએ તો;

- કોશની અંદર મોટા ભાગનાં અધિકરણોમાં સાલવારીનો ઉલ્લેખ છે. પણ અમુક અધિકરણો મહત્ત્વનાં છે છતાં પણ તેમાં સાલવારીનો ઉલ્લેખ નથી. જેમ કે,

લોકગુર્જરી, નવનીત-સમર્પણ, રાજભાષા, સ્ત્રીજીવન. આવાં મહત્ત્વનાં સામયિક વિષય અધિકરણમાં સાલવારી આપવાની આવશ્યકતા હતી.

- 'પરબ' સામયિક વિશે જે અધિકરણ છે તેમાં અંતે જે માહિતી આપવામાં આવી છે તે જ માહિતી 'પરબ સૂચિ' નામક અધિકરણમાં પુનરાવર્તન પામે છે. આથી કોઈ એક જ અધિકરણમાં વાત કરવાની આવશ્યકતા હતી.
- અહીં કોશમાં સંપાદક અને તંત્રી વિશેનાં જે અધિકરણો છે તેમાં અટક પ્રથમ આપી છે અને પછી નામ અપાયેલ છે, જેમાં અટક પછી અલ્પવિરામનું ચિહ્ન મૂકવામાં આવ્યું છે. જે અર્થભેદ સર્જે છે. એટલે તે અલ્પવિરામનું ચિહ્ન સંપાદક તંત્રીના અધિકરણમાં મૂકવાની જરૂર નહોતી. અને આમ પણ ઘણાખરા અધિકરણમાં અલ્પવિરામનું ચિહ્ન મૂકવામાં આવેલ નથી. તો કોશનિર્માણની પદ્ધતિને જાળવી રાખવા એક જ પદ્ધતિથી અધિકરણ આપ્યાં હોત તો વધુ સારું રહેત. જેમ કે; અડાલજા વર્ષા મહેન્દ્રભાઈ (પૃષ્ઠ ૦૨), અમીન ચંદુલાલ કેશવલાલ (પૃષ્ઠ ૦૪), અલારખિયા હાજી મહંમદ શિવજી (પૃષ્ઠ ૦૪), વિભાકર નૃસિંહદાસ ભગવાનદાસ (પૃષ્ઠ ૧૫૩) વગેરેમાં અલ્પવિરામ નથી. જ્યારે આચાર્ય, હરિનારાયણ ગિરધરલાલ (પૃષ્ઠ ૦૭), કંથારિયા, બાલાશંકર ઉલ્લાસરામ (પૃષ્ઠ ૨૧), પંડ્યા, જયંત મગનલાલ (પૃષ્ઠ ૯૭) ભટ્ટ, મીરાં અરુણભાઈ (પૃષ્ઠ ૧૧૯) વગેરે મોટા ભાગનાં અધિકરણોમાં અલ્પવિરામનું ચિહ્ન મૂકવામાં આવ્યું છે, જેની આવશ્યક્તા નહોતી.
- મારા ખ્યાલ પ્રમાણે ઉપરનાં નિરીક્ષણો પ્રમાણે કોશનિર્માણ થયો હોત તોપણ તેની ઉત્તમતા આટલી જ હોત.

સમગ્ર સામયિક કોશમાંથી પસાર થયા બાદ એક બાબત વિશેષ નોંધનીય રહે છે કે કોશના અંતે પરિશિષ્ટમાં સંપાદક દ્વારા આજનાં કેટલાંક મહત્ત્વનાં સામયિકોનો સંપર્ક અને પરિચય આપ્યા છે. જેથી કોઈ પણ અભ્યાસી અથવા તો સામયિક વિશે જાણવા ઇચ્છતા જિજ્ઞાસુને એક જ સ્થાનેથી માહિતી મળી રહે છે. આ ઉપરાંત પત્રકારત્વ ક્ષેત્રે અથવા તો સામયિકના વિષયને કેન્દ્રમાં રાખીને સંશોધન કરનાર શોધાર્થીને ખૂબ જ ઉપયોગી થાય તેવો આ સંદર્ભ ગ્રંથ છે. આ સાથે ગુજરાતી ભાષાનાં સામયિકો વિશે જાણવા ઇચ્છતા હોય અથવા ગુજરાતી ભાષાના સાહિત્યિક સામયિકનો ઇતિહાસ જાણવો હોય તેવા અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વિવેચકો સૌ કોઈને ખપમાં આવે તેવો સંદર્ભ ગ્રંથ છે.

ગુજરાતી ભાષાનાં મહત્ત્વનાં એવાં સામયિકો વિશે આટલી ઉત્તમ અને પર્યાપ્ત માહિતી એક જ સ્થાનેથી આ ગ્રંથના માધ્યમથી મળી રહે છે. ગુજરાતી કોશ પરંપરામાં આ કોશના માધ્યમથી એક નવું ઉમેરણ તો થયું જ છે. અને મારા ખ્યાલ પ્રમાણે સામયિકો વિશેનો આ રીતનો ઉત્તમ કોશ આપણને પહેલોવહેલો પ્રાપ્ત થાય છે. જે ગુજરાતી કોશ પરંપરા માટે નોંધનીય બાબત બની રહે છે.

**સંદર્ભ :** ૧. 'સામયિકકોશ', સંપાદક – કિશોર વ્યાસ, પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, પ્રથમ આવૃત્તિ–૨૦૨૨

■

# લાકડાનો ઘોડો

હાર્દી બિમલકુમાર ભટ્ટ

માનવઇતિહાસ અને વિશ્વસાહિત્યના વિશાળ કૅન્વાસ પર કેટલીક વાર્તાઓ એવી છે જે માત્ર સમયના વહેણ સાથે જૂની નથી થતી, પણ સદીઓ વીતવા છતાં વધુ ગૂઢ, રોમાંચક અને જીવંત બનતી જાય છે. આવી જ એક અમર કથા છે – ટ્રોયનું યુદ્ધ અને એ દાયકા જૂના સંઘર્ષનો એક જ રાતમાં અંત આણનારો છળકપટનો એક પ્રયોગ, જેને વિજ્ઞાનથી લઈને સાહિત્ય સુધી આજે પણ આપણે 'ટ્રોજન હોર્સ' તરીકે ઓળખીએ છીએ. સાહિત્યિક દૃષ્ટિએ, મહાકવિ હોમરના ગ્રીક મહાકાવ્ય 'ઓડિસી'માં ટ્રોજન હોર્સનો ટૂંકમાં ઉલ્લેખ જોવા મળે છે, જ્યારે લાકડાના ઘોડા અને ટ્રોયના પતનની આ આખી વિગતવાર, રોમાંચક અને નાટ્યાત્મક કથા રોમન કવિ વર્જિલે પોતાના પ્રસિદ્ધ મહાકાવ્ય 'એનિડ'(Aeneid) માં સવિસ્તાર આલેખી છે. આજે ૩૦૦૦ વર્ષ પછી પણ જ્યારે 'ટ્રોય' કે 'ટ્રોજન હોર્સ' શબ્દ કાન પર પડે છે, ત્યારે વાચકની કલ્પનાસૃષ્ટિમાં એક આખું વૈભવી, રહસ્યમય અને અભેદ્ય સામ્રાજ્ય સજીવ થઈ ઊઠે છે. ગ્રીક મહાકાવ્યો આ કથાને એક પ્રેમપ્રકરણ અને યુદ્ધ તરીકે રજૂ કરે છે, જોકે આધુનિક ઇતિહાસકારો આ મહાયુદ્ધ પાછળ વેપારમાર્ગો અને રાજકીય હિતો જેવાં કારણો પણ શોધે છે. પરંતુ માનવમનને આશ્ચર્યચકિત કરતો પ્રશ્ન એ થાય છે કે શું માત્ર એક સ્ત્રીની સુંદરતા અને પ્રેમ પાછળ કોઈ સામ્રાજ્ય આખું સળગી શકે? અને શું માત્ર લાકડાના એક જનાવરે ઇતિહાસના સૌથી શક્તિશાળી કિલ્લાની ઈંટેઈંટ વિખેરી નાખી હતી?

આ મહાકથાનો પ્રારંભ ગ્રીસની એક સુંદર સ્ત્રી 'હેલન'થી થાય છે. ગ્રીક પૌરાણિક કથા અનુસાર, દેવલોકમાં 'સૌથી સુંદર દેવી' માટે રખાયેલા સોનેરી સફરજનના વિવાદમાં રાજકુમાર પેરિસે દેવી એફ્રોડાઇટીને પસંદ કરી, જેના બદલામાં તેને પૃથ્વી પરની સૌથી સુંદર સ્ત્રી હેલનનો પ્રેમ વચન રૂપે મળ્યો હતો. હેલન કેવળ એક રાણી નહોતી, પણ એ સમયની સૌથી આકર્ષક અને પ્રતિષ્ઠિત સ્ત્રી ગણાતી હતી. તે સ્પાર્ટાના રાજા મેનેલાઉસની પત્ની હતી. હેલનનાં લગ્ન થયાં તે પહેલાં સમગ્ર ગ્રીસના લગભગ તમામ શક્તિશાળી રાજાઓ, રાજકુમારો અને યોદ્ધાઓ તેની સાથે લગ્ન કરવા આતુર હતા. આ સ્પર્ધાના કારણે ગ્રીકનાં રાજ્યો વચ્ચે ભયાનક આંતરવિગ્રહ ન થાય તે માટે હેલનના (પાલક) પિતા ટિંડારેયસે તમામ દાવેદારો પાસે એક ઐતિહાસિક સંધિ (Oath of Tyndareus) કરાવી હતી. આ શપથ મુજબ, હેલન જેને પણ પોતાના પતિ તરીકે પસંદ કરે, તે નિર્ણયનો બાકીના તમામ રાજાઓએ સ્વીકાર કરવાનો હતો. એટલું જ નહીં, ભવિષ્યમાં જો કોઈ હેલનનું અપહરણ

કરે કે તેના લગ્નજીવન પર સંકટ ઊભું કરે, તો તમામ ગ્રીક રાજાઓએ એક થઈને તેના પતિની મદદે આવવું અને રક્ષણ કરવું ફરજિયાત હતું.

બીજી તરફ, એજિયન સમુદ્ર નજીક આવેલું ‘ટ્રોય’ એક અત્યંત વૈભવી, વેપાર-વાણિજ્યથી સમૃદ્ધ અને મજબૂત કિલ્લેબંધી ધરાવતું સામ્રાજ્ય હતું. ટ્રોયનો ચપળ અને સુંદર રાજકુમાર પેરિસ જ્યારે મિત્રતાના સંબંધે સ્પાર્ટાની મુલાકાતે આવ્યો, ત્યારે તે હેલનની અનુપમ સુંદરતા પર મોહિત થઈ ગયો. કથા અનુસાર, પેરિસ હેલનને ગુપ્ત રીતે (કે કેટલાક પ્રાચીન સ્રોતો મુજબ હેલનની સંમતિથી) સ્પાર્ટાથી ઉપાડીને ટ્રોયના રાજમહેલમાં લઈ આવ્યો. પોતાની રાણીનું આ રીતે અપહરણ થતાં જ ભૂતકાળમાં લેવાયેલા એ ઐતિહાસિક શપથ સક્રિય થઈ ગયા. સ્પાર્ટાના રાજા મેનેલાઉસ અને તેના મહત્ત્વાકાંક્ષી ભાઈ એગામેમ્નોને તમામ ગ્રીક રાજાઓને સંધિનું પાલન કરવા આહ્વાન કર્યું અને ટ્રોયનો વિધ્વંસ કરવાની ઘોષણા કરી. પરિણામે, મહાકાવ્ય મુજબ, હજારથી વધુ જહાજોનો વિશાળ કાફલો લાલચોળ પતાકાઓ સાથે સમુદ્ર ચીરીને ટ્રોયના કિનારે પહોંચી ગયો.

ગ્રીક લશ્કરમાં અકિલિસ જેવો અમર ગણાતો યુગપુરુષ, હેક્ટર જેવો નીડર સેનાપતિ અને ઓડિસિયસ જેવો પરમ બુદ્ધિશાળી મુત્સદ્દી નાયક હતો. બંને પક્ષે એકથી એક ચડિયાતા યોદ્ધાઓ હતા. પરંતુ, ટ્રોય નગરની દીવાલો એટલી ઊંચી, પહોળી અને પથ્થરોની જાડી શૃંખલાથી બનેલી હતી કે ગ્રીક સૈન્ય દસ વર્ષ સુધી રાત-દિવસ મથવા છતાં, હજારો યોદ્ધાઓનાં બલિદાન આપવા છતાં તે કિલ્લાનો એક દરવાજો પણ તોડી શક્યું નહીં. દસ વર્ષના આ લાંબા અને કંટાળાજનક યુદ્ધમાં લોહીની નદીઓ વહી ગઈ. દશકાઓથી પોતાના પરિવારથી દૂર રહેલા ગ્રીક સૈનિકો માનસિક રીતે તૂટી રહ્યા હતા. યુદ્ધ હવે શૌર્યથી જીતી શકાય તેમ નહોતું. જંગલના નિયમ જેવા આ સંગ્રામમાં હવે બળની નહીં, પણ એક અદ્ભુત અને નિર્મમ ‘છળ’ની જરૂર હતી.

જ્યારે તલવારો અને ભાલાઓ નિષ્ફળ ગયા, ત્યારે ગ્રીક યોદ્ધા ઓડિસિયસના મગજમાં એક એવો અકલ્પનીય અને દગાબાજ આઇડિયા આવ્યો જેણે યુદ્ધની વ્યાખ્યા બદલી નાખી. ગ્રીકોએ ટ્રોયના કિનારેથી પોતાના તમામ તંબુઓ અને છાવણીઓ સળગાવી દીધી. પોતાના વિશાળ જહાજોને સમુદ્રમાં દૂર, એક નાનકડા ટાપુની પાછળ એવી રીતે સંતાડી દીધા કે જાણે આખું ગ્રીક સૈન્ય હાર માનીને, થાકીને પોતાના દેશ ગ્રીસ પાછું જતું રહ્યું છે. પરંતુ, જતાં જતાં તેઓ ટ્રોયના રેતીલા કિનારે લાકડાનો એક વિરાટ ઘોડો ઊભો કરી ગયા. બીજી સવારે જ્યારે ટ્રોયના સૈનિકોએ કિલ્લા પરથી બહાર નજર કરી, તો કિલ્લા બહારનો દશકા જૂનો ભયાનક સંગ્રામ ગાયબ હતો. ચારેય તરફ શાંતિ હતી અને માત્ર એક રાક્ષસી કદનો લાકડાનો ઘોડો એકલો ઊભો હતો. ટ્રોયના લોકોએ માન્યું કે ગ્રીકોએ પોતાની હારના પ્રાયશ્ચિત્ત રૂપે દેવતાઓને અર્પણ કરાયેલી પવિત્ર ભેટ ત્યાં છોડી છે.

ગ્રીકોએ પોતાની ચાલને વધુ મજબૂત કરવા ‘સિનોન’ નામના એક ગ્રીક સૈનિકને લોહીલુહાણ હાલતમાં કિનારે છોડી દીધો હતો. સિનોને ટ્રોયના રાજા પ્રિયામ આગળ જૂઠી વાર્તા રચી કે જો તેઓ આ પવિત્ર ઘોડાને પોતાના કિલ્લાની અંદર લઈ જઈને સ્થાપિત કરશે, તો ટ્રોય સામ્રાજ્ય કાયમ માટે અમર અને અજેય બની જશે. ટ્રોયના કેટલાક

દીર્ઘદ્રષ્ટાઓ, ભવિષ્યવેત્તા રાજકુમારી કાસાન્ડ્રા અને અન્યએ રાડો પાડીને ચેતવણી આપી હતી કે ગ્રીકો ભેટ આપે ત્યારે પણ તેમના પર વિશ્વાસ ન કરવો. પણ દસ વર્ષના થાક પછી મળેલા વિજયની ભ્રમણામાં અંધ થયેલા ટ્રોયના શાસકોએ કોઈની વાત ન સાંભળી. તેઓ મંત્રોચ્ચાર સાથે એ ઘોડાને ખેંચીને કિલ્લાની અંદર રાજમહેલના ચોગાનમાં લઈ આવ્યા. આખા નગરમાં મદિરાની નદીઓ વહી, વિજયના ઉત્સવો ઊજવાયા, અને મધ્યરાત્રિ થતાં સુધીમાં તો આખું ટ્રોય નગર દારૂના નશામાં અને ગાઢ નિદ્રામાં પોઢ્યું.

અહીંથી શરૂ થઈ ઇતિહાસની એ કઠોર રાત. એ વિશાળ લાકડાના ઘોડાના પેટના અંધારા પોલાણની અંદર ઓડિસિયસ સહિત ગ્રીસના સર્વશ્રેષ્ઠ, શસ્ત્રોથી સજ્જ યોદ્ધાઓ સંતાયેલા હતા. અડધી રાત્રે, જ્યારે નગરમાં સ્મશાનવત્ શાંતિ હતી, ત્યારે ઘોડાના પેટનું ગુપ્ત બારણું ધીમેથી ખૂલ્યું. દોરડાના સહારાથી ગ્રીક યોદ્ધાઓ નીચે ઊતર્યા. તેમણે કિલ્લાના મુખ્ય વિશાળ દરવાજા અંદરથી ખોલી નાખ્યા અને સમુદ્રમાં સંતાયેલા બાકીના ગ્રીક સૈન્યને મશાલથી ગુપ્ત સંકેત આપી દીધો. ક્ષણવારમાં હજારોની સંખ્યામાં ભૂખ્યા વરુઓની જેમ ગ્રીક સૈનિકો ઊંઘતા ટ્રોયમાં તૂટી પડ્યા. મહાકાવ્ય મુજબ, જે કિલ્લો ૧૦ વર્ષ સુધી લોહી રેડવા છતાં અણનમ રહ્યો હતો, તે માત્ર એક જ રાતના સમયમાં રાખનો ઢગલો બની ગયો. આખું ટ્રોય અગનજ્વાળાઓમાં સળગી ઊઠ્યું, રાજાઓ માર્યા ગયા અને એક ભવ્ય સભ્યતાનો કરુણ અંત આવ્યો.

રસપ્રદ વાત એ છે કે આ વાર્તાની મુખ્ય થીમ એટલે કે 'સ્ત્રીનું અપહરણ, મહાયુદ્ધ અને કિલ્લો તોડવા કે શત્રુને માત આપવા માટે રચાયેલું છળ' આપણી ભારતીય પૌરાણિક વાર્તાઓ અને લોકપરંપરાઓ સાથે પણ નોંધપાત્ર સામ્ય ધરાવે છે. રામાયણમાં પણ સ્ત્રીના અપહરણ પછી સોનાની લંકા પર આક્રમણ થાય છે અને કિલ્લાનો ભેદ મેળવવા કે વિજય માટે વિભીષણની યુક્તિ અને હનુમાનજીનો સૂક્ષ્મ પ્રવેશ મહત્ત્વનો બને છે. મહાભારતમાં પણ જ્યારે અર્જુને સૂર્યાસ્ત પહેલાં જયદ્રથના વધની પ્રતિજ્ઞા લીધી હતી, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રથી સૂર્યને ઢાંકીને એક નકલી સૂર્યાસ્તથી માયાજાળ રચી હતી, કૌરવોએ તેને સાચો સૂર્યાસ્ત માનીને ઉત્સવ મનાવવાનું શરૂ કર્યું (બિલકુલ ટ્રોયના લોકોની જેમ) અને અંતે જયદ્રથનો વધ થયો. એટલું જ નહીં, ભારતીય ઇતિહાસમાં છત્રપતિ શિવાજી મહારાજનું આગ્રાના કિલ્લામાંથી મીઠાઈના મોટા ટોપલાઓમાં સંતાઈને બહાર નીકળવું કે તાનાજી માલુસરે દ્વારા ઘોરપડ(યશવંતી)ની મદદથી સિંહગઢના દરવાજા અંદરથી ખોલી નાખવા, એ બધી ઘટનાઓ દર્શાવે છે કે પૂર્વ હોય કે પશ્ચિમ, માનવ માનસિકતા અને યુદ્ધની નીતિઓમાં અદ્ભુત સામ્ય રહ્યું છે.

'ટ્રોજન હોર્સ'ની કથા માત્ર ૩૦૦૦ વર્ષ જૂની કથા નથી, પણ તે આજના આધુનિક ડિજિટલ યુગનો પણ એક હિસ્સો છે. આજના કમ્પ્યૂટર અને ડિજિટલ યુગમાં 'ટ્રોજન' એવા ભયાનક વાયરસ કે માલવેરને કહેવામાં આવે છે જે બહારથી એકદમ નિર્દોષ, ઉપયોગી સૉફ્ટવેર કે સુંદર ગેમ જેવું લાગે છે. પરંતુ તમે જેવો તેને સિસ્ટમમાં સ્થાન આપો છો, તે અંદરથી ખૂલીને તમારા આખા ડેટાનો વિનાશ કરી નાખે છે. આ કમ્પ્યૂટર શબ્દાવલી પણ સીધી ટ્રોજન હોર્સની વાર્તા પરથી જ લેવામાં આવી છે તેવું કહી શકાય. સાહિત્યિક અને દાર્શનિક દૃષ્ટિએ ટ્રોજન હોર્સ આપણને શીખવે છે કે મોટામાં મોટા કિલ્લાઓને

બહારના આક્રમણકારો નથી તોડી શકતા, પણ પોતાની અંદરનો અતિ-આત્મવિશ્વાસ, આંધળો વિશ્વાસ અને શત્રુની ભેટ સ્વીકારવાની મૂર્ખામીણિ જ વિઘટનનું કારણ બને છે.

લાંબા સમય સુધી ઘણા વિદ્વાનોનું માનવું હતું કે ટ્રોય નગર અને લાકડાના ઘોડાની વાર્તા માત્ર કલ્પનાશક્તિની નીપજ છે. પરંતુ ૧૯મી સદીમાં જર્મન પુરાતત્ત્વવિદ હેનરિક શ્લીમેને હિસાર્લિક(તુર્કી) ખાતે ઉત્ખનન શરૂ કર્યું, અને ત્યારબાદના પુરાતત્ત્વવિદોએ મળીને પ્રાચીન ટ્રોય નગરના નવ મુખ્ય વસાહતી સ્તરો(Troy I–IX) શોધી કાઢ્યા. ઘણા આધુનિક ઇતિહાસકારો માને છે કે જો ટ્રોજન યુદ્ધ પાછળ કોઈ વાસ્તવિક સંઘર્ષ હતો, તો તેનું કારણ વેપારમાર્ગો, સમુદ્રી નિયંત્રણ અથવા રાજકીય હિતો હોઈ શકે. પણ સાહિત્યકારોએ તેને રાણી હેલનની આંખોમાં વસેલી સુંદરતા, રાજાઓની ઐતિહાસિક સંધિ અને લાકડાના એક રહસ્યમય ઘોડા સાથે વણીને સદા માટે અમર બનાવી દીધું. આ કથા આજે પણ આપણને સ્મરણ કરાવે છે કે બળ કરતાં ચતુર બુદ્ધિ અને સુંદરતાના મોહમાં છુપાયેલું છળ હંમેશાં વધુ વિનાશક નીવડે છે.

■

હું મારી મર્યાદા સમજ્યો. ડરબનના મૅજિસ્ટ્રેટની કચેરીમાં જે પાઘડી પહેરી રાખવાનો મેં આગ્રહ રાખ્યો હતો તે મેં અહીં ઉતારી. ઉતારવાની સામે દલીલ તો હતી જ. પણ મારે તો મોટી લડતો લડવી હતી. પાઘડી પહેરી રાખવાની હઠ કરવામાં મારી લડવાની કળાની સમાપ્તિ નહોતી. કદાચ તેને ઝાંખપ લાગત.

અબદુલ્લા શેઠ અને બીજા મિત્રોને મારી નરમાશ (કે નબળાઈ?) ન ગમી. મારે વકીલ તરીકે પણ પાઘડી પહેરી રાખવાનો આગ્રહ રાખવો જોઈતો હતો એમ તેમને લાગ્યું. મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો. 'દેશ તેવો વેશ' એ કહેવતનું રહસ્ય સમજાવ્યું. હિંદુસ્તાનમાં પાઘડી ઉતારવાની ફરજ ગોરા અમલદાર કે જજ પાડે તો તેની સામે થવાય. નાતાલ જેવા દેશમાં અને તે અદાલતના એક હોદ્દેદાર તરીકે મને અદાલતના રિવાજનો એવો વિરોધ કરવો શોભે નહીં.

આ અને આવી દલીલોથી મિત્રોને કંઈક શાંત તો કર્યા, પણ હું નથી માનતો કે એક જ વસ્તુને જુદા સંજોગોમાં જુદી રીતે જોવાની યોગ્યતા, આ પ્રસંગે, હું તેઓને સંતોષ વળે તેમ ઠસાવી શક્યો. પણ મારા જીવનમાં આગ્રહ અને અનાગ્રહ હંમેશાં સાથે સાથે જ ચાલતા આવ્યા છે. સત્યાગ્રહમાં આ અનિવાર્ય છે એમ મેં પાછળથી અનેક વેળા અનુભવ્યું છે. આ સમાધાનવૃત્તિને સારુ મારે જીવનું જોખમ અને મિત્રોનો અસંતોષ ઘણી વેળા ખેડવાં પડ્યાં છે. પણ સત્ય વજ્ર જેવું કઠણ છે ને કમળ જેવું કોમળ છે.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# વિચારઝંખાના સરવંગા બક્ષીસાહેબની વિદાય

સંજય ચોટલિયા



પ્રશાંત દવેસાહેબના મૃત્યુની કળ હજુ વળી નથી ત્યાં તો એક મહિનાની અંદર એમના ગુરુ અને આપણા સૌના શ્રદ્ધેય શ્રી મધુસૂદન બક્ષીસાહેબે (૩૦/૦૯/૧૯૩૫ – ૧૩/૦૮/૨૦૨૬) વિદાય લીધી. દર્શનશાસ્ત્રના સહૃદયીઓ માટે ઘરના મોભી જતા રહ્યાની વેદનાની ક્ષણ છે. બક્ષીસાહેબને દર્શનશાસ્ત્રના એક ભારતીય કક્ષાના વિદ્વાનની હરોળમાં આપણે ગૌરવપૂર્વક મૂકી શકીએ એટલા પ્રતિભાવાન. બક્ષીસાહેબ સાથેની મારી પ્રથમ મુલાકાત નલિની કૉલેજમાં પ્રશાંત દવેસાહેબની કૅબિનમાં થઈ હતી. વાત શું થઈ હતી અથવા એની ગંભીરતા ત્યારની વિદ્યાર્થી અવસ્થામાં તો ગૌણ રહી, પણ હું એમની પ્રતિભાનું સમગ્ર તેજ આંખોમાં આવી બેઠું હોય એટલી દીપ્તિમાન આંખો જ જોઈ રહ્યો! એમની એ છવિ આજે પણ સ્મૃતિમંજૂષામાં અકબંધ છે.

બક્ષીસાહેબનો જન્મ-ઉછેર નાગર બ્રાહ્મણ પરિવારમાં, વતન રાજકોટમાં. પિતાજી શ્રી વિષ્ણુપ્રસાદ બક્ષી બ્રિટિશરાજમાં કમિશનર હતા. આ સંસર્ગથી તેઓ પાશ્ચાત્ય કેળવણીથી પ્રભાવિત થયા હતા, ઉપરાંત વાંચનનો શોખ કેળવાયો હતો. આમ, બક્ષીસાહેબને સંસ્કારિતા અને બૌદ્ધિકતા વારસામાં મળે છે. બક્ષીસાહેબે જૈન વણિક પરિવારનાં દીકરી જ્યોત્સ્નાબહેન સાથે લગ્ન કર્યાં હતાં. જ્યોત્સ્નાબહેન પર માતા-પિતાનું મૃત્યુ થયું હોવાને કારણે નાનાં બહેન-ભાઈની જવાબદારી હતી. આવી પરિસ્થિતિમાં બક્ષીસાહેબે લગ્ન કર્યાં, સાથે સાથે પત્નીનાં નાનાં બહેન-ભાઈની આજીવન સંભાળ લીધી; અને પોતાની સાથે જ તે નાનાં બહેનભાઈ રહ્યાં. વતનમાં હેરિટેજ હવેલી અને સુખીસંપન્ન ઘરમાં ઊછરેલ બક્ષીસાહેબ અમદાવાદમાં એક નહેરુનગર ફ્લૅટમાં આઠ સભ્યો સાથે રહેતા. આ સહજતા એમનામાં હતી. એમને સંતાનમાં બે દીકરા. હેમાંગભાઈ મેડિકલ ક્ષેત્રે ગુજરાતના પ્રથમ રોબૉટિક સર્જન છે જ્યારે નાના ગૌરાંગભાઈ એન્જિનિયરિંગ ક્ષેત્રે પ્રવૃત્ત છે.

બક્ષીસાહેબનો જીવન પ્રત્યેનો અભિગમ નાસ્તિક અને માનવતામૂલક અસ્તિત્વવાદી. અત્યંત ઋજુ સ્વભાવ અને વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ શબ્દોને બદલે કાળજી કરે એમાં દેખાય. બક્ષીસાહેબની મૂલ્યનિષ્ઠાને કારણે ડૉ. જયેન્દ્રકુમાર યાજ્ઞિકસાહેબ એમને કહેતા કે, 'તમે ભલે ભગવાનમાં માનતા નથી, પણ ભગવાન તમારામાં માને છે.' સામે પક્ષે

યાજ્ઞિકસાહેબ આસ્તિક હતા. પરંતુ સાર્ત્ર એટલો સુંદર રીતે સમજાવે કે તેઓ નાસ્તિક લાગે. બક્ષીસાહેબ અસ્તિત્વવાદજન્ય જીવનશૈલીને કારણે પોતાની શરતો અને પસંદગીને કોઈ પણ ભોગે વળગી રહેતા. નિવૃત્તિમાં એમણે CPF પસંદ કર્યું હતું. પછીથી સરકારી પરિપત્રને કારણે CPFમાંથી પેન્શનમાં જનાર કર્મચારીને આર્થિક રીતે ઘણો લાભ થતો હતો. એમના વિદ્યાર્થી ડૉ. નવીન પટેલ અને પેન્શન સંગઠનના પ્રમુખશ્રીની વારંવાર વિનંતી છતાં એમણે પેન્શન ના સ્વીકાર્યું તે ના જ સ્વીકાર્યું. ગુજરાત મનોવિજ્ઞાન ઍસોસિયેશનમાં મુખ્ય વક્તા તરીકે આવે તોપણ સૌપ્રથમ રજિસ્ટ્રેશન ફી ભરે અને કહે કે, 'એ વિના મારાથી આવી શકાય નહીં.'

બક્ષીસાહેબે ઈ.સ. ૧૯૫૬થી તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે રામાનંદ કૉલેજમાં કારકિર્દીની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૫૯માં પારિવારિક સંજોગો એવા સર્જાયા કે નોકરી કે પરિવાર બેમાંથી એકની પસંદગી કરવાનું આવ્યું, અને એમણે નોકરી છોડી. એ પછી એકાદ વર્ષ સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજમાં મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે નોકરી કરી. ઈ.સ. ૧૯૬૧થી GLS કૉલેજમાં મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે જોડાયા અને ત્યાં જ ઈ.સ. ૧૯૮૯થી ૧૯૯૫, નિવૃત્તિ પર્યંત આચાર્ય તરીકે સેવા આપી. અધ્યાપકીય કારકિર્દીનાં શરૂઆતનાં ચાર-પાંચ વર્ષ જ એમણે તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે કામ કર્યું. એ પછી મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે કામ કર્યું છે. આપણને સહજ વિચાર આવે કે જો બક્ષીસાહેબે માત્ર તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે જ, કે અનુસ્નાતક વિભાગમાં કામ કર્યું હોત તો તેઓ દર્શનશાસ્ત્ર ક્ષેત્રે અધિકતર પ્રદાન આપી શક્યા હોત અને ગુજરાતમાં પોતાના અનુગામીઓ તૈયાર કરી શક્યા હોત.

બક્ષીસાહેબની બૌદ્ધિકતા એટલી પ્રખર કે અઘરામાં અઘરા વિષય કે વિચારકને ખૂબ સરળ બનાવીને સમજાવી શકે, અને એ પણ અનેક સંદર્ભો સાથેની રસાળ શૈલીમાં. દર્શનશાસ્ત્રની અમૂર્ત સંકલ્પનાઓને પણ હાથવગાં ઉદાહરણોથી અને સાહિત્યનો વિદ્યાર્થી પણ સમજી શકે તેવી ભાષામાં તેઓ સમજાવી શકતા. અધ્યાપક તરીકે પુસ્તક કે નોંધ લઈને વર્ગખંડમાં ક્યારેય જવાનું નહીં. લેક્ચરનો સમય કેમ જતો રહે વિદ્યાર્થીઓને ખબર જ ના પડે! તત્ત્વજ્ઞાન જેવા વિષયમાં આવી ગુણવત્તા દુર્લભ કહેવાય. બક્ષીસાહેબના પ્રત્યક્ષ કે પરોક્ષ વિદ્યાર્થીઓ એમને 'અમારા એન્સાઇક્લોપીડિયા હતા', 'હરતી ફરતી યુનિવર્સિટી' – એવું કહે છે ત્યારે પ્રેમાદર તો ખરો જ, પરંતુ તે શબ્દોમાં અતિશયોક્તિને બદલે પ્રતિભા સંકેતીત થાય છે. મારા Ph.D. પછી કોઈ નવા વિષયમાં કામ કરવા અંગે માર્ગદર્શન મેળવવા હું એમને મળવા ગયો હતો. સાહેબે મને ફોન પર જ કહ્યું હતું કે, નવ્યન્યાય વાંચીને આવજે. રૂબરૂમાં એમણે નવ્યન્યાય પર કઈ રીતે કામ કરી શકાય તે વિશે આશરે બે કલાક વાત કરી. પુસ્તકો અને યૂટ્યૂબ વીડિયોના સંદર્ભો તો એટલા આપ્યા કે તે બધામાંથી પસાર થવું આજે પણ મારાથી શક્ય બન્યું નથી.

આશરે સિત્તેર-પંચોતેરની ઉંમરે પણ બક્ષીસાહેબે ટૅક્નૉલૉજીનો સ્વીકાર કર્યો, શીખ્યા. યૂટ્યૂબ વીડિયો સાંભળે, Ipadમાં પુસ્તકો વાંચે અને એની નોંધ કરે વગેરે. તેઓ એમના વિદ્યાર્થીઓને કહેતા કે, 'જો હું પંદર-વીસ વર્ષો મોડો જન્મ્યો હોત તો, ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને ઘણુંબધું જાણી શક્યો હોત.' જ્ઞાન પ્રત્યેની આ જિજ્ઞાસા, પોતાને સતત

અપડેટ રાખવાની એમની ધગશ આશ્ચર્ય પમાડે. કાર્લ પૉપરે 'જ્ઞાનમાં ઉત્ક્રાંત હશે એ જ હવે પછી ટકશે' એવું કહ્યું છે તે બક્ષીસાહેબમાં યથાતથ જોઈ શકાતું. બક્ષીસાહેબ અને મિત્રો, કાર્લ પૉપરની હયાતીમાં જ એમના વિચારોની ચર્ચાવિચારણા કરતા. પૉપરના મૃત્યુ પછી સૌ મિત્રોએ કાર્લ પૉપર પર એક સેમિનાર કરેલો. એ સંપાદનમાં બક્ષીસાહેબના ત્રણ લેખો છે. પાછલાં વર્ષોમાં બક્ષીસાહેબનો ભારતીય દર્શનો તરફનો ઝુકાવ વધ્યો હતો. પરંતુ માત્ર અનુવાદો વાંચવાને બદલે સંસ્કૃત શીખ્યા અને અનુશાંકરવેદાંત ભાષ્યોની મૂળ કૃતિઓ વાંચતા. ગુજરાતના વિદ્વાનોમાંથી પંડિત સુખલાલજી, નગીન શાહ, એસ્તર સોલોમાન પ્રત્યે એમને ખૂબ આદર હતો.

બક્ષીસાહેબે સૌપ્રથમ સમાજલક્ષી તત્ત્વજ્ઞાન વિષય પર જે. એસ. મેકેન્ઝીના પુસ્તકનો 'સમાજલક્ષી તત્ત્વજ્ઞાનની રૂપરેખા'(૧૯૬૪) અનુવાદ કર્યો. ત્યારબાદ આ જ વિષય પર વધારે ઊંડાણપૂર્વક કામ કરીને તેઓ 'સમાજલક્ષી વિજ્ઞાનોનું તત્ત્વજ્ઞાન'(૧૯૭૯) પુસ્તક આપે છે. દાર્શનિક પરંપરામાં કાન્ટ પછી સાર્ત્ર આવે. પરંતુ એમણે પ્રથમ સાર્ત્ર પર કામ કર્યું. શરૂઆતમાં 'સાર્ત્રનો અસ્તિત્વવાદ'(૧૯૬૭) પુસ્તિકા આપી. સાર્ત્ર વિશે 'અભ્યાસ' સામયિકમાં લેખો કર્યા હતા તે આ પુસ્તિકાનું પ્રેરકબળ છે. આ સમયમાં બક્ષીસાહેબ સાર્ત્રનો સઘન સ્વાધ્યાય કરે છે. છેક દિલ્હીથી એમના ભાઈ ડૉ. ઉપેન્દ્ર બક્ષીસાહેબ સાર્ત્ર અને અસ્તિત્વવાદ વિશેનાં મહત્ત્વનાં પુસ્તકો અને સામાયિકો સુલભ કરી આપે છે. અને પછી, સાર્ત્ર પરનું અધિકૃત કામ 'સાર્ત્રનું તત્ત્વજ્ઞાન'(૧૯૭૨) પુસ્તક સ્વરૂપે આપે છે. ત્યારબાદ બક્ષીસાહેબ 'કાન્ટનું તત્ત્વજ્ઞાન'(૧૯૭૪) પુસ્તક આપે છે. કાન્ટ પરના અધિકારી વિવેચકોના ગ્રંથોનો ઉપયોગ કરીને થયેલું આ પુસ્તક એટલું સુંદર છે કે, કાન્ટના તત્ત્વચિંતનની આટલી સચોટ સમજૂતી હિન્દી કે અંગ્રેજી પ્રકાશનોમાં પણ ભાગ્યે જ જોવા મળે છે. સાર્ત્ર, કાન્ટ પછી તેઓ દેરિદાનાં ચિંતન વિશે 'દેરિદા'(૧૯૯૧) પુસ્તિકા આપે છે. આજે પણ ગુજરાતી ભાષામાં દેરિદા વિશેનું આ એકમાત્ર સ્વતંત્ર કામ છે. બક્ષીસાહેબ અભ્યાસ દરમ્યાન મિત્રો, અન્ય વિદ્વાનોએ કરેલ સૂચનો કે નિર્દેશો વિશે વિગત સાથે આભાર માને. ભૂલ સ્વીકારવામાં પણ નાનપ ના અનુભવે. 'દેરિદા' પુસ્તિકાની સમીક્ષા બાબુ સુથારે ઈ.સ. ૧૯૯૩/૧ના 'પ્રત્યક્ષ' સામયિકમાં કરી હતી. બાબુ સુથારે એમાં, લેખક દેરિદાનાં તત્ત્વચિંતનને પુરોગામી અને સમકાલીન તત્ત્વવિચારણાના સંદર્ભમાં મૂકી શક્યા નથી – એવી મર્યાદા દર્શાવી હતી. આ સમીક્ષાને બક્ષીસાહેબે જાહેરમાં સ્વીકારીને કહ્યું હતું કે, 'બાબુ સુથારે મારો કાન પકડ્યો છે.' આવી પ્રામાણિકતા વિદ્વાનોમાં અપવાદરૂપ હોય છે. આપણે ત્યાં ભાષાવિજ્ઞાન પર આધારિત શૈલીવિજ્ઞાન અને સંરચનાવાદ જેવા અભિગમોના જાણકાર હોવાની છાપ ધરાવતા એક વિવેચકે ચોમ્સ્કીના પ્રસિદ્ધ વિધાન, 'colorless green ideas sleep furiously'-માં 'Sleep'નું 'Sheep' કરેલું. એમને જ્યારે આ ભૂલ વિશે નિર્દેશ કરવામાં આવ્યો ત્યારે ભૂલ સ્વીકારવાને બદલે 'મેં અને એક અમેરિકન પ્રોફેસરે જાણીબૂજીને ભૂલ કરેલી.' એવો અતાર્કિક બચાવ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ભૂલ ભૂલથી થાય, કંઈ જાણીબૂજીને થોડી થાય! આ ઉદાહરણમાં છે એવો દંભ અને પ્રપંચ ચોમેર જોવા મળે છે ત્યારે બક્ષીસાહેબની પ્રામાણિકતા અને સરળતા આદર જન્માવે છે.

બક્ષીસાહેબે અંતિમ વર્ષોમાં ખૂબ એકાંતપ્રિય રહ્યા. જ્ઞાન-પ્રયોજન ન હોય તો

નિકટવર્તી વ્યક્તિ કે મિત્રને પણ મુલાકાત આપતા નહીં. દર્શનશાસ્ત્ર વિભાગના પ્રો. દિલીપ ચારણસાહેબ અને દ્યુતિ યાજ્ઞિક મેડમ મને કહેતાં હતાં કે, બક્ષીસાહેબને વિભાગમાં વ્યાખ્યાન માટે બોલાવીએ તો, વિભાગમાં આવીને ઑફિસમાં બેસીને વાતો કરે, પણ જાહેરમાં વ્યાખ્યાન આપવાનું પસંદ કરતા નહીં. આમ પણ તેઓ લોકપ્રિયતા, આદર-સન્માન વગેરે તત્ત્વોથી સભાનતાપૂર્વક દૂર રહેતા. પ્રશાંત દવેસાહેબે બક્ષીસાહેબના અપ્રકાશિત લેખોનું સંકલન કરેલું, પરંતુ સાહેબે પ્રકાશન માટે સહમતી આપી ન હતી. બક્ષીસાહેબના 'પ્રો. મધુસૂદન બક્ષી—અભિવાદન ગ્રંથ'માં સંપાદકશ્રીઓ રોહિત શુક્લ, યોગેન્દ્ર માંકડ અને પ્રશાંત દવે, એમના લેખો લઈ શક્યા ન હતા. બક્ષીસાહેબના વ્યક્તિત્વની આ સઘળી બાબતો વચ્ચે; તેઓ એમના પ્રિય એવા દેરિદાનાં દર્શન સાથે સંકળાયેલ, હર્ષવદન ત્રિવેદીનું 'નાગાર્જુન અને દેરિદા : તુલનાત્મક અભ્યાસની દિશામાં' વ્યાખ્યાન સાંભળવા પરિષદ આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળીને હર્ષવદન ત્રિવેદીના અભ્યાસથી તેઓ ખૂબ રાજી થયા હતા. એમની પાસેથી આપણને સાહિત્યિક સિદ્ધાંતો અને એની દાર્શનિક પીઠિકા, કે ભાષાનું તત્ત્વજ્ઞાન વિશે 'ભાષાવિમર્શ', 'સંબોધિ' વગેરે સામયિકોમાં લેખો મળ્યા છે. જયંત કોઠારીના 'વિવેચનનું વિવેચન' સંગ્રહ વિશે વાત કરતા, એ માટે એમણે 'પરાવિવેચન' પરિભાષા આપી છે. એમણે એક વાર વિવેચનનો તાત્ત્વિક અભિગમ શું છે અને એને કઈ રીતે સ્વરૂપબદ્ધ કરી શકાય એ વિશે મને માર્ગદર્શન આપેલું. આ વિષયમાં એમની હયાતીમાં કામ થયું હોત તો તેઓ ખૂબ રાજી થયા હોત. સાહિત્યના તત્ત્વજ્ઞાન વિશે એમની પાસે પોતાની આગવી દૃષ્ટિ હતી. બક્ષીસાહેબ પાસેથી આ આંતરવિદ્યાકીય વિષયમાં થોડું વધારે કામ મળ્યું હોત તો અભ્યાસીઓ માટે નવી દિશાઓ ખૂલી હોત. પરંતુ આપણા દુર્ભાગ્યે એવું ના થયું.

કાન્ટ, સાર્ત્ર અને દેરિદા; આ ત્રણેયનું તત્ત્વજ્ઞાન ખૂબ અઘરું. બક્ષીસાહેબ વિના આ કામ કદાચ આટલું ઊંડાણપૂર્વક થઈ શક્યું ના હોત. એમણે એ જ વિષયો પર લેખન કર્યું છે કે જે સંકુલ હોય. સરળ વિષયો વિશે કે લખવા ખાતર એમણે ક્યારેય કલમ માંડી નથી. ગુજરાતીમાં કાન્ટ અને તે પછીનાં તત્ત્વચિંતનને આગળ ધપાવવામાં કે દાર્શનિક પરંપરામાં ક્ષતિપૂર્તિ કરવામાં બક્ષીસાહેબનું પ્રદાન અવિસ્મરણીય અને અમૂલ્ય છે.

ઋષિકુળના માણસોમાંના એક એવા સ્વ. મધુસૂદન બક્ષીસાહેબને હાર્દિક શ્રદ્ધાંજલિ...

■

મુંબઈમાં અને વિલાયતમાં ઘર માંડીને હું બેઠો હતો તેમાં ને નાતાલમાં ઘર માંડવું તેમાં ભેદ હતો. નાતાલમાં કેટલોક ખર્ચ કેવળ પ્રતિષ્ઠાને અર્થે રાખી રહ્યો હતો. નાતાલમાં હિંદી બારિસ્ટર તરીકે અને હિંદીઓના પ્રતિનિધિ તરીકે મારે ઠીક ખર્ચ રાખવું જોઈએ. એમ મેં માનેલું, તેથી સરસ લત્તામાં ને સારું ઘર રાખ્યું હતું. ઘરનો શણગાર પણ સારો રાખ્યો હતો. ખાવાનું સાદું પણ અંગ્રેજ મિત્રોને નોતરવાનું રહેતું, તેમ જ હિંદી સાથીઓને પણ નોતરતો, તેથી સહેજે તે ખર્ચ પણ વધ્યું.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ઈતુભાઈ કુરકુટિયા

(૧)

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને સેન્ટ ઝેવિયર્સ કૉલેજ(સ્વાયત્ત)ના ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે તારાબહેન મંગળદાસ વ્યાખ્યાનમાળા અંતર્ગત ‘દલિત સાહિત્યની વિભાવના અને સાંપ્રત ગુજરાતી દલિત સાહિત્ય’ વિષય પર દલિત સાહિત્યકાર શ્રી દલપત ચૌહાણનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે ગુજરાતી દલિત સાહિત્યના ઉદ્‌ભવથી લઈને તેનાં વિવિધ મહત્ત્વપૂર્ણ સ્થિત્યંતરો સુધીની સાહિત્યિક યાત્રાને કવિતા, વાર્તા, નવલકથા, સંપાદનો અને સામયિકોના સંદર્ભ સાથે ઉદાહરણસભર તથા અનુભવજન્ય રીતે ઉજાગર કરી હતી. દલિત સાહિત્યની વિભાવના, તેની સામાજિક ભૂમિકા અને સાંપ્રત સમયમાં તેની પ્રસ્તુતતા વિશે તેમણે પ્રમાણભૂત અને ચિંતનપ્રેરક વિચારો રજૂ કર્યા હતા. તેમના વક્તવ્યમાં સમાજનિષ્ઠા, સાહિત્યિક પ્રતિબદ્ધતા અને વાસ્તવિકતા પ્રત્યેની ઊંડી સંવેદનશીલતા સ્પષ્ટપણે પ્રતિબિંબિત થઈ હતી. વ્યાખ્યાનના અંતે વિદ્યાર્થીઓએ સાહિત્યકાર શ્રી દલપત ચૌહાણ સાથે સૌહાર્દપૂર્ણ અને વિચારપ્રેરક સંવાદ સાધ્યો હતો. આમાં ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૫ અધ્યાપકો જોડાયા હતા. કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. મયૂર શિંદેએ કર્યું હતું. આભારદર્શન ડૉ. કિંજલ પટેલે કર્યું હતું.

(૨)

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૪૧૦મી બેઠક ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે તા ૨૩-૯-૨૦૨૬ બુધવારે શિશુવિહાર બુધસભા ખાતે ડૉ. અયના ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ હતી. એમાં સર્જક સંવાદ ઉપક્રમે કવિશ્રી હરીશ મીનાશ્રુ તથા કવિશ્રી મણિલાલ હ. પટેલે પોતાનાં સાહિત્યસર્જન વિશે સંવાદ કર્યો. પોતાનાં ગીત, ગઝલ અને કાવ્યોનું પઠન કર્યું. કવિશ્રી મણિલાલ હ. પટેલે બુધસભાને પોતાનાં પુસ્તકોની ભેટ આપી. આ બુધસભામાં ૫૫ જેટલા સાહિત્યપ્રેમીઓ અને ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

### ડૉ. સતીષ વ્યાસકૃત ‘લૉંગ ડ્રાઈવ’ નાટકની પ્રસ્તુતિ

નાટ્યનાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત, ધરા ભટ્ટ સંયોજક અને પરેશ ચૌધરી, રશ્મિન મેવાડા, નરેશ પટેલ અને માસુંગ ચૌધરીના સૌજન્યથી તા. ૧૧-૯-૨૦૨૬ની શ્રાવણી સાંજે, શ્રી રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ડૉ. સતીષ વ્યાસ લેખિત નાટક ‘લૉંગ ડ્રાઈવ’ - પ્રસ્તુત થયું. આ નાટકનું દિગ્દર્શન

શ્રી શૌનક વ્યાસ અને વિક્રમ પંચાલે સંભાળ્યું છે. ગુજરાતી કૉમેડી પારિવારિક નાટક, નાટ્યપ્રેમીઓ અને ઉપસ્થિત પ્રેક્ષકો માટે અદ્વિતીય રહ્યું, હૉલની કૅપેસિટી કરતાંયે વિશેષ નાટ્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લેખક શ્રી સતીષ વ્યાસની નાટ્યકલમ અને સંવાદો તો નીખરી રહ્યાં, પરંતુ સમગ્ર નાટ્યટીમની નાટકની પ્રસ્તુતિ માટે દાદ માંગી લે એવી રહી હતી. નાટ્ય કલાકારોની અભિનય કલા તેમજ નાટકના સંવાદોની રજૂઆત 'વન્સમૉર'ના નાદથી ગુંજી રહી... અને નાટ્ય કલાકારોએ વન્સમૉરના દશ્યને ન્યાય પણ આપ્યો.

નાટકના કથાવસ્તુમાં બાપ-દીકરીના સ્નેહભાવની એકબીજા પરત્વેની લાગણી-સંવેદના કલાકારોના અભિનયથી દીપી ઊઠી હતી. પિતાના અભિનયમાં શૌનક વ્યાસ અને દીકરીના અભિનયમાં મુસ્કાન દ્વારા - હાસ્ય સાથે લાગણીના તંતુઓ નાટકના અંતે પરાકાષ્ઠા સુધી લઈ જઈ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દે છે. નાટકમાં 'બચી' તરીકે પ્રવેશતું પાત્ર કથાવસ્તુમાં ઓતપ્રોત થઈ નાટકની ગરિમાને ઊંચાઈ સુધી લઈ જઈ ભાવકોના ચિત્તને આકર્ષી લે છે.

'લૉંગ ડ્રાઇવ' દ્વિઅંકી નાટકમાં નાટ્ય સ્વરૂપનાં તમામ ઘટકો સાથે સામાજિકપણાથી લઈ હાસ્યના હિલ્લોળે ચઢાવી, નાટકના અંતમાં રહસ્યના વિસ્ફોટથી નાટ્યદર્શકો 'વાહ વાહ' બોલી-તાળીઓના ગડગડાટથી નાટકને વધાવી લાંબા સમયથી ક્લેપિંગ આપી રહ્યા હતા.

દિગ્દર્શક શ્રી શૌનક વ્યાસ, મુખ્ય અભિનેતા તરીકે અભિનયની સાથે પોતાના કંઠનાં કામણ પાથરી, વિવિધ ગીતો દ્વારા પ્રેક્ષકોના મનોરંજન સહિત નાટ્યગતિને અદ્‌ભુત સિદ્ધિ પ્રદાન કરે છે. શાસ્ત્રીય ગીત - 'લાગા ચુનરી મેં દાગ, કહું છું જવાનીને પાછી વળી જા', તો વળી લોકઢાળની રચના - ડાકોરના ઠાકોર કે ભવાઈના ઠેકાથી ગવાતા દોહરા, ભવાઈ ગીત, વળી પાછું પ્રસિદ્ધ રચના – 'મારી લાડલી...' વગેરે જેવી રચનાઓને અભિનય સાથે પ્રત્યક્ષ ગાયનથી મંત્રમુગ્ધ કર્યા. 'બચી' નામના પાત્ર કલાકારે પણ પોતાના વિશિષ્ટ કંઠનાં કામણ પાથર્યાં.

સમગ્ર નાટક - હાસ્ય, કરૂણતા અને અંતમાં ઊઘડતા રહસ્ય સાથે આવકારદાયક મનોરંજન અને મૅસેજ પૂરું પાડતું રહ્યું. તખ્તા ઉપર પ્રોપર્ટી નૉર્મલ રહી, પરંતુ સ્ટેજ ઉપર 'Jeep' દર્શાવવાની કલા દાદ માગી લે એવી રહી હતી. સમગ્ર નાટકની રજૂઆત દરમિયાન સંગીત, પ્રકાશ, ટ્રેડઆઉટ-ક્યાંય પણ ડિસ્ટર્બ કર્યા વિના લોકભોગ્ય અને સર્વસ્વીકૃત રહ્યાં. છથી સાત પાત્રો દ્વારા નાટ્યકલાના મેઘધનુષી રંગોને ઉઘાડ આપી, સતત પ્રેક્ષકોને પ્રત્યેક ક્ષણમાં ગરકાવ રાખ્યા. તમામ કલાકારોને શુભેચ્છાઓ.

નિમંત્રકશ્રી નાટ્યનાદ, મંત્રીશ્રીઓ સમીર ભટ્ટ, સંધ્યા ભટ્ટ, ભીખેશ ભટ્ટ, ભરત મહેતા, સેજલ શાહ, રૂપા ભટ્ટ – 'લૉંગ ડ્રાઇવ' નાટકની પ્રસ્તુતિ બદલ અભિનંદન.

**– પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી**

■

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૬થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | પિડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. મુંબઈ (માળખાગત સુવિધા માટે) | મુંબઈ | ૨૫,૦૦,૦૦૦ |
| ૨. | અંબાલાલ હિંમતલાલ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ રણજિતરામ વાવાભાઈ મહેતાની પ્રતિમા સ્થાપન માટે | અમદાવાદ | ૫,૦૦,૦૦૦ |
| ૩. | સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ (સ્વામી સચ્ચિદાનંદ સન્માન પરિતોષિક ૨૦૨૪ અને ૨૦૨૫ પેટે) | દંતાલી | ૨,૦૦,૦૦૦ |
| ૪. | મેહુલ ભગવતીકુમાર શર્મા (ભગવતીકુમાર શર્મા સ્મૃતિ વ્યાખ્યાનમાળા માટે) | સુરત | ૧,૫૦,૦૦૦ |
| ૫. | વિવેક કાણે | વડોદરા | ૬૩,૦૦૦ |
| ૬. | શ્રી ભગવતીકુમાર શર્મા વ્યાખ્યાન શ્રેણી હ. મેહુલ શર્મા (શેષ રકમ) | સુરત | ૫૦,૦૦૦ |
| ૭. | ઊજમભાઈ એમ. પટેલ (પરબ પ્રકાશન માટે) | અમદાવાદ | ૧૧,૧૧૧ |
| ૮. | વલ્લભજી કેશવજી વોરા (પરબ અપીલ પેટે) | મુંબઈ | ૫,૧૦૦ |
| ૯. | શરીફાબહેન વીજળીવાળા (પરબ અપીલ પેટે) | સુરત | ૫,૦૦૦ |
| ૧૦. | મનોજ રાવલ (પરબ અપીલ પેટે) | જામજોધપુર | ૫,૦૦૦ |
| ૧૧. | ડૉ. ચત્રભુજ બી. રાજપરા (પરબ અપીલ પેટે) | જૂનાગઢ | ૨,૫૫૧ |
| ૧૨. | રાકેશ એસ. અંસારી | અમદાવાદ | ૫૦૦ |

### નવા આજીવન સભ્યોની યાદી

- ભાવિન પી. શેઠ — અમદાવાદ
- હરીશ જે. શાહ — વડોદરા
- આશિષ જનકરાય દવે — ગાંધીનગર
- રવિન મહાદેવભાઈ દેસાઈ — નવસારી
- મનહર ભરતભાઈ વાળા — અમદાવાદ
- જયેશ કરસનભાઈ કુકડિયા — અમદાવાદ
- ડૉ. જિજ્ઞા કેયૂર વોરા — કુડાસણ
- મુકેશ ચંદુભાઈ પટેલ — સુરત
- રોહિણીબા જી. સરવૈયા — ભાવનગર
- હિનાબા રવિરાજસિંહ જાડેજા — સુરત
- શ્વેતા મહિપતસિંહ ગોહિલ — અમદાવાદ
- મિહિર દિનેશ મહેતા — અમદાવાદ
- સુનીલ વી. મેવાડા — અમદાવાદ
- ભરત ચંદ્રકાન્ત સાંગાણી — અમદાવાદ
- મુકુલચંદ્ર શાંતિલાલ દવે — અમદાવાદ
- ડૉ. રાકેશ રાવન — આણંદ
- હાર્દી બી. ભટ્ટ — અમદાવાદ
- પ્રદીપ આર. દમણિયા — સુરત

### સંસ્થા આજીવન સભ્યોની યાદી

ધર્મેન્દ્રસિંહ આર્ટ્સ કૉલેજ – રાજકોટ

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. આમ, અમારાં સપનાંઓ ઘણાં છે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | |
|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : BANK OF INDIA |
| BANK ADDRESS | : ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : 200220100004869 |
| MICR CODE NO. | : 380013006 |
| IFSC NO. | : BKID0002002 |
| BRNCH CODE | : 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

# આ અંકના લેખકો


**ઇતુભાઈ કુરકુટિયા** : વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. • મો. ૯૭૧૪૬ ૪૦૧૫૬

**Udyan Thakkar** : Laxmi Nivash, 3rd Floor, 22, Kashibai Navrang Marg, Gamdevi, Mumbai-40007. • Mo. 98200 86458

**Kushal Khandar** : A/603, Royal Altezza, Vallabh Baug, Lane Ext. Ghatkopar (East) Mumbai-400075. • Mo. 90042 28848

**ચેતન શુક્લ** : ૧, સાંઈનિકેતન રો. હાઉસ-૪, અમીપાર્ક પાસે, વિભૂષા બંગલો રોડ, બોપલ-ઘુમા, અમદાવાદ-૩૮૦૦૫૮. • મો. ૯૮૨૪૦ ૪૩૩૧૧

**છાયા ઉપાધ્યાય** : ૩૫, હરિદર્શન સોસાયટી, રઘુવીર આંગણ પછી, અવસર પાર્ટી પ્લૉટ પાછળ, વઘાસી, આણંદ-૩૮૮૩૨૦. • મો. ૯૪૨૭૮ ૫૭૮૪૭

**જમનાબહેન ગામેતી** : મુ. પો. બાલેટા, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા - ૩૮૩૪૬૨ • મો. ૮૩૨૦૨ ૬૪૦૪૨

**દર્શના ધોળકિયા** : ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ) • મો. ૯૦૯૯૦ ૧૭૫૫૯

**Dr. Dasharath Patel** : HOD, Department of Indian Languges, Gujarati, Hindi, Marathi, Sanskrit, SVKM's Mithibai College of Arts, Chauhan Institute of Science and A. J. College of Commerce, Vileparle (west) MUMBAI-400056. • Mo. 70453 90856

**ધર્મેશ ગાંધી** : ૧૦૭, વિઝન કૉમ્પ્લેક્સ, પારસી અગિયારી પાસે, તરોટા બજાર, નવસારી-૩૯૬૪૪૫ • મો. ૯૧૦૬૪ ૮૦૫૨૭

**ધ્વનિલ પારેખ** : બી/૪૦૩, હરિઆલય, આશ્કા હૉસ્પિટલ સામે, કૅપિટલ આઈકોનની ગલીમાં સરગાસણ-૩૮૨૪૨૧ • મો. ૯૪૨૬૨ ૮૬૨૬૧

**ડૉ. નિરૂપા ટાંક** : આસી. પ્રોફેસર, માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ • મો. ૮૩૪૭૩૬૩૬૮૦ Email:tank.nirupa@gmail. com

**નિલેશ મુરાણી** : ૪૮, મારુતિ સોસાયટી, નાગલપુર (મોટી) તા. અંજાર, જિ. કચ્છ. • મો. ૯૯૦૪૫ ૧૦૯૯૯

**ભરત વિંઝુડા** : ‘રામકૃપા’, ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા, જિ. અમરેલી-૩૬૪૫૧૫. • મો. ૯૪૨૬૪ ૫૬૯૩૪

**ભાવિન ગોપાણી** : મહાવીર કૃપા, ૨૦, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ સ્કૂલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૮. • મો. ૯૮૨૫૬ ૯૮૬૨૮

**મનસુખ સલ્લા** : સી/૪૦૩, સુરેલ ઍપાર્ટમેન્ટ્સ, જજીસ બંગલા વિસ્તાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. • મો. ૯૮૨૪૦ ૪૨૪૫૩

**રક્ષા શાહ** : એ/૧૦૩, આરવી, ૧૧૯ રોડ, દિવ્યજ્યોત સ્કૂલ રોડ પાસે, સિંધુભવન એક્સ્ટેન્શન, શીલજ, અમદાવાદ-૩૮૦૦૫૮. • મો. ૯૬૧૯૯ ૮૭૩૭૦

**રાજેશ પંડ્યા** : એ/૫, ઋતુરાજ, નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪. • મો. ૯૪૨૯૨૫૫૯૫૭

**Rajesh Hingu** : R. K. Tailors, Below Jain Derasar, Kishannagar-1, Mulund, Checknaka, Wagleestate, Thane-west-400604. • Mo. 98676 52042

**Shobhit Desai** : 301, Joy Residency, Beside Ram-Krishna Mission, 12th Road, Khar (West) MUMBAI-400052. • Mo. 90829 86700

**સંજય ચોટલિયા** : ગુજરાતી વિભાગ, આર્ટ્સ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા-૩૮૯૨૩૦, જિ. મહીસાગર. • મો. ૯૭૨૭૭ ૯૬૯૧૧

**સિતાંશુ યશશ્ચંદ્ર** : ૩૦૨, ટાવર-બી, શ્રવણ રેસિડેન્સી, કૉસ્મિક એક્લેવ, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪. • મો. ૯૨૨૮૧ ૮૭૪૩૬

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા', એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. • મો. ૯૭૨૩૫૫૫૯૯૪

**હાર્દી બી. ભટ્ટ** : ૫૭૧, ભાઈજીરાયજીની ખડકી, પાલડી ગામ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ • મો. ૯૭૩૭૫ ૭૭૨૨૨ hardibhatt9@gmail.com

**હિમાલી મજુમદાર** : સહયોગ, ૨/એ, સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્ર, ઑફિસર્સ સોસાયટી, ચંદ્રનગર, નારાયણનગર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. • મો. ૯૯૦૪૦ ૪૨૩૨૯

**હેમાંગ મ. રાવલ** : ૩૩, "માતૃછાયા", અમૃતજીવન સોસાયટી, રજવાડુ હોટેલ પાસે, મલાવ તળાવ, જીવરાજપાર્ક, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧ • મો. ૯૮૯૮૨ ૩૩૦૩૧

■

આમ જો હું કોમી સેવામાં ઓતપ્રોત થઈ ગયો હતો તો તેનું કારણ આત્મદર્શનની અભિલાષા હતું. ઈશ્વરની ઓળખ સેવાથી જ થશે એમ ધારી સેવાધર્મનો સ્વીકાર કર્યો હતો. હિંદની સેવા કરતો હતો કેમ કે તે સેવા મને સહજપ્રાપ્ત હતી, તેની મને આવડતી હતી. તેને મારે શોધવા નહોતું જવું પડ્યું. હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં–આત્મદર્શનના પ્રયત્નમાં. ખ્રિસ્તી ભાઈઓએ મારી જિજ્ઞાસા બહુ તીવ્ર કરી મૂકી હતી. તે કેમે શમે તેમ ન હતી; ન ખ્રિસ્તી ભાઈબહેનો, હું શાંત થવા માગું તોયે, થવા દે તેમ હતું; કેમ કે ડરબનમાં મિ. સ્પેન્સર વૉલ્ટન, જે દક્ષિણ આફ્રિકાના મિશનના મુખી હતા, તેમણે મને ખોળી કાઢ્યો. તેમના ઘરમાં હું કુટુંબી જેવો થઈ પડ્યો. આ સંબંધનું મૂળ પ્રિટોરિયામાં થયેલા સમાગમ હતા. મિ. વૉલ્ટનની શૈલી કંઈક જુદા પ્રકારની હતી. તેમણે મને ખ્રિસ્તી થવા નોતર્યો હોય એવું યાદ નથી. પણ પોતાના જીવનને તેમણે મારી આગળ મૂકી દીધું ને પોતાની પ્રવૃત્તિઓ મને જોવા દીધી.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રકાશન



કિંમત : રૂ. ૨૪૦/–

- "ગુજરાતી ગઝલને એનું પોતાનું કહેવાય એવા શાસ્ત્રની જરૂર હતી. વિવેકભાઈએ આ જે સરસ શરૂઆત કરી આપી છે એનાથી હું ખૂબ રાજી થયો છું અને એનું કારણ છે મારી પોતાની શાસ્ત્રપ્રીતિ. બીજી વાત એ કે આપણી પરંપરામાં વેદવાક્ય પ્રમાણ મનાય છે, પણ શાસ્ત્રનું એવું નથી. શાસ્ત્રમાં તો 'उत्तरोत्तरं मुनिनां प्रामाण्यम्'. એટલે શાસ્ત્રમાં નવું, સૌની પાછળથી આવેલું જ પ્રમાણ ગણાય. એ ન્યાયે વિવેકભાઈનું આ શાસ્ત્ર હવે પ્રમાણ ગણાશે." — **રાજેન્દ્ર શુક્લ**

- "વિવેક કાણેની 'બૃહદક્ષર'ની પરિકલ્પના અને લગભગ બધાં જ તારણો સાથે હું સંમત છું. ગઝલના છંદોને હું માત્ર વૃત્ત મેળ નહીં કહું. ગઝલના છંદોના ખેડાણના અહીં આપેલા સિદ્ધાંત અને સાત નિયમો સાથે હું સહમત છું. એમણે આ શાસ્ત્રમાં કરેલી વાતો હૃદયસ્થ કરવા જેવી છે. ગુજરાતી ગઝલને આવી શાસ્ત્રીય રીતે પ્રસ્તુત કરીને પાયાનું કામ કરવા માટે વિવેક કાણેને ખૂબ અભિનંદન." — **જવાહર બક્ષી**

- "આપણી ભાષા ફારસી-ઉર્દૂ કરતાં અનેક રીતે જુદી છે, એટલે ગુજરાતી ગઝલ માટે એનું પોતાનું એવું શાસ્ત્ર હોવું જોઈએ એ વિવેકભાઈના આ કામનો કેન્દ્રવર્તી વિચાર છે. વિવેકભાઈએ આ દિશામાં કરેલો પ્રયત્ન સ્તુત્ય છે, અભિનંદનીય છે. એમનું આ શાસ્ત્ર હવે પછી ગઝલ માટે એક નવો માર્ગ ખોલી આપશે." — **હર્ષ બ્રહ્મભટ્ટ**

- "અરબી-ફારસીનું છંદશાસ્ત્ર ઉર્દૂ ગઝલ માટે કામનું હોઈ શકે, પણ એનાં કાટલાં-ત્રાજવાં ગુજરાતી ગઝલ માટે કામ ન આવે. કેમ કે ગુજરાતી ભાષાની લખવા બોલવાની તાસીર જુદી છે. અત્યારે ગુજરાતી ગઝલ માટેના આ શાસ્ત્ર દ્વારા વિવેકભાઈએ એક નવી દિશા ખોલી આપી એ માટે હું એમને અભિનંદન આપું છું." — **હર્ષદ ત્રિવેદી**

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
## એક નવી પહેલ




**ચિત્રકલા, શિલ્પકલા અને તસવીરકલાની પ્રસ્તુતિ માટેનું**
**નવું સરનામું**

## વિશ્વકોશ લલિતકલા કેન્દ્રની
## કલાવીથિકા(આર્ટગૅલરી)

**સભાગૃહ અને પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશનની સુવિધા ધરાવતી**
**અમદાવાદની એક માત્ર આર્ટગૅલરી**

પ્રદર્શનનો સમય
બપોરના ૪.૦૦થી ૭.૦૦ (બુધવારે બંધ રહેશે)

**ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીનું બુકિંગ થઈ ગયું છે.**
**એ પછીના બુકિંગ માટે સંપર્ક**
**વિશ્વકોશની ઑફિસમાં / કૃપા દેથોલિયા 98980 42699**

**સ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
ગુજરાત વિશ્વકોશભવન, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં,
બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

જીવનનું અમૃત અટલે

# ગીતામૃત




**સંપાદકો**

રતિલાલ બોરીસાગર
મનસુખ સલ્લા
હુંદરાજ બલવાણી

દરેક જિજ્ઞાસુએ તથા તમામ શાળા-કૉલેજના પુસ્તકલયમાં વસાવવા જેવી ગ્રંથ-શ્રેણી

ભાગ-1 : અધ્યાય 1, 2, 3.......... ₹ 225
ભાગ-2 : અધ્યાય 4, 5, 6.......... ₹ 300
ભાગ-3 : અધ્યાય 7, 8, 9.......... ₹ 225
ભાગ-4 : અધ્યાય 10, 11, 12.... ₹ 280
ભાગ-5 : અધ્યાય 13, 14, 15.... ₹ 260
ભાગ-6 : અધ્યાય 16, 17, 18..... ₹ 380

# કંડિકાઓ

**સંપાદક : સુધા સુંદરમ્, કિં. 50**

ગુજરાતી સાહિત્યમાં આ પુસ્તક તદ્દન અનોખું છે. એમાં શ્રી અરવિંદના પૂર્ણયોગને અનુસરી રહેલા સાધકોની વિરલ અને વિશિષ્ટ અનુભૂતિઓ આલેખાઈ છે. માત્ર આધ્યાત્મિક સાધકો માટે જ નહીં, કલાના તેમજ કોઈપણ ક્ષેત્રના સાધકો માટે અત્યંત પ્રેરણાદાયક પુસ્તક.






**લોકપ્રિય બાળવાર્તાશ્રેણી હવે નવી સજાવટ અને મલ્ટીકલર સ્વરૂપે**

# એક હતો બુધિયો

**ભાગ 1થી 10**

**લે. ડૉ. મધુસૂદન પારેખ**

કિંમત રૂ. 160/- (દરેકના)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

**રન્નાદે પ્રકાશન**

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## અવલોકન-ગદ્યવિષયક-તથા અન્ય

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **પર્યાવરણની સમીપે** (પર્યાવરણ વિષયક લેખો) | ફાધર વર્ગીસ પૉલ | ૧૨૦.૦૦ |
| **શબ્દની સાથે સાથે** (અવલોકન) | યૉસેફ મેકવાન | ૧૬૫.૦૦ |
| **પત્ર લાભ** (પત્રો) | સંપા.: રમણીક સોમેશ્વર | ૧૨૫.૦૦ |
| **સાન્નિધ્ય** (લેખસંગ્રહ) (એજન્સી) | અભિજીત વ્યાસ | ૭૫.૦૦ |
| **કથાપ્રત્યક્ષ** (લેખસંગ્રહ) (એજન્સી) | વિજય શાસ્ત્રી | ૩૬.૦૦ |
| **ન્હાનાલાલની ઉર્મિકવિતા** (અભિવ્યક્તિ અને મૂલ્યાંકન) (એજન્સી) | દુર્ગેશ ન. ભટ્ટ | ૪૨.૦૦ |
| **આયામ** (અભ્યાસ લેખો) (એજન્સી) | સતીશ વ્યાસ | ૩૦.૦૦ |
| **ભારતનું નવું બંધારણ અને ભાવિ** (બંધારણવિષયક) (એજન્સી) | એમ. એન. રૉય | ૨૦.૦૦ |
| **સંવિદ** (સાહિત્યિક લેખો) (એજન્સી) | સંપા. વિનાયક રાવલ | ૧૫૦.૦૦ |
| OUR INDIA (A Book Of Photographs) (એજન્સી) | Preety Sengupta | ૨૦૦૦.૦૦ |
| **નિષ્કર્ષ** (ગદ્યવિષયક લેખો) (એજન્સી) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૯૦.૦૦ |
| **નાટ્યરાગ** (દીર્ઘ નાટકોની સમીક્ષાઓ) (એજન્સી) | રાજેન્દ્ર મહેતા | ૧૩૫.૦૦ |
| **શબ્દગોષ્ઠિ** (અવલોકનો) (એજન્સી) | યોસેફ મેકવાન | ૮૦.૦૦ |
| **પ્રદૂષણથી બચીએ, પર્યાવરણને ઓળખીએ** (પર્યાવરણવિષયક) | દિનેશ દેસાઈ | ૨૫૦.૦૦ |
| **બિંબ-પ્રતિબિંબ** (ફિલ્મવિષયક) | અભિજીત વ્યાસ | ૧૦૦.૦૦ |
| **દશ્યાવલોકન** (ફિલ્મવિષયક) | અભિજીત વ્યાસ | ૯૫.૦૦ |
| **જ્ઞાનવૈભવનો વારસો** (બોધવચનો) | ગુલામ અબ્બાસ 'નાશાદ' | ૮૦.૦૦ |
| **સૂચિત લિપિ પરિવર્તન** (ભાષાવિષયક) | ચિનુભાઈ ગી. શાહ | ૬.૦૦ |
| **ગુજરાતી મહાનિબંધ સંદર્ભસૂચિ** (સૂચિગ્રંથ) | સંપા. પ્રકાશ વેગડ | ૩૧.૦૦ |

## શોધનિબંધ

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **સાહિત્ય સર્જક અશોક ચાવડા** (શોધનિબંધ) (એજન્સી) | મંજુલા મકવાણા | ૪૧૦.૦૦ |
| **માનવ સંસાધન વ્યવસ્થાપન અને સંસ્થાકીય વર્તન** | ડૉ.ઋષિરાજ ઉપાધ્યાય | ૧૧૦.૦૦ |
| **ગુજરાતી નવલકથામાં ઉપસતાં ભારતીયતાનાં પરિમાણો** (એજન્સી) | ડૉ.મૌલિકા પટેલ | ૧૯૦.૦૦ |
| **વાલમ બ્રાહ્મણોમાં આવેલ સામાજિક પરિવર્તન** (શોધનિબંધ) | ડૉ.ઋષિરાજ ઉપાધ્યાય | ૯૦.૦૦ |
| **Aspirations and Expectations of the Students ofHigher Education : A Sociological Study** (શોધ નિબંધ) | ડૉ.ઋષિરાજ ઉપાધ્યાય | ૧૦૦.૦૦ |
| **સંશોધન સંનિધિ** (શોધ-નિબંધ) | ડૉ. રાકેશ પટેલ | ૧૧૫.૦૦ |
| **રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ – ગુજરાત** (શોધ નિબંધ) | સંપા. : જગદીશ ભાવસાર | ૧૫૦.૦૦ |
| TRIBAL MIGRATION (A Case Study of Dahod District) | Dr. Sudip Kumar Nanda | 150.00 |
| **બૌદ્ધ ધર્મ : પ્રાચીન ભારતીય રાજાઓનું પ્રદાન** (સંશોધન નિબંધ) | ડૉ. જગદીશ આર. શાહ | ૧૯૫.૦૦ |
| **ઈનર લાઈફ** (અભ્યાસની નોંધ) | દિનેશ કોઠારી, લાભશંકર ઠાકર | ૩૦.૦૦ |
| **ગુજરાતી પત્રકારત્વ અને અમૃતલાલ શેઠ** (શોધ નિબંધ) (એજન્સી) | ડૉ. રમેશ ઘોડાસરા | ૧૧૦.૦૦ |
| **પિંગળશીભાઈ ગઢવીનું સમગ્ર સાહિત્ય** (શોધ નિબંધ) (એજન્સી) | ડૉ. નવઘણ ઓડેદરા | ૧૨૫.૦૦ |
| **મૃત્યુ મીમાંસા** (શોધ નિબંધ) (એજન્સી) | ડૉ. કલાધર આર્ય | ૮૫.૦૦ |
| **ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં નાયકનું સ્થાન** (શોધ નિબંધ) (એજન્સી) | ભારતી રાઠોડ | ૯૫.૦૦ |
| **જૈન કવિ આચાર્યશ્રી સોમસુંદરસૂરિ** (શોધ નિબંધ) (એજન્સી) | ડૉ. દીપ્તિ હ. જોષી | ૬૫.૦૦ |
| **રાષ્ટ્રીય અસ્મિતાના પ્રહરી : ઉમાશંકર જોષી 'સુંદરમ્'** (શોધ નિબંધ) (એજન્સી) | ડૉ. મનોજ જોશી | ૬૫.૦૦ |

**GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની**
**પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

**વિવેચન**

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

**સંશોધન**

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કથાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

**સંપાદન**

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંવિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફોસીસ

**સઘન સ્વાધ્યાય શ્રેણી**

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણાં•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

**ફિલ્મ આસ્વાદ શ્રેણી**

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

# વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | | |
|---|---|---|---|
| ૧. | હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. | કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. | વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. | બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. | અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. | ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. | ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. | ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. | ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઈન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. | શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. | મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. | મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | | |
|---|---|---|---|
| ૧. | પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. | સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. | ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. | હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. | ત્રેવડ (૨૦૨૨) | ડિવાઈન પબ્લિકેશન | ૨૦૦/- |


**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +112178991163.
bharattrivedi@sbcglobal. net




Ekatra Foundation

## ‘એકત્ર’ પર ગુજરાતી સામયિકોનો અમૂલ્ય ડિજિટલ સંગ્રહ

ગુજરાતી ભાષાના રસિક વાચકો, અભ્યાસીઓ અને સંશોધનાર્થીઓ માટે ‘એકત્ર’ પર વિવિધ સમયગાળાનાં ગુજરાતી સામયિકોના અનેક અંકો વિનામૂલ્યે વાંચવા માટે ઉપલબ્ધ છે. ૧૮૫૪થી આજ સુધીનાં આ સામયિકો ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસ, વિવિધ તબક્કાઓ અને જે-તે સમયના સામાજિક-સાંસ્કૃતિક પ્રવાહોને સમજવા માટે મહત્ત્વપૂર્ણ સંદર્ભસામગ્રી પૂરી પાડે છે. ગુજરાતી ભાષાના અન્ય મહત્ત્વના સામયિકો મેળવીને, ડિજિટલ સ્વરૂપે સાચવવાની કામગીરીમાં ‘એકત્ર’ સતત પ્રવૃત્ત છે.

### ‘એકત્ર’ પર ઉપલબ્ધ સામયિકો :

* અધીત
* ઉદ્દેશ
* ઊહાપોહ
* કંકાવટી
* ક્ષિતિજ
* ખેવના
* તથાપિ
* દસમો દાયકો
* નયામાર્ગ
* પ્રત્યક્ષ
* પ્રસ્થાન
* ફાલ્ગુની
* બુદ્ધિપ્રકાશ
* ભૂમિપુત્ર
* મનીષા
* રુચિ
* વાણી
* સન્નિધાન
* સમીપે
* સંપુટ
* સંજ્ઞા
* સાયુજ્ય



### સામયિક-સૂચિ

‘એકત્ર’ પર ઉપલબ્ધ અનેક સામયિકોની વર્ગીકૃત સૂચિ પણ મૂકવામાં આવી છે, જેના દ્વારા લેખક, લેખનું શીર્ષક કે અન્ય ઉપલબ્ધ વિગતોના આધારે જોઈતી વાંચન સામગ્રી સરળતાથી શોધી શકાય છે.

‘એકત્ર’ આ દિશામાં સતત કાર્યરત છે. વધુ ને વધુ દુર્લભ અને મહત્ત્વપૂર્ણ ગુજરાતી સામયિકો મેળવીને, ડિજિટલ સ્વરૂપે સાચવીને અને સૌના વાંચન માટે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાની કામગીરી સતત ચાલુ છે.

આપની પાસે ગુજરાતી ભાષા અને સાહિત્યનાં દુર્લભ સામયિકોના અંકો હોય તો એ ‘એકત્ર’ને મોકલી આપીને આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થશો. ‘એકત્ર’ તેને ડિજિટલ સ્વરૂપે સાચવીને કાયમી ધોરણે સૌના વાંચન માટે ઉપલબ્ધ કરાવશે. આપનો સહયોગ આવકાર્ય છે.

સંપર્ક : info@ekatrafoundation.org

www.ekatra.org

ગીત કવિ તરીકે શ્રીદાન વાઘેલાને કોઈ એક વાદના બાથરૂમમાં પુરાઈ જઈને ગીત ગણગણ્યા કરવાનું જાણે પસંદ જ નથી. તેથી કરીને એકવિધતાના અતિરેકમાંથી બચી શક્યા છે. તેવી જ રીતે કોઈ એક લક્ષણ કે લય કે વિષય કે પાત્ર કે સ્થિતિ કે પરિવેશની બારાખડી ઘૂંટ્યા કરવાને બદલે સભાનતાપૂર્વક વિશિષ્ટ સર્જન કરવાની કટિબદ્ધતામાં જ આ કવિની અભિનવ સર્જકતા રહેલી હોવાનું માલૂમ પડે છે – એટલું જ નહિ, પોતીકી પરંપરાની બાંધછોડમાં પણ એમની નિત્યનૂતન અને પ્રયોગવંતી કલમદૃષ્ટિનાં દર્શન થાય છે.

**– પથિક પરમાર**

સંસ્કૃત સ્તોત્રોનો ગુજરાતીમાં પદ્ય-અનુવાદ કરવો, અને તે પણ મૂળ કૃતિના શબ્દ સૌન્દર્ય તથા અર્થ ગાંભીર્યને જાળવી રાખીને કલાત્મક રીતે કરવો તે અતિકઠિન કામ છે. જે વ્યક્તિને આ બન્ને ભાષાઓ ઉપર નોંધપાત્ર કાબૂ હોય તેમજ છંદોલય ઉપર પ્રભુત્વ હોય અને ઈશ્વરદત્ત કવિત્વશક્તિનું વરદાન હોય તે જ આ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવી શકે. કોઈ પણ જાતની અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે કે ભાઈશ્રી જયંત ગાંધી 'કુસુમાયુધ'ને આવી સિદ્ધિ વરેલી છે. એમનો 'પુષ્ટિ-સુધા-બિંદુ' એ કાવ્યસંગ્રહ ભક્તિરસની સુધાધારા વરસાવે છે. આ બધા કાવ્યોમાં વિશેષ કરીને પુષ્ટિમાર્ગીય ગીતો, ગરબીઓ, ધોળ અને ખંડકાવ્યો છે.

**– મનસુખલાલ સાવલિયા**

'લૅન્ડસ્કેપ'માં શ્રી એસ. એસ. રાહીના એકકલ્પન કાવ્યોમાં સર્વત્ર ચિત્રગુણનો હૃદ્ય અનુભવ થાય છે. કવિએ પસંદ કરેલાં કલ્પનો સ્વયં ચિત્રાત્મક અંશ ધરાવે છે. ફૂલો, નદી, ધુમ્મસ, ઘાસ, પતંગિયાં જેવાં નિસર્ગ કલ્પનો સાથે ચશ્માં અને ઝરૂખો પણ અહીં ભાવચિત્રો રચી રહે છે. 'ફૂલો' વિશેનાં આઠેય એક કલ્પન કાવ્યો તમને ઘણું બધું કવિની નજરે જોવા પ્રેરે છે. એની સાથે તમને સહેજ થંભાવીને વિચારતાય કરી મૂકે છે. કેટલા અવનવા સંવેદન વળાંકમાંથી તમને એ ઉપરતળે કરે છે. આ કાવ્યો આપણા ચિત્તની ગતિ-અનુગતિ-પ્રતિગતિ કરાવતા રહી ક્ષણનાં છિદ્રમાંથી ગગનદર્શન કરાવી રહે છે. શ્રી રાહીને આ દુઃસાધ્ય લઘુપરિમાણી કાવ્યરૂપ સુસાધ્ય છે. **– ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા**

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

# જે સુખ નથી મળ્યું એનો બળાપો ન રાખો
# જે દુઃખ નથી આવ્યું એનો રાજીપો રાખો

સુખ સૌનાં જીવનમાં હોય છે. દુઃખ સૌનાં જીવનમાં આવે છે. સંસાર એક નિયમ બરોબર પાળે છે : તમને સુખ મળશે પણ બદ્ધાં સુખ નહીં મળે. અમુક સુખ મળવાના રહી જ જશે. તમારાં જીવનમાં દુઃખ આવશે પણ બદ્ધાં દુઃખ નહીં આવે. અમુક દુઃખ દૂરનાં દૂર જ રહેશે. તમે જોજો, બધાની સાથે આવું જ બને છે. મનનો આનંદ કોનો જળવાય છે? ખબર છે? ન મળેલાં સુખ માટે જેમનો જીવ બળતો નથી એ આનંદમાં રહે છે. ન મળેલાં દુઃખ માટે જેમને આત્મસંતોષ રહે છે એ જ આનંદમાં રહે છે. માનો યા ન માનો પણ આનંદનો આખોય ખેલ મનમાં રચાય છે.

તમને મળેલાં સુખ તમારી ઉપલબ્ધિ છે. જે મળ્યું છે એનાથી રાજી થવાનું જ હોય. જે સુખ મળ્યું છે એનાથી પણ જો રાજી નહીં થઈએ તો જે સુખ મળ્યું જ નથી એના વિચારોથી કેવી રીતે રાજી થવાશે? જે સુખ મળ્યું એનાથી જ રાજી થવાનું. મનની એક ભૂલ અહીં થાય છે. મન, જે સુખ મળ્યું એનો વિચાર કરવાને બદલે જે સુખ મળવાનું બાકી છે એનો અફસોસ કરતું રહે છે. રોટલી મળી તો મીઠાઈ ન મળ્યાનું વિચારશે મન. મીઠાઈ મળી તો માન સન્માન ન મળ્યાનું વિચારશે મન. માન સન્માન મળ્યા તો બીજા કરતાં ઓછા મળ્યા એમ વિચારશે મન. આ ભૂલ છે. જે રોટલી તમને મળી છે તે લાખોને નથી મળી. જે મીઠાઈ તમને મળી છે તે કરોડોનાં નસીબમાં નથી. જે માન સન્માન તમને મળ્યાં છે એ ભાગ્યે જ બીજાઓને મળ્યાં હશે. જે સુખ મળી ચૂક્યું છે એમાં રાજી થવાનું. જે સુખ મળવાનું બાકી છે એની યાદમાં નારાજ નહીં રહેવાનું. આનંદની આ પહેલી શરત છે.

આનંદની બીજી શરત છે દુઃખ બાબતે. જે દુઃખ આવી પડ્યું છે તે સહન થતું નથી. વાત સાચી. મનને આશ્વાસન આપો, સાંત્વના આપો. જે દુઃખ નથી આવ્યું એ ઘણું મોટું હતું. ન આવેલું એ દુઃખ દૂર ઊભું છે અને દૂર જ રહેવાનું છે. આપણે એ દુઃખથી બચી ગયા છીએ એમ વિચારો. આ વિચાર વર્તમાન દુઃખને પીડાને કમજોર પાડી દેશે. તાવ આવે તો વિચારો કે મને કેન્સર નથી, તાવ મટે ન મટે, તાવની પીડા ઘટી જશે. અપમાન થાય ત્યારે વિચારો કે મને ફાંસી નથી થઈ. અપમાનનો આઘાત હળવો થઈ જશે.

આનંદમાં રહેવા માટેની આ હજારો વરસ જૂની ટેકનિક છે. ન મળેલાં સુખનું ઝાઝું ટેન્શન ન પાળો, જે મળેલું છે તે સુખ મોટું છે. ન આવેલાં મોટા દુઃખ બાબતે સંતુષ્ટિ રચો, આવેલું દુઃખ સાવ નાનું ભલે નથી પણ થોડું નાનું તો છે જ.

www.devardhi.com

– દેવર્ધિ

સ્થાનસમર્પિત

Gyanni Baari
A Book Store

**જ્ઞાનની બારી**

જી-૧, લાભ કૉમ્પલેક્ષ, સત્તર તાલુકા સોસાયટી,
સી. યુ. શાહ કૉલેજ સામે, ઈન્કમટેક્ષ, અમદાવાદ-૦૯
મો. ૯૪૦૮૩ ૭૧૨૦૬

## સ્વચ્છ સરનામાનો વિકલ્પ નથી

પોસ્ટખાતા તરફથી આ સૂચના મળે છે.

વાત સાચી પણ છે. ગરબડિયા અક્ષરના સરનામાવાળી ટપાલ ક્યાંય પહોંચતી નથી. આ આપણા સહુનો અનુભવ છે.

ટપાલની જેમ, માણસ માટે પણ, આ વાત એટલી જ સાચી છે.

માણસનું સરનામું તે તેનું ચારિત્ર. માણસ તેનાથી જ ઓળખાય. લોકો તેને એ રીતે જ યાદ રાખે. આનો પણ કોઈ વિકલ્પ નથી. ચારિત્રની કોઈ અવેજી નથી. 'નહીં સાંધો, નહીં રેણ!'

– આ નિયમ પ્રવર્તે છે.

પહેલાંના જમાનામાં ઘણાં માટે આપણે સાંભળતા :

આ ભાઈ આવું તો, ન જ કરે.

આવું તો, ન જ બોલે.

આવું તો, ન જ ખાય.

આજે પરિસ્થિતિ બદલાઈ છે :

ભાઈ એનું ભલું પૂછવું, કાંઈ કહેવાય નહીં. – એવું સંભળાય છે.

નોકરીએ રહ્યા છો? : *હાથથી કશું આડું-અવળું ન કરાય.*

દુકાને બેઠા છો? : કડવાં વેણ ન બોલાય.

તમારે ભરોસે સોંપ્યું છે? : *વિશ્વાસઘાત ન કરાય.*

ભય કે લોભ-લાલચથી પણ જો ન ડગે તો જ કીર્તિ-પ્રતિષ્ઠા જામે, એની સુવાસ પ્રસરે.

આવા ચારિત્રનું આપણે ઘડતર કરીએ.

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ


અમૃતવર્ષા સ્થાનસમર્પિત

M B Prints

**નિમેષભાઈ ડગલી** ૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

# આ અનરાધાર આંસુ શેનાં છે?

પરમાર્હત કુમારપાળનું રાજ્ય ગુજરાત સહિતના અઢાર દેશ ઉપર તપતું હતું. તેમના ગુરુ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ. આવા શ્રાવક અને આવા ગુરુ! બન્નેની જોડ અજોડ હતી!

કુદરતના અફર નિયમમાં કોઈ અપવાદ નથી. એ પ્રમાણે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજ કાળધર્મ પામ્યા. ગુજરાત આખું શોકમાં ગરકાવ થઈ ગયું. પાટણમાં તો જાણે શૂન્યાકાર છવાઈ ગયો. સંઘ તો નિષ્પ્રાણ થઈ ગયો હોય તેમ બની ગયું.

અગ્નિસંસ્કાર થયો. આ મહાપુરુષની–મહાવિભૂતિની ભૂતિ લેવામાં એવી તો પડાપડી થઈ કે ત્યાંની એ જગ્યાએ ખાડો થઈ ગયો! એ જગ્યાને લોકોએ 'હેમખાડ' એવું નામ આપ્યું. શિષ્યો, સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ બધાં ચોધાર આંસુએ રડવા લાગ્યા. છતાં સમય થતાં બધાં વિરમ્યાં, વિખરાયાં.

વિરહ તો કોને ન લાગે? ફરી ન ઊગવાની શરતે સૂરજ આથમે તો કેવું લાગે? છત્ર, છાપરું અને છાયા એક સાથે છિનવાઈ ગયાં. પાટણ તો જાણે હજુયે હીબકાં ભરતું હોય તેમ લાગ્યું પણ કુમારપાળ? કુમારપાળનાં આંસુ? આંખની નીચે તો જાણે પાતાળ કૂવો! નીર ઘટ્યાં જ નહીં. ભડવીર કુમારપાળ ધ્રુસકે ધ્રુસકે રડે છે. તેમને વારવા, છાના રાખવા, શાંત કરવા મંત્રીથી લઈ બહુ બધાએ પ્રયત્ન કર્યા પણ હોજ હોય તો પાણી ઘટે, આ તો કૂવો! ઉલેચો તેમ વધે. એવું જ બન્યું.

આખરે મંત્રીશ્વર ઉદયન કડક સ્વરે બોલ્યા : તમે હેમચન્દ્રાચાર્ય મહારાજના ચરણે બેસીને શીખ્યા શું? તમે એ પણ ન શીખ્યા કે 'जातस्य हि ध्रुवो मृत्युः' જન્મેલા અવશ્ય મૃત્યુ પામે છે. વળી, જે અનિત્ય હોય તેનો શોક શો કરવો? જીવનની અવશ્યંભાવી ઘટના મૃત્યુ છે. તેનો તો સ્વીકાર હોય. શોક ન શોભે.

આટલું સાંભળી ખોંખારો ખાઈ, કાંઈક ગળગળા અવાજે કુમારપાળ બોલ્યા : સૂરીશ્વરજી ગયા તેનો મને શોક નથી. તેઓ તો અહીંથી વધુ સારા સ્થાને જ ગયા હશે. હું તેમને રડતો નથી. હું તો મને રડું છું. મારા જીવનદાતા ગુરુદેવે મારા પર અગણિત ઉપકારો કર્યા છે. એ ઋણ હું ક્યારેય ફેડી શકીશ નહીં, પરંતુ મને એ ખટક્યા કરે છે કે તેઓના પાત્રામાં મારા ઘરની એક રોટલી પણ હું ન વહોરાવી શક્યો! હું કેવો સત્તાલોલુપ! એક દિવસ માટે પણ નાની ઝૂંપડી બાંધીને આ લાભ લેવાનું મને કેમ ન સૂઝ્યું?

આ વાતે મન ભરાઈ આવે છે. મારા મનને, હું કેવી રીતે મનાવું? મારી વ્યથા, મારી પીડા આ છે. આંસુ આ કારણે છે.

આ સાંભળી મંત્રીશ્વર સ્તબ્ધ થઈ ગયા. આશ્વાસન ન આપી શક્યા.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

**અમદાવાદ**

પાંચ પુસ્તકોનું ઉજવો

# વાચન-પર્વ!

ગુજરાતી સાહિત્ય પરિષદના સાવ તાજાં

## પાંચ પ્રકાશનો

દ્વારા આપનું પુસ્તકાલય આજે જ સમૃદ્ધ કરો.



**ચિંતામણિ**

---

**ગુજરાતી કવિતાચયન** – ૨૦૧૮

---

**ગુજરાતી નવલિકાચયન** – ૨૦૧૮

---

**ગુજરાતી કવિતાચયન** – ૨૦૧૯

---

**ગુજરાતી નવલિકાચયન** – ૨૦૨૦

પ્રકાશન વિભાગ
ગુજરાતી સાહિત્ય પરિષદ

**PARAB 2026 October**

Regd. under Postal Registration No.

RNI No. GUJGUJ/2006/17273

GAMC-306/2021-2023 valid upto 31-12-2023

Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month**

**ISSN : 0250-9747**

₹ 20




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-26** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor : **KIRIT DOODHAT**.